# સ્ત્રી રત્નો



લેખક : રેવ. ડૉ. જી. કે. સત્વેદી

15BGS1

# સ્ત્રી રત્નો

(શાસ્ત્રશિક્ષણ)

હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે. લૂક ૧:૪૮.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :

રેવ. ડૉ. જી. કે. સત્વેદી

પ્રકાશક :
**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧

❄

પ્રથમ આવૃત્તિઃ ૧૯૬૬
બીજી આવૃત્તિ : ૧૯૯૯ નકલ : ૧૧૦૦
ત્રીજી આવૃત્તિ : ૨૦૦૬ નકલ : ૫૦૦

❄

**કિંમત રૂા. ૩૦/-**

❄

મુદ્રક :
**સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ**
૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૬૫૪૪૬૬૨૯

# પ્રસ્તાવના

સૃષ્ટિ નિયંતા, જગતને ઉત્પન્ન કરનાર, ઈશ્વરે તેમની પ્રતિમા પ્રમાણે માણસને બનાવ્યો. ઈશ્વરે માણસની સહાયકારી તરીકે સ્ત્રીનું સર્જન કર્યું. એ સ્ત્રીને જોઈને તે માણસે કહ્યું કે, આ મારા હાડકામાંનું હાડકું ને મારા માંસમાંનું માંસ છે. ઈશ્વરે સ્ત્રીનું સર્જન કરીને પોતાની સર્જનશક્તિની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરેલ છે.

રેવ. ડૉ. જી.કે. સત્વેદી સાહેબે ૧૯૬૬માં સ્ત્રી વિષયક શિક્ષણ આપવા માટે સખત પરિશ્રમ કરી આ પુસ્તકનું સર્જન કર્યું જેમાં ૫૩ જેટલા જુદાં જુદાં વિષયો આધારિત ભાગોની પસંદગી કરી આ પુસ્તકનું સર્જન કર્યું છે. જે સમસ્ત સમાજનાં સામૂહિક શિક્ષણને માટે ખૂબ જ ઉપયોગી છે અને અગત્યનું છે. આ બાબતોની સાથે સાથે તેમણે વિવિધ વિચારોને સરળ રીતે વાચકોની સમક્ષ મૂક્યાં છે.

આવાં ઉત્તમ પુસ્તકનાં પ્રકાશનને માટે શ્રીમતી વિમળાબહેન (મોટી દીકરી) - જમાઈ ફીલીપભાઈ (મહેમદાવાદ) તરફથી સ્વ. પિતા આશીર્વાદભાઈ માધવલાલ ટેકરીવાલા તથા સ્વ. માતા શાંતાબહેન હરખાભાઈ ટેકરીવાલાના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર) આપવામાં આવેલ છે. જેઓનો આ સમયે આભાર માનું છું.

ત્રીજી આવૃત્તિ એ બાબત સાબિત કરે છે કે, સમાજે આ પુસ્તકને પ્રેમથી સ્વીકારી લીધુ છે. તમે ખરિદશો અને બીજાઓને ભેટ આપશો. ખાસ કરીને મહિલાસંગતના બહેનો તેનો અભ્યાસ કરે તો તે આવકાર્ય ગણાશે.

પ્રેમભાવથી,
*રેવ. હેમંતકુમાર જે. પરમાર*
સેક્રેટરી

સાહિત્ય સેવા સદન
એલિસબ્રીજ, અમદાવાદ-૬
સપ્ટેમ્બર-૨૦૦૬

# સમર્પણ



**પિતા : સ્વ. આશીર્વાદભાઈ માધવલાલ ટેકરીવાલા**
**માતા : સ્વ. શાંતાબહેન હરખાભાઈ ટેકરીવાલા**

સ્વ. આશીર્વાદ માધવલાલ ટેકરીવાલા - વતન બ્રુકહિલ. પાંચ ભાઈઓ તથા ત્રણ બહેનો સાથે નાનપણમાં અમદાવાદ આવી સ્થાયી થયા હતા. તેઓ સૌથી મોટા હતા.

આઈ.પી. મિશનના મિશનરી બાનુઓની ગાડીમાં ડ્રાઈવર તરીકે જોડાયા.

મુક્તિપુર મુકામે શ્રી હરખા ભગતની દીકરી શાંતાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા.

લગ્નબાદ આ દંપતી રાયખડ મુકામે પૂંજાલાલની ચાલીમાં વસવાટ કરતા હતા. બાદ જમાલપુર હવેલી પાસે દિલ્હીવાળાની ચાલીમાં પોતાના તમામ નાના ભાઈઓ સાથે રહેતા હતા.

જીવનભર ડ્રાઈવર તરીકે જ કામ કર્યું. કૌટુંબિક જીવનમાં પ્રભુએ તેમને ત્રણ દીકરા તથા ત્રણ દીકરીઓનું દાન આપ્યું હતું. હાલ એક પુત્ર, બે પુત્રીઓ હયાત છે. (પુત્ર અનિલ - કુમારી સેલ્વીના)

માતાપિતાનાં મીઠાં સંસ્મરણો તથા તેમનો પ્રેમ યાદ કરતા તેમની મોટી દીકરી વિમળાબહેન - જમાઈ ફિલિપભાઈ - મહેમદાવાદ તરફથી તેમના સ્મરણાર્થે આ પુસ્તકના પ્રકાશન પેટે રૂા. દસ હજારનું દાન આપવામાં આવેલ છે. આભાર

*સેક્રેટરી*

## વિષયાનુક્રમ


| નંબર | વિષય | પૃષ્ટ | નંબર | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧. | આપણી પૃથ્વી | ૦૧ | ૩૦. | ઈમાનુએલ-દેવ આપણી સાથે | ૧૦૭ |
| ૨. | પહેલું કુટુંબ | ૦૪ | ૩૧. | જીવનની રોટલી પાંચ હજારને જમાડ્યા. | ૧૧૧ |
| ૩. | મહત્ત્વાકાંક્ષી મહિલા | ૦૭ | | | |
| ૪. | શ્રદ્ધાવાન કુટુંબો | ૧૦ | ૩૨. | દુર્મતો વિરુદ્ધ પ્રભુ ઈસુનું શિક્ષણ | ૧૧૫ |
| ૫. | સુશીલ સારાહ | ૧૪ | | | |
| ૬. | પરગજુ પાણિયારી રિબકાહ | ૧૮ | ૩૩. | સ્વાર્થવૃત્તિ ને કારભારીપણું | ૧૧૯ |
| ૭. | પ્રભુમાં સ્ત્રીનું સ્થાન | ૨૨ | ૩૪. | ચિંતા ન કરવા વિષે શિક્ષણ | ૧૨૩ |
| ૮. | સ્ત્રીનું હૃદય | ૨૬ | ૩૫. | પરોણાગત અને ઉદારતા | ૧૨૭ |
| ૯. | પહેલી ચાર આજ્ઞા | ૩૦ | ૩૬. | માફી વિષે શિક્ષણ | ૧૩૧ |
| ૧૦. | પક્ષપાતી માતપિતા | ૩૩ | ૩૭. | વિશ્વાસની વૃદ્ધિ વિષે | ૧૩૫ |
| ૧૧. | સાસુની સેવિકા રૂથ | ૩૭ | ૩૮. | પડોશી ધર્મ ભલો સમરૂની | ૧૩૯ |
| ૧૨. | ઘઉંમાં કડવા દાણા | ૪૧ | ૩૯. | પરીક્ષણ પર વિજય | ૧૪૨ |
| ૧૩. | શાસ્ત્ર વિષે | ૪૪ | ૪૦. | પ્રભુની ઓળખમાં વધવું | ૧૪૬ |
| ૧૪. | દબોરાહ | ૪૮ | ૪૧. | અજોડ વિશ્વાસી મરિયમ કુંવારી | ૧૪૯ |
| ૧૫. | રાહાબ ને માગદાલેણ | ૫૨ | | | |
| ૧૬. | ધાર્મિક માતા હાન્નાહ | ૫૬ | ૪૨. | સેવાભાવી મરિયમ ને મારથા | ૧૫૩ |
| ૧૭. | અવિશ્વાસુ વહુઓ | ૬૦ | ૪૩. | મહિલા મંડળ | ૧૫૬ |
| ૧૮. | અબિગાઈલ | ૬૪ | ૪૪. | પ્રૌઢ શિક્ષણ | ૧૫૯ |
| ૧૯. | એસ્તેર | ૬૮ | ૪૫. | સમરૂની સ્ત્રી | ૧૬૩ |
| ૨૦. | શેબાની રાણી | ૭૧ | ૪૬. | પ્રભુ ઈસુના મરણનું રહસ્ય | ૧૬૭ |
| ૨૧. | આપણું શરીર દેવનું મંદિર | ૭૪ | ૪૭. | પ્રભુ ઈસુનું સજીવન થઈ ઊઠવું | ૧૭૧ |
| ૨૨. | મંડળી પ્રભુનું મંદિર | ૭૭ | ૪૮. | પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ ને પવિત્ર આત્માનું ઉતરવું | ૧૭૫ |
| ૨૩. | મંદિરની બાંધણીમાં સ્ત્રીઓનો ફાળો | ૮૧ | ૪૯. | પ્રભુ ઈસુનું પુનરાગમન | ૧૭૯ |
| ૨૪. | જીવતી મંડળીનાં લક્ષણ | ૮૫ | ૫૦. | ખ્રિસ્તી ધર્મ ઈશ્વર માર્ગની ખાતરી | ૧૮૨ |
| ૨૫. | ધાર્મિક લક્ષણ | ૮૯ | | | |
| ૨૬. | ભરોસાનું ગીત (ગી. શા. ૨૩) | ૯૨ | ૫૧. | તારા કારભારનો હિસાબ આપ | ૧૮૬ |
| ૨૭. | પ્રાર્થના વિષે વિચાર | ૯૬ | ૫૨. | નાતાલ દેવનું અનિર્વાચ્ય દાન | ૧૯૦ |
| ૨૮. | કૌટુંબિક પ્રાર્થના | ૧૦૦ | ૫૩. | ઉપકારસ્તુતિ (ગી.શા. ૧૦૩) | ૧૯૩ |
| ૨૯. | ખરી ભક્તિ | ૧૦૪ | | | |

# સ્ત્રી રત્નો

## ૧. આપણી પૃથ્વી.

**શાસ્ત્રવાચન**

ઉત્પત્તિ અધ્યાય ૧ લો.

**હેતુ**

ઈશ્વરની શક્તિ તથા પ્રીતિ સમજવી અને કદર કરવી.

**પસંદ કરેલાં વાક્યો**

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં. હરેક ઘર કોઈ એકે રચેલું છે, જેણે સઘળી વસ્તુઓ રચી, તે ઈશ્વર છે; તે પોતાના પરાક્રમના શબ્દથી એ સઘળાને ધરી રાખે છે. હેબ. ૩:૪.

ઈશ્વરે પોતાના શબ્દથી સર્વ ઉત્પન્ન કર્યું. તે બોલ્યો કે થાઓ, અને જેવું કહ્યું તેવું થયું. જગતમાં જે કંઈ થયું છે, તે આપોઆપ થયું નથી. યો. ૧:૩.

**અવલોકન અને મનન**

શું તમે કોઈ વાડીમાં જઈને ત્યાંનાં વૃક્ષ, વેલા, છોડ, ફૂલ, ફળ અને વનસ્પતિનાં પાંદડાંની વિધવિધ રચના, શોભા ને સુંદરતા વિષે વિચાર કર્યો છે? રંગબેરંગી ફૂલો અને પાંદડાંની કળામય સુંદરતા, ફળોની વિવિધતા અને તેનો સ્વાદ તથા સોડમ ને આકારનું અવલોકન કરતાં ખરેખર આંખ ધરાતી નથી.

આપણા જાણીતા સુંદર અને સ્વાદિષ્ટ ફળ કેરીનો વિચાર કરો. કેટલી બધી જાતો! કેટલા જુદા સ્વાદ! કેવી રસિકતા! તેમ જ

ગુલાબ, મોગરો, ચમેલી, ગલગોટા, વગેરે જાણીતાં ફૂલોની વિવિધતા અને કળામય આકારમાં તેમની સુંદરતા કેવાં મનમોહક અને આકર્ષક છે! કેટલાંક ફૂલો તો જાણે રંગબેરંગી પાંખોવાળા પતંગિયાંની પાંખોની હરિફાઈ કરતાં ન હોય! આવાં ફૂલો અને પતંગિયાંની શોભા તો આપણને કમળમાં લપેટાઈ જતાં ભમરાની જેમ વાડીમાંથી ખસવા જ દેતાં નથી.

વળી જાતજાતનાં પ્રાણીઓનું સંગ્રહસ્થાન તો આપણને તેના ઉત્પન્નકર્તાનો ઓર જ ખ્યાલ આપે છે. આવું આવું વિચારતાં અને ગણતાં પાર ન આવે, એટલું બધું દેશેદેશ ભરેલું છે. કેવળ આપણી જાણમાંની જ ઉત્પત્તિ વિષે વિચાર કરતાં આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આ બધું માણસજાતનાં અને પ્રાણીમાત્રનાં સુખ સગવડને અર્થે સરજાયું છે; એ જાણીએ અને સમજીએ, તો તેના ઉત્પન્નકર્તાની શક્તિ, બુદ્ધિ, અને પ્રીતિની કદર કર્યા વિના રહેવાય નહિ. ખરે, તેની આગળ માથું નમાવ્યા સિવાય રહેવાય જ નહિ. શું આ બધું પોતાની મેળે થયું હશે?

જળ સ્થળ, વનસ્પતિ, ઋતુઓ અને આકાશ મંડળમાં જે વ્યવસ્થા અને નિયમિતતા જોઈએ છીએ, એ સર્વ શું આપમેળે ક્રમે ક્રમે થયું, કે થતું હશે? રાતદહાડો અને ઋતુઓનું નિયમિતપણે આવવું અને તેની અસર પ્રમાણે ફૂલ ફળોનું પેદા થવું, એ ગોઠવણીની પાછળ શું કોઈનો હાથ ન હોય? જેમ કોઈ માણસ કંઈક બનાવીને તેને વ્યવસ્થાપૂર્વક ગોઠવે છે, તેમ આ કુદરતનો વ્યવસ્થાપક જરૂર હોવો જોઈએ.

## શું માણસ પ્રાણી વિકાસનું પરિણામ હશે?

માણસજાતને વધુમાં વધુ મળતું આવે, એવું પ્રાણી વાંદર જાત છે. તેથી ડાર્વિન જેવાએ એવી કલ્પના કરી, કે વાંદરાનું સુધરેલું અને વિકાસ પામેલું સ્વરૂપ તે માણસ હોવું જોઈએ. તેણે

આવી કલ્પના વહેતી મૂક્યા પછી જીવનને અંતે તેની પોતાની ભૂલભરેલી કલ્પનાનો પસ્તાવો થયો. તેણે જોયું, કે માણસને પોતાનો વિકાસ સાધવાનું આત્મજ્ઞાન, પરમાત્મજ્ઞાન, નીતિ અને વાચા છે, તેવું પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને અત્યાર સુધી વાંદરામાં દેખાતું નથી. તેને પોતાની ભૂલનું ભાન થયું ખરું, પણ એક વાર દુર્મત વહેતો થયા પછી તે ચાલુ જ રહે છે, તેમ આજે પણ એ છે.

પૃથ્વી પર અમલ ચલાવવા અને તેની વ્યવસ્થા જાળવવા ઈશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે મર્યાદિત લાયકાતવાળું માણસ બનાવ્યું. તેણે તેમને નરનારી બનાવ્યાં અને તેઓને ફળવંત થવાનો આશીર્વાદ દીધો. તેમને કહ્યું કે સમુદ્રનાં માછલાં પર, ભૂમિનાં ગ્રામપશુઓ પર અને આકાશમાં ઊડનારાં પક્ષીઓ પર અમલ ચલાવો અને તેની વ્યવસ્થા જાળવો.

તેમના ખોરાકને સારુ ઉત્પત્તિમાં સર્વ કંઈ ઉપયોગનું હતું, એ તેમને બતાવ્યું અને વળી નુકશાનકારક ફળઝાડ દેખાડીને તેથી દૂર રહેવાની ચેતવણી પણ આપી. તેમને સાફ સાફ જણાવ્યું, કે જો એ નિષેધક ફળ ખાશો, તો જરૂર તમે મરણ પામશો. એમ ઈશ્વરે પોતાની સાથે સંગત રાખી શકે તેવી લાયકાતવાળું માણસ બનાવીને પૃથ્વી પરનું સર્વ તેને હવાલે સોંપી પોતાનો પ્રેમ પ્રગટ કર્યો.

**પ્રશ્ન :** શું કોઈના બનાવ્યા વગર આ સૃષ્ટિ થઈ હશે?
શું માણસનો આદિપિતા વાંદરો હશે?જો નહિ, તો કારણ આપો.

# ૨. પહેલું કુટુંબ

## શાસ્ત્રવાચન

ઉત. ૧; ૨૬-૨૮ : ૨; ૭, ૧૮, ૨૧-૨૫.

## હેતુ

ઈશ્વર માણસનાં સુખ સગવડનો વિચાર કરે છે એ જાણવું.

## પસંદ કરેલાં વાક્યો

દેવે ભૂમિની માટીથી માણસ બનાવ્યું. તેનાં નસ્કોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો, એટલે માણસ સજીવ પ્રાણી થયું. દેવે કહ્યું કે માણસ એકલો રહે, તે સારું નથી. હું તેને યોગ્ય એવી એક સહાયકારી સૃજાવીશ. દેવે આદમને ભર ઊંઘમાં નાખ્યો. પછી તેણે તેની પાંસળીઓમાંની એક લઈને તેને ઠેકાણે માંસ ભર્યું. પછી જે પાંસળી માણસમાંથી લીધી હતી, તેની એક સ્ત્રી બનાવીને તે તેને તેની પાસે લાવ્યો. તેને જોતાં જ એ માણસે કહ્યું, કે આ તો મારા હાડકાંમાંનું હાડકું અને માંસમાનું માંસ છે. તે નારી કહેવાશે; કેમ કે તે નરમાંથી લીધેલી છે. એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું. તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં.

## મનન વિચાર

પૃથ્વીના રમ્ય પ્રદેશની સુંદર વાડીમાં દેવે એ માણસને મૂક્યો. મનુષ્ય સિવાય સર્વ વાનાં દેવે પોતાના શબ્દથી ઉત્પન્ન કર્યાં. પણ માણસને માટીથી અને પ્રાણીઓથી જુદી જ લાયકાતવાળો પોતાની યોગ્યતા પ્રમાણે બનાવ્યો. માટીનું પૂતળું બનાવીને તેનાં નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો. આથી એ ખોળિયામાં જીવ આવ્યો. વળી જીવની સાથે જ ઈશ્વરનાં ગુણોની

લાયકાત ધરાવનાર તથા ઈશ્વરની સાથે સંગત અને સંબંધ રાખનાર આત્મા પણ આવ્યો. એ માણસ આદમને નામે ઓળખાયો.

વાડીમાં બધે ફરતાં જાતજાતનાં વૃક્ષવેલા પર તરેહ તરેહનાં ફૂલ ફળ ઝૂકી રહ્યાં હતાં. એ જોઈને તેને અનહદ આનંદ થયો. પણ પોતાનો આનંદ બીજાને જણાવીને વિચારની આપ લે કરી શકે, એવું કોઈ બીજું માણસ ત્યાં ન હતું. આપણે કોઈ સારી વસ્તુ જોઈએ, તો એ વિષે બીજાને કહેવાને કેવાં તલપાપડ થઈ જઈએ છીએ. એવું જ આદમને પણ થયું હશે.

તેણે જોયું તો દરેક પ્રકારનાં પ્રાણીઓ નરમાદા તરીકે સાથે સાથે રહેતાં, ચરતાં અને ગેલ કરતાં હતાં. કોઈ કોઈને ઉપદ્રવ કરતું નહિ. સૌ નિર્વિઘ્ને ઐક્યમાં આનંદ કરતાં ફરતાં હતાં. માત્ર તે જ એકલો હતો.

પ્રાણીઓનાં નામ પાડવા સારુ દેવે તેઓને આદમની પાસે આણ્યાં. તેણે દરેક પ્રકારનાં નરમાદાને જે કહ્યું, એ તેમનું નામ કહેવાયું. તેણે તેમની ઓળખનાં જાતિદર્શક નામ આપ્યાં. પોતાને મળતું આવે, એવું પ્રાણી વાનર જોયું. એ પણ નરમાદાની જોડ હતી. પણ તેઓમાં તેણે પોતાના જેવી યોગ્યતા કે લાયકાત જોઈ નહિ. બધાં પ્રાણીઓ વાડીમાં ચાલ્યાં ગયાં, અને આદમ એકલો રહી ગયો. આ વખતે આદમને પોતાની જોડની ઊણપ દેખાઈ આવી. તેને ઇચ્છા થઈ, કે મારી પણ જોડ હોત, તો અમે એકબીજાની સાથે વાત કરીને ઈશ્વરનાં અનહદ જ્ઞાન તથા પરાક્રમ અને પ્રેમની કદર કરતાં પોતાનો આનંદ વ્યક્ત કરી શકત. પોતાના પ્રેમ, આનંદ અને ઐક્યની ઊર્મીઓના સાથી ભાગીદારની તેને તીવ્ર ઇચ્છા થઈ. આ જોઈને દેવે તેના જેવી લાયકાત ધરાવનાર તેના જ હાડમાંસની સ્ત્રી બનાવીને તેની પાસે આણી. એને જોઈને આદમને કેટલો આનંદ થયો હશે!

એકબીજાની સ્નેહભરી આંખો એકમેકની આંખોમાં ભળી ગઈ! પોતાના વિચારો જણાવવાની બંનેમાં વાચા, યોગ્યતા અને બુદ્ધિ જોઈને તેઓ રાજી રાજી થઈ ગયાં. તેઓ એકબીજાને પસંદ પડ્યા. પ્રેમનાં આકર્ષણે તેઓ એક જીવનાં થઈ ગયાં! કેવી ઉત્તમ જોડ! સ્ત્રીનું નામ તેણે હવા પાડયું.

બીજાં પ્રાણીઓની પેઠે દેવે પહેલેથી જ સ્ત્રીને પણ બનાવી હોત, તો પ્રાણીઓની પેઠે તેઓ એકબીજા વિષે બીનજવાબદાર હોત. સ્વતંત્ર ઉત્પત્તિ હોવાથી તેઓ ઐક્ય અને પ્રેમના આત્માથી એકબીજાનાં સહાયક થયાં ન હોત. દેવનું કેવું અગમ જ્ઞાન!

## લગ્નવિચાર

પુરુષની સહાયકારી થવા દેવ (પિતાએ) સ્ત્રી શોધી-બનાવી.
દેવે આદમ પાસે આણી-પસંદગીના વિચારની તક આપી.
આદમે પસંદ કરી અને સ્વીકારી-લગ્નનો મુંગો કરાર.
સુખ દુઃખના સર્વ સંજોગોમાં પ્રેમથી સાથે સાથે રહ્યાં.
દેવે એક જ સ્ત્રી આપી-અનેક પત્ની વિરોધભાવ-માલા. ૩;૧૫
સ્ત્રીએ આદમની સંગત સ્વીકારી તેના પર પ્રેમ કર્યો.
સ્ત્રીએ ભૂલ કરવાની પહેલ કરી, પણ આદમે તેને તજી નહિ.

આ તો જગત પરનું પહેલું લગ્ન છે. એ દેવે પોતે ગોઠવ્યું, જોડ્યું અને તેને આશીર્વાદ દીધો. હાલના લગ્નવિધિ જેવા દેખીતા કોલ કરાર ન છતાં, તેઓના હૃદયમાં કોલ કરાર જેટલું જ સ્થાન હતું. આ લગ્નમાં પવિત્રાઈ તેઓનાં વસ્ત્ર અને પ્રેમ તથા ઐક્યનો ગુણ તેઓનાં ઘરેણાં હતાં. સાદાઈ ઈશ્વરે જ સ્થાપન કરી છે. પતિત અવસ્થામાં વસ્ત્ર પહેરાવ્યાં પણ ઘરેણાં નહિ. લગ્ન આશીર્વાદિત સંસ્કાર છે. તે દેવે સ્થાપ્યો છે. કાનાના લગ્નમાં લગ્ન વખતે દ્રાક્ષારસ પૂરો પાડીને લગ્ન પ્રસંગમાં આનંદની ઉણપ આવવા દીધી નહિ.

**પ્રશ્ન :** દેવે હાથ પગનું હાડકું લેવાને બદલે પાંસળી લઈને સ્ત્રી બનાવી એમાં કંઈ અર્થ હશે?
શા માટે પહેલેથી જ સ્ત્રી બનાવી નહિ હોય? વર સાથે વહુનું સ્થાન શું છે?

## ૩. મહત્ત્વાકાંક્ષી મહિલા

### શાસ્ત્રવાચન

ઉત. ૩;૧-૬.

### હેતુ

આગળ વધવાની ઇચ્છા.

### પસંદ કરેલાં વાક્યો

દેવે કહ્યું કે વાડીની વચ્ચેનાં વૃક્ષના ફળને તમારે અડકવું કે ખાવું નહિ, રખે તમે મરો. સર્પે સ્ત્રીને કહ્યું, કે તમે નહિ જ મરશો. દેવ જાણે છે, કે તમે એ ખાશો તે જ દિવસે તમારી આંખો ઉઘડી જશે અને તમે દેવનાં જેવાં ભલું ભૂંડું જાણનારાં થશો.

એ વૃક્ષનું ફળ જોવામાં સુંદર, ખાવામાં સારું અને જ્ઞાન આપવાને ઇચ્છવાજોગ છે, એવું સાંભળીને સ્ત્રીએ તે ફળ તોડીને ખાધું અને પોતાની સાથે પોતાનો વર હતો, તેને આપ્યું, અને તેણે પણ ખાધું.

### મનન વિચાર

વાડીમાં અનેક પ્રકારનાં વૃક્ષો હતાં. તે પર અનેક પ્રકારનાં ફળ હતાં. એ તેમનો ખોરાક હતો. નિષેધ કરેલા વૃક્ષ તરફ રોજ જોતાં, પણ તેનાં ફળને તેઓ અડકતાં જ નહિ.

વાડીમાં એક વૃક્ષ સાથે વિંટાએલા વેલા પર સોનેરી રંગની રૂવાંટીવાળી પાપડી હતી. રંગે સુંદર જોઈને આદમે તે તોડી. તોડતાની સાથે જ તેની રૂવાંટી ઉડીને તેના શરીર પર પડી. આથી તેના આખા શરીર પર ખાજ ઉપડી. એ પછી તે એ પાપડીને અડકવાનું જ ભૂલી ગયો. તેણે ધાર્યું, કે એ ખાવાને અર્થે નહિ, પણ બીજા કશા ઉપયોગની હશે. પેલા વૃક્ષના ફળ વિષે પણ તેણે એવો જ વિચાર કર્યો હશે. તેઓ તે ફળને અડકતાં જ નહિ.

**જૂઠો કાનંભંભેરૂ:** અભિમાનને લીધે આકાશમાંથી કાઢી મૂકાએલો દૂત શેતાનને નામે ઓળખાય છે. તેણે જોયું, કે પૃથ્વીનો હવાલો ઈશ્વરે માણસને સોંપ્યો છે અને તેઓ આનંદથી ઈશ્વરની સંગતમાં રહે છે. જો હું કોઈપણ યુક્તિથી પેલું મના કરેલું ફળ ખવડાવું, તો તેઓ મારા જેવાં જ પતિત થશે અને ઈશ્વર તેમને પોતાની સંગતમાંથી કાઢી મૂકશે. અને ઈશ્વરની યોજના નિષ્ફળ થશે. તેણે સાપની મારફતે કાન ભંભેર્યો. હવા રોજ જાતજાતનાં ફળ લાવતી અને બંને ધણીધણીયાણી આનંદે ખાતાં. નિષેધ કરેલા ફળ વિષે કહેલી વાત તેના મનમાં ઘોળાયા કરતી. મરણ શું છે, એ વિષે તે કદાચ કંઈ જાણતી ન હતી. પણ અમે દેવના સરખાં જ્ઞાની થઈ જઈશું. એ મહત્વાકાંક્ષા તેના મનમાં મોટી થતી ગઈ. આ વિષે તેણે આદમને પણ વાત કરી હોય, એ સ્વાભાવિક છે, પણ આદમે લક્ષમાં લીધું નહિ.

તેઓ જાણતાં હતાં, કે ઈશ્વર તો સર્વ સમર્થ અને સર્વજ્ઞ પ્રભુ છે. તેની સંગતમાં અમને કશી અડચણ નથી. ઉલટાં અમે સુખી છીએ. અમને કશાની અછત દેખાતી નથી. અમારા પર કશું દબાણ નથી. ઈશ્વર અમારા પર પ્રેમ કરે છે. અને મિત્રભાવે અમારી મુલાકાત લે છે. પરંતુ આ ફળ ખાવાથી તેના કહેવા પ્રમાણે અમે વધારે જ્ઞાની થઈશું. એથી દેવને કશો ગેરલાભ તો

થવાનો નથી, તો પછી ખાવામાં શો વાંધો? આવી ભાંજગડ કરતાં કરતાં હવાની મહત્વાકાંક્ષા વધી ગઈ. ખાઈ તો નાંખીએ, જોઈએ કે શું થાય છે. ખાવાનો નિશ્ચય થયો. તોડ્યું અને ખાધું. અફસોસ! અફસોસ! ખાતાંની સાથે જ બંનેની આંખો ઉઘડી ગઈ! જોયું શું? પ્રથમ તો એ જોયું, કે અમે નાગાં છીએ. અત્યાર સુધી નાગાં હતાં, પણ નગ્નતાનું તેઓને જ્ઞાન ન હતું. દેવની આગળ અને દૂતોની આગળ નગ્ન અવસ્થામાં અમે શી રીતે જઈશું, એ ચિંતા ભર્યો ધ્રાસકો પડ્યો! બીક અને દુઃખ, લજ્જા અને શરમ વગેરે મરણનાં ચિહ્નોએ તેઓને ઘેરી લીધાં! ભૂલનું ભાન થયું. પસ્તાવાનો પાર ન રહ્યો. ફાંફાં મારીને અંજીરીનાં પાંદડાથી લાજ ઢાંકી, પણ એ કેટલીવાર ટકે!

## આજ્ઞાભંગનું પરિણામ

ઉત. ૩;૧૬-૧૯. સ્ત્રીને કહ્યું, તારું ગર્ભધારણ વધી જશે. તું દુઃખે બાળક જણશે અને તારે તારા વરને આધીન રહેવું પડશે. આદમને કહ્યું, રોટલી મેળવવા તારે પરસેવો ઉતારવો પડશે, ભૂમિ તારે લીધે શ્રાપિત થઈ છે, એટલે તેમાં હવે કાંટા કંટાળા ઊગશે. તું ધૂળમાંથી બનાવાયો હતો, અને તું પાછો ધૂળ થઈ જશે. એ જ દશા તારી સહાયકારીની પણ થશે.

શેતાનના ફસાવ્યાથી તેઓ ઠગાયાં હતાં, માટે તેઓ પર દયા કરીને દેવ તેઓને મળવા આવ્યો અને પોતાના હલવાનના બલિદાનથી તેમના ચામડાનાં તેઓને સારુ વસ્ત્ર બનાવી તેઓની નગ્નતા ઢાંકી. પછી સ્વર્ગસમા એ સ્થાનમાંથી તેઓને બહાર કાઢી મૂક્યાં. તેઓના એ પ્રસંગના દુઃખનું વર્ણન કરવાને આપણી પાસે શબ્દો નથી. કેવી નિરાશા! કેવી નિરાધારતા! આમ છતાંયે બંને પ્રેમ અને ઐક્યથી સાથે જ રહ્યાં. કોઈ છૂટું પડ્યું નહિ. સહવાસ તેઓનું સુખ હતું.

પ્રશ્ન : શેતાને આદમને બદલે હવાને કેમ ભૂલાવી હશે? કેવા વિચારથી હવાએ ફળ ખાધું? એમને ઠેકાણે તમે હોત તો શું કરત?

## ૪. શ્રદ્ધાવાન સુખી કુટુંબો ને જળપ્રલય

### શાસ્ત્રવાચન

ઉત. ૬;૫-૧૩.

### હેતુ

પવિત્રાઈને માર્ગે ચાલ્યાનો આશીર્વાદ જણાવો.

### પસંદ કરેલી કલમો

દેવે કહ્યું કે માણસના હૃદયના વિચારોની કલ્પના નિરંતર ભૂંડી છે તેઓથી પૃથ્વી જુલમે ભરેલી છે. માટે પૃથ્વી પરથી હું તેઓનો તથા પશુપક્ષી સર્વનો સંહાર કરીશ. નૂહ ન્યાયી તથા સીધો માણસ હતો. તે દેવની સાથે ચાલતો. તેને કહ્યું કે તું વહાણ બનાવ, અને તું તથા તારા આખા ઘરના વહાણમાં આવો, કેમ કે હું જળપ્રલયથી સર્વ જીવોનો સંહાર કરીશ. પણ આ પેઢીમાં મેં તને મારી સમક્ષ ન્યાયી જોયો છે, માટે તને બચાવીશ.

### મનન વિચાર

પૃથ્વી પર શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા સારુ દેવે માણસને પવિત્ર બનાવ્યું હતું, દેવ પરમ પવિત્ર છે અને તે પવિત્રાઈ ચાહે છે. પવિત્રાઈની ભાવના વગર કોઈ માણસ દેવની સંગતમાં રહી શકતું નથી.

સૃષ્ટિની શરૂઆતે પ્રાણીઓમાં પણ મેળ હતો, કોઈ કોઈને ઉપદ્રવ કરતું નહિ. માણસના પતિત થયા પછી આખી પૃથ્વીનું વાતાવરણ બદલાઈ ગયું. ભૂમિ શ્રાપિત કરાઈ ને જીવોમાં સ્વાર્થ વૃત્તિ પેદા થઈ. પોતાનું હિત સાધવા બીજાનું અહિત કરતાં પાછી પાની કરાઈ નહિ. નીતિના નિયમો માણસે ઊંધા વાળ્યા અને ઈશ્વરની કે તેની સંગતની દરકાર રાખી નહિ. ગમે તે રીતે દૈહિક વિષયોની તૃપ્તિ કરવી, એ જ એમનો રોજીંદો કાર્યક્રમ બની ગયો. યશાયાહે જણાવ્યું છે તેમ પગના તળિયાથી માથાનાં ટાલકા સુધી આખું શરીર કોહી ગયું. ક્યાંયે તંદુરસ્તી કે સાજાપણું રહ્યું નહિ.

આ જોઈને ઈશ્વરને ભારે દુઃખ થયું. એ જમાનામાં ઈશ્વરનું ભય રાખીને ન્યાય નીતિને માર્ગે ચાલનારો નૂહ હતો. પણ તેનો દાખલો કોઈએ લીધો નહિ. ખાવું, પીવું અને મરજી મુજબ મોજમઝા કરવી, એ સિવાય આ જગતપર માણસને માટે બીજું શું સારું છે, એ વિચારથી સૌએ નૂહની વર્તણૂક અને શીખને હસી કાઢી.

દેવે જોયું કે આ પેઢીની ભૂંડાઈ એટલે સુધી વધી ગઈ છે, કે કોઈ પાપને પાપ જ ગણતું નથી. તેઓ પસ્તાવો કરીને સુધરે એવો સંભવ રહ્યો નથી, માટે તેઓના વાવેલાં ભૂંડાઈનાં બીજનું પાકી ગયેલું ફળ (નાશ) તેમને લણવા દેવાનો સમય થઈ ગયો છે. તથાપિ હું તેઓને દશ્ય પુરાવાથી પસ્તાવાને સારુ ૧૨૦ વર્ષનો સમય આપીશ.

**જળપ્રલયની વાત**

દેવે નૂહને કહ્યું કે જળપ્રલયથી હું પ્રાણી તેમ જ વનસ્પતિનો નાશ કરીશ. બચાવને સારુ તું એક વહાણ બનાવ અને જે કોઈએ વહાણમાં આવવા ખુશી હશે, તે બચી જશે, દેવના સૂચવ્યા પ્રમાણે નૂહે વહાણ બાંધવા માંડ્યું, અને ૧૨૦ વર્ષ

સુધી તેઓને પસ્તાવાનો ઉપદેશ કર્યો. નદી કે દરિયા કાંઠે વહાણ બંધાય એ સ્વાભાવિક છે. પણ સૂકી ભૂમિ પર મેદાનમાં નૂહને વહાણ બાંધતો જોઈને લોક વિસ્મિત થયા. દેવની આજ્ઞાની વાત તેઓને જણાવી. પણ એ તેઓને ગળે ઉતરી નહિ. ઘણાંએ તેને ગાંડો ગણી કાઢ્યો. દેવના વચન પર નૂહના વિશ્વાસની કેવી કસોટી થતી હશે!

નૂહ, તેના દીકરા અને તેમની સ્ત્રીઓ બાંધકામમાં મદદ કરવા લાગ્યાં. પશુપક્ષી અને પોતાના ખોરાકની સામગ્રી વહાણમાં ભરવા લાગ્યાં. સૂચવેલા પશુપક્ષીઓને વહાણમાં લઈ જવા લાગ્યાં, એ તેઓએ જોયા કર્યું. પરંતુ છેલ્લી ઘડીએ પણ તેઓના વિચાર બદલાયા નહિ, એ કેવું આશ્ચર્યજનક છે! ખરેખર શેતાને અવિશ્વાસીઓનાં મન આંધળા કર્યા છે, કે જોયા છતાં પણ સુઝે નહિ, અને સાંભળ્યા છતાં તથા ખાતરીના ચિન્હો દીઠાં છતાં વાતની સત્યતા સમજાય નહિ.

## સુખી અને નિર્ભય કુટુંબો

પોતાનાં છોકરાં ઈશ્વરની બીકમાં અને તેના વચનના વિશ્વાસમાં ચાલે છે, એ માબાપને માટે કેટલા મોટા આનંદની વાત છે! નૂહ, તેની વહુ, તેમના ત્રણ દીકરા અને તેમની વહુઓ વહાણમાં બેઠાં. તેઓને વહાણમાં જતાં જોઈને પણ તેઓનાં સગાં સ્નેહીઓએ વિચાર કર્યો નહિ. સર્વ જીવાત અને આ આઠ વિશ્વાસ કરનારાં વહાણમાં દાખલ થયા પછી દેવે પોતે વહાણનું દ્વાર બંધ કર્યું.

ઉપરના વરસાદથી અને પૃથ્વીના ઝરાઓથી પૃથ્વી પર પાણી ચઢવા લાગ્યાં. જોતજોતામાં વહાણ ઊંચકાઈને તરવા લાગ્યું. ઘરો, માળો, ઝાડો અને ઊંચા ટેકરા ડૂબવા લાગ્યાં! ત્યારે કેવી નાસાનાસ થઈ હશે? નૂહની વાત ન માન્યાને લીધે કેવો પસ્તાવો થતો હશે!

## ૧૩

## લાગણીભર્યો વિચાર

કુટુંબમાં એક જણ અખ્રિસ્તી હોય અથવા કોઈ એકે વિશ્વાસનો ત્યાગ કરી જગતના અવિશ્વાસીઓના જેવું જીવન ગાળવા માંડ્યું હોય, એ વિશ્વાસીને માટે કેવો દુઃખદાયક પ્રસંગ છે! પેલા શ્રીમંતને નર્કાગ્નિ મધ્યે પોતાના સગાંના બચાવ વિષે કેવી લાગણી થઈ એનો વિચાર કરો, સંબંધીઓને સારુ પ્રાર્થના કરો, સર્વના બચાવ માટે થાય તેટલું કરી છૂટો. "જેઓ મારા પર વિશ્વાસ કરતા નથી, તેઓ પોતાનાં પાપમાં મરશે." "સાર્વકાળિક શાસનમાં જશે." પ્રભુના એ મિથ્યા ન થનાર વચનોનો વિચાર કરો.

પ્રશ્ન : શું આજે બચાવનું વહાણ છે? હોય તો એ વહાણ કયું?
સ્વર્ગનું અનંત સુખ અને પ્રિયજનો કે વાનાંનો ભોગ, એ બેમાં કયું પસંદ કરવા જોગ છે?
આજ નહિ પણ કાલે, એ વિચારમાં શું જોખમ છે?

# ૫. સુશીલ સારાહ

**શાસ્ત્રવાચન**

ઉત. ૧૨;૧-૮.

**હેતુ**

સેવા અને સાદાઈ પર લક્ષ ખેંચવું.

**પસંદ કરેલાં વાક્યો**

તમારો શણગાર બહારનો એટલે ગૂંથેલા વાળનો, સોનું પહેરવાનો કે વસ્ત્રોના ઠાઠનો ન હોય, પણ દીન તથા નમ્ર આત્મા, જે ઈશ્વરની નજરમાં બહુ મૂલ્યવાન છે, એના અવિનાશી અલંકારનો હોય.

અગાઉ જે સ્ત્રીઓ દેવ પર આશા રાખતી હતી, તેઓ સંપમાં રહેવામાં પોતાનો શણગાર સમજતી હતી. સારાહ ઈબ્રાહીમના સ્વામીત્વ નીચે તેની સાથે મળીને રહેતી. જો તમે રૂડું કરો છો, તો તમે તેની દીકરીઓ છો.

પોતપોતાના વરો સાથે મળી સમજીને રહો, એ સારુ કે જો કોઈ વર સુવાર્તાના વચનોમાં માનનાર ન હોય, તો પોતાની પત્નીની મર્યાદાભરેલી નિર્મળ ચાલથી પ્રભુમાં મેળવાય. ૧ પીત. ૩;૧-૬.

**મનન વિચાર**

ઈબ્રાહીમ મોટો શ્રીમંત અને ભારે ખટલાવાળો હતો. ધનાઢય હોવા છતાં તે બહુ સાદાઈમાં રહેતો. તેની સ્ત્રી સારાહ પણ તેના જ વિચારની સાદાઈને મોટો સદ્‌ગુણ સમજનારી હતી. સ્ત્રીઓને કુદરતથી જ સૌંદર્ય સાંપડેલું છે. જાતજાતનાં વસ્ત્રો અને

ઘરેણાંનાં ઠાઠ વગર પણ સ્ત્રીઓનું સૌંદર્ય તેના શરીરની રચનામાં ઈશ્વરે બક્ષ્યું છે. સામાન્ય રીતે પુરુષો કરતાં શારીરિક સુંદરતામાં સ્ત્રીઓ ચઢી જાય છે. સારાહ સુંદર દેખાવની સ્વરૂપવાન સુંદરી હતી. તેનાં સૌંદર્યને લીધે ઇબ્રાહીમને વખતે વખતે એવી બીક લાગતી, કે રખેને કોઈ તેને મારી નાંખીને સારાહને લઈ જાય. ઘરેણાંનાં ઠાઠથી અને વાળના વિધવિધ પ્રકારના ઠઠારાથી જેઓ પોતાને અતિ સુંદર બતાવવાની કાળજી કરે છે, તેઓ દેહના વિષયોની નાશકારક તૃષ્ણામાં પડે છે. જેટલે દરજ્જે તેઓનું ધ્યાન પોતાની સુંદરતા વધારવામાં રોકાય છે, તેટલે દરજ્જે તેઓના વિચાર ઈશ્વર પરના પ્રેમ બાબતે ઓછા રહે છે. બનાવટી સુંદરતા ઉડી જતા ઝાકળના જેવી છે.

વસ્ત્રો અને ઘરેણાંને માટે ઘણીવાર સ્ત્રીઓ કજિયો કરે છે. બીજાઓને જોઈને તેઓનું અનુકરણ કરવાની તેમને ભારે લાલસા થાય છે. ઘણીવાર ઓપ ચઢાવેલાં ખોટાં ઘરેણાંથી અને બીજી સ્ત્રીઓનાં ઉતારેલાં અને બજારમાં વેચાતા વાળના ગુંચળાને પોતાના ચોટલામાં નાખી ભાતભાતના અંબોડા વાળે છે ને વણઝારીના છોગા જેવો ગોટલો નાખી માથા પર ઉકરડો કરે છે. તેઓ ધારે છે કે એથી અમે સુંદર દેખાઈશું પણ તેઓ ભૂલી જાય છે, કે એ નખરાં તો નટીઓના હોય છે. જેઓનું ચારિત્ર્ય શંકાસ્પદ હોય છે, તેઓની એ રીત છે. કોઈ પણ સદ્‌ગુણી છોકરી કે સ્ત્રી આવું અનુકરણ કરતી નથી. આવો દેખાવ કરનારી છોકરીઓ કે સ્ત્રીઓના જીવ ઘણીવાર જોખમમાં આવી પડે છે. તેઓનાં હરણ થાય છે, કે મોત પણ થાય છે.

ગોરા લોકોમાં જેમ વીંટી લગ્નની નિશાની સૂચક અપાય છે, તેમ ભારતમાં કાચની બંગડીને લગ્નસૂચક સ્થાન અપાયું છે. એ કરતાં જે વિશેષ, તે બંધારણની વિરુદ્ધ છે.

એક જુવાન બીજી મંડળીમાં લગ્ન કરવા ગયો. પોતાના હવાલામાં રખાએલી છોકરીને સારુ મીસી સાહેબે વીંટી, એરીંગ અને સોનાની બંગડીની માંગણી કરી. જુવાને કહ્યું, મને કન્યાના વિચાર જાણવા દો. તેણે કન્યાને કહ્યું, તને શણગારવા જેટલા પૈસા મારી પાસે છે. એ પૈસાથી ગુજરાનને માટે દુકાન ચલાવું છું. તારી મરજી હોય તો દુકાન વેચીને તારે સારુ ઘરેણાં લાવું. કન્યાએ વિચાર કરીને કહ્યું કાચની બંગડી વિના બીજું કંઈ લાવશો નહિ. મરતાં સુધી તેઓએ સંપથી સુખી જીવન ગાળ્યું.

સારાહ સાદાઈથી રહેનારી સેવાભાવી સ્ત્રી હતી. તેનાં ઘરેણાં અને પોશાક અંતઃકરણના ગુપ્તસ્થાનમાં રહેલી નમ્રતા અને લીનતામાં હતા. ઈબ્રાહીમ વિશ્વાસમાં જેવો એક્કો હતો, તેવી સારાહ સાદાઈના સદ્‌ગુણમાં એક્કો હતી. પોતાનું ઘરગામ તજીને અન્ય દેશમાં જવાનો આદેશ ઈબ્રાહીમને ઈશ્વરે આપ્યો, ત્યારે તે ત્યાં જવા નીકળ્યો, તેણે એ વિષે સારાહને વાત કરી હશે, પણ વાંધો લીધા વગર કે કચકચ કર્યા વિના તે તેની સાથે જવા તૈયાર થઈ.

તે વાંઝણી હતી. ૯૦ વર્ષની થઈ ત્યાં સુધી દેવનું વચન છતાં તેને સંતાન થયું ન હતું. પણ ઈબ્રાહીમે તેને તજી નહિ. ઈબ્રાહીમ મૂર્તિપૂજકો વચ્ચે રહેતો. તેમ છતાં તેણે કે સારાહે કદી મૂર્તિપૂજા તરફ મન લગાડ્યું નહિ. વિશ્વાસુ પુરુષ પોતાના ધાર્મિકપણાથી અધાર્મિક સ્ત્રીને વિશ્વાસમાં લાવે છે, તેમ જ ધાર્મિક સ્ત્રી અવિશ્વાસી પુરુષને પ્રભુની ઓળખ કરાવે છે; હિંદમાં સ્વરાજયની ચળવળ વખતે સ્ત્રીઓએ પોતાનાં ઘરેણાં સેવામાં સમર્પણ કરીને સુતરની બંગડીઓ પહેરી હતી.

## પાઉલનો ઉપદેશ

હું તમને વિનંતી કરું છું, કે તમે આ જગતનું રૂપ ન ધરો, પણ મનના નવીનપણાથી પરમરૂપમાં એવા બદલાઈ જાઓ કે દેવની સારી, માન્ય તથા સુખદ ઇચ્છા સમજી શકો.

**પ્રશ્ન :** તમને શાનો શોખ છે? કઈ બાબતમાં તમને વિશેષ રસ પડે છે?

શું મોજમઝા ખોટી છે? તમારા વર્તન વિષે લોકો શું ધારે છે, એ વિષે વિચાર કર્યો છે?

કોઈ સભાવેળા સવારે, બપોરે, ચાર વાગે ને સાંજે જુદાં જુદાં કપડાં પહેરવાની અગત્ય ખરી કે?

# ૬. પરગજુ પાણિયારી રિબકાનું લગ્ન

**શાસ્ત્રવાચન**

ઉત્પતિ. ૨૪;૩,૪,૧૦-૧૪.

**હેતુ**

જો પ્રભુ ઘર ન બાંધે, તો બાંધનારનો શ્રમ મિથ્યા છે.

## પસંદ કરેલાં વાક્યો

તમે પરોણાગત કરવાનું ભૂલો મા. કેમ કે એમ કરતાં કેટલાકે દૂતોને પરોણા રાખ્યા છે. હેબ્રુ. ૧૩:૨. લોટ મુસાફરોને જોઈને તેઓને મળવા દોડ્યો ને પ્રણામ કરીને બોલ્યો, કે કૃપા કરીને તમારા દાસને ઘેર પધારો, ઘણો આગ્રહ કરીને એ તેમને ઘેર લઈ ગયો. ઉત. ૧૯;૧,૨ જેઓ પરણે તેઓ પ્રભુના લોકમાં પરણે. ૧ કરિં. ૭; ૩૯.

તમારે અન્ય કોમો સાથે લગ્ન વહેવાર કરવો નહિ. તમારી દીકરી તેના દીકરાને આપવી નહિ, કે તેની દીકરી સાથે તમારો દીકરો પરણાવવો નહિ. રખેને તેઓ તમારા દીકરાને વિશ્વાસથી ભટકાવી દે અને અન્ય દેવદેવીઓની મૂર્તિપૂજા તરફ ઘસડી જાય. પુન. ૯:૩, ૪.

**મનન વિચાર**

કોઈપણ મુસાફર ભાગળે આવ્યો હોય, તો તેને પોતાને ઘેર તેડી જઈને તેની સેવા કરવાની પ્રાચીન કાળમાં રીત હતી. આગ્રહથી તેઓ તેની ગરજો પૂરી પડતા. તેઓ સર્વ વટેમાર્ગુ પ્રત્યે બહુ જ માયાથી વર્તતા અને આત્મભોગે તેઓનું રક્ષણ કરતાં.

આ પ્રમાણે કુંવારી રિબકાએ ગામને પાદરે ઉતરેલા

મુસાફરની સેવા કરી, તેને તથા તેનાં જાનવરોને પણ પાણી પાયું. મુસાફરને તથા તેનાં દસ ઊંટોને પાણી પાતાં કેટલો બધો વખત જશે, એની દરકાર કર્યા વિના તેણે રાજીખુશીથી અને પૂરી માયાથી એ કામ કર્યું. પોતાનાં માબાપો આવી સેવા કરતાં એ જ વાતાવરણમાં તે ઉછરીને ઘડાઈ હતી. સેવાભાવ સર્વત્ર પ્રશંસાપાત્ર છે, રખેને પરોણો રાખવો પડશે કે તેની સરભરા કરવી પડશે, એ વિચારથી આઘાંપાછાં થઈ રહેનારાં માણસો સાથે આ છોકરીને સરખાવીએ અથવા આપણે પોતે એ બાબતે કેવાં છીએ, તેનો વિચાર કરીએ, તો જરૂર આપણાં જીવનમાં ઊણપ દેખાશે કે આવી સેવા કરવાનું વધુ ઉત્તેજન મળશે.

ઈબ્રાહીમની સ્ત્રી સારાહ ૧૨૭ વર્ષની ઉંમરે મરણ પામી. તેના મરણથી ઈબ્રાહીમને મોટો ધક્કો લાગ્યો. ધનદોલત અને રાચરચીલાથી ભરેલો વૈભવી તંબુ અત્યારે તેને ઉજ્જડ વેરાન પ્રદેશ જેવો લાગવા માંડ્યો. જેની એક પાંખ તૂટી ગઈ હોય એવા એક પક્ષી જેવી તેની સ્થિતિ થઈ. તેમનો પુત્ર ઈસ્હાક અત્યારે લગભગ ૪૦ વર્ષનો છતાં હજી કુંવારો હતો. જો પોતે પણ મરી જાય, તો આ છોકરો ક્યાં પરણશે એની તેને ચિંતા થઈ.

રખેને તે મૂર્તિપૂજક કોમની સ્ત્રી પરણીને તેની અસરથી એ ઈશ્વરનો ત્યાગ કરે. તે મૂર્તિપૂજક બની ઈશ્વરનો કોપ માથે લાવી તેના આશીર્વાદો ગુમાવી બેસે, એ વિચારથી તેને પરણાવી દેવાનો ઈબ્રાહીમે નિશ્ચય કર્યો, અને પોતાનાં સગાંમાંથી ઈસ્હાકને સારુ સ્ત્રી લાવવાનું પોતાના કારભારીને ફરમાન કર્યું.

## પ્રાર્થનાથી કન્યાની પસંદગી

પોતાને સોંપેલું કામ ધણીની ઈચ્છા પ્રમાણે પાર પાડવા તેણે ઈશ્વરને પ્રાર્થના કરી. હારાનને પાદરે ઝરા આગળ ઉતારો કરીને મનમાં બોલ્યો, કે હે પ્રભુ, જે કન્યાને હું કહું, કે મને પાણી પા,

અને તે હા કહીને અમને તથા અમારાં ઊંટોને પણ પાણી પાય, તે જ મારા ધણીના દીકરાની સ્ત્રી હોય, એવું થવા દે. એવામાં ઝરામાંથી પાણી ભરીને બહાર આવતી એક કન્યાને જોઈને તેની પાસે પાણી માંગ્યું. તેણે તેને પાણી પાયું, અને તેના મૂંગા પ્રાણીઓની દયા ખાઈને તેમને પણ પાણી પાયું. પોતાની શરત પૂરી થતી જોઈને કારભારી રાજી થયો. પૂછપરછ કરતાં જણાયું, કે એ તો ઈબ્રાહીમના સગાની જ દીકરી હતી. તેના આનંદનો પાર ન રહ્યો. તેને ઘેર જઈને પોતાની સર્વ હકીકત તેનાં માબાપ તથા સગાંને કહી સંભળાવી, આ બધું પ્રાર્થનાથી ઈશ્વરની દોરવણી પ્રમાણે થાય છે, એ જાણીને લગ્ન ગોઠવાઈ ગયું!

વરકન્યાએ એકબીજાને જોયાં નથી, છતાં લગ્ન ગોઠવાયું, એ ઇચ્છવાજોગ ખરું? જો સંકેત પ્રમાણે ઈશ્વર ગોઠવે તો રિબકાનું લગ્ન યુવક યુવતીઓને માટે અને માબાપ તથા કારભારીઓ માટે પણ દોરવણીનું શિક્ષણ છે. ઘણે વખતે કોઈકની સલાહથી વરકન્યાની ભાળ લાગે છે. પહેલી જ મુલાકાતે છોકરો કે છોકરી મનમાં આવે તેવાં બે ચાર સવાલ પૂછી પોતાની પસંદગી જાહેર કરે છે. અને એકબીજાને સ્વભાવથી અજાણ છતાં લગ્ન કરી બેસે છે. પછી કમને મળી સમજીને જીવન ગાળે છે. કોઈવાર મેળ બેસતો નથી, એટલે તેઓ જુદાં થાય છે. ધીરજથી અને પ્રાર્થનાથી જેઓ પોતાના જીવનસાથીની પસંદગી કરે છે, તેઓ ઘણાં સુખી થાય છે.

લગ્ન વખતે મરજી જાણવાનો પ્રશ્ન પૂછતાં એક જુવાને કહ્યું, કે મારી તો ઇચ્છા નથી. પણ મારા બાપા કહે છે, માટે કરું છું! પછી સમજાવટથી કર્યું તો ખરું.

કેડગાંવના સ્ત્રી આશ્રમમાંની એક સ્ત્રી લગ્નના કરાર વખતે બોલી, કે આ પુરુષ સાથે લગ્ન કરવાની ઈશ્વરની સલાહ

નથી. પછી તે લગ્ન બંધ રહ્યું.

એકબીજાનો સ્વભાવ જાણવાની તક લીધા પછી આગળ વધવું એ ડહાપણ ભરેલું છે. યાદ રાખીએ કે ઈશ્વરે આદમના સ્વભાવ તથા પ્રકૃતિ પ્રમાણેની જ સ્ત્રી તેમને આપી. ઘર, રૂપ, કેળવણી કે નોકરી જોઈને જેઓ લગ્ન સંબંધ જોડે છે, તેઓમાંના કેટલાંકને અસંતોષી જોયાં છે શું?

**પ્રશ્ન :** શા ઉપરથી રિબકાહનો સ્વભાવ સમજાઈ ગયો?
કન્યામાં આવશ્યક ગુણો કયા હોવા જોઈએ?
વિજાતીય લગ્ન સંબંધમાં શું જોખમ છે?
રિબકાહનો લગ્ન સંબંધ યુવાનોને કઈ રીતે માર્ગદર્શક છે?

# ૭. પ્રભુમાં સ્ત્રીનું સ્થાન

## શાસ્ત્રવાચન

ન્યાયા. ૪:૪-૯.

## હેતુ

સ્ત્રીઓને પોતાપણાનું ભાન કરાવવું.

## પસંદ કરેલી કલમો

દેવે કહ્યું, પુરુષને યોગ્ય એવી હું એક સહાયકારી સૃજાવીશ. સાપને કહ્યું સ્ત્રીનું સંતાન તારું માથું છૂંદશે. હું સર્વ દેહધારીઓ પર મારો આત્મા રેડી દઈશ. તમારા દીકરા તથા તમારી દીકરીઓ ભવિષ્ય વાદ કરશે. દાસો તથા દાસીઓ પર પણ મારો આત્મા રેડી દઈશ. યોએ. ૨:૨૮-૨૯.

પ્રભુમાં નથી કોઈ પુરુષ કે નથી સ્ત્રી બધાં ખ્રિસ્તમાં એક છે. ગલા. ૩:૨૮.

## મનન વિચાર

સ્ત્રીઓએ યાદ રાખવાનું છે, કે તેઓ પ્રભુની કૃત્તિ છે. આદમને તો ધૂળમાંથી બનાવેલો, પણ સ્ત્રીને તો સીધી હાડ અને માંસથી સુંદર સ્વરૂપવાન બનાવી. તેને આદમ સાથે કામ કરનાર અને તેના કામમાં સહાય કરનાર તરીકે સર્જી. જેમ દેવે આદમને કામ સોંપેલું, તેમ તેણે સ્ત્રીનું કામ પણ નિર્માણ કરી આપ્યું. જેમ આદમની ફરજ દેવ પ્રત્યે હતી. જેમ આદમમાં દેવે પોતાનો આત્મા મૂકેલો તેમ દેવે સ્ત્રીને પણ આત્મા આપ્યો. તે આદમ સાથે રહેવા બનાવાઈ.

દેવે આદમના હાથ, પગ કે પીઠ યા માથામાંથી કોઈ હાડકું કાઢીને તેને બનાવી નહિ, પણ તેના હૃદય પાસેથી પાંસળી કાઢીને તે પાંસળીમાંથી બનાવી. એનો ખુલાસો કોઈ એવો કરે છે, કે તેને આદમના દબાણમાં રહેનારી, ગુલામ; કે પાછળ પાછળ ચાલનારી યા તેના પર સરદારી ભોગવનારી બનાવી નથી. પણ તેના હૃદય સરસી રહેનારી, તેની સાથે એકરૂપ થનારી, તેની સલાહકાર અને મદદગાર બનાવી. આદમની યોગ્યતા વાળી, તેને યોગ્ય એવી, એ સ્વતંત્ર બુદ્ધિની સહાયકારી હતી.

પોતાની મહત્વાકાંક્ષાથી દેવના જેવા થવાની તેણે હિંમત કરી. આદમની માફક એ પણ દેવની સંગતનો લાભ લેતી. પ્રભુમાં તેને આદમના કરતાં ઓછી સગવડ આપવામાં આવી ન હતી. કુદરતી બંધારણમાં તે જરા જુદી પડતી હતી, પણ તેમ તો આદમ પણ તેવી રીતે જુદો પડતો હતો. પરંતુ ઈશ્વરી સંગત વખતે તો તે સ્ત્રી પુરુષ જેવાં નહિ, પણ બંને સ્વતંત્ર આત્મારૂપે તેની સાથે સંબંધ રાખતાં.

આગળ જતાં જેમ પુરુષને પવિત્ર આત્મા વાપરતો, તેમ તે સ્ત્રીઓને પણ વાપરતો હતો. દબોરાહ ભવિષ્યવાદેણ હતી. હુલ્દાહ ભવિષ્યવાદેણ હતી. તેમ જ મૂસાની બહેન મરિયમ, યશાયાની સ્ત્રી વગેરે પણ હતાં. દેવ પક્ષપાતી નથી, પણ હરેક દેશમાં જે કોઈ તેનાથી બીએ છે અને તેની સાથે સંગતમાં રહે છે, તેને પોતાના પવિત્ર આત્માના દાનથી ઉપયોગી પાત્ર બનાવે છે.

પવિત્ર આત્માનું વચન અપાયું ત્યારે ભવિષ્યવાદ કરાયો હતો, કે હું તમારા દીકરા તેમ જ દીકરીઓ પર અને દાસ તેમ જ દાસીઓ પર પણ મારો પવિત્ર આત્મા રેડી દઈશ, ને તેઓ ભવિષ્યવાદ કરશે. આ વચન પચાસમાને દિવસે પૂરું થયું. સભામાં બેઠેલાં સર્વ પુરુષો તેમ જ સ્ત્રીઓ ઉપર પણ પવિત્ર

આત્માનું દાન ઊતર્યું. મરિયમ માગદાલેણ જેવી જે પોતાની ભૂતાવળથી મુક્ત કરાઈ પ્રભુની સંગતમાં જોડાઈ હતી, તેના પર પણ પવિત્ર આત્મા ઊતર્યો! આવું બધું જાણ્યા પછી સ્ત્રી એમ કહેશે, કે અમે તો અબળા છીએ? કયું દાન જે પુરુષને મળ્યું, તે સ્ત્રીને નથી અપાયું? ખરેખર પ્રભુની આગળ લિંગભેદ કે જાતિભેદને સ્થાન જ નથી.

પુરુષને સ્ત્રીની આધીનતાનો પ્રશ્ન પહેલાં તો હતો જ નહિ. આજ્ઞાભંગને કારણે તેને દબાતી રહેવાનું થયું. પણ એ આધિનતા ગુલામી ન હતાં. અને રહ્યાં તો એકબીજાના અર્ધાંગ! પ્રેમમાં, ઐક્યમાં ને ધ્યેયમાં એક જ હતાં. જ્યારે જ્યારે પુરુષ કરતાં સ્ત્રી વધુ આત્મિક હતી, ત્યારે તેને પડતો મૂકીને સ્ત્રીને પ્રભુએ જ્ઞાન, દાન અને દર્શન દીધું. ન્યાયા. ૧૩:૩, ૨૨-૨૩. એમ તેઓની સ્વતંત્રતા સ્પષ્ટ હતી. જોકે સ્ત્રીને માથે શ્રાપ ઉતર્યો પણ શ્રાપનો જમાનો પ્રભુ ઈસુમાં નાબૂદ થયો. સર્વ શ્રાપના બંધનથી મુક્ત કરાયાં. એથી જ પુરુષની પેઠે સ્ત્રીઓને દીક્ષા અપાય છે. તેઓ પોતાના વરની દીક્ષામાં સહભાગી થાય છે, અને કામની જવાબદારી માથે લે છે.

સ્ત્રીના આજ્ઞાભંગની પહેલથી જગતમાં પાપે પ્રવેશ કર્યો ખરો, પણ સ્ત્રીના જ વિશ્વાસ અને આજ્ઞાપાલનથી સ્ત્રીના સંતાને (નહિ કે પુરુષના સંતાને) પાપ મુક્તિનો માર્ગ ખોલ્યો. સ્ત્રીને જ વચન અપાયું હતું, કે તેનું સંતાન સાપનું (શેતાનનું) માથું છુંદશે. વાંદરામાં માઉન્ટમેરી દેવળમાં મરિયમનું બાવલું છે. તેની નીચે લખેલું છે, કે **"હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે"** આ વાંચીને તથા જોઈને મને મરિયમ તરફ ઘણું જ માન ઉત્પન્ન થયું. ધન્ય છે એ કુમારિકાના વિશ્વાસને!

પ્રિસ્કીલા જેવી સ્ત્રી ઉપદેશકોને પણ ધર્મનો મર્મ સમજાવી તેમની ઊણપ દૂર કરતી હતી. પાઉલે લખ્યું,કે હે વિશ્વાસીબાઈ, તું તારા વિશ્વાસ તથા ધર્માચારથી તારા અવિશ્વાસી પતિના તારણ માટે માર્ગદર્શક થજે. જેમ વરને તેમ વહુને પણ આ જવાબદારી સોંપાઈ છે. સતાવણી અને કટોકટીના પ્રસંગે પુરુષોની માફક જ સ્ત્રીઓએ પણ સર્વસ્વનો ભોગ આપ્યો છે. અને પોતાનું પ્રાણાર્પણ કરતાં કરતાં તેણે પાછી પાની કરી નથી.

સર્વ યાદ રાખે કે પ્રભુમાં, તેની મંડળીમાં, કે તેના રાજ્યમાં સ્ત્રી પુરુષનો ભેદ જ નથી. એ ભેદ તો કુટુંબબંધન પૂરતો જ છે. વ્યક્તિ તરીકે સ્ત્રીને તેમ જ પુરુષને એક જ આત્મા આપ્યો છે.

સ્ત્રી પુરુષ સર્વ ઈશ્વર આગળ સ્વતંત્રપણે પોતાના કામના જવાબદાર છે.

**આ વિષય પર મુક્ત કંઠે ચર્ચા કરો.**

# ૮. સ્ત્રીનું હૃદય

## શાસ્ત્રવાચન

નિર્ગ. ૧:૧૫-૨૨.

## હેતુ

સ્ત્રીનું લાગણીબળ દર્શાવવું.

## પસંદ કરેલાં વાક્યો

દાઈઓ દેવનું ભય રાખનારી હતી, માટે રાજાની આજ્ઞા પ્રમાણે ન કરતાં તેઓના દીકરાઓને જીવતા રહેવા દેતી. તેથી દેવે દાઈઓનું ભલું કર્યું, અને તેઓનાં ઘર સ્થાપ્યાં. રાજાની આજ્ઞાથી ન બીતાં મૂસાની માએ તેને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો, પછી ટોપલીમાં નાખીને નદી કાંઠે બરુ મધ્યે મૂક્યો. ફારૂનની પુત્રી નદી પર સ્નાન કરવા આવી. તે બાળકને જોઈને તેણીને તેના પર દયા આવી. બાપની આજ્ઞા વિરુદ્ધ તેણે તે બાળકને જીવતો રાખવાનો બંદોબસ્ત કર્યો. નિર્ગ. ૨:૫-૯.

## મનન વિચાર

પોતાના રાજ્યમાં આશરો લેવા આવેલા હેબ્રી લોકોની વસ્તી વધતી જોઈને ફારૂન રાજા ભારે ચિંતામાં પડ્યો. તેમની વસ્તીની વૃદ્ધિ અટકાવવા રાજ્યની દાયણોને હુકમ કર્યો, કે પ્રસૂતિ વખતે તમારે દરેકે દરેક નર બાળકને મારી નાંખવો. દાયણો ઈશ્વરની બીક રાખનારી હતી. માટે તેમણે રાજાની આજ્ઞાથી ન બીતાં છોકરાંઓને જીવતા રાખ્યા.

આથી રાજાએ એ કરતાંયે વધુ નિર્દય હુકમ કર્યો, કે જે ઘરમાં છોકરો જન્મે, તે ઘરવાળાં પોતે જ તેને નદીમાં ફેંકી દઈ

આવે! કઈ મા પોતાના કોમળ પુત્રને નદીમાં ફેંકી દેવા તૈયાર થાય! કોઈએ ફેંકી દીધા કે નહિ, તેનો લેખ નથી. પણ રાજાની નિર્દય આજ્ઞા કોપે ભરેલી હતી. જો કોઈએ જીવતો રાખ્યો છે એવી ખબર પડે, તો ભયંકર શિક્ષા તેમને માથે ઝઝૂમી રહી હતી. એ અરસામાં જ મૂસા જન્મ્યો. તેની માએ રાજાની આજ્ઞા વિરુદ્ધ તેને સંતાડી રાખ્યો. પણ વધુ વખત સંતાડી રખાય એમ ન હોવાથી નદીમાં તો નહિ, પણ જયાં રાજકુંવરી સ્નાન કરવા આવતી હતી. ત્યાં નદી કાંઠે ટોપલીમાં નાખીને મુકાવ્યો. બાળકને જોઈને રાજકુંવરીએ જાણ્યું, કે એ તો કોઈ હેબ્રી બાળક છે. તેને જોઈને તેનું હૃદય દ્રવી ગયું. તેના પર તેને દયા આવી. પિતાની ક્રૂર આજ્ઞાનો અનાદર કરીને તેણે તે બાળકને જીવતો રાખવાનો બંદોબસ્ત કર્યો, એટલું જ નહિ પણ પોતાની પાસે રાજમહેલમાં રાખીને તેને કેળવવાની પણ વ્યવસ્થા કરી.

સ્ત્રીઓનું હૃદય જયારે લાગણીવશ થાય છે, ત્યારે તે કોઈપણ જોખમને ગણકારતી નથી, માબાપના કે રાજાના કે સરકારના હુકમને પણ તે ગણકારતી નથી. દેવના જેવાં થઈ જવાની મહત્ત્વાકાંક્ષા હવાને થઈ આવી, ત્યારે તેણે ઈશ્વરની આજ્ઞાને પણ ઉથાપી કાઢી! દયાની લાગણી માટે સ્ત્રી હૃદય જગતમાં અજોડ છે. પ્રેમ તેનાં હૃદયમાં પ્રધાનપદ ભોગવે છે. કોઈને મુશ્કેલીમાં જોઈને તેને સગવડ આપવાની પહેલ તે કરે છે. અલીએઝેરના ઊંટોને પણ પાણી પાવા જેટલી દયાની લાગણી રિબકાહને થઈ હતી. સામાન્ય રીતે દયાભાવ અને દિલસોજી સ્ત્રી હૃદયમાં જીવનભર ટકે છે. સ્ત્રીઓને અબળા કહેવામાં આવી છે, પણ જમાનાએ સિધ્ધ કરી આપ્યું છે, કે તે અબળા નથી. જયારે તે જીવ પર આવે, ત્યારે પાછું વળીને જોતી નથી, કે એનું પરિણામ શું આવશે! રાજયાધિકારનાં કામોમાં અને પુરુષવર્ગ કરે છે તેવાં સર્વ કામોમાં આજકાલ તે પુરુષવર્ગની હરિફાઈ કરી રહી છે. તેમ

છતાં તે સ્ત્રી છે તે પોતાના વરની અર્ધાંગના છે. તેનાં શરીરમાં પણ જુદો આત્મા છે. એ આત્માની ઉન્નતિ કરવાની અનિવાર્ય ફરજ પુરુષની પેઠે તેની પણ છે. દેવના રાજ્યમાં સ્ત્રી અને પુરુષ સરખાં હકદાર છે. બાળ ઉછેરમાં કેટલી સહનતા! કેટલું ધૈર્ય! કેટલો ભોગ! કેટલી દયા અને દિલસોજી! કેટલો પ્રેમ! આ બધું ધ્યાનમાં લઈએ, તો તેના હૃદયબળની કિંમત ઓછી અંકાય એમ નથી. સ્ત્રીઓની મુશ્કેલીઓ સ્ત્રીઓ જાણે અને એનો ઉપાય પણ એને જ જડે. બાળકેળવણી, બાળાશ્રમો, અનાથાશ્રમો, વિધવાશ્રમો, વનિતાવિશ્રામ જેવી સંસ્થાઓનાં અગ્રેસરો સ્ત્રીવર્ગ જ છે. વિશ્વાસથી કુંવારી મરિયમે અસંભવિત વાત પણ કેવી રીતે સ્વીકારી લીધી! આ પણ સ્ત્રી હૃદય જ છે.

સ્ત્રી શિક્ષિત હોય કે અશિક્ષિત હોય, ઉચ્ચ સંસ્કારી જાતિમાંની હોય કે પછાત ગણાતી રાની કોમમાંની હોય, પણ તેનામાં હૃદય તો સ્ત્રીનું જ હોય છે. એક રાની પરજની સ્ત્રીનો બાળક માંદો હતો. કોઈના સમજાવ્યાથી તે એને દવાખાને લઈ ગઈ. બાળકને તપાસીને દાક્તરે એક નર્સને કહ્યું, કે એને એક રસી મૂકો. નર્સ એક માણસને રસી મૂકતાં હતાં, તે આ સ્ત્રીએ જોયું, એટલે એ તો ત્યાંથી જીવ લઈને નાઠી. રસ્તે તે રડતી જાય અને બોલતી જાય, કે મારા દીકરાના હાથ પર હું સોય ઘોંચવા દઉં? કાંટો વાગે તો મને કેટલું દુઃખ થાય છે, તો આ તો હાથ પર સોય ઘોંચી દે છે! એમ કરતી જાય અને પેલા લાળ દદળતા છોકરાના મેલા મોં પર ચુંબન દેતી જાય! આમાં તેનાં અજ્ઞાન કરતાંયે તેના પ્રેમની લાગણી કેવી છલકાઈ જાય છે!

મિસરના આ બનાવમાં દાયણો, ગુલામ ગણાતી માતા અને રાજકુંવરી, એ ત્રણે જુદી જુદી કક્ષાની છતાં તે દરેકમાં હૃદય તો સ્ત્રીનું હતું. એ ત્રણેમાં હિંમત અને નિશ્ચય એક સરખાં જ હતાં.

માનો પ્રેમ તો સ્વાભાવિક ગણીએ, પણ દાયણોને શું? પિતાએ જેને દુશ્મન ગણી છે એવી ગુલામ, ગણાતી પ્રજાના બાળક પ્રત્યે રાજકુંવરીને શું? બાળપ્રેમ આગળ કાયદો ને શિક્ષા તુચ્છ ગણાયાં. પ્રેમ, દયા અને દિલસોજીની લાગણી જોખમોને ગણકારતી નથી. કેટલીએ સ્ત્રીઓ તલવાર લઈને મેદાને પડેલી! કેટલીએ પતિના શબ સાથે બળી મરતી! કેટલીએ પોતાની માન્યતાના કારણે પ્રાણ અર્પેલા! સ્ત્રીઓનો નિશ્ચય સ્ત્રી હઠને નામે જાણીતો છે, જેઓના નિશ્ચયમાં ઈશ્વરનો ડર છે, તેઓ જનતાને આશીર્વાદરૂપ છે.

**પ્રશ્ન** : બાળકોનાં ઘડતરમાં સ્ત્રી હૃદયની શી અસર છે?
નિર્મળ હૃદયનો આધાર શા ઉપર છે?

# ૯. ઈશ્વર વિષે પહેલી ચાર આજ્ઞા

## શાસ્ત્રવાચન

નિર્ગ. ૨૦:૧-૧૧.

## હેતુ

ઈશ્વર વિષે સત્ય જ્ઞાન આપવું.

## પસંદ કરેલાં વાક્યો

યહોવા દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં. કોઈ માણસે કદી દેવને જોયો નથી, કેમ કે દેવ આત્મા છે. યો. ૧:૧૮. તેનું ભજન આત્માથી તથા સત્યતાથી કરવું જોઈએ. યો. ૪:૨૪. તે મૂર્તિરૂપે હાથે બાંધેલા મંદિરોમાં રહેતો નથી. પ્રે. કૃ. ૧૭:૨૪.

## આજ્ઞાઓનો સાર

૧. ઈશ્વર સિવાય સર્વસમર્થ અને સર્વજ્ઞ કોઈ નથી.
૨. તેને નામે કોઈ પ્રકારની કે કશાની મૂર્તિપૂજા કરાય નહિ.
૩. તે પવિત્ર છે, પવિત્ર ભાવના વિના અન્યથા તેનું નામ લેવાય નહિ.
૪. સર્વકાળના વિશ્રામસૂચક સાતમો દિવસ તેની સંગતમાં પવિત્ર ગાળવો.

## મનન વિચાર

ગાડીમાં મુસાફરી કરતાં ડી.એલ. મૂડી સાહેબે ગજવામાંથી ઘડીઆળ કાઢીને વખત જાણ્યો. એ ઘડીઆળ નવું હોઈ આકર્ષક ઘાટનું હતું. એ જોઈને સાથે બેઠેલા એક નાસ્તિકે તેમને પૂછ્યું, ઘડીઆળ બહુ સરસ દેખાય છે. એ કઈ કંપનીની બનાવટ છે?

મૂડી સાહેબે કહ્યું, કોઈની બનાવટ નથી. એ તો આપોઆપ થઈ છે.

નાસ્તિકે કહ્યું, મશ્કરી જવા દો. એનો બનાવનાર કોઈક તો હશે ને?

મૂડી સાહેબે કહ્યું, જો ઘડીઆળનો બનાવનાર કોઈ હોવો જ જોઈએ, તો શું આ સુંદર વ્યવસ્થિત સૃષ્ટિનો બનાવનાર કોઈ ન હોય! શું આ બધી વ્યવસ્થા આપોઆપ થઈ હોય? નાસ્તિકને ભાન થયું. આવી રચના આપોઆપ તો ન સંભવે. તેને રચનાર જરૂર કોઈ સર્વ સમર્થ ને સર્વજ્ઞ વ્યક્તિ હોવી જોઈએ. એ વ્યક્તિ આપણી દૃષ્ટિએ અણદીઠ હોવાથી તેનું વ્યક્તિત્વ આત્મિક મનાય છે. એ સ્વયંભૂ ઈશ્વર છે. એની બરાબરી કરી શકે એવો કોઈ નથી.

તે અણદીઠ આત્મા હોવાથી તેની મૂર્તિ કરાય નહિ. ઊંચે આકાશમાં કે પૃથ્વી પર કે પૃથ્વી તળે એવું કશું નથી, કે જે ઈશ્વરની હરોળમાં મૂકાય અને તેનું ભજન કરાય. સૃષ્ટિમાં રહેલા તત્વો અને તેમાં સમાએલું સત્વ જોઈને જ્ઞાની માણસોએ તેના ઉત્પન્નકર્તાની કદર કરી, તેનું ભજન કર્યું. આગળ જતાં તેમના તર્કવિતર્ક ભ્રાંતિરૂપ થયા. તેઓના નિર્બુદ્ધ મન અંધારાયાં અને દેવને ઠેકાણે તેઓએ પ્રખ્યાત માણસો તથા પશુપક્ષી અને પેટે ચાલનારામાં ઈશ્વરનો વાસો છે, એવું સમજીને તેઓની મૂર્તિઓ બનાવી. તેઓની પૂજા કરી. સર્વસમર્થ ઈશ્વર સાથેનો સંબંધ તોડી મૂંગા નિર્જીવ પૂતળાંની પૂજા કર્યાથી માણસો પર દેવનો કોપ સળગી ઊઠ્યો. એવું કરનારા શ્રાપિત થયા. યાકૂબની માનીતી વહુ રાહેલે પોતાના બાપની મૂર્તિઓ ચોરી લાવી તેની પૂજા કર્યાથી તે વાંઝણી રખાઈ એવું સહેજે માની શકાય. નિર્જીવને પૂજનારા આત્મામાં નિર્જીવ રહે છે, માટે ઈશ્વરે એવું કરવાની

મના કરી. દેવ પરમપવિત્ર છે માટે હલકી રીતે કે પૂજાની ભાવના વગર તેનું પવિત્ર નામ લેનારાં એ પવિત્ર નામની કિંમત ઘટાડે છે, માટે તેઓ પર શિક્ષા આવે છે.

દેવે જે સર્વ બનાવ્યું છે અને જે સર્વ ફરમાવ્યું છે, તે કેવળ માણસના હિતને અર્થે જ છે. એ ફરમાનો પાળ્યાથી દેવને કશો લાભ થતો નથી, કે ન પાળ્યાથી દેવનું દેવત્ત્વ ઘટી જતું નથી. દેવે માણસને પોતાની સંગતમાં રહી શકે એવું બનાવ્યું છે. તેના નિર્જીવ ખોળિયામાં પોતાનો શ્વાસ ફૂંકીને તેમાં જીવ તથા આત્માનો સંચાર કર્યો છે. એથી માણસનો આત્મા ઈશ્વરના આત્માની સંગત કરી શકે. માણસ અને ઈશ્વરની વચ્ચે નિર્જીવ પ્રાણી કે પદાર્થ મધ્યસ્થ હોઈ શકે નહિ.

જે લોકો નદીનાળામાંથી મનગમતા પત્થર વીણી લાવીને તેને દેવ તરીકે સ્થાપે છે, અથવા કારીગરીથી લાકડાનાં કે ધાતુનાં પૂતળાં બનાવી તેની પૂજા કરે છે, તેઓ અક્કલહિન કામ કરે છે. એને તોડો, ફોડો કે મારો, યા તેનું ભજન કરો એમાં કશો ફેર પડતો નથી.

અગાઉ ગામડાંના અભણ લોકોમાં દર વર્ષે મરણ પામનારાંની નોંધ મેળવવાનું મુશ્કેલ પડતું. આથી કોઈએ એવો માર્ગ શોધી કાઢ્યો, કે જેનાં ઘરમાં મરણ થાય, તેણે ગામને પાદરે લાકડાનો એક ખૂંટો ઊભો કરવો. આ વાત તેઓ અમલમાં મૂકે માટે એવી બીક ઘાલી, કે જો કોઈ એવો ખૂંટો ઊભો નહિ કરે, તેને એ મરનાર નડશે. આથી વહેમ અને બીકનાં માર્યાં, લોક એવા ખૂંટા ઊભા કરવા લાગ્યા. આગળ જતાં તેને પૂતળાનું રૂપ પણ આપ્યું.

આર્ય સમાજી લોકોએ સર્વ પ્રકારની મૂર્તિપૂજાનું ખંડન કર્યું છે, અને બાઈબલમાં બતાવ્યા પ્રમાણે તેને પાપરૂપ ગણ્યું છે.

મૂર્તિપૂજાને કારણે રાજાઓનો અને પ્રજાઓનો નાશ કર્યાનાં બાઈબલમાં સેંકડો ઉદાહરણો છે.

સૃષ્ટિ ઉત્પન્ન કરનાર દેવ સદા જીવતો સર્વસમર્થ દેવ છે. તે ઊંઘતો નથી કે નિંદ્રાવશ થતો નથી. તે પોતાની સંગત તથા આમન્યા રાખનાર પર પેઢી દર પેઢી કૃપા રાખે છે. તે નમ્ર અને પસ્તાવિક માણસોની પ્રાર્થના સાંભળે છે. તેમનાં પાપોની ક્ષમા કરે છે. તેમને આત્મિક સામર્થ્યથી નવું બળ અને જીવન આપી અનંતજીવનનો વારસો આપે છે.જેઓનો દેવ યહોવા છે, તેઓને ધન્ય છે. તેઓ ન્યાયકાળે લજવાશે નહિ.

**પ્રશ્ન :** શા માટે ઈશ્વરનું ભજન કરવું જોઈએ?
મૂર્તિપૂજા શા કારણથી નિરર્થક છે?

## ૧૦. પક્ષપાતી માતપિતા

### શાસ્ત્રવાચન

ઉત. ૨૫; ૨૪-૨૮.

### હેતુ

સંતાનો પ્રત્યે સમદષ્ટિ રાખવી.

### પસંદ કરેલાં વાક્યો

ઈસ્હાક એસાવ પર પ્રીતિ કરતો હતો, કેમ કે એ તેનો શિકાર ખાતો હતો. રિબકાહ યાકૂબ પર પ્રીતિ કરતી હતી, કેમ કે એ તેને ગમતો હતો. માબાપો તમારાં છોકરાંને ન ચીડવો, પણ તેમને પ્રભુની બીકમાં તથા શિક્ષામાં ઉછેરો. છોકરાં તો ઈશ્વરની મિલકત છે. ગર્ભસ્થાનનું ફળ તેના તરફથી દાન છે.

## મનન વિચાર

ઈશ્વરે માણસને અનેક પ્રકારનાં આશીર્વાદો આપ્યા છે. પૃથ્વીની તમામ મિલકત તેના હવાલામાં સોંપેલી છે, અને તે સર્વનો યોગ્ય કારભાર કરવાની ફરજ બતાવી છે. તે જ પ્રમાણે બાળકો પણ ઈશ્વર જ આપે છે. જેમ માણસ પોતાથી નથી થયો, તેમ બાળકો પણ માણસની ઈચ્છાથી નથી. ઉત્પત્તિનો કાર્યક્રમ તેણે ગોઠવ્યો છે ખરો, પણ કોઈનું ગર્ભસ્થાન બંધ કરવું કે ખોલવું એ તેના અખત્યારમાં છે. એ પરથી જોઈ શકીશું, કે માબાપના હાથમાં છોકરાં સોંપવામાં પ્રભુનો ખાસ ઈરાદો છે.

જુદા જુદા ઘાટનાં અને માટીથી માંડીને સોનાચાંદીના વાસણ કીમતી છતાં માટીનાં વાસણો પ્રત્યે માણસને અણગમો કે કંટાળો નથી હોતો. રિબકાહ યાકૂબ પર પ્રીતિ કરતી હતી અને ઈસ્હાક એસાવ પર પ્રીતિ કરતો. આ પક્ષપાતી ભાવ જેમ છોકરાનાં હકમાં તેમ તે માબાપના હકમાં પણ દુઃખજનક નીવડે છે. ઈસ્હાક શિકારનો સ્વાદીયો હતો ને એસાવ શિકારી હતો. તેથી તેનું વલણ એસાવ પ્રત્યે વધુ પ્રેમાળ હતું. યાકૂબને જંગલમાં રખડવાનું ગમતું નહિ. તે કોમળ કાઠીનો સુંદર અને સુંવાળો હતો. આવા દેખાવનાં બાળકો પારકાં છતાંયે જોનારને તે ગમી જાય છે અને તેમને રમાડવાનું મન થાય છે. રિબકાહ આથી યાકૂબને ચાહતી હશે. પણ એસાવ રૂંવાટીવાળા શરીરનો હતો, તેથી તેના પ્રત્યે પ્રેમાળ વલણ તે રાખતી નહિ હોય.

વળી બીજું પણ કારણ એ હતું, કે યાકૂબ નાનો ગણાતો છતાં મોટાથી ચઢિયાતો થશે એવી ખબર તેને ખુદ ઈશ્વર તરફથી મળી હતી. પણ તેથી તે એસાવ પ્રત્યે ઓછો પ્રેમ દેખાડે એવું કશું જ કારણ ન હતું. કેમ કે એ પણ તેનો જ દીકરો હતો.

વળી મના કરેલી કોમમાંથી એસાવે સ્ત્રી કરી હતી, તેઓનું વલણ અને વર્તન ઈસ્હાકના તદ્દન જૂદું હતું. એથી રિબકાહ એસાવ તરફ અભાવ દાખવે, એ પણ બનાવ જોગ હતું. આવાં પગલાં લેતાં એસાવને માબાપે રોક્યો કે ટોક્યો નહિ હોય, એ આપણાથી કહેવાય નહિ. તેમ છતાં એક વાત તો નક્કી છે, કે છોકરાં ઉંમરે પહોંચેલાં છતાં જેમ ઈબ્રાહીમે ઈસ્હાકને સારુ પગલું ભર્યું, તેમ તેઓએ હજી આ છોકરાઓને માટે ભર્યું દેખાતું નથી. એક છોકરીએ પોતાનાં માબાપને લખ્યું, કે હું ત્રીસ વરસની થઈ, છતાં તમે મારા જીવન વિષે કશો રસ્તો લીધો નહિ એ માટે હું હવે મારી પોતાની મેળે રસ્તો કરી લઉં છું. આજ કાલ યુવાનો આવાં ખોટાં કારણો બતાવીને પોતાને ગમતું કરે છે.

રિબકાહે યાકૂબને હારાનમાં મોકલીને ત્યાંથી સ્ત્રી લઈ આવવાની વાત ઈસ્હાકને જણાવી ખરી, પણ ખરું કારણ તો તેણે ઠગાઈનો પૂરો ભાગ ભજવીને એસાવનો આશીર્વાદ યાકૂબને અપાવ્યો હતો અને તેથી એસાવ યાકૂબને મારી નાંખવા ચાહતો હતો તે હતું. માનો પક્ષપાત અને એકની વિરુદ્ધ બીજાના હકમાં કુયુક્તિઓ કરવી, એનું પરિણામ ભયંકર છે. રિબકાહની કુયુક્તિઓની જાણ થઈ હશે, તેથી એસાવ અને એની સ્ત્રીઓ તેના પ્રત્યે અભાવવૃત્તિ રાખતા હશે, એ સ્વાભાવિક છે.

ઘરમાં કંકાસ પેઠો સુખ શાંતિ જતાં રહ્યાં. વહાલેસરીને વેગળો કરવો પડ્યો. તેનું મોં કદી જોવા પામી જ નહિ. કેવું દુ:ખદાયક ચિત્ર! સુલેમાને ખરું જ કહ્યું, કે જે ઘર મિજબાનીથી ભરપૂર હોય, પણ તેમાં કજિયો હોય, તે કરતાં ઝૂપડાંમાં શાંતિ સહીતનો સૂકો ટુકડો સારો છે.

દેવે યાકૂબને શ્રેષ્ઠપદે સ્થાપવાનું જણાવ્યું હતું, તે યોગ્ય સમયે દેવ પૂર્ણ કરશે, એ વાત તેણે અધીરાઈથી વીસારી દીધી.

એનું કડવું ફળ એને ચાખવું પડ્યું. વિનયી અને સેવાભાવી રિબકાહ પોતાના જ દીકરાની બાબતમાં આવું કરે, એ શેતાનની જાળ છે. કોઈવાર એવું બને છે, કે નાનાંઓ પ્રત્યે સ્વાભાવિક રીતે માબાપનું પ્રેમાળ વલણ રહે છે, પણ એનો અર્થ એ નથી, કે બીજાંઓ પ્રત્યે અન્યાય કરીને તેનું હિત સાધવું. જ્યાં પક્ષપાત થયો છે, ત્યાં છોકરાંઓ માબાપનું સન્માન કરતાં નથી.

કુટુંબમાં સાવકાં હોય કે પોતાનાં હોય, પણ એ સૌ ઈશ્વરની આપેલી મિલકત છે, એ જાણીને સૌ પ્રત્યે પૂરી સમદષ્ટિ રાખવાથી છોકરાં વિષે ઈશ્વરના ઈરાદાને માન આપ્યું ગણાશે, અને તેથી ઈશ્વરનો આશીર્વાદ પમાશે.

**પ્રશ્ન :** છોકરાં પ્રત્યેના વલણ ભેદનું પરિણામ કેવું આવે છે? ચર્ચા કરો.

બીજાની મિલકત પ્રત્યે માણસની જવાબદારી કેવી હોવી જોઈએ?

# ૧૧. સાસુની સેવા કરનારી રૂથ

## શાસ્ત્રવાચન

રૂથ ૧:૭-૯, ૧૪-૧૭.

## હેતુ

સેવાભાવ પોતાના જ હકમાં હિતકારક નિવડે છે એ બતાવવું.

## પસંદ કરેલાં વાક્યો

ઓર્પાહ પોતાના સાસુને રૂદન સાથે ચુંબન કરીને પોતાના લોકમાં પાછી ગઈ, પણ રૂથ પોતાની સાસુને વળગી રહી. રૂથે કહ્યું, તને મૂકીને પાછી જવાની આજીજી મને ન કર. જ્યાં તું જાય છે, ત્યાં હું આવવાની. જ્યાં તું રહેશે ત્યાં હું રહેવાની. તારા લોક તે મારા લોક અને તારો દેવ તે મારો દેવ થશે. જ્યાં તું મરશે ત્યાં જ હું મરીશ, અને ત્યાં જ દટાઈશ.

પડાશી સ્ત્રીઓએ નાઓમીને કહ્યું, કે તારા પુત્રની વહુ જે તારા પર પ્રીતિ રાખે છે, તે તારા હકમાં સાત દીકરાઓ કરતાં પણ સારી છે.

## મનન વિચાર

દુકાળને લીધે રાહત પામવા નાઓમી, તેનો ધણી અને તેનાં બે પુત્રો મોઆબમાં જઈ વસ્યાં. ત્યાં એમના બે દીકરાઓએ મોઆબી કન્યાઓ સાથે લગ્ન કર્યાં. પરકોમી સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની ઈશ્વર મના હતી. પરકોમી છતાં આ સ્ત્રીઓ પોતાનાં ઘરમાં નાઓમી સાથે મળીને રહેતી હતી. ધર્મને લીધે કે બીજા કોઈ કારણને લીધે તેઓમાં કશી કડવાશ કે અભાવવૃત્તિ ન હતી.

સ્ત્રીઓનું વલણ સાસુની માન્યતા તરફ હતું.

સામાન્ય રીતે સાસુ વહુનો સંબંધ ખટરાગ ભરેલો મનાય છે. કેટલીક સાસુઓ વહુ પર અણછાજતો દાબ રાખે છે. અને તેથી કેટલાંક કુટુંબોમાં કજિયો ને રિસામણાં રહે છે. કેટલીક વખતે ઘર તૂટી જવાનો પણ વારો આવે છે. કેટલીક વાર સાસુ સસરા સાથે રહેવું વહુને ગમતું નથી. પોતાની મરજી પ્રમાણે હરવા ફરવાનું મન હોવાથી તે તેઓથી જુદી રહેવા ચાહે છે. સસરા સાથે વિશેષ લેવાદેવા હોતી નથી, પણ સાસુ સાથે રહેવાનું અને કોઈવાર નહિ ગમતી શિખામણ સાંભળવી પડતી હોવાથી સાસુ ગમતી નથી. પોતાના માબાપને સારુ તે મરી ફીટે છે, પણ સાસુ સસરાની સેવા આકરી લાગે છે. તેઓ જુદાં રહે છે અને માબાપને જાણે ઓળખતાં જ ન હોય, તેવું વર્તન પણ ચલાવે છે. પોતાની વહુને રાજી રાખવા સારુ પુરુષ પણ સાસુ સસરાને પંપાળે છે. અને પોતાના માબાપની કાળજી છોડી દે છે.

નાઓમીનું ઘર એવું ન હતું. નાઓમી તેઓના હકમાં માના જેવી હતી. બંને વહુઓ પોતાની સાસુને ખૂબ ચાહતી હતી, અને આનંદે જીવન ગાળતી હતી. વખત જતાં નાઓમી વિધવા થઈ, ત્યારે તો તેઓનો દિલસોજી ભર્યો પ્રેમ વિશેષ વધી ગયો. આગળ જતાં આ બંને દીકરા મરણ પામ્યા, અને આ બંને વહુઓ વિધવા બની ગઈ. એમ સાસુ અને બંને વહુ ત્રણે વિધવા થઈ. તેમ છતાં આ જુવાન વિધવાઓએ બીજું લગ્ન કર્યું નહિ, કે પોતાની સાસુની સંગત છોડી નહિ. પ્રેમ અને ઐક્યથી ત્રણે જણ દિવસો ગુજારવા લાગ્યાં.

નાઓમીએ જાણ્યું કે પોતાના દેશ યહુદાહમાં દુકાળ મટીને સ્થિતિ સારી થઈ છે, માટે તેણે પોતાના દેશમાં જવાનો વિચાર કર્યો. તે જવા તૈયાર થઈ તેની સાથે આ બંને સ્ત્રીઓ પણ જવા

નીકળી. નાઓમીએ તેમને પોતાના લોકમાં રહીને લગ્ન કરી સુખી થવાની ખૂબ આજીજી કરી, પણ તેઓએ સાસુને વિધવા અવસ્થામાં એકલી છોડવા ચાહ્યું નહિ. કેવી સારી સમજ. ઘણી જ સમજાવટથી નાની વહુ રડીને ચુંબન કરીને પાછી ગઈ, પણ રૂથ તો ડગી જ નહિ.

પોતાની સાસુની સેવા કરનાર કોઈ નથી, એ જાણીને તે તેને વળગી જ રહી. નાઓમીના યહોવા દેવ પરના વિશ્વાસની ઊંડી અસર રૂથ પર પડી હતી. મૂર્તિપૂજામાં તેને પાપ જણાયું હતું. જો તે પોતાના લોકમાં પાછી જાય, તો યહોવાની સંગત રાખનારાં ત્યાં બીજા ન હોવાથી તે પાછી મૂર્તિપૂજક બની જાય, એમ તે સમજતી હતી. તેથી નાઓમીનો ઘણો આગ્રહ છતાંયે તે પોતાના લોકમાં ન ગઈ. તેણે તો સાફ શબ્દોમાં કહ્યું, કે તારો દેવ તે જ મારો દેવ છે ને તારા લોક તે મારા જ લોક છે, એમ હું માનું છું, માટે મને પાછી ન કાઢ.

સાસુની સેવા અને યહોવા પરના વિશ્વાસે તે પોતાનાં રૂડા વર્તનથી ઈસ્ત્રાએલમાં કલમરૂપે મેળવાઈ ગઈ. રૂથની સાસુ પ્રત્યેની પ્રેમવૃત્તિ ને સેવા જોઈને પડોશીઓએ નાઓમીને કહ્યું, કે તારા દીકરાની વહુ તારા હકમાં સાત દીકરાઓ કરતાં પણ સારી છે.

જ્યાં નાઓમી જેવી સાસુ અને રૂથ જેવી વહુ હોય, ત્યાં સ્વર્ગનો આનંદ રેલાય છે. આવી સાસુઓ અને આવી વહુઓ બીજા કુટુંબોને આશીર્વાદિત નમૂનો છે.

વેકેશનની રજામાં સાસુ પાસે જવા તત્પર થઈ રહેલી એક ખ્રિસ્તી સ્ત્રીને તેની હિંદુ સાહેલીએ કહ્યું, કે બહેન, અમને તો સાસુને ત્યાં જતાં ધ્રુજારી છૂટે છે, પણ તમે તો ત્યાં જવા તલપાપડ થઈ રહ્યાં છો, એ જોઈને મને નવાઈ લાગે છે. ખ્રિસ્તી સ્ત્રીએ

કહ્યું, "અમારી સાસુ તો અમારા હકમાં અમારી મા જેવાં છે. એમની પાસે જતાં અમને આનંદ થાય છે."

જે વહુ પોતાનાં સાસુ સસરાની સેવા કરતાં અકળાય છે, કે સાસુ સાથે વઢીને તે વિધવા છતાં તેને ઘરમાંથી હાંકી કાઢે છે, તેણે યાદ રાખવું જોઈએ, કે વખત જતાં હું પણ સાસુ થઈશ. ત્યારે મારી વહુ મારી સાથે આ પ્રમાણે વર્તે તો કેમ થાય? કદાપિ જે માપે તમે માપી આપો છો, તેજ માપે તમને પણ માપી આપવામાં આવે. સાસુએ યાદ રાખવું જોઈએ, કે એ મારા દીકરાની સહાયકારી છે, માટે તેની ફરજમાં મારે સહાયકારી થઈ, તેની સાથે માયાથી વર્તવું જોઈએ.

**પ્રશ્ન** : શા કારણથી સાસુ વહુને બનત રહેતી નથી? એની ચર્ચા કરો.

રૂથનું નામ ઈસુની વંશાવળીમાં શા કારણથી આવ્યું હશે?

# ૧૨. ઘઉંમાં કડવા દાણા

## શાસ્ત્રવાચન

માથ્થી ૧૩; ૨૪-૩૦.

## હેતુ

ખોટી સંગત સારા આચરણો બગાડે છે એ સમજાવવું.

## પસંદ કરેલી કલમો

ઈસ્ત્રાએલીઓ મોઆબી સ્ત્રીઓ સાથે લગ્ન સંબંધમાં જોડાયા, તેથી ઈશ્વર કોપાયમાન થયો, અને પ્રજા પર મરકીનો માર આણ્યો.

યહોવાએ મૂસાને કહ્યું, કે લોકોના મુખ્યોને લઈને તેને ફાંસીએ ચઢાવ, કેમ કે તેઓ દુરાચાર સહન કરી રહ્યા છે. અને લોક મૂર્તિપૂજા તરફ વળી ગયા છે. ગણ. ૨૫; ૧-૪ (સાર).

પરકોમી સ્ત્રીઓની સાથે લગ્ન કરવાની મના છતાં સુલેમાને તેઓની સાથે લગ્ન કર્યાં અને પ્યારના કારણથી તેઓને વળગી રહ્યો. તેઓએ તેનું હૃદય અન્ય દેવો પાછળ ફેરવી નાંખ્યું. ૧ રાજા ૧૧; ૧-૪ (સાર).

## મનન વિચાર

કડવા દાણાના દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુએ કહ્યું, કે આકાશનું રાજ્ય એક માણસના જેવું છે, કે જેણે પોતાના ખેતરમાં સારું બી વાવ્યું. પણ માણસો ઊંઘતા હતા, ત્યારે તેના વૈરીએ આવીને ઘઉંમાં કડવા દાણા વાવ્યા અને ચાલ્યો ગયો.

આ દૃષ્ટાંતનો ખુલાસો આપતાં, પ્રભુ ઈસુએ કહ્યું, કે સારું બી પ્રભુનાં છોકરાં છે અને કડવા દાણા શેતાનનાં છોકરાં છે. વૈરી શેતાન છે. ખેતર જગત છે.

લક્ષમાં લેવા જેવી વાત તો એ છે, કે માણસો ઊંઘતા હતા, ત્યારે શેતાને પોતાનું કામ કર્યું. દેવની આજ્ઞા પાળવામાં અને દેવની સંગત રાખવામાં માણસ ગાફેલ રહે છે, શાસ્ત્ર વાંચવાનું, પ્રાર્થના કરવાનું અને ભજનસેવામાં ભાગ લઈ ખ્રિસ્તી સંગતમાં રહેવાનું છોડી દે છે. ત્યારે શેતાન તેમને આડે માર્ગે એટલે સુધી લઈ જાય છે, કે ઘણીવાર તો પાછા ફરી શકતાં જ નથી. સુલેમાનને એમ જ થયું. પ્યારને કારણે તે પેલી સ્ત્રીઓને છોડી શક્યો નહિ. આત્મિક બાબતે જાગૃત માણસ આ બાબતે તેના ફાંદામાં ફસાતો નથી.

બીજી લક્ષમાં લેવા જેવી વાત એ છે, કે તે બી વાવીને ચાલ્યો જાય છે. લગ્ન કરાવીને પ્યારમાં નાખ્યા પછી શેતાનને કંઈ વિશેષ કરવાનું રહેતું નથી. આવી સ્ત્રીઓના પ્રેમમાં એકવાર લપટાવ્યા પછી શેતાન નિશ્ચિત બની જાય છે. લગ્નવાળા પ્રેમની નિંદ્રામાં ઊંઘે છે. એટલે વાવેલું બીજ ઊગે છે ને નાશકારક ફળો ઉપજાવે છે.

ત્રીજી લક્ષમાં લેવા જેવી વાત એ છે, કે તેઓથી જન્મેલાં છોકરાંને કશો ધર્મ રહેતો નથી. માબાપને ધર્મની કિંમત નથી, અને ઈશ્વરની બીક નથી. એ જાણીને તેઓનાં છોકરાં વાડમાં ઉછરતાં નકામાં ઝાડવાં જેવાં ઉછરે છે. એમના નાશનું કારણ એમનાં માબાપો છે. નહે. ૧૩; ૨૪ અને એઝરા ૯માં આ પાપનું દર્શન છે.

ચોથી વાત લક્ષમાં લેવા જેવી એ છે, કે આ પ્રકારના પાપથી સુલેમાન જેવા મહાજ્ઞાની રાજાએ ઈશ્વરનો આશીર્વાદ ખોઈ નાંખ્યો. તેનો વૈભવ નાશ પામ્યો. તેનું ચક્રવર્તી રાજ્ય તેની પાસેથી છીનવી લેવાયું, અને તેનું ન્યાયીપણું ઝાંખું થઈ તેના હૃદયમાં દોષભાવે સ્થાન લીધું.

જે છોકરા છોકરીઓ વિધર્મીઓના પ્રેમ પાશમાં પડે છે, તેઓએ પોતાના આત્માની અધોગતિના પગથીઆ પર પગ મૂક્યો જાણો. જો કોઈ આવા પ્રેમપાશથી બંધાયા હોય તો શું કરવું?

જો છોકરો કે છોકરી પ્રભુનો પ્રેમ સમજતાં હોય અને પ્રભુ ઈસુની કૃપાનું જ્ઞાન તેમને હોય, તો જેમ લોહચુંબક લોખંડને પોતા તરફ આકર્ષીને ખેંચી લે છે, તેમ તેમણે અવિશ્વાસી વ્યક્તિને પ્રભુના પ્રેમમાં મેળવી લેવા પ્રયત્ન કરવો.

દાખલો - એક છોકરીને વિજાતીય છોકરા સાથે પ્રેમ બંધાયો. તેણે તે છોકરાને ઈસુનો માર્ગ સમજાવ્યો. તે ખ્રિસ્તી થયો, પછી તેણે એની સાથે લગ્ન કર્યું. એવા જ દાખલા છોકરાંઓના છે. છોકરીઓને બાપ્તિસ્મા અપાવ્યા પછી જ તેમની સાથે લગ્ન કર્યા. પણ આવાં બાપ્તિસ્મામાં તારણની કૃપાનો કેટલો અંશ હશે, એ તો પ્રભુ જ જાણે, તેમ છતાં તેઓના વિચાર, વર્તન અને મંડળી સાથેના સંબંધ પરથી આપણને ખ્યાલ થાય ખરો.

લગ્ન સર્વમાં માન યોગ્ય છે. એ વાતનો પુરાવો સિવિલ લગ્નમાં કે વગર લગ્ને ઘર માંડી બેસવામાં નથી. માન યોગ્ય તો ત્યારે જ ગણાય કે મંડળી તેમને આવકાર આપે. યુવકમંડળ, યુવતી-મંડળ અને સ્ત્રી મંડળની આ એક મોટી ફરજ ગણાવી જોઈએ, કે તેઓ આવાં લગ્નોની અયોગ્યતા યુવાનોને સમજાવે, અને તેમને તેમ કરતાં રોકી યોગ્ય માર્ગે ચઢવાનું ઉત્તેજન આપી તેમનો માર્ગ મોકળો કરે. માબાપ કે વાલીઓ કોઈવાર આ બાબતે જુદાં જુદાં કારણોને લીધે યુવાનોનાં લગ્નને આડે આવે છે, તેથી યુવાનો કોઈવાર આવો માર્ગ લે છે. આવાં માબાપો કે વાલીઓ ઠોકરરૂપ બની ઈશ્વરનાં ગુનેગાર ન થાય. એવી કાળજી તેમણે પણ રાખવી જોઈએ.

બાપ્તિસ્માં પહેલાં લગ્ન થયું હોય અને વર કે વહુને અવિશ્વાસી વહુ કે વર હોય, તેમણે છૂટાં થવાની જરૂર નથી. પરંતુ વિશ્વાસીએ અવિશ્વાસીને પોતાની પ્રાર્થનાની સમજુતિથી અને વર્તણૂકથી પ્રભુમાં મેળવી લેવા સારુ ઈશ્વરકૃપા મેળવવી.

**પ્રશ્ન** : કડવા દાણાથી શું સમજવું? અવિશ્વાસીઓ સદાયે અવિશ્વાસી જ રહેશે, એમ માનીને તેમને તરછોડી દેવાં કે કેમ? ખોટી સોબત સારાં આચરણો બગાડે છે, એવાં દૃષ્ટાંતોનો વિચાર કરો.

## ૧૩. શાસ્ત્ર અને તેનું પાલન

### શાસ્ત્રવાચન

પુન. ૨૮; ૧-૬.

### હેતુ

જીવનનો માર્ગ જણાવવો.

### પસંદ કરેલાં વાક્યો

યહોવાએ હાંક મારીને કહ્યું, કે જો તમે મારું કહેવું માનશો ને મારા કરાર પાળશો, તો સર્વ લોકોમાંથી તમે મારું ખાસ ધન થશો. નિર્ગ. ૧૯; ૫.

એથી યહોવા તારે સારુ પોતાનો ભંડાર ઉઘાડશે. તું ઘણી દેશજાતિઓને ઉછીનું આપશે. યહોવા તને શિર બનાવશે, પુચ્છ નહિ; એ તારા હાથનાં કામોને આશીર્વાદ આપશે. પુન. ૨૮; ૧૨.

યહોવાના વિધિઓ યથાર્થ છે. તે હૃદયને આનંદ આપે છે. તેની આજ્ઞા નિર્મળ છે, તે આંખોને પ્રકાશ આપે છે. તેઓથી

તેના સેવકો ચેતવણી પામે છે, અને તે પાળવામાં મોટું પ્રતિદાન છે. ગી. શા. ૧૯; ૮, ૧૧.

યહોવાનું વચન મારા પગોને સારુ દીવારૂપ અને મારા માર્ગોને સારુ અજવાળારૂપ છે. ગી. શા. ૧૧૯; ૧૦૫. નિયમશાસ્ત્ર તારા મુખમાંથી જાય નહિ. રાત્રે તથા દિવસે તેનું મનન કર. તેમાં જે લખેલું છે તે કાળજીથી પાળશે તો તારો માર્ગ આબાદ થશે ને તું ફતેહ પામશે. યહો. ૧;૮. એ તું ખંતથી તારાં છોકરાંને શીખવ. પુન;૬;૭.

**મનન વિચાર**

પવિત્રશાસ્ત્ર શું છે? તે માનવ કલ્પિત કહાણીઓ કે કપોલ કલ્પિત વાર્તાઓનો સંગ્રહ નથી. માણસ ઈશ્વરની સાથે પોતાની સંગત શી રીતે રાખી કે જાળવી શકે અને જીવનના માર્ગમાં ફતેહમંદીથી શી રીતે વધી શકે, એ દર્શાવવા સારુ ઈશ્વરે આપેલી આજ્ઞાઓ કે બતાવેલો માર્ગ છે. ઈશ્વરે એ આજ્ઞાઓ અને માર્ગદર્શન કેવી રીતે આપ્યું?

(૧) રૂબરૂ મળીને વાતચીતથી ઉત. ૨; ૧૬, ૧૭. (૨) આકાશવાણીથી, લૂક ૯; ૩૫. (૩) લેખ લખીને, દાન. ૫; ૫ નિર્ગ. ૩૧; ૧૮.(૪) પ્રેરણાથી, લૂક. ૨; ૨૭. (૫) સ્વપ્નથી, દાન. ૭; ૧. માથ્થી ૧; ૨૦. (૬) ઇતિહાસ લખાવીને, યહો. ૨૪; ૨૬.

આ સર્વ પરથી આપણે જોઈ શકીશું કે પવિત્રાશાસ્ત્ર માનવકૃત ગ્રંથ નથી. પણ પવિત્ર આત્માથી અને ઈશ્વરની ઈચ્છાથી લખાએલી વાતો અને આજ્ઞાઓ છે.

## શીખવાની જરૂર

દેવ ઇચ્છે છે કે સર્વ માણસોને સત્યનું જ્ઞાન થાય ને તેઓ તારણ પામે. ૧ તીત. ૨; ૪. પ્રભુ ઈસુએ કહ્યું, કે તમે સત્ય જાણશો અને સત્ય તમને મુક્ત કરશે. યો. ૮; ૩૨. દેવનું વચન એ સત્ય છે. યો. ૧૭; ૧૭. ઘણી વખતે માણસ મુશ્કેલીમાં આવી પડે છે ને શું કરવું તે સમજાતું નથી. આવે વખતે પવિત્રશાસ્ત્રનાં વચનો તેને માર્ગદર્શન આપે છે. આયમાં હાર પામ્યાથી યહોશુઆ નિર્ગત થઈ ગયો. ત્યારે પ્રભુએ તેને સમજ પાડી. (યહો. ૭:૧૧) કે આજ્ઞાભંગને પરિણામે તમે હાર ખાધી છે. પાપ દૂર કરો, તો હું મદદ કરીશ. યહો. ૭; ૧૩.

## શિખવવાની આજ્ઞા

કયે માર્ગે ચાલવું તે છોકરાંને શીખવો, કે તે વૃદ્ધાવસ્થામાં પણ તેમાંથી ખસે નહિ. નીતિ. વ. ૨૨; ૬. જે આજ્ઞાઓ હું ફરમાવું છું તે તારા અંતઃકરણમાં ઠસી રહે. તે ખંતથી તું તારા છોકરાંને શીખવ. ઊઠતાં, બેસતાં, ચાલતાં, સૂતાં, તે વિષે વાત કર. નિશાની તરીકે હાથે બાંધ. કપાળ ભૂષણ તરીકે રાખ, અને તારા ઘરની બારસાખો ઉપર તથા દરવાજા ઉપર તે લખી રાખ, કે તે હંમેશાં તારી નજર આગળ રહે. પુન. ૬; ૬-૯.

પ્રભુ ઈસુએ કહ્યું, કે તમે આખા જગતમાં જાઓ ને જે જે આજ્ઞાઓ મેં તમને આપી છે, તે સર્વ પાળવાનું તેઓને શીખવો. આ આજ્ઞા શિષ્યોએ પૂરી કાળજીથી સર્વસ્વના ભોગે પાળી. યહૂદી માતાઓ પોતાનાં બાળકોને પહેલાં ૭ વર્ષમાં નિયમશાસ્ત્રની આજ્ઞાઓ શિખવતી હતી. આ તેઓની અનિવાર્ય ફરજ ગણાતી. સભાસ્થાનમાં પણ તેનું શિક્ષણ અપાતું.

## શાસ્ત્રશિક્ષણની વ્યવસ્થા

પ્રત્યેક વયનાં બાળકો તથા યુવાનો અને વૃદ્ધોને શાસ્ત્ર શીખવાની ઉત્તમ સગવડ સાબ્બાથશાળા છે. માબાપોએ પણ તે જીંદગીભર શીખવાનું છે. પોતે સાબ્બાથ શાળામાં જવું અને છોકરાંને સાથે લઈ જવાં. એ ધાર્મિક માબાપનું પ્રથમ લક્ષણ છે. જેમ ખોરાક વગર માણસ મરી જાય છે, તેમ આત્મિક ખોરાક-શાસ્ત્રશિક્ષણ વગર માણસ મરણને કાંઠે ચાલે છે.

## ઘર

એ પ્રથમ શિક્ષણ સ્થાન છે. તીમોથીને એની મા તથા એની દાદી શાસ્ત્ર શીખવતાં; તેથી તે પ્રભુના રાજ્યમાં ઉપયોગી જુવાન નિવડ્યો. શાસ્ત્ર નહિ શીખનાર છોકરું જંગલમાં ઉછરતા કાંટાં કંટાળા જેવું છે. તે કોઈ પ્રકારનાં અયોગ્ય કામો કરતાં અચકાતું નથી. ચોરી કરવી, જૂઠું બોલવું, ઠગવું, મદ્યપાન કરવું, બીડી પીવી ને વગર લગ્ને ઘર માંડવું, વગેરે દુર્ગુણો શાસ્ત્ર ન શીખ્યાનું પરિણામ છે. દરેક ઘરમાં કૌટુંબિક પ્રાર્થના હોવી જોઈએ. દરેક વાંચનાર બાળક પાસે નવો કરાર કે શાસ્ત્ર હોવું જોઈએ. બીજી બાબતોમાં પૈસા નાંખવા કરતાં છોકરાંને આવું સાહિત્ય લઈ આપવું, એ તેમને માટે મોટો આશીર્વાદ છે. આવું કર્યાથી માબાપો દેવની આજ્ઞા પાળે છે. અને એનો તેમને પોતાને સંતોષ થશે.

દરેક માણસે રોજ સવારે પ્રાર્થના સહિત શાસ્ત્રવાચન કરવું જોઈએ. સવારે વાંચ્યાથી દિનભર તે વાતોનું મનન કરી શકાય. તૂટક તૂટક ગમે ત્યાંથી વાંચવાને બદલે નિયમિત રીતે અમુક પુસ્તકનો અભ્યાસ કરવો જોઈએ.

પ્રશ્ન : શાસ્ત્ર વાંચવાની જરૂર કોને જણાય છે?
ખ્રિસ્તી સાહિત્ય કે બાઈબલ, એ બેમાં પ્રથમ સ્થાન શાને આપશો?
શાસ્ત્ર વાંચવાની રીત ને વેળા કઈ સારી ગણાય?

## ૧૪. દબોરાહ

### શાસ્ત્રવાચન

ન્યાયા. ૪:૪-૭.

### હેતુ

પ્રભુના હાથમાં સ્ત્રી ઉપયોગી પાત્ર છે એ બતાવવું.

### પસંદ કરેલાં વાક્યો

હરેક દેશમાં જે કોઈ પ્રભુની બીક રાખે છે, તે તેને માન્ય છે. ઈસ્ત્રાએલમાં અધિકારીઓ બંધ પડ્યા, ત્યારે તેઓમાં દબોરાહ મા જેવી ઊભી થઈ, તે વખતે ન્યાયને માટે ઈસ્ત્રાએલ પુત્રો દબોરાહની પાસે આવતા.

### પ્રાસંગિક દર્શન

ઈસ્ત્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવી લાવીને દેવે કનાન દેશમાં વસાવ્યા. કનાનવાસીઓના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હતો અને તેમના પર ન્યાયનો અમલ જ કરવાનો બાકી હતો. દેવે ઈસ્ત્રાએલીઓને ત્યાં લાવતા સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું હતું, કે તમારે એ ભ્રષ્ટ થએલા લોકોની સાથે કશો પણ સબંધ બાંધવો નહિ. તેમની સાથે કંઈ કરાર કરવા નહિ, કે લગ્ન વ્યવહારથી તેમની જોડે ભળવું નહિ. તેમ જ તેઓના

દેવદેવીઓની આરાધના કરવી નહિ. તેઓના ભ્રષ્ટાચારને લીધે તેઓને એ દેશમાંથી દૂર કરીને તેમનો દેશ તમને આપવામાં આવ્યો છે. જો તમે તેઓના આચાર ધારણ કરશો, તો તમને તજી દઈને તમારો પણ સંહાર તેમની જ પેઠે કરવામાં આવશે.

**મનન વિચાર**

જે કામો કરવાની તેઓને મના કરાઈ હતી, તે જ કામો તેઓએ કરવા માંડ્યાં. જે નવી પેઢી ઉત્પન્ન થઈ, તે યહોવાને ઓળખતી ન હતી. માટે તેણે તેઓને તજી દીધા અને સતાવનારાઓના હાથમાં સોંપ્યા. શ્રાપિત પ્રજાઓમાંના જેઓ જીવતા રખાયા હતા, તેઓ પ્રભુના જણાવ્યા પ્રમાણે તેમની કૂખોમાં કાંટારૂપ અને આંખોમાં અણીઓરૂપ થઈ પડ્યા. તેઓની મૂર્તિઓ તેમને ફાંદારૂપ થઈ પડી. મૂર્તિઓનું સન્માન અને ભજન કરવાથી તથા દુરાચારી આચરણોથી તેઓના પર દેવનો કોપ સળગી ઊઠ્યો. જેઓના પર દયા કરાઈ હતી, તેઓ જ અત્યારે તેમના પર ચઢી બેઠા અને જુલમ કરવા લાગ્યા. તેઓનો જુલમ જ્યારે ખમાયો નહિ, ત્યારે તેઓએ ઈશ્વર સેવકોની સલાહ પ્રમાણે ઈશ્વર આગળ પોકાર કર્યો. મૂર્તિપૂજા છોડી દીધી અને પોતાની ભૂંડાઈનો પસ્તાવો કરી દેવ તરફ વળ્યા. આવે વખતે તેઓનાં પાપની ક્ષમા કરીને દેવભક્તોમાંનાં કોઈકને દેવે ઊભો કર્યો. અને તેની મારફતે શત્રુ પર વિજય પમાડીને તેમને ત્રાસ મુક્ત કર્યાં પરંતુ બનતું એવું કે છોડાવનાર દેવભક્ત જીવતો હોય, ત્યાં સુધી જ તેઓ દેવની બીક રાખતા. તેના મરણ પછી પાછા ભટકી જતા. આવું વારે વારે બનતું.

કનાની રાજા યાબીન તેમના પર ખૂબ જુલમ ગુજારવા લાગ્યો. આ વખતે દબોરાહ નામે એક સ્ત્રી ઈશ્વરભક્ત હતી. તે ઈશ્વરની આરાધનામાં જ રસ લેતી. એના પર ઈશ્વર પ્રસન્ન હતો.

તે બુદ્ધિમાન અને માયાળુ સ્વભાવની હતી. તેની સેવાવૃત્તિ અને તેનો સદાચાર તથા વિવેકપૂર્ણ ન્યાયીભાવ જોઈને પોતાનાં ઘરનાં કે પડોશીઓ સાથેના ટંટાની પતાવટ માટે તેઓ તેની સલાહ અને દોરવણી શોધવા આવતા. આ સર્વને તે સન્માર્ગ બતાવી ઈશ્વરને પંથે વાળતી. તે જેવી ભક્તિમાન હતી તેવી હિંમતવાન પણ હતી. ઈશ્વરના વચનોમાં તેને અડગવિશ્વાસ હતો. પ્રજાનું દુઃખ તેમ જ હૃદય બદલાણ જોઈને આ સ્ત્રીની મારફતે દેવે તેમને ત્રાસ મુક્ત કર્યા. આ વેળાએ ઉત્તર પ્રદેશમાં ઈસ્ત્રાએલી લોકોનો સેનાપતિ બારાક હતો. તે પણ દેવભક્ત હતો. છતાં વિશ્વાસમાં અને હિંમતમાં તે કાચો હતો, પણ પોતે એ કૃત્યમાં વિજયી થશે કે નહિ, એની તેને ખાતરી ન હતી. દબોરાહે તેને તેડી મંગાવીને હિંમત આપી શત્રુ સામે થવા કહ્યું, શત્રુ પાસે મોટું લશ્કર અને અધિક યુદ્ધસામગ્રી હતી. પોતાની પાસે તેવું ન હોવાથી તે પાછો પડતો હતો, છતાં પોતાની સાથે દબોરાહ પોતે યુદ્ધમાં જોડાય, તો તે આગેવાની લઈ શત્રુ સામે પડવા તૈયાર હતો. પોતાનાં કરતાં દબોરાહની હાજરી તે વિજયનું ચિહ્ન માનતો હતો.

દબોરાહ સીધી, સાદી, ભોળી, નિરાભિમાની અને પવિત્ર આચરણવાળી દેશસેવિકા અને ઈશ્વર ભક્તાણી હતી. વિજય તેણે બારાકને શિર રાખ્યો હતો, પણ બારાકે તેની હાજરી મોટી ગણી, ઈશ્વર પરના વિશ્વાસમાં સહજ નમતું પાસું દેખાડ્યું, તેથી તેના એ વલણનું ફળ તેણે તેને કહી બતાવ્યું. વિજય પોતાને ફાળે આવશે એમ તેણે કહ્યું નહિ, તેમ તે બારાકને પણ મળશે નહિ, એમ જણાવી કહ્યું, કે શત્રુના સેનાપતિ સીસરાના સંહારનો જશ એક સ્ત્રીને ફાળે જશે.

ઈશ્વરની દોરવણીથી શરૂ કરેલાં યુદ્ધ અથવા જુલમગારને તેના કર્મોનું ફળ ભરી આપવાની શિક્ષાના કાર્યમાં બારાકે બહાદુરી બતાવી. દેવના આત્માને અને દબોરાહની હાજરીએ

તેણે હિંમતથી શત્રુઓનો સંહાર કર્યો. કુદરતે પણ એમાં મદદ કરી. પોતાનું સૈન્ય કંપી જતું તથા નાસતું જોઈને શત્રુસેનાપતિ સીસરો નાઠો.

મૂસાના સાળાના વશંજોમાંની સ્ત્રી યાએલ તથા તેના કુટુંબીઓ સૌની સાથે સહકાર અને સંપથી રહેતાં, એ જાણીને સીસરો તેના તંબુએ ગયો. ત્યાં એ નિર્ભય રહેશે એવા ભરોસાથી ગયો. આ સ્ત્રીએ તેને ઉમળકાભર્યો આવકાર આપ્યો. પાણીને ઠેકાણે દૂધ પાયું, અને ધાબળીમાં એક ખૂણે સંતાડ્યો. ભય અને યુદ્ધથી થાકેલા સીસરાને આવા આવકારથી શાંતિભરી ઊંઘ આવી. તે ઘોરવા લાગ્યો. એટલે યાએલે તેની નિર્દય વર્તણૂક ધ્યાનમાં લઈને તેનાં લમણાંમાં મેખમારી ઠાર કર્યો! તેની પૂંઠે લાગેલા બારાકને તંબુમાં બોલાવી તેના શત્રુનું શબ બતાવ્યું. એમ સેનાપતિને માર્યાનું માન એ સ્ત્રીને મળ્યું.

પ્રભુના ન્યાયી ઇરાદા અમલમાં મૂકવા માટે કેવળ પુરુષો જ આગેવાની લઈ શકે છે, એવું કદી સમજવું નહિ. ઈશ્વરની નજરમાં સ્ત્રી પુરુષનો ભેદ નથી. એ તો અંતઃકરણો પારખે છે. સંજોગો પ્રમાણે જેને વાપરવા ઘટે તેને વાપરે છે.

હિંદની સ્ત્રીઓએ રાજકારભારમાં પ્રવેશ કર્યો છે, તેઓનાં નામ જાણીતાં છે. રાજકુમારી અમરતકોર, વિજયાલક્ષ્મી પંડિત, ઈંદિરા ગાંધી વગેરે અનેક ધારાસભાઓમાં પણ છે. એ પરથી સ્ત્રીઓનું ગૌરવ જોઈ શકશો.

**પ્રશ્ન :** સ્ત્રી જાતિનાં ગુણો પુરુષ જાતિનાં ગુણોથી ચઢતા ઉતરતા હોઈ શકે શું?
યાએલના સીસરા તરફના વલણ વિષે ચર્ચા કરો.
સ્ત્રીઓની ખરી ઉપયોગિતા ને જવાબદારી સૌથી પ્રથમ ક્યાં છે?

# ૧૫. રાહાબ અને મરિયમ માગદાલેણ

## શાસ્ત્રવાચન

યહોશુઆ. ૨;૧-૧૧.

## હેતુ

પતિતો પણ વિશ્વાસથી બચે છે એ બતાવવું.

## પસંદ કરેલાં વાક્યો

ઝાડ ફળથી ઓળખાય છે. માથ્થી.૧૨:૩૩. ન્યાયીને નામે ન્યાયીનો આવકાર કરે છે, તે ન્યાયીનું ફળ પામશે. માથ્થી. ૧૦; ૪૧. પ્રભુ ઈસુએ કહ્યું, પાપીઓને પસ્તાવાને સારુ તેડવા હું આવ્યો છું, લૂક. ૫; ૩૨. દાણીઓ તથા કસબેણો વિશ્વાસ કરીને દેવનાં રાજયમાં ગયાં. માથ્થી. ૨૧; ૩૧. મરિયમ માગદાલેણ જેનામાંથી સાત ભૂત કાઢ્યા હતા, તે બીજી સ્ત્રીઓની પેઠે પોતાની પૂંજીમાંથી પ્રભુ ઈસુની સેવા કરતી હતી. લૂક; ૮-૩. જે વિશ્વાસ કરે છે તેનો નાશ નહિ થાય, પણ તે અનંતજીવન પામશે. યોહાન ૩; ૧૬.

## મનન વિચાર

રાહાબ યરેખો શહેરમાં એક કસબેણ હતી. ઈસ્ત્રાએલીઓને પ્રભુ મિસરમાંથી કેવી રીતે કાઢી લાવ્યો, કેવી રીતે સમુદ્રમાં રસ્તો કરી પાર ઉતાર્યા; સામે થનાર રાજાઓનો કેવી રીતે નાશ કર્યો. એ સઘળું ચારેગમના દેશોએ સાંભળ્યું હતું. ઈસ્ત્રાએલીઓ કનાન દેશનો કબજો લેવા આવે છે. એ વાત પણ પ્રગટ હતી. ઈસ્ત્રાએલને પક્ષે ઈશ્વર કેવી રીતે તેમને મદદ કરે છે, એ જાણ્યાં છતાં દેશજાતિઓએ પ્રભુ પર વિશ્વાસ કર્યો નહિ, કેમ કે તેઓના અંતઃકરણ સંપૂર્ણ રીતે શેતાનને વરેલાં હતાં. તેઓ

બધાં તેમનાથી બીતાં ખરાં, પણ તેમના પ્રત્યે પ્રેમ કે દયા બતાવી પ્રભુ પર વિશ્વાસ કરતાં નહિ.

કનાન દેશનું પ્રથમ મોટું શહેર યરેખો હતું. ઈસ્ત્રાએલીઓ તેની પ્રદક્ષિણા કરતાં, એ જોઈને યરેખોવાસીએ જાણ્યું કે આપણું આવી બન્યું છે. બચાવ માટે તેઓએ શહેરના દરવાજા બંધ કર્યા. પણ પસ્તાવાને સારુ હૃદય ઉઘાડ્યાં નહિ. કેવળ એક કસબેણને ઈસ્ત્રાએલના દેવના ખરાપણાની ખાતરી થઈ. તેણે એ દેવ પર વિશ્વાસ કર્યો, પણ સૌની માફક એ પણ નાશની જ રાહ જોઈ રહી હતી. પરંતુ દેવ જેની આંખો સર્વત્ર નિરીક્ષણ કરે છે, તેણે આ કસબેણનું મન જાણ્યું. તેના બચાવનો રસ્તો ખુલ્યો.

ઈસ્ત્રાએલી જાસુસો તેને ઘેર આવ્યા. તેણે તેમનો આવકાર કરીને પ્રભુ પરનો પોતાનો વિશ્વાસ પ્રગટ કર્યો. રાજાના માણસો જાસુસોને શોધવા આવ્યા. ત્યારે તેણે ધાબા પર શણની સાંઠીઓના ઢગલા તળે તેમને સંતાડ્યા અને પેલા માણસોને કહ્યું કે એ તો હમણાં જ જતા રહ્યા, દોડીને પકડી પાડો. એમ તેણે પોતાના વિશ્વાસનું તથા દયાનું કૃત્ય દેખાડ્યું, પરિણામે તે અને તેનાં સગાં સર્વ તેની સાથેના કરાર પ્રમાણે બચાવ પામ્યાં, એ રાહાબે આગળ જઈને આવનાર જાસુસ સાલ્મોન સાથે લગ્ન કર્યા, અને તે પ્રભુ ઈસુની વંશાવળીમાં જોડાઈ. કેવું ગૌરવભર્યું માન!

કોઈ માણસ ગઈ કાલે કેટલું ખરાબ હતું, એ તેની જીંદગીનું છેવટ નથી. કાલનો ખરાબ માણસ આજે સત્યની ઓળખ પામીને પસ્તાવો કરી ન્યાયીપણાને માર્ગે ચાલે, તો તેની સઘળી ભૂંડાઈ પ્રભુ માફ કરે છે અને તેને સંત બનાવી દે છે. દાઉદનો વિચાર કરો. વ્યભિચાર કર્યો, ને સ્ત્રીના ધણીને મારી નંખાવ્યો. આવા માણસનો કોણ ભરોસો કરે? આપણે સૌ એવાંથી જીંદગીભર ચોંકતાં રહીએ. તેના પર ભરોસો ન રાખીએ ને તેની સંગતે પણ ન રહીએ.

પ્રભુની એ રીત નથી. જ્યારે કોઈને પોતાના પાપનું ભાન થાય અને તે પાપથી દુઃખી થઈ પ્રભુ તરફ ફરે, ત્યારે પ્રભુ તેનો સ્વીકાર કરે છે, ક્ષમા કરે છે. તેની સંગત રાખે છે. તેને કામ સોંપે છે. તેના પર ભરોસો રાખે છે. એ જ દાઉદ દેહના વંશ પ્રમાણે મસીહનો પિતા કહેવાયો! કેવું આશ્ચર્ય! આપણે એવાંથી આઘા રહીએ ને ટીકા કરીએ, પણ પ્રભુ પાસે રાખીને જવાબદારી સોંપે છે! પીતરે કડક શબ્દોમાં પ્રભુ ઈસુને નકાર્યા, પણ પોતાનાએ પાપને લીધે તે રડ્યો, પસ્તાયો ને હૃદયથી તેમના પર પ્રેમ કર્યો. એ પીતરને પ્રભુએ આકાશના રાજ્યની કુંચીઓ આપી! ગઈ કાલનો નહિ, પણ પ્રભુ આજનો હિસાબ કરે છે. આથી આપણે સમજી શકીશું, કે ગમે તેવા અધમ માણસને માટે પણ બચાવનો માર્ગ ખુલ્લો છે.

**મરિયમ માગદાલેણ** વિષે કહેવાય છે, કે તે પણ રાહાબનો જ જોટો હતી. જો કે શાસ્ત્રમાં તેને વિષે એવો ઉલ્લેખ નથી, પણ તેનામાંથી પ્રભુએ સાત ભૂત કાઢીને તેને શુદ્ધ કરી હતી, એટલું જ લખેલું છે. જે નથી લખેલું તે કલ્પનાથી માની લેવામાં ભૂલ થવાનો ઘણો સંભવ છે. ભલે, તે ગમે તેવી ભૂતગ્રસ્ત હતી, પણ તેમાંથી મુક્ત થતાં જ તે પ્રભુની પાછળ ચાલવા લાગી. પેલા ગાડરેનવાળામાંથી ભૂત કાઢ્યા પછી તેણે પણ પ્રભુ ઈસુની સાથે રહેવાની માગણી કરી. પ્રભુએ તેને સુવાર્તિક બનાવીને તેને ઘેર મોકલ્યો.

આ મરિયમમાં એટલો બધો ફેર પડ્યો, કે તે પ્રભુ ઈસુની પાસેથી ખસી જ નહિ, દ્રવ્યથી સેવા કરનારી સ્ત્રીઓમાંની તે એક હતી. પ્રભુ ઈસુને વધસ્તંભે ટંગાએલા જોઈને બધા શિષ્યો નાસી ગયા, પણ વગર બીકે હિંમતભેર તે બીજી સ્ત્રીઓની સાથે વધસ્તંભ આગળ ઊભી જ રહી! યૂસફે અને નિકોદેમસે પ્રભુ

ઈસુની લાશ વધસ્તંભ પરથી ઉતારી અને તેમના શરીરે સુગંધીઓ ચોળી કફનમાં માસાલા ભર્યા, ત્યારે તે ઊભી ઊભી જોયા કરતી હશે કે? સંભવ છે કે તેણે આ કામમાં તેમને મદદ કરી. કબર બંધ થતાં સુધી ત્યાં રહી. જઈને પોતે પણ સુગંધીઓ ખરીદ કરી ત્રીજી સવારે પ્રભુના શબને ચોળવા આવી. કોઈ શિષ્ય આવતો નથી, ફક્ત તેની સાથે બીજી કેટલીક સ્ત્રીઓ જ છે.

કબર ખાલી છે, એવા સમાચાર શિષ્યોને આપી તરત પાછી કબરે આવી. બધાં જોઈ જોઈને વિસ્મિત થતાં ઘેર ગયાં. પણ આ મરિયમ રડતી રડતી કબરમાં ડોકીયાં કરતી ત્યાં જ ઊભી રહી. પ્રભુ પર તેનો પ્રેમ કેવો અગાધ! એની ભાવના પ્રમાણે ઈસુએ સૌથી પ્રથમ તેને જ દર્શન દીધું! નહિ પીતરને કે નહિ યોહાનને!

આ મરિયમને થયેલા દર્શનથી શિષ્યો તાજુબ થયા. તેઓએ ધાર્યું કે આપણને પડતા મૂકીને આ સ્ત્રીને દર્શન દે, એ કેમ મનાય. તેઓએ ન માન્યું! તેમની નજરમાં તો પેલી ભૂત કઢાએલી એક પછાત વર્ગની સ્ત્રી જ હતી! પ્રભુના માર્ગો અને તેનો ન્યાય કેવો અજબ છે! આ વાત ખરી છે, કે પ્રભુમાં નથી કોઈ પુરુષ કે નથી કોઈ સ્ત્રી. વિશ્વાસ કરનારને તેનો યોગ્ય બદલો પ્રભુ શોધી શોધીને આપતો આવ્યો છે. તેના નામને ધન્ય હો!

**પ્રશ્ન :** શું સ્ત્રી હોવાથી તમે કદી નિરાશ થયાં? સ્ત્રીજાતિ અબળ છે એવું તમે માનો છો?
આ બે સ્ત્રીઓ કઈ લાયકાતથી બચાવ પામી?

# ૧૬. ધાર્મિક માતા - હાન્ના

## શાસ્ત્રવાચન

૧ શમૂ. ૧:૧-૧૧.

## હેતુ

બાળકો પ્રત્યેની જવાબદારીનો ખ્યાલ અપાવે.

## પસંદ કરેલી કલમો

તેણે પ્રાર્થના કરીને કહ્યું, કે હે યહોવા, જો તું તારી દાસી પર દયા કરીને તેને દીકરો આપશે, તો હું તેને તેના આયુષ્યના સર્વ દહાડાભર તને સોંપીશ. (૧૧) છોકરાં ઈશ્વરની મિલકત છે. અને ગર્ભસ્થાનનું ફળ તેના તરફથી પ્રતિદાન છે ગી.શા. ૧૨૭;૩. રાહેલે યાકૂબને કહ્યું, કે મને છોકરાં આપ, નહિ તો હું મરીશ. યાકૂબે...કહ્યું, દેવ જેણે તારાથી પેટનું ફળ બંધ રાખ્યું છે, તેને ઠેકાણે હું છું શું?... દેવે તેનું ગર્ભસ્થાન ઉઘાડ્યું. ઉત. ૩૦; ૨, ૨૨.

યહોવાને સર્વ શક્ય છે. જો તને દીકરો થશે અને તું તેનું નામ યોહાન પાડશે. લૂક. ૧; ૧૩.

## મનન વિચાર

રામાહમાં એલ્કાનાહ નામે ધાર્મિક પુરુષ હતો. તેને બે સ્ત્રીઓ હતી. હાન્નાહ તથા પનિન્નાહ. પનિન્નાહને છોકરાં હતાં, પણ હાન્નાહને ન હતાં, કેમ કે યહોવાએ તેનું ગર્ભસ્થાન બંધ કર્યું હતું. આથી છોકરાંવાળી નછોરવીને ખીજવતી અને સંતાપતી. શોક હંમેશાં સંતાપરૂપ છે, એટલા માટે કોઈને બે સ્ત્રીઓ હોય, તે દુઃખદાયક છે.

વાંઝણી સ્ત્રીને તેનો ધણી પણ ઘણીવાર ચાહતો નથી; પણ એલ્કાનાહની વાત એવી ન હતી. એ તો એના પર ઘણો પ્રેમ રાખતો હતો. યાકૂબની સ્ત્રી રાહેલ વાંઝણી હતી, પણ યાકૂબ તેના પર પ્રેમ રાખતો હતો.

વાંઝ હોવાનાં કેટલાંએક કારણો હોય છે. કોઈવાર પુરુષમાં કારણ છે ને કોઈવાર સ્ત્રીમાં છે. તેમ છતાં સંતાન આપવાં ન આપવાં એ વાત તો પ્રભુને હસ્તક છે. વળી ક્યારે આપવાં, એમાં તો મોટો મર્મ હોય છે. જેની મારફતે પ્રભુ મહાન કાર્ય કરાવવા ચાહે છે. તેઓની વંધ્યાવસ્થા ઈરાદાપૂર્વક લંબાવાઈ હોય છે. જેમ કે ઈબ્રાહિમ અને ઝખાર્યાહ, એમાં વર્તન અને વિશ્વાસની કસોટી તથા સમયની સંપૂર્ણતા અને પ્રભુનું અશક્યતાને શક્ય બનાવવાનું પરાક્રમ સમજાય છે.

વાંઝિયાપણું જનતાની દૃષ્ટિએ તુચ્છ મનાય છે, તેથી સ્ત્રીઓ હંમેશાં ઝંખે છે, કે તેઓ નિઃસંતાન ન રહે. ધાર્મિક મનનાં સ્ત્રી પુરુષો એ બાબતે પ્રાર્થના કર્યા પછી ઝખાર્યાહની માફક સંતોષી રહે છે. તેઓ દેવને કે કોઈને દોષ દેતાં નથી. પણ પ્રેમથી અને ઐક્યથી સાથે રહે છે, ને પ્રભુ પરનો વિશ્વાસ ઘટવા દેવાને બદલે ભક્તિભાવે દૃઢ કરે છે. એલ્કાનાહ અને હાન્નાહ એવાં હતાં.

પોતાની શોકની પજવણી અને ખીજવણી તથા મહેણાં ટોણાંથી તેને ખૂબ દુઃખ થતું. તેથી યજ્ઞ કરવાં ગયાં, ત્યાં હાન્નાહે મંદિરમાં પોતાના દુઃખનો ટોપલો પ્રભુ આગળ ઠાલવ્યો. છોકરાં અને માબાપો સૌ પ્રભુની મિલકત છે. એવું જો બધાં સમજે, તો કોઈ નછોરવાંને ખીજવવાનું કે તુચ્છ માનવાનું કશું જ કારણ ન રહે, પોતાની સેવાને સારુ ઘણાંયે ધાર્મિક જોડાંને પ્રભુએ નિઃસંતાન રાખ્યાં છે. વગર છોકરે અને વગર અડચણે

નિશ્ચિતપણે બંને ધણીધણીઆણી પ્રભુની સેવામાં રોકાય, એ કેટલીક વાર પ્રભુનો ઇરાદો છે. છોકરાં મળે, તો તેમને પ્રભુના મહિમાને સારુ ઉછેરવાનાં છે. એ તો પ્રભુએ સોંપેલી અમાનત છે. એ અમાનત સાચવવી, કેળવવી અને ઉપયોગી થતી કરવી, એ ભારે જવાબદારી છે.

હાન્નાહે પોતાના મનનું દુઃખ ઈશ્વર આગળ રજૂ કર્યું, કે પ્રભુ, જો તું તારી દાસીને દીકરો આપીને મારું વાંઝિયાપણું ટાળશે, તો એ દીકરાને હું તારી સેવાને સારુ હંમેશને માટે તને અર્પણ કરીશ. પ્રત્યેક માબાપને માટે આ તો સ્વાભાવિક વાત છે. કેટલાંક માબાપો છોકરાનું અર્પણ કરે છે. પણ એમાં તેઓ શું કરે છે, એ મારાથી ઘણી વેળા સમજાયું નથી. મારા અનુભવમાં તો મેં એવું જોયું છે, કે એ તો કેવળ વિધિ કરાવે છે. અર્પણ કરવામાં જે જવાબદારી અને જોખમ સમાએલાં છે, એ તેઓ પ્રત્યેના વર્તનમાં દેખાયું નથી.

હાન્નાહની માફક મંદિરમાં દીવાબત્તી કરવા અને યાજકને મદદ કરવા જેવી વ્યવસ્થા હાલ મંડળીમાં નથી, કે જેથી, છોકરાંઓને ત્યાં મૂકી અવાય; પરંતુ પ્રભુની શિક્ષા તથા બીકમાં ઉછેરવાની કાળજીભરી જવાબદારી અદા કરવાના માર્ગો તો છે.

ઘરમાં કૌટુંબિક પ્રાર્થના એ એક સુંદર માર્ગ છે. એમાં શું કરવું તે કૌટુંબિક પ્રાર્થનાના વિષયમાં કહેવાશે. પ્રત્યેક છોકરું જે વાંચી શકે છે, તેને નવો કરાર આપો ને તે વાંચે એવી કાળજી ને નજર રાખો. રવિવારે તેમને રખડવા ન દો, પણ દેવળમાં સાથે લઈ જાઓ. સાબ્બાથ શાળા માં ભાગ લેવા દો. કંઈપણ અજુગતું કરતાં ટોકો અને રોકો. આ બધું સેવાને સારુ પગથિયાં રૂપ છે.

આવું બધું હોવા અને કરવા છતાંયે ધાર્મિક માબાપના છોકરાંને આડે રસ્તે જતાં જોયાં છે. અને આડે રસ્તે જાય, તોયે

પ્રભુ પરના વિશ્વાસમાં મંદ રહેતાં જોયાં છે. જગતમાં રહેવાનું સહેલું નથી. અયોગ્ય સંગત ઘરના વાતાવરણને કલંકિત કરી દે છે.

સૌથી ભયજનક માર્ગ તો એ છે, કે અન્યધર્મી છોકરાં સાથે હાલનાં રાજ્યે તૈયાર કરેલું કેળવણીનું સાહિત્ય ખ્રિસ્તી વિશ્વાસને અનુરૂપ નથી. આ તો દરિયામાંનાં વહાણનાં જેવી સ્થિતિ છે. પાણી પર વહાણ હોય, એ તો સ્વાભાવિક છે, પરંતુ પાણી વહાણમાં ભરાય અને તેનાં મોજાંથી ડામાડોળ વહાણ ડુબવાની સ્થિતિમાં આવી જાય, એ સંજોગો અસહ્ય છે. પ્રભુ ઈસુએ હઠેઠથી એ પ્રાર્થના કરી, કે હે બાપ, તું તેઓને જગતમાંથી લઈ લે, એવી વિનંતી હું કરતો નથી; પણ તું તેઓને જગતથી જુદાં રાખ, એવી પ્રાર્થના કરું છું. આજ પ્રાર્થના માબાપે પણ છોકરાંના હકમાં કરવાની છે.

હાન્નાહને તેની ઇચ્છા પ્રમાણે પ્રભુએ પુત્રદાન દીધું, અને એ તેણે પોતાના વચન પ્રમાણે અર્પણ પણ કર્યું. એટલું જ નહિ, પણ વર્ષોવર્ષ પર્વ વેળાએ તેને વસ્ત્રો પણ આપતી, અને વારે વારે તેની મુલાકાત લઈ તેની વર્તણૂકના સમાચાર પણ જાણતી. તેના ભક્તિભાવ અને ધર્માચારથી પ્રસન્ન થઈ પ્રભુએ તેને બીજાં પણ પાંચ સંતાનો આપ્યાં. એલીના દીકરાઓની ભૂંડી ચાલ છતાંયે તેઓની સંગતની ખોટી છાપ શમૂએલ પર પડી નહિ. એમાં હાન્નાહની શીખ, સલાહ ને શ્રદ્ધાનો મોટો ફાળો હતો.

**પ્રશ્ન :** કોઈને ત્યાં છોકરાં હોવાં ન હોવામાં પ્રભુનો શો હેતુ હશે?

છોકરાં પ્રત્યે માબાપને શિર શી જવાબદારી છે? તે કઈ રીતે અદા કરાય?

# ૧૭. અવિશ્વાસુ વહુઓ

**શાસ્ત્રવાચન**

નીતિ.વ. ૩૧; ૧૦-૨૦.

## હેતુ

વરને વફાદાર રહેવું.

**પસંદ કરેલાં વાક્યો**

તેઓ બે નથી. પણ એક છે. માથ્થી. ૧૯; ૬.

પ્રત્યેક ડાહી સ્ત્રી પોતાનું ઘર બાંધે છે, પણ મૂર્ખ પોતાને હાથે તોડી પાડે છે. ની.વ. ૧૪;૧. સુનતના કારણથી મૂસાની સ્ત્રી પોતાના ધણીને બેવફા છે. તે દેવનો કરાર વીસરી જાય છે. ની.વ. ૨; ૧૭. ડાહી વહુ યહોવા તરફથી મળે છે. તેને દેવની મહેર પ્રાપ્ત થાય છે. ની.વ. ૧૯;૧૪. સદ્‌ગુણી સ્ત્રી પોતાના ભરથારને મુગટરૂપ છે. ની.વ. ૧૨; ૪. તે પોતાની આબરૂ સાચવી રાખે છે. ની.વ. ૧૧; ૧૬. જેમ ભૂંડના નાકમાં સોનાનું કડું, તેમ વિવેક વગરની સુંદર સ્ત્રી છે. ની.વ. ૧૧; ૨૨.

**મનન વિચાર**

સર્વત્ર લગ્ન પવિત્ર છે, અને સર્વમાં માન યોગ્ય છે. (હેબ. ૧૩;૪) સ્ત્રી પુરુષ લગ્ન કરે છે. ત્યારે તેઓ બે પૃથક વ્યક્તિઓ મટીને એક વ્યક્તિરૂપ થાય છે. પ્રભુ તેમને બે નથી ગણતો, પણ એક દેહ ગણે છે. એક દેહના બે ભાગ કરાય નહિ. એક ભાગ લકવાથી નિર્જીવ બની જાય, તો બીજો ભાગ મરણ પર્યંત તેની સારવાર કરે છે. બે વ્યક્તિઓ લગ્ન બંધનથી જોડાય છે, ત્યારે તેઓ એક દેહ થાય છે. એક દેહનું અર્ધાંગ છૂટું પડી શકે જ નહિ.

લગ્નના કરારમાં બંને પોતાની રાજીખુશીથી, પ્રેમના બંધનથી અને જીંદગીભર સુખદુઃખમાં સાથે રહેવાની સમજથી જોડાય છે. આ જોડાણ મરણ પર્યંતનું છે. એટલા માટે બહુ વિચારપૂર્વક યોગ્ય પતિ યોગ્ય પત્ની શોધીને પ્રાર્થનાપૂર્વક લગ્ન કરવું જોઈએ. એવાંને દેવનો આશીર્વાદ છે.

સંસાર વ્યવહારમાં મુશ્કેલીના પ્રસંગો આવે છે, તે બંને જણ સહકારથી અને સહનતાથી પ્રેમપૂર્વક વેઠી લે છે, અને તેમાંથી પાર ઉતરવાનું બનતું કરે છે. પ્રત્યેક ડાહી સ્ત્રી પોતાનું ઘર બાંધે છે, પણ મૂર્ખ પોતાને હાથે તોડી પાડે છે. એમ કરવામાં તે બેવફા નીવેડે છે, અને દેવનો આશીર્વાદ ગુમાવે છે.

બે યુવાનો લગ્નની વાતચીત કરવા લાગ્યા. પુરુષે કહ્યું મારે તો ઘર નથી. સ્ત્રીએ કહ્યું, ભલે ઝાડ તળે પડી રહીશું. તેણે કહ્યું મારી નોકરી છૂટી ગઈ છે. સ્ત્રીએ કહ્યું, ભલે મજૂરી કરીશું. પુરુષે કહ્યું પૂરતાં વસ્ત્ર નથી. સ્ત્રીએ કહ્યું, ફિકર નહિ થીંગડા મારીને ચલાવીશું. પુરુષે કહ્યું, પણ મારી બોલીને બંધ નથી. હું વચનમાં વિશ્વાસુ નથી. સ્ત્રીએ કહ્યું, એમ હોય તો હું લગ્ન કરવા તૈયાર નથી. મરતાં સુધી મારી સાથે ન રહેવાય, તો હું તમને પરણીશ નહિ.

સિપ્પોરાહે મૂસાની સાથે લગ્ન કર્યું. તેમને ત્યાં બે પુત્રોનો પ્રસવ થયો. મૂસા ઈશ્વરના તેડાથી પોતાના લોકને છોડાવવા મિસર જવા નીકળ્યો, ત્યારે તેના બે દીકરાની સુનત કરેલી ન હોવાથી ઈશ્વર તેના પર નારાજ થયો. તે માંદો પડ્યો. સિપ્પોરાહે છોકરાઓની સુનત કરી અને બોલી, ખચીત તું તો સુનત વર છે માટે હું તને ન રહું. એમ કરીને તે પોતાના બાપને ઘેર છોકરાંઓને લઈને ચાલી ગઈ. આ તે કંઈ ઘર છોડવાનું કારણ કહેવાય? એણે મૂર્ખાઈ કરી.

એક ઘરમાં તકરાર થઈ. ત્યારે સ્ત્રી એટલી બધી કંટાળી કે જીવ પર આવી ગઈ. તેણે કહ્યું, હું તો કૂવે પડવા જાઉં છું. જતાં જતાં તેને યાદ આવ્યું, કે ઘંટીમાં લોટ છે. તેણે તેના વરને કહ્યું, કે ઘંટીમાં લોટ છે, જો જો કૂતરું ખાઈ ન જાય. વરે હસતાં હસતાં કહ્યું, ત્યારે લોટ વાળતી જાને! આ સાંભળીને તે પણ હસી પડી. આનું નામ ઘર કહેવાય.

અયૂબ પર મહા સંકટ આવ્યું, ત્યારે તેની સ્ત્રીએ તેને કહ્યું, કે આટલી આટલી આફત ગુજરી, તોયે તું તારા પ્રભુને છોડતો નથી. તેનો ઈનકાર કર અને મરી જા. આ તો સહકારી નહિ, પણ પરનારી જેવી કહેવાય. સુખમાં સાથી અને દુઃખમાં ડામરૂપ, એ સદ્‌ગુણી સ્ત્રીનું ભૂષણ નથી. સ્ત્રી કે પુરુષ તરફથી દિલસોજી અને દિલાસો માણસનું ગમે તેવું દુઃખ ભૂલાવી દે છે. એકરૂપ થયેલાં કુટુંબનું એ જ લક્ષણ અને ભૂષણ છે. સામસૂનની સ્ત્રી દલીલાહ સામસૂનનું બળ અને પરાક્રમ જોઈને તેના પર ખૂબ પ્રસન્ન હતી; પણ તેની જાતવાળા પલિસ્તીઓએ તેને રૂપિયા આપવાની લાલચ દેખાડી સામસૂનના બળનું રહસ્ય જાણી લઈ તેને તેના શત્રુઓના હાથમાં સોંપ્યો.

આ પરકોમની નારી છતાં યહોવાની આજ્ઞા વિરુદ્ધ તે તેની સાથે પ્રેમમાં પડ્યો. છેવટે એ કડવા દાણાએ પોતાનું રૂપ પ્રકાશ્યું, અને શામસૂન વગર મોતે મૂઓ. એટલા માટે જ પ્રભુએ એવી આજ્ઞા આપી હતી, કે વિશ્વાસ અને યોગ્યતા જોઈને પોતાનાં લોકમાં લગ્ન કરવું.

એક વાર લગ્ન થયું તો પછી વરે વહુને છોડવી નહિ; અને વહુએ વરને છોડવો નહિ. એકમેક સાથે પ્રેમ, ઐક્ય અને સહકારના બંધનથી સુખમાં અને દુઃખમાં સાથે રહેવું જોઈએ.

ટામીલ ડેવિડની સ્ત્રી ખ્રિસ્તી હતી. સદ્‌ગુણી હતી. દેવ

પરના વિશ્વાસમાં અડગ હતી. પણ ડેવિડ વ્યભિચારી અને નાસ્તિક હતો. એથી તેને દુ:ખ થતું હતું ખરું, પણ શાસ્ત્રનું આ વચન તેના હૃદયમાં રમી રહ્યું હતું. "અરે, વહુ તારા વરને તારીશ કે નહિ?" તે લક્ષમાં રાખીને રોજ તેને સમજ આપતી; અને તેને સારુ પ્રાર્થના કરતી. એક દહાડો તેને મારી, છતાંએ એણે પોતાનો પ્રેમ ઓછો કર્યો નહિ, કે તેના પ્રત્યે અભાવ દેખાડ્યો નહિ, યા રિસાઈ નહિ. રોજની માફક પોતાનું કામ ચાલુ રાખ્યું, અને આગ્રહપૂર્વક પ્રાર્થના કરવા લાગી.

આ વર્તણૂકે ડેવિડનું હૃદય ચીર્યું. તેને ભારે આઘાત થયો. તેણે તેની માફી માંગી, અને તેને આવું ચારિત્રબળ આપનાર ઈશ્વરનો સ્વીકાર કર્યો. તેણે શાસ્ત્ર વાંચવા માંડ્યું. તે પ્રાર્થના કરવા લાગ્યો, અને પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારી જીંદગીભર સારો સુવાર્તિક રહ્યો.

**પ્રશ્ન** : લગ્નના બંધનથી માણસને કોણ છૂટું પાડશે? શું તંગી, દુકાળ, સતાવણી કે માર?
લકવા થએલા અર્ધાંગને કોણ તજી દે છે? તજનાર નિર્દય, અવિશ્વાસુ અને પતિત ઠરે છે.

# ૧૮. અબીગાએલ

## શાસ્ત્રવાચન

૧ શમૂ. ૨૫:૧૮-૩૧. અથવા નીવ. ૩૧:૧૦-૩૧.

## હેતુ

પ્રત્યેક ડાહી સ્ત્રી તેના ભરથારને મુગટરૂપ છે.

## પસંદ કરેલા વાક્યો

ડાહી સ્ત્રી પોતાનું ઘર બાંધે છે, નીવ. ૧૪:૧.

ડાહી વહુ યહોવા તરફથી મળે છે. નીવ. ૧૯:૧૪. ડાહી સ્ત્રી આબરૂ સાચવી રાખે છે. નીવ. ૧૧:૧૬. સદ્‌ગુણી સ્ત્રીનું મૂલ્ય રત્નો કરતાં અધિક છે. નીવ. ૩૧:૧૦. બળ તથા મોભો તેનો પોશાક છે.નીવ. ૩૧:૨૫. યહોવાનો ડર રાખનાર સ્ત્રી માન પામશે. નીવ. ૩૧:૩૦.

## મનન વિચાર

નીતિ. વચનના છેલ્લા અધ્યાયમાં સદ્‌ગુણી સ્ત્રીનું વર્ણન અને લક્ષણ બતાવ્યું છે. એ લક્ષણો અબીગાઈલને પણ લાગુ પડે છે. અબીગાઈલ સુદર કાંતિની બુદ્ધિશાળી અને વિવેકી સ્ત્રી હતી. જેવી તે ચતુર હતી, તેવો તેનો વર નાબાલ ન હતો. એ અસભ્ય, ઉદ્ધત અને વ્યવહારમાં નાલાયક હતો. ૧ શમૂ. ૨૫માં અધ્યાયમાં આ કુટુંબનું વર્ણન કરેલું છે. આ માણસ શ્રીમંત હતો. તેની પાસે ૩ હજાર ઘેટાં અને એક હજાર બકરાં હતાં. એક વેળા કાર્મેલમાં ઘેટાં કાતરનારને બોલાવ્યા અને તેણે પોતાને ત્યાં બાદશાહી જમણ કર્યું.

ઘેટાંની કાતરણી મોટી મિજબાનીઓથી થતી અને વટેમાર્ગુઓને પણ તેમાંથી હિસ્સો અપાતો. આ મિજબાની અને કાતરણીની વાત દાઉદના જાણ્યામાં આવી. ત્યારે તેણે દસ માણસોને તેની પાસે મોકલીને શાંતિનો સંદેશો અને શુભાશિષ પાઠવ્યાં. તેણે કહાવ્યું કે તારું કલ્યાણ થાઓ. તારા ઘરનું તથા સર્વસ્વનું કલ્યાણ થાઓ. તારા ચાકરો તારાં ઘેટાં બકરાં કાર્મેલમાં સાચવતાં અને ચરાવતાં ત્યારે અમે તેમના હકમાં કિલ્લારૂપ હતા. તેમને કશું નુકશાન કર્યું નથી કે થવા દીધું નથી. માટે તારા દીકરા દાઉદને યથાયોગ્ય મિજબાનીનો આનંદ આપજે.

નાબાલે તેમને તથા દાઉદને તુચ્છકારીને કહ્યું, કે પોતાના ધણી પાસેથી નાસી જનારાઓને રોટલી કેમ અપાય. એવા તો ઘણાંયે રખડે છે. હું તેમને ઓળખતો નથી. નાબાલના ચાકરે તેની સ્ત્રી અબીગાઈલને આ વાત કહી કે નાબાલે કેવો અસભ્ય જવાબ આપ્યો છે. દાઉદ અને તેનાં માણસો અમારાં હકમાં કિલ્લારૂપ હતાં. જો આ ભૂલ સુધારવામાં નહિ આવે તો તેના તરફથી ભારે ખાનાખરાબી થઈ જશે.

આ સાંભળીને અબીગાઈલે તરત જ તૈયાર કરેલાં ઘેટાં, દ્રાક્ષારસ, અંજીર, પોંક, દ્રાક્ષની લૂમો રોટલી વગેરે ગધેડાં પર લાદીને માણસોને આગળ મોકલી દીધાં, અને પોતે પણ ગધેડા પર બેસીને દાઉદને મળવા તેમની પાછળ ચાલી. રસ્તે જ દાઉદનો ભેટો થયો. ચારસો માણસો લઈને તે નાબાલને લૂંટવાને મારવા આવતો હતો. દાઉદને દેખતાં જ તે ગધેડા પરથી ઉતરી પડી. અને સાષ્ટાંગ દંડવત્ કરીને જમીન સુધી વાંકી વળીને પ્રણામ કર્યાં. તેણે નાબાલની નાલાયકી માટે માફી માંગી અને યહોવાની તેના પરની કૃપા તેને કહી બતાવી. તેણે કહ્યું કે યહોવા મારા મુરબ્બીને સારુ અવિચળ ઘર બાંધશે. અને તેના જીવ પોતાના

જીવન ભંડારમાં સાચવી રાખશે. તે તારા શત્રુઓને ગોફણના ચાડામાંથી પત્થર ફેંકી દે તેમ ફેંકી દેશે.

દાઉદે ગોલ્યાથને મારી ઈસ્ત્રાએલનો તથા શાઉલનો બચાવ કરેલો, એ તે જાણતી હતી. તેનો વિજય યહોવાથી હતો. એવી પણ તેને ખાતરી હતી. તે યહોવાની બીક રાખતી ને તેના પર ભરોસો રાખતી. યહોવા પોતાથી બીનારને આશીર્વાદ આપે છે અને તેમનું રક્ષણ કરી ઉચ્ચપદે સ્થાપે છે, એવો તેનો દઢ વિશ્વાસ હતો. દાઉદને તેણે ઘણાં શુભ વચનો કહ્યાં અને આણેલી ભેટ આપી કરાએલા અપમાનની માફી માગી. યહોવા પરના ભરોસાથી એ સર્વ ઉપરાંત તેણે એમ પણ કહ્યું, કે યહોવા તને સ્થાપિત કરે, ત્યારે તારી આ સેવીકાને યાદ કરજે. તેની ચતુરાઈ અને તેનો વિવેક, ઈશ્વરનાં વચનમાં તેની આસ્થા અને તેના કદરદાની, તેની ભેટ અને તેની નમ્રતા, તેનાં હિતેચ્છુ વચનો અને તેને આપેલું માન જોઈને દાઉદે નાબાલનો નાશ કરવાનો વિચાર માંડી વાળ્યો. અને તેને અભય વચન આપીને કહ્યું, શાંતિએ તારે ઘેર જા, તારી વાણી મેં લક્ષમાં લીધી છે. તું વહેલી આવી ન હોત, તો મેં મારે હાથે મારું વેર વાળ્યું હોત.

નાબાલ પાસે તે પાછી આવી, તો નાબાલ ખૂબ પીધેલો અને ભારે આનંદમાં હતો. તેથી તેણે પોતે શું કર્યું એમાંનું કશું સવાર સુધી તેને કહ્યું નહિ. સવારે જ્યારે તેની કેફ ઉતરી, ત્યારે તેણે કરેલી મૂર્ખાઈ તેને કહી બતાવી. આ સાંભળીને તેને ખૂબ પસ્તાવો થયો અને દાઉદ હવે અમારું રક્ષણ નહિ કરે, એવી બીકથી તેનાં હોશકોશ ઉડી ગયા. તેના મને તેને માર્યો. દાઉદ વિષેનું સત્ય તે જાણતો હતો, છતાં તે ન ગણકારતાં તેનું અપમાન કર્યું. એ સત્ય વિરોધી વર્તનથી તેને ભારે દુઃખ થયું. એ પછી દસ દિવસમાં જ યહોવાએ તેને માર્યો. તે મરણ પામ્યા પછી દાઉદે અબીગાઈલ સાથે લગ્ન કર્યાં.

આ વાતમાં આપણે જોઈએ છીએ કે કેટલીક સ્ત્રીઓના ધણી બહુ હોશિયાર હોતા નથી. તેમનાં કરતાં તેમની સ્ત્રીઓ વધારે ચાલાક અને બુદ્ધિમાન હોય છે. ઘર કેમ ચલાવવું, છોકરાંને કેમ ઉછેરવાં, ઘરકામની વ્યવસ્થા કેવી રીતે કરવી અને આબરૂભેર ઉજ્જવળ જીવન ગાળવું એ બધું એ સ્ત્રી જ કરે છે, જ્યારે તેના વરને એમાંની કશીયે પડી હોતી નથી. એ નાબાલ જેવા બુડથલ હોય છે.

આવા વરને સ્ત્રી તજી દેતી નથી, પણ પોતાની અક્કલ હોશિયારીથી ઘર ચલાવે છે અને વ્યવહાર સાચવે છે. તે આળસમાં દહાડા ગુજારતી નથી, પણ પોતાને હાથે ઘણું કામ કરે છે.

સીવણ, ગુંથણ, ભરત, ઘરવાડી વગેરે કરે છે. અને એક વેપારીની જેમ ઉદ્યોગ કરી ઘરમાં કમાણી કરે છે. આજે સ્ત્રીઓ આવું કામ કરવા ઉપરાંત નોકરી પણ કરે છે. નવરાશને વખતે ગપ્પાં મારવામાં કે પરાઈ કૂથલી કરવામાં તે પોતાનો સોનેરી સમય ગાળતી નથીં. આથી તેને યહોવાની કૃપા પ્રાપ્ત થાય છે. છોકરાંને ધર્મશાસ્ત્ર શીખવે છે અને તૈયાર કરીને સાબ્બાથ શાળા અને સભામાં સાથે લઈ જાય છે. તે પોતે ઈશ્વર આગળ કારભારી છે એવું તેને ભાન છે. આવી સ્ત્રીને ધન્ય છે. તે ઈશ્વરથી આશીર્વાદિત છે.

**પ્રશ્ન :** અબળ પતિની સ્ત્રી પોતાનો ઘર સંસાર શી રીતે સુધારી શકે? નિર્બળ પતિને તજવા બાબતે ઈશ્વરની મરજી કેવી હશે? પ્રત્યેક ડાહી સ્ત્રી પોતાનું ઘર બાંધે છે. પણ મૂર્ખ પોતાને હાથે તોડી પાડે છે.

# ૧૯. યહોવાથી રક્ષણ-એસ્તેરની વાત

## શાસ્ત્રવાચન

એસ્તેર ૪:૧૩-૧૭.

## હેતુ

જોખમ ખેડીને પણ સારું કરવું.

## પસંદ કરેલાં વાક્યો

યહોવા વિશ્વાસીઓનું રક્ષણ કરે છે. નીતિ. ૩૧:૨૩. મોટાં પાણીની રેલ તને પહોંચશે નહિ. ગીત. ૩૨:૬. ન્યાયીઓની હાંક પ્રત્યે તેનાં કાન ઉઘાડો. ગીત. ૩૪:૧૫. ન્યાયીનાં દુઃખ ઘણાં છે, પણ એ સર્વમાંથી યહોવા છોડાવે છે. ગીત. ૩૪:૧૯. દેવ આપણો આશ્રય અને સંકટને સમયે હાજરાહજૂર મદદગાર છે. ગીત. ૪૬:૧. યહોવા તમારે માટે યુદ્ધ કરશે. તમારે શાંત રહેવું. નિર્ગ. ૧૪:૧૪.

## મનન વિચાર

'પૂરી એક અંધેરી અને ગંડુ રાજા' ના જેવું દૃષ્ટાંત આ આહાશ્વેરોશ રાજાએ તથા તેના કારભારીઓએ પૂરું પાડ્યું છે. મહેમાનોની આગળ પોતાની પટરાણીના રૂપનું પ્રદર્શન કરવાની રાજાની ઇચ્છાને વાશ્તી રાણીએ ના પાડ્યાથી રાજાને તેના પર ક્રોધ ચઢ્યો. રાણીનું શું કરવું તે વિચારવા ને કરાવવા તેણે મુખ્ય આગેવાનોને એકઠા કરીને તેમની સલાહ લીધી. સર્વેએ એવો મત જાહેર કર્યો, કે રાણીએ રાજાનો હુકમ માન્યો નથી, એ જાણીને લોકોની સ્ત્રીઓ પોતાના ધણીનો હુકમ માનશે નહિ; આ ખોટું ઉત્તેજન સ્ત્રીઓને મળે નહિ માટે રાણીને પદ્દ્ભ્રષ્ટ કરીને અનેક સુંદર કુમારીઓમાંથી પોતાને માટે એક સુંદર કુમારી પટરાણી

તરીકે પસંદ કરવી. પરિણામે અનેક કુંવારીઓની જીંદગી બગડી અને છેવટે એસ્તેર યહુદેણને પ્રભુએ કૃપા પમાડી.

બાબેલનો રાજા યહૂદીઓને ગુલામ કરીને લઈ ગયો હતો. તેમાંનો એક મોર્દખાય નામે પુરુષ હતો. તે રાજાના દરબારમાં દરવાન હતો. તેણે પોતાના કાકાની અનાથ દીકરીને પાળી પોષીને મોટી કરી હતી. તેનું નામ એસ્તેર હતું. તે પટરાણી તરીકે પસંદ કરાઈ.

રાજાનો જીવ લેવાનાં કાવતરાની મોર્દખાઈને જાણ થયાથી એ વાત તેણે એસ્તેરને કાને નાખી અને એસ્તેરે રાજાને કહી તપાસ કરતાં કાવતરું પકડાયું ને ગુનેગારોને શિક્ષા થઈ. આ વેળા હામાન નામે એક માણસ રાજાનો પ્રધાન હતો. તે નીચ બુદ્ધિનો દ્વેષીલો અને ગર્વિષ્ઠ હતો. તેને બધા ઝૂકી ઝૂકીને સલામ કરતા, પણ મોર્દખાય તેમ કરતો નહિ. આથી હામાને કેવળ મોર્દખાયને જ નહિ પણ તેની આખી કોમને મારી નંખાવાનો કાયદો રાજા પાસે કરાવ્યો, અને મોર્દખાયને ફાંસીએ ચઢાવવા પોતાના વાડામાં જ માંચડો ઊભો કર્યો. આ વાત મોર્દખાયની જાણમાં આવ્યાથી તેણે એસ્તેરને કહાવ્યું, કે તું રાજમહેલમાં છે. એથી તારો જીવ બચશે નહિ, કેમ કે તું પણ યહૂદી છે માટે તારો અને તારી પ્રજાનો જીવ બચાવવા તને સૂઝે તેવો માર્ગ લે.

રાણીએ ઉપવાસ સહીત પ્રાર્થના કર્યા પછી રાજાની હજૂરમાં જવાનો ઠરાવ કર્યો. રાજાના બોલાવ્યા વગર તેની હજૂરમાં જનારને મારી નાંખવામાં આવતો છતાં રાણીએ કહ્યું, રાજા મને મારી નાખે, તો ભલે મારી નાખે, પરંતુ વગર બોલાવે પણ હું તેની હજૂરમાં જઈશ. તે ગઈ અને રાજા તેને જોઈને ખુશી થયો ને તેને પૂછયું, કે આવવાનું કારણ શું છે?

રાણીએ કહ્યું, તમે અને હામાન મારા નિવાસે મિજબાનીમાં

આવો. રાજા કબૂલ થયો. હામાન પણ ફૂલ્યો! રાણી જેવાં મને આવું માન આપે છે, પણ મોર્દખાય આપતો નથી માટે તેને તાબડતોબ મારી નંખાવીશ. તેને માટે ઘર પાછળ ફાંસી ચોઢીને રાજાની પરવાનગી લેવા વહેલી સવારે મહેલે ગયો.

તે રાજાને ઊંઘ ન આવ્યાથી કાળવૃતાંતનો ઈતિહાસ વંચાવવા માંગ્યો. તેમાં મોર્દખાઈની ભલાઈની વાત નીકળી. રાજાએ પૂછ્યું, આ કામને માટે તેને કંઈ ઈનામ અપાયું છે? જવાબ મળ્યો કે નહિ. દરવાજે ઊભેલા હામાનને બોલાવીને પૂછ્યું, રાજા કોઈને માન આપવા ચાહે, તો શી રીતે આપવું? હામાને જાણ્યું કે મને જ આપશે, માટે કહ્યું, કે રાજાના ઘોડા પર બેસાડીને શહેરમાં સરઘસ ફેરવી નેકી પોકરાવવી કે બધા જાણે કે રાજા જો કોઈથી ખુશ થાય, તો આ રીતે માન આપે છે. રાજાએ કહ્યું, જા ને મોર્દખાયને તેં કહ્યું, તેવું કર. આથી હામાનના સાંધા ઢીલા થઈ ગયા!

બીજા દહાડાની મિજબાની પછી રાજાએ પૂછ્યું, કે રાણી, તમારી ઇચ્છા શી છે? હું તમારે માટે શું કરું? રાણીએ કહ્યું મને જીવતદાન આપો. પછી હામાનની બધી વાત કહી સંભળાવી. રાજા ક્રોધથી ગાંડો બની ચોકમાં ફરવા લાગ્યો, એટલામાં રાણી જે પલંગ પર બેઠી હતી. તે પર હામાન ઊંધો પડીને કાલાવાલા કરવા લાગ્યો. રાજાએ આ દેખાવનો બીજો અર્થ કરી તેને ફાંસીએ દેવાનો હુકમ કર્યો. ખવાસે તરત કહ્યું કે એના વાડામાં જ ફાંસી ચોઢેલી છે. રાજાએ ત્યાં તેને ફાંસીએ દેવડાવ્યો, અને બીજો હુકમ કાઢી જાહેર કર્યું, કે હે યહૂદીઓ, તમારો જાન લેવા આવનારાનો જાન લેવાની તમને પરવાનગી આપવામાં આવે છે. એમ રાણી, મોર્દખાય અને યહૂદી કોમ બચાવ પામી. આ તો એક રમુજી વાર્તા છે, પણ એમાં પોતાની બીક રાખનારને ઈશ્વર કેવી અજબ રીતે બચાવે છે, તેનો દાખલો મળે છે.

**પ્રશ્ન :** એસ્તેર જીવને જોખમે રાજા પાસે ન ગઈ હોત તો શું થાત?
દ્વેષબુદ્ધિનું પરિણામ કોને ચાખવું પડે છે?

## ૨૦. જ્ઞાનની ભૂખી શેબાની રાણી

### શાસ્ત્રવાચન

૧ રાજા ૧૦; ૧-૭.

### હેતુ

જ્ઞાન મેળવવા ઉત્તેજન આપવું.

### પસંદ કરેલાં વાક્યો

જ્ઞાન ગલીએ ગલીએ પોકારે છે. ની.વ. ૧;૨૦. દાટેલા દ્રવ્યની પેઠે જ્ઞાનની શોધ કર, તો દેવનું જ્ઞાન તારે હાથ લાગશે. ની.વ. ૨;૪,૫. શેબાની રાણી પૃથ્વીને છેડેથી સુલેમાનનું જ્ઞાન સાંભળવા આવી. માથ્થી ૧૨;૪૨. તારી પોતાની અક્કલ પર આધાર ન રાખ. ની.વ. ૩;૫. કીડી પાસે જ અને તેના માર્ગોનો વિચાર કરીને બુદ્ધિ પકડ. ની. વ. ૬;૬. જ્ઞાન હીરામાણેક કરતાં ઉત્તમ છે. ની.વ. ૮;૧૧. યહોવાનું ભય એ જ્ઞાનનો આરંભ છે. પવિત્ર ઈશ્વરને જાણવો એ બુદ્ધિ છે. નીવ. ૯;૧૦.

### મનન વિચાર

દાઉદ અને બાથશેબાના પુત્ર સુલેમાને રાજપદ ધારણ કર્યા પછી તેણે યહોવાને પ્રેમપૂર્વક યજ્ઞો ચઢાવ્યાં. યહોવાએ તેના પર પ્રસન્ન થઈને તેને સ્વપ્ન દર્શન દેતાં કહ્યું, માગ, હું તને શું આપું? એથી સુલેમાને જ્ઞાનની માગણી કરતાં કહ્યું, "તારા સેવકને

સમજુક હૃદય આપ, કે હું યથાયોગ્ય ન્યાય કરી શકું." આ માગણીથી પ્રસન્ન થઈને યહોવાએ તેને એટલો બધો આશીર્વાદ દીધો કે રાજ્યની વૃદ્ધિ અને સમૃદ્ધિ બેહદ થઈ. એટલું જ નહિ, પણ તે એટલો વિદ્વાન થયો, કે એ જમાનામાં એવો જ્ઞાની કોઈ ન હતો. પૃથ્વીના રાજાઓ તેનું જ્ઞાન સાંભળવા અને તેની ચતુરાઈ જોવા તેની મુલાકાતે આવતા. ૧ રાજા. ૪;૨૯-૩૪.

ભક્તિ કરવા સારુ તેણે એવું તો સુંદર મંદિર બાંધ્યું કે દુનિયાની અજાયબીઓમાં તે મુખ્ય ગણાતું. સોને મઢેલા મંદિરમાં હીરામાણેક જડેલા, કોતરણીની ખૂબીઓવાળાં સાધનસામગ્રી એવાં તો આકર્ષક હતાં, કે જે જોઈને લોકોનું ધ્યાન યહોવા તરફ પણ આકર્ષાય અને ભક્તિભાવે રસમય થાય.

આવી તેની જાહોજલાલી અને જ્ઞાનની કીર્તિ સાંભળીને અરબસ્તાનના દક્ષિણ ભાગમાં રાજ કરતી શેબાની રાણી અઘરા પ્રશ્નોથી તેના જ્ઞાનની પારખ કરવા અતિમૂલ્યવાન નજરાણું લઈને આવી. સુલેમાન રાજાએ તેના બધા પ્રશ્નોના એવા સચોટ ઉત્તર આપ્યા, કે તે સાંભળીને એ છક્ક થઈ ગઈ! તે બોલી, કે મેં જે સાંભળેલું, એ તો હું જે અત્યારે જોઈ રહી છું, તેનું અર્ધું યે ન હતું!

આ રાણી વિષે અનેક દંતકથાઓ ચાલે છે. એમ કહેવાય છે, કે ઈથીઓપીઓનું રાજ્ય આ રાણીને સુલેમાન રાજાથી થએલા પુત્રના વંશજોનું છે. એડનમાં બંદર પર પાણીનો સંગ્રહ કરવા પત્થરની માળવાળી ટાંકીઓ છે, તે શેબાની રાણીએ બંધાવેલી. આ ટાંકીઓ હજી મુસાફરો જોવા જાય છે.

શેબાની રાણીના જ્ઞાનનો અને તેણે સુલેમાન રાજાને જે જે નજરાણું આપ્યું તેનો વિચાર કરતાં તેના વૈભવનો ખ્યાલ થઈ શકે. તે કેટલી જ્ઞાની હશે, કે સુલેમાન જેવા ચક્રવર્તી રાજાના

જ્ઞાનની પરીક્ષા કરવા કઠણ પ્રશ્નો લઈને તેની પાસે આવવાની તેણે હિંમત કરી! ખરેખર, જ્ઞાન કોઈના બાપનું નથી. સુલેમાને લખ્યું કે જ્ઞાન તો ચોરે ચકલે, ગલીએ ગલીએ, જ્યાં પગ મૂકો ત્યાં પોકારી રહ્યું છે. માણસે માત્ર શિખવાની વૃત્તિ જ રાખવી જોઈએ. જે માણસ જિજ્ઞાસુ વિદ્યાર્થી રહે છે, તેજ આજે જે જોઈએ છીએ તેની નવી નવી શોધો કરીને જગતને આશીર્વાદરૂપ થઈ જાય છે.

સુલેમાને લખ્યું કે કીડીઓ પાસેથી પણ ઘણું શિખવાનું મળે છે. જો માણસ તેનું અવલોકન કરે, તો તેનો માર્ગ, તેનો સંગ્રહ, તેનો ઉદ્યમ તેની એકતા વગેરે વિષે ઘણું શિક્ષણ મળે તેમ છે. આળસુ અને દર્શન વગરનાં માણસો સુખી થવા પામતાં નથી.

દબોરાહ, મરિયમ, હુલ્દાહ, આન્ના, ફિલિપની કુંવારી છોકરીઓ ભવિષ્યવાદેણો હતી. ઝાંસીની રાણી અને રજીયાબેગમ યુદ્ધમાં ઝઝુમતી. રાણી વિક્ટોરિયા અને એલીઝાબેથ રાણી હોવા છતાં તેમનાં ચારિત્ર અને કાર્ય કુશળતા પ્રશંસનીય નિવડ્યાં છે. આ બધી સ્ત્રીઓ જ હતી.

આજે પણ ચુલામાંથી બહાર નીકળીને કેટલી બધી સ્ત્રીઓ રાજવ્યવસ્થામાં માથું મારી રહી છે! પરદેશમાં એલચીઓ અને રાજયના મહેમાનો તરીકે આવજા કરે છે! આપણી બહેનો શિક્ષિકાઓ અને નર્સો તરીકે નામ શોભાવે છે, એટલું તો ઠીક છે તેમ છતાં દેવના રાજ્યમાં કારભાર કરતી મીસ સાહેબોનો પણ વિચાર કરો.

અક્કલ આકાશથી ઉતરી. આવી પહોંચી બાંટ,
કોઈ ભરી ગયા મૂઠી અને કોઈ ભરી ગયા ફાંટ!

સ્ત્રી ઉન્નતિનાં સંજોગો વિષે ચર્ચા કરો ને રસ્તા શોધો.

## ૨૧. આપણું શરીર દેવનું મંદિર છે

### શાસ્ત્રવાચન

૧ કોરિં. ૬;૧૨-૨૦.

### હેતુ

શરીરની પવિત્રતાને ઉપયોગિતા સમજાવવી.

### પસંદ કરેલાં વાક્યો

તમારું શરીર દેવનું મંદિર છે ને દેવનો આત્મા તેમાં વસે છે. તમારું શરીર ખ્રિસ્તના અવયવો છે, અને તમે પોતાનાં નથી. તમારું શરીર તથા આત્મા દેવનાં છે તેઓ વડે દેવને મહિમા આપો.

દેવની દયા ધ્યાનમાં લઈને તમારાં શરીરનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો. રૂમી ૧૨;૧. તમારા મરનાર શરીરોમાં પાપને રાજ કરવા ન દો. તેની કુઈચ્છાને આધીન ન થાઓ. તમારાં અવયવોને અન્યાયનાં હથિયાર થવા સારુ પાપને ન સોંપો. રૂમી ૬; ૧૩.

### મનન વિચાર

દેવે માણસને બનાવીને તેનાં શરીરમાં પોતાનો આત્મા મૂક્યો. એ આત્મા દેવના આત્મા સાથે સંગત રાખે છે. એથી માણસનું શરીર દેવનું મંદિર ગણાય છે, કેમ કે એમાં દેવનો આત્મા વસે છે. દેવનું મંદિર હોવાથી તે પવિત્ર છે. કુંવારાં છોકરાં કે યુવાનો સૌ દેવની મિલકત છે. છતાં એ પારકે હવાલે જઈ પડેલી, તેને પ્રભુ ઈસુએ પોતાના લોહીથી ખરીદી લીધી. એટલે આપણું શરીર અને તેમાંનો આત્મા ઈશ્વરનાં હતાં અને થયાં.

મંડળી એ સમગ્રપણે દેવનું મંદિર છે. એ મંદિરની બાંધણીમાં દરેક ખ્રિસ્તી એકેક પત્થર તરીકે જોડાએલ છે. એમ આપણે વ્યક્તિગત મંદિર છીએ અને સમગ્રપણામાં મંદિરનો ભાગ છીએ. આ કેવો મોટો આશીર્વાદ! એ રીતે શરીર દેવનું છે, ને શરીરનો દરેક અવયવ પણ દેવનો છે અને પવિત્ર છે.

કુંવારા દેવને સારુ પવિત્ર મંદિર છે. પરણેલાં સમગ્રપણે એક હોઈને તે પણ દેવનું એક પવિત્ર મંદિર છે. એ મંદિરોને કોઈ રીતે નુકશાન ન થાય, એ જોવાનું કામ આપણા આત્માનું છે. તેમ જ તે વ્યભિચારથી ભ્રષ્ટ ન થાય એ પણ સાચવવાનું છે.

જૂના કરારમાં આપણે વાંચીએ છીએ, કે દેવની હાજરી સૂચક કરારકોષ મંડપમાં દેવે રખાવેલો. એ કોષ કે પેટી વિષે એવો કરાર હતો, કે પ્રમુખ યાજક સિવાય કોઈ તેને અડકે નહિ. બીજો જે અડકે તે ગમે તે હોય, પણ દયા વગર માર્યો જ જાય. એમ જ શરીર એ દેવનો કરારકોષ છે. જો કોઈ તેને સ્પર્શે કે ભ્રષ્ટ કરે, તો તેને મારી નાંખવાનો હુકમ હતો. પરણેલું જોડું કરારથી એકબીજા સાથે બંધાઈને પવિત્ર થાય છે. એમાંનું ગમે તે કોઈ બીજા શરીરનો અયોગ્ય સ્પર્શ કરે, વ્યભિચાર કરે, તો તે પણ મરણથી શિક્ષાને પાત્ર ઠરે છે.

આ પરથી આપણે જોઈ શકીએ છીએ, કે શરીર પવિત્ર છે. તેને પોતાના મહિમાવાન ઉપયોગને સારુ દેવે બનાવ્યું છે. તેની પવિત્રતા સર્વાંશે જાળવવાની છે. શરીરનો ઉપયોગ અયોગ્ય રીતે થાય એ મોટો ગુનો છે. એ ગુનાની શિક્ષા ઈશ્વરે ઠરાવી છે, અને એનો અમલ પણ કર્યો છે.

ઈસ્રાએલીઓ આ વિષે ગાફેલ બન્યા. અને વ્યભિચારમાં પડ્યા, ત્યારે દેવે જમાતમાં મરકી મોકલી. એ દુરાચાર અટકાવવા આગેવાનોએ પગલાં ન ભર્યાં; ત્યારે દેવ તેમના પર પણ

કોપાયમાન થયો. વ્યભિચારીઓને જમાત બહાર કાઢીને પથ્થરે મારી નાંખવાનો કાયદો હતો. એ પરથી એ પાપની ભયંકરતા આપણે સમજી શકીશું. જે કુટુંબમાં આ દુરાચાર પેસે છે, તેમાં કેટલું બધું દુ:ખ ઊભું થાય છે, એ આપણી જાણ બહાર નથી. એમને દુ:ખ પડે એ તો એક વાત, પણ એ દુરાચારનું ખમીર સમાજમાં અબળ પાત્રોને પણ ખમીરી બનાવે છે, એ ભયંકર વાત છે. એવાંને શારીરિક શિક્ષા માટે શેતાનને સોંપવાની સલાહ પાઉલે આપી છે. ૧ કોરિં. ૫; ૫.

ભૂલો મા, દેવના ઠઠ્ઠા કરાતા નથી. દેવની આજ્ઞા તોડવી એ રમત વાત નથી. હરેક આજ્ઞાભંગ પાછળ અનેક તરેહની શિક્ષા અને ભારે સંતાપ છે. સમાજમાં કે અન્યત્ર વ્યભિચારમાં પડેલાંનો ઈતિહાસ તપાસો, તો તમને કંપારી છૂટશે. કેટલી ફજેતી! કેટલું અપમાન! કેટલું નુકસાન! કેટલો ખેદ! કેટલો ત્રાસ! વ્યભિચારથી નાસો. રૂમી ૧૨;૧.૨. વાંચો તમારાં શરીરોનું જીવતું, પવિત્ર અને દેવને પસંદ પડે એવું અર્પણ કરો. તમારાં મનોનાં નવીન કરણથી બદલાઈ જાઓ, કે દેવની સુખદાયક ઇચ્છા સમજી શકો. જયારે શરીર તાકાતવાન છે; એટલે જુવાનીમાં જીવતું ગણાય છે, ત્યારે તેનું અર્પણ કરો. ઈશ્વરની ઇચ્છા પ્રમાણે વપરાવાનો નિશ્ચય કરી અર્પણ થાઓ. પાપથી ભ્રષ્ટ થયા વગરનાં સાજા તાજાં શરીરનો પ્રભુને ખપ છે.

પક્ષીઓ પોતાનાં માળામાં માણસોના વાળ લઈ જઈને મૂકે છે, પણ કોઈ માણસના માથા પર વાળના ગુચ્છામાં તે માળો બાંધતાં નથી કે ત્યાં ઈંડા મૂકતાં નથી. દુષ્ટ વાસનાવાળા માણસો પોટીફારની સ્ત્રીની પેઠે માગણી કરે, લલચાવે, ફસાવે કે પકડે, તોયે યૂસફની પેઠે નાસી જવામાં બહાદુરી અને આબાદી છે તેના પર તોહમત મૂકીને તેને માથે ખોટું આળ ચઢાવ્યું, તેને શિક્ષા પણ

કરાઈ, પણ એ સર્વનો બદલો ઈશ્વરે કેવો આપ્યો તેનો વિચાર કરો.

શરીર દુરાચારોને અર્થે નથી, પણ સેવાને સારુ બનાવાયું છે. જેમ ખોરાક શરીરને સારુ છે, તેમ શરીર સેવાને સારુ છે. જે પોતાના શરીરને પવિત્ર રાખે છે, તે જરૂર તેનો મહિમાવાન બદલો પામે છે. દૈહિક ભાવ મરણ છે, પણ આત્મિક ભાવ જીવન તથા શાંતિ છે. યાદ રાખીએ કે પ્રત્યેક શરીર પ્રભુનું મંદિર છે તે પવિત્ર છે. પવિત્રાઈનો ભંગ મરણ છે.

**પ્રશ્ન :** શરીર પ્રભુનું મંદિર કેવી રીતે કહેવાય? એની પવિત્રતા કઈ કઈ રીતે જળવાય?
શરીરનો ખરો ઉપયોગ શો છે?

## ૨૨. મંડળી પ્રભુનું મંદિર ને તેનું બંધારણ

**શાસ્ત્રવાચન**

પ્રે.કૃ. ૨૦; ૧૮-૨૧, ૨૭-૩૫.

### હેતુ

પ્રભુ ઈસુ આપણી જીવન ચાલનો નમૂનો છે એ બતાવવું.

**પસંદ કરેલાં વાક્યો**

હું ઉત્તમ ઘેટાંપાળક છું. ઘેટાંને માટે મારો જીવ આપું છું. મારા બીજાં પણ ઘેટાં છે, જે વાડામાંનાં નથી, તેઓને પણ મારે (મારા વાડામાં) લાવવાની જરૂર છે. તેઓ એક ટોળું અને એક ઘેટાંપાળક થશે. યોહાન ૧૦;૧૬.

મેં તમને શું કર્યું એ તમે સમજો? જેમ મેં ગુરૂ તથા પ્રભુ

હોઈને તમારા પગ ધોયા, એમ તમે પણ કરો, એ માટે મેં તમને નમૂનો આપ્યો છે. યો. ૧૩; ૧૨-૧૫. જો તમે મારા પર પ્રેમ કરતા હશો, તો તમે મારી આજ્ઞાઓ પાળશો. યો. ૧૪-૧૫. ખોવાએલું શોધવા તથા તારવા સારુ હું જગતમાં આવ્યો છું. જે મારા પર વિશ્વાસ કરે છે, તેનો નાશ કદી થશે નહિ, પણ અનંતજીવન પામશે. લૂક ૧૯;૧૦. યો. ૧૫; ૪૦. પીતરે કહ્યું, તું મસીહ જીવતા દેવનો દીકરો છે. પ્રભુ ઈસુએ કહ્યું, આ પત્થર ઉપર હું મારી મંડળી બાંધીશ, અને તેની વિરુદ્ધ હાડેસની દરબારનું જોર ચાલશે નહિ. માથ્થી. ૧૬; ૧૮.

જે પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવતો નથી, તે મારે યોગ્ય નથી. માથ્થી. ૧૦; ૧૮.

## મનન વિચાર

ઉપરના વાક્યોથી પ્રભુ ઈસુએ શિષ્યમંડળીને સમજાવ્યું, કે ધર્મને નામે જ સંસ્થાઓ ચાલે છે, તેમાં ઈશ્વરી રાજ્યના સિદ્ધાંતો જળવાતાં નથી અને એ જાળવવા જેટલી તાકાત મેળવવાની તેમાં વ્યવસ્થા કે જોગવાઈ પણ નથી, એ માટે હું આકાશી રાજ્યના ધોરણે મારી મંડળી બાંધીશ.

એ મંડળીનું બંધારણ પ્રીતિ, પવિત્રાઈ અને ભ્રાતૃતા છે.

એના જીવનની ચાલ ક્ષમાભાવ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા ને સ્વદમન છે.

એનો નમૂનો પોતે ખ્રિસ્ત અને એનો ભાવ સ્વનકાર છે.

એની માન્યતા ઈશ્વર પિતા છે, ખ્રિસ્ત ઉદ્ધારનાર કે ત્રાતા છે અને પવિત્ર આત્મા તેનું જીવન કેન્દ્ર છે.

એ મંડળીમાં જાતિભેદ કે લિંગભેદ નથી.

એ મંડળીને કોઈ સત્તા ઉથલાવી નાખી શકતી નથી. કારણ કે ખુદ ત્રિએક ઈશ્વર તેનો માલિક છે.

એ મંડળીના સભાસદોની યોગ્યતા પ્રભુ ઈસુની યોગ્યતા જેવી હશે, તેથી તેમને વિષે કહ્યું, કે તમે જગતનું મીઠું છો. જગતને કહોવાતું અટકાવી સ્વાદિષ્ટ બનાવો. વળી બીજી ઉપમા આપતાં કહ્યું કે તમે જગતનું અજવાળું છો, તે એવું પ્રકાશવા દો, કે તમારી જીવનચાલથી બીજાને પ્રકાશ મળે. મંડળીની ચાલનો પાયો પ્રભુ ઈસુનો નમૂનો અને તેમની આજ્ઞાઓ છે. તેમની આજ્ઞાનું પાલન એ તેમના પ્રત્યેના પ્રેમની ખાતરી છે.

અસલની મંડળીમાં સભાસદો અને જીવના અને એક મનના હોઈ પવિત્ર આત્માથી ભરપૂર રહી પ્રભુના પ્રેમની સાક્ષી આપતા, ગરજવાનની ગરજો પૂરી પાડવા પોતાના સર્વસ્વનો ભોગ આપતાં. પ્રીતિ પવિત્રાઈને ક્ષમા ભાવે સેવા કરવી એ તેમનું ધ્યેય હતું. આગળ જતાં મંડળીમાં જીવન ધોરણ હલકું થતું ગયું; ત્યારે મંડળીને ખરે ચીલે ચલાવવા તથા ચાલવા સારુ પોતાની સમજ પ્રમાણે જૂથો જુદા પડ્યાં. આ જૂથો આજની જુદી જુદી મંડળીઓ છે.

બગાડાની અને સુધારાની કટોકટીના સમયમાં કેટલાક લોકોએ શાસ્ત્રનો બારીક અભ્યાસ કરવા માંડ્યો. એ અભ્યાસ, મનન અને પ્રાર્થના પછી પવિત્ર આત્માની દોરવણીએ તેઓએ સાદું અને પવિત્રજીવન ગાળવાનો નિશ્ચય કર્યો. ખ્રિસ્તને પગલે ચાલવા માટે શાસ્ત્ર એટલે ખ્રિસ્તના શબ્દોને પોતાના વિશ્વાસ અને વર્તનનું ધોરણ ગણ્યું. આ ચાલ કેટલાકને ગમી અને કેટલાકને ન પણ ગમી. બીજાના મતની તથા તેમની ટીકાની અને પજવણી તથા ખીજવણીની દરકાર કર્યા વિના આવા ભાઈઓ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે જીવન ગાળવા બીજાઓથી જુદા થયા અને

વ્યવહારિક વર્તણૂકના નિયમો બાંધ્યાં. જેવા કે,

૧. પરહેજગારીને સ્થાન આપ્યું. જે જે પદાર્થો શરીર અને આત્માને ઉત્તેજન આપવાને બદલે નુકસાન કરે છે તે સર્વની વપરાશથી દૂર રહેવું, તેમ જ તેનાં વાવેતર કે વેપાર સુદ્ધા ન થાય એવું ઇચ્છયું.

૨. લડાઈ અને રાજકીય ઝગડામાં ભાગ ન લેવો, પણ સલાહ શાંતિ કરવામાં અને કરાવવામાં જીવાળ ફાળો આપવાનું યોગ્ય માન્યું. માંહોમાંહેના ઝગડાની પતાવટ માટે સરકારે ન ચઢવાનું ઠરાવ્યું.

૩. પહેરવેશ અને રહેણીકરણીમાં સાદાઈ સ્વીકારી. ઘરેણાં ને કિંમતી પોશાક શોભાને સારુ જરૂરી નથી. શરીરનાં રક્ષણને માટે જે ઉપયોગી છે તે વાપરવાનો ભાવ રાખવો. જે વાનાં રક્ષણાત્મક નથી, તેનો વપરાશ દૈહિક ભાવનાની પોષક છે. ઘરેણાં ન પહેરનારાં અને સાદાઈથી રહેનારાં પેલાં પાપ કરનારાંથી કદરૂપાં દેખાતાં નથી. સાદાઈનો મહાન સદ્‌ગુણ સ્વીકારો.

૪. સમ ખાવાં, જુગાર કે સટ્ટો રમવો, નાતજાતના કે ઊંચનીચના ભેદ રાખવા, એ શાસ્ત્રશિક્ષણની અને ભ્રાતૃભાવથી વિરુદ્ધ છે, માટે તેને ત્યજ્ય ગણવાં.

નિત્ય જીવનમાં આવી કેટલીક વાતો અમલમાં લેવામાં આવે, તો જીવન કેટલું બધું સુખ શાંતિ ભર્યું થઈ જાય! મંડળીને શુદ્ધ રાખવા માટે દરેક ખ્રિસ્તી વ્યક્તિએ પોતાને શુદ્ધ રાખવું અને બીજાને તેવા થવા નમૂનારૂપ તથા મદદરૂપ થવું.

લગ્ન જેવાં પ્રસંગોએ ખાલી ઠાઠ અને ભભકો દેખાડવા જે ખર્ચ કરવામાં આવે છે, તેમાંનું કેટલું બધું નકામું ખર્ચ છે, એનો

વિચાર કરો. દાખલા તરીકે વાજાં વગાડાવવાં. આનંદ માટે એ ખોટું નથી, પરંતુ એકનું જોઈને દેખાદેખીથી કે ચઢાચઢીથી શક્તિ ન છતાંએ બીજો તેવું કરે, એ આ બીજાને ઠોકરરૂપ છે. ઉચિત છતાં ઉપયોગી ન હોય, કે પોતાને યા બીજાને સંસ્થાપન કારક ન હોય તે ન કરવા માટે કાળજી રાખવી જોઈએ. સીનેમાનાં ગીતો ફૂંકતું માઈકનું ભૂંગળું ખોટું ખર્ચ છે.

**પ્રશ્ન** : મંડળીને ખ્રિસ્તનાં ધોરણ પર રાખવા સારુ આપણે શું શું કરી શકીએ?
પાપકારક ન છતાં બીન ઉપયોગી કે બીજાંને ઠોકરરૂપ વાનાં શાં શાં હોય છે?

## ૨૩. મંદિરની બાંધણીમાં સ્ત્રીઓનો ફાળો

### શાસ્ત્રવાચન

લૂક ૮; ૧-૩; પ્રે. કૃ. ૯; ૩૬-૪૧.

### હેતુ

પ્રભુમાં સ્ત્રીની સેવા સમજાવવી.

### પસંદ કરેલાં વાક્યો

જે થાનને તું ધાવ્યો, તેને ધન્ય છે. પ્રભુ ઈસુએ કહ્યું, એ કરતાં જેઓ દેવની વાતો સાંભળે છે, તથા પાળે છે તેઓને ધન્ય છે. લૂક ૧૧;૨૭, ૨૮. બીજી ઘણી સ્ત્રીઓ જેઓ પોતાની પૂંજીમાંથી તેની સેવા કરતી, તેઓ પણ તેની સાથે હતી. લૂક ૮;૩. બાઈ તારો વિશ્વાસ મોટો છે. જેવું તું ચાહે છે, તેવું તને થાય. માથ્થી ૧૫;૨૮. જે વિશ્વાસ તારી વડિયાઈ લોઈસમાં

ને તારી મા, યુનીકેમાં હતો. એ તારામાં છે, તું બાળપણથી પવિત્રશાસ્ત્ર જાણે છે, કોની પાસેથી તું શીખ્યો એ તને માલમ છે. બાઈ, તારાં છોકરાં સત્યમાં ચાલે છે, એ જાણીને મને ઘણો આનંદ થયો છે. ૨ યો. ૪. પ્રિસ્કીલા તથા આકુલાએ તેને પોતાની સાથે લઈ જઈને દેવની વાતનો તેને ખુલાસો આપ્યો. પ્રે. કૃ. ૧૮; ૬.

**મનન વિચાર**

પાછળ આપણે જોયું કે સ્ત્રીઓનું હૃદય લાગણી પ્રધાન હૃદય છે. સ્ત્રી જાતિના ઈતિહાસમાં આપણે પ્રથમથી જ એ જોતાં આવ્યા છીએ. જગતમાં જેટલું સ્થાન પુરુષનું છે, એટલું જ સ્થાન સ્ત્રીનું પણ છે. સંસાર યોજના એકાથી નહિ પણ ગાડીથી ચાલે છે. ગાડાની ઝુંસરીએ સ્ત્રી અને પુરુષ સમાન રીતે સરખી જવાબદારી અને સરખો બોજ ઉઠાવવા જોડાએલાં છે.

ધર્મની બાબત વિચારએ, તો તેમાંયે તે પાછળ નથી. ખરૂં કહીએ તો ધર્મ ટકાવી રાખનાર તો સ્ત્રી વર્ગ જ છે. બાળક તેના ખોળામાં જીવન ઘડે છે. માનાં જીવનમાં તે જે જુએ છે, એ તેના વણખેડ્યા મગજ પર કોતરાય છે. જો સ્ત્રીઓનાં હૃદયમાંથી ધર્મ ગયો, તો પછી જગતમાં ધર્મ શોધ્યો જડશે નહિ. આ વાત પર જો શાંત ચિત્તે વિચાર કરીએ, તો સ્ત્રીની જવાબદારી કેવી મહાન અને જગતનાં જીવન ઘડતરમાં તેની ભાગીદારી કેવી જીવાળ છે, તેનો ઊંડો ખ્યાલ થશે.

પોતાના બાળકોના ઊંચા આદર્શો અને સેવાભાવી હૃદયોથી માતાની છાતી ગૌરવ અને આનંદથી છલકાતી રહે છે. પ્રભુ ઈસુની સેવાઓ જોઈને પરાયી સ્ત્રીએ પણ ગૌરવનો આનંદ અનુભવ્યો! ખરે, માતાનું હૃદય તો માતા જ સમજે. છોકરાંની સુચાલ માણસ માત્રમાં કદરની ઊર્મિ ઉપજાવે છે. સન્માર્ગે

ચલાવવા બાળકોમાં માતાઓ પોતાનો પ્રાણ પૂરે છે; તેમ છતાંયે કોઈવાર કોઈ બાળક અવળી ગલીમાં પેસી નીકળે છે.

જેમ લોઈસ અને યુનિકેએ તીમોથીને પ્રભુનો માર્ગ શિખવ્યો, તેમ પ્રત્યેક માએ કરવાનું છે. માતાનો વિશ્વાસ બાળકમાં જીવતા બીજ સમાન રહેશે. વિશ્વાસથી અને પ્રાર્થનાથી શિખવ્યે જાઓ.

માતાએ બીજું પગથિયું સેવાનું ચઢવાનું છે. પ્રભુના મહિમાને અર્થે સેવાની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. તે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનું કામ સ્ત્રીઓનું પણ છે. કદાચ બહાર જઈને સેવાનાં ક્ષેત્રમાં ઝંપલાવવાનું સામાન્ય રીતે સૌ કરી શકે નહિ પણ એવાં સેવકોનું સ્વાગત કરો, પરોણા રાખો, તેમના ખપ પૂરાં પાડો. તેમના કામની કદર કરી તેમને ઉત્તેજન આપો. તેમને માટે પ્રાર્થના કરો. આફિયા એવી સેવા કરનારી હતી.

યોહાન્ના, સુસાન્ના, મરિયમ માગદાલેણ જેવી સ્ત્રીઓ પ્રભુ ઈસુની સંગતમાં રહેતી એટલું જ નહિ, પરંતુ પોતાના દ્રવ્યથી શિષ્ય મંડળની ગરજો પૂરી પાડતી હતી. તેઓના ઉપર પ્રભુના થએલા ઉપકારોનું સ્મરણ અને કદર કરતાં તેઓ પ્રભુ ઈસુના કામને વેગ અને ઉત્તેજન આપવા દ્રવ્યથી બને તેટલું કરતી.

એ પરથી એટલું ધ્યાનમાં લેવાનું છે, કે આપણાથી જે રીતે બને તે રીતે પ્રભુના કામને સગવડ કરી આપવી. કુટુંબની જંજાળમાં રચ્યાં પચ્યાં રહેવાનું નથી, પ્રત્યેક સ્ત્રીનું કામ ઈશ્વર આગળ ફરજરૂપ ઊભું છે. પોતાના સંજોગો અને પોતાની સ્થિતિ પ્રમાણે મંડળીનાં સ્થાપિત કામોને આગળ ધપાવવા અને નવી નવી ઊભી થતી મુશ્કેલીઓ નિવારવા તથા નવી કામગીરી ઉઘાડવામાં મદદરૂપ થવાનું છે.

ફિલિપ્પીમાં કેટલીક સ્ત્રીઓનું મહિલામંડળ નદી કાંઠે વિશ્રામવારે ભજન કરવા એકઠું મળતું, ત્યાં જઈને પાઉલ અને સીલાસે તેમને પ્રભુથી તારણનો માર્ગ પ્રગટ કર્યો. તે મંડળીની પ્રમુખ લુદીઆએ આ વાતો વિચારપૂર્વક સ્વીકારી, અને આ સુવાર્તિકોને પોતાને ઘેર તેડી જઈ તેમને પરોણા રાખ્યા. એવી સગવડ મળ્યાથી તેઓ પ્રભુનો માર્ગ સહેલાઈથી પ્રગટ કરી શક્યા. આ તો સુવાર્તિક સેવામાં સ્ત્રીઓની ભાગીદારી છે.

સેવાનો એક સુંદર નમૂનો દરકાસનાં જીવનમાં જોઈ શકાય છે. ધાર્મિક બાઈ રૂડી ચાલની અને દાન આપવામાં પૂરી હતી. પોતે સીવી સવીને કપડાં તૈયાર કરી ગરીબોને દાન આપતી. અમેરિકામાં મહિલા મંડળ છે. તેઓ સુવાર્તાપ્રચારને માટે દાન આપે છે અને આ દરકાસની માફક કપડાં સીવી સીવીને ગરીબો માટે ભેટ મોકલે છે. છોકરાંઓ જાત જાતનું કામ કરીને સુવાર્તાને ઉત્તેજન આપવા જુદાં જુદાં કામને સારુ પૈસા મોકલે છે. દહેણુંની સ્ત્રીઓની ઈસ્પિતાલ બાંધવા બાળકોએ દસહજાર રૂપિયા મોકલેલા. વ્યારાના કીકાકૂઈ ગામે દેવળ બાંધવા સારુ છોકરાંઓ અનેક રીતે કમાતા. પ્રભુના કામને આગળ ધપાવવાની આવી અનેક રીતો છે.

કોરિંથમાં પ્રિસ્કીલા અને આકુલા ધાર્મિક કુટુંબ હતું. ત્યાં આપોલસ નામનો એક વિદ્વાન ઉપદેશક આવ્યો અને યોહાન બાપ્તિસ્મા કરનારનો ઉપદેશ તેણે લોકને હઠેઠથી સમજાવ્યો. તેમને માલમ પડ્યું, કે યોહાને સૂચવેલું કામ પ્રભુ ઈસુએ પૂર્ણ કર્યું છે, એ તેની જાણમાં નથી, માટે તેને પોતાને ઘેર તેડી જઈને તેને તારણ માર્ગનો પૂરો ખુલાસો આપ્યો. આ સ્ત્રીને શાસ્ત્રનું કેટલું સરસ જ્ઞાન હતું અને તેનો વિશ્વાસ કેવો ખાતરી ભરેલો ને દૃઢ હતો, કે તેણે ઉપદેશકને પણ શિક્ષણ આપ્યું.

પ્રશ્ન : આપણું મહિલા મંડળ સુવાર્તિક પ્રગતિમાં કઈ રીતે મદદરૂપ થઈ શકે?
સ્ત્રીઓથી થઈ શકે એવાં કામની નોંધ કરો.

## ૨૪. જીવતી મંડળીનાં લક્ષણ

### શાસ્ત્રવાચન

પ્રે. કૃ. ૨; ૪૧-૪૭.

### હેતુ

સભાસદનું કર્તવ્ય દેખાડવું.

### પસંદ કરેલી કલમો

વિશ્વાસીઓનો સમુદાય એક મનનો તથા એક જીવનો હતો. તેઓની પાસે જે વાનાં હતાં, તે મારાં પોતાના છે, એવું કોઈએ ગણ્યું નહિ. પ્રે. ૪;૩૨. તેઓએ એક ચિત્તે દેવની આગળ ઘાંટો પાડીને કહ્યું, કે તારા સેવકોને તારી વાત પૂરી હિંમતથી કહેવાનું સામર્થ્ય આપ. પ્રે. ૪;૨૯. અમે દીઠું તથા સાંભળ્યું છે, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી. પ્રે. ૪;૨૦. સુવાર્તા પ્રગટ કરવાથી સતાવણીને લીધે વિખેરાઈ ગએલાઓ સુવાર્તા પ્રગટ કરતા ફર્યા. પ્રે. ૮;૪. આત્માએ જીવીએ તો આત્માએ ચાલીએ પણ. ગલ. ૫, ૨૫. તેઓ નિત્ય મંદિરમાં એક ચિત્તે હાજર રહેતાં. પ્રે. ૨:૪૬.

### મનન વિચાર

પવિત્ર આત્મા ઉતર્યા પહેલાં અને ઈસુના ઉત્થાન પહેલાં વિશ્વાસીઓનો સમુદાય નિર્બળ ને લાચાર જેવો થઈ ગયો હતો. પરંતુ આકાશગમન પહેલાં પુનરુત્થાન પછી પ્રભુ ઈસુએ શિષ્યો પર શ્વાસ નાંખીને પવિત્ર આત્મા પમાડ્યો હતો; તેના સામર્થ્યથી

પ્રભુ ઈસુના આકાશગમન પછી ૧૨૦ વિશ્વાસીઓનો જથ્થો એક ચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતો હતો. દસ દિવસો એવી રીતે ગુજાર્યા, પછી દસમે દિવસે એ સર્વ પર એટલે પુરુષો તેમ જ સ્ત્રીઓ પર પવિત્ર આત્મા ઉતર્યો. એ નવીન અનુભવે આજુબાજુના લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું. એ લાગ પર પીતરે ભાષણ કર્યું, એને લગતા સર્વ સંજોગો સમજાવી લોકોને પાપનો પસ્તાવો કરવા તથા પ્રભુ ઈસુનો સ્વીકાર કરવાની આગ્રહપૂર્વક સલાહ આપી. એને પરિણામે ત્રણ હજાર માણસો વિશ્વાસ કરીને પ્રેરિતોની સંગતમાં ભળ્યા. આ તો પ્રભુ ઈસુની પ્રથમ મંડળી. હજી કોઈ વ્યવસ્થિત મંડળ રચાયું ન હતું, છતાં વિશ્વાસીઓનો સમૂહ બીજા લોકથી અલગ રહેવા તથા દેખાવા લાગ્યો.

તેઓ સર્વ પ્રેરિતોની સંગતમાં રહેવા લાગ્યા, અને તેમની પાસેથી પ્રભુ ઈસુ વિષે વધુ શીખવા તથા સમજવા લાગ્યા. અનુભવીઓની સંગત એક આશીર્વાદ છે. ખ્રિસ્તનું સાચું શરણ લેવાથી જ તેઓ સર્વ એક મનના તથા એક જીવના હતા. મંડળીના સભાસદોમાં આ લક્ષણ કેટલું બધું જરૂરનું છે તેનો ખ્યાલ કરો. જ્યાં એક મન અને એક જીવ નથી ત્યાં તડ, વિરોધ, ચડસાચડસી, અદેખાઈ જેવાં કુલક્ષણો ઊભાં થઈ મંડળીની કેટલી ખરાબી કરે છે, એ આપણે જાણીએ છીએ.

એકઠાં મળવાનું ભૂલો મા.

બીજું લક્ષણ તેઓની ત્યાગવૃત્તિ છે. આ વખતે યરુશાલેમમાં ઘણા બહારનાં લોક આવેલા હતા. તેઓમાનાં કેટલાક પાસે જીવન નિર્વાહનાં સાધનો ખૂટ્યાં હોય. કેટલીક વિધવાઓ હતી, કે જેઓ દાન પર જીવતી હતી. શિષ્યમંડળનો નિભાવ પણ નિત્ય બહારથી મળતી મદદ અને સેવાથી થતો હતો. ટૂંકમાં કહીએ તો આ મંડળમાંનાં ઘણાને નિર્વાહનો આધાર

અત્યારે ન હતો. એ કારણથી યરુશાલેમમાંથી થએલા ખ્રિસ્તીઓ પોતાની મિલકત વેચીને નિરાધારોના આધાર માટે નાણાં લાવવા લાગ્યાં. આ મારું છે, એટલું બધું કેમ અપાય, એવી તુચ્છ ભાવના સાચા ખ્રિસ્તીઓમાં કદી આવતી નથી. સામાની ગરજ પ્રમાણે તેની સેવા કરે છે.

યાદ રાખીએ કે દશાંશ આપવામાં ત્યાગ નથી. એ તો ધાર્મિક દેવું આપ્યું કહેવાય. પોતાના રખાએલા હિસ્સામાંથી આપવામાં આવે તો જ નકાર કર્યો ગણાય.

પ્રાર્થનિક ભાવ એ ત્રીજું લક્ષણ છે. તેઓ નિત્ય મંદિરમાં ભજન કરવા જતાં. કેટલાકને સાબ્બાથ વારે પણ દેવની ભજનસેવામાં જવાનું અઘરું લાગે છે. તેઓએ આ ખ્રિસ્તીઓનો વિચાર કરવો ઘટે. દેવળના પવિત્ર વાતાવરણમાં મનની સ્થિતિ અવશ્ય બદલાય છે. દેવળની સુંદરતા ને સ્વચ્છતા તેમાં રખાએલી છબીઓ અને ત્યાંની વ્યવસ્થા આકર્ષક હોય, કે ન હોય, તોયે ત્યાં જવું જરૂરનું છે ત્યાં પ્રભુના પ્રેમ વિષે વિચાર આવે છે. ગીત, વાચન ને ઉપદેશથી શિક્ષણ મળે છે. બીજાંઓની હાજરી ઉત્તેજન આપે છે. આપણે ન.ક. માં વાંચીએ છીએ, કે ૧૮ વર્ષથી કુબડીબાઈ દેવળમાં હતી. પેલો સુકાઈ ગએલા હાથવાળો દેવળમાં આવતો. ભૂત વળગેલા ગાંડાને પણ દેવળમાં જોઈને પ્રભુએ તેને સાજો કરેલો. આ કેવું સરસ ઉત્તેજન! જીવનબદલાણ એ ચોથું લક્ષણ છે. તેઓ પ્રાર્થનિક, પરગજુ, પ્રેમી અને સેવાભાવી થઈ ગયા, એ બધું લોકે જોયું. એથી કેવળ તાજુબ થયા એટલું જ નહિ, તેઓ પ્રત્યે તે માનની દૃષ્ટિએ જોવા લાગ્યા. જો ખ્રિસ્તી માણસ આવી રીતે મીઠારૂપ અને અજવાળારૂપ બને, તો કોણ તેમને ધિક્કારે? કોણ તેમને માન ન આપે? તેમની સંગત ન ચાહે? તેઓ એટલા બધા ભલા થઈ ગયા હતા, કે બીજા લોકો પોતાને

પોતાની નજરે તુચ્છ માની તેમની સાથે ભળવાની હિંમત પણ ન કરતાં! આનું નામ નવો જન્મ પામેલું જીવન!

પાંચમું લક્ષણ સુવાર્તાપ્રચારક સેવા છે. જે રોગથી પોતે જેનાથી સાજા થયા હોય, તેઓ તે જ પ્રકારના રોગીને સાજા થવાનો ઉપાય દેખાડ્યા વિના રહેતા નથી. જો એમ ન કરે, તો તેઓ કેવળ સ્વાર્થી જ નહિ પણ નકામા નિરૂપયોગી ભુંસા સમાન છે. સુખશાંતિનો માર્ગ જાણ્યા પછી બીજાને બતાવ્યા વિના રહેવાય જ નહિ. જેનાથી પાપની ક્ષમા અને સ્વર્ગીય જીવનનો લાભ મળે છે, તેને ઓળખાવવાની પ્રભુની પોતાની આજ્ઞા છે.

આ માર્ગ બીજાને બતાવ્યાથી પોતાનું કશું ઓછું થઈ જતું નથી, કે પોતાને કશી હાનિ પહોંચતી નથી. અજાયબ જેવું તો એ છે, કે આ સેવા કર્યાથી અંધધર્મીઓએ તેઓને માર્યા. સતાવ્યા ધમકાવ્યા અને વાર્યા, પણ તેમણે તો બમણા આવેશથી કામ કરવા માંડ્યું! મના કરનાર અધિકારીઓને કહ્યું, કે અમારાથી સુવાર્તા પ્રગટ કર્યા વિના રહેવાશે જ નહિ. વગર બીકે, સામી છાતીએ કેવી સાક્ષી!

**પ્રશ્ન :** 'નવો જન્મ પામવો' એટલે શું? ખરા ખ્રિસ્તી જીવનનાં લક્ષણો શા છે?

તમારી આસપાસના વિધર્મીઓને કેટલો સુવાર્તાપ્રચાર કરાય છે? સુવાર્તાપ્રચારમાં તમો પોતે કેટલો ફાળો આપો છો?

# ૨૫. ધાર્મિકતાનાં લક્ષણો

**શાસ્ત્રવાચન**

ગી.શા. ૧ ને ૧૫.

## હેતુ

ધાર્મિક માણસનું વલણ કેવું હોય તે બતાવવું.

**વાક્યો તથા મનન વિચાર**

હે યહોવા, તારા મંડપમાં કોણ વાસો કરશે? તારા પવિત્ર પર્વત પર કોણ વસશે?

જે માણસ **દુષ્ટની સલાહ** પ્રમાણે **ચાલતો** નથી,
જે **પાપીઓના માર્ગમાં ઊભો** રહેતો નથી,
જે **નિંદકોના આસનમાં બેસતો** નથી..તે.

આ વાક્યોમાં ત્રણ ત્રણ વાતોનાં ત્રણ જોડકાં છે. પ્રથમ તો **દુષ્ટો, પાપીઓ** અને **નિંદકો.** દુષ્ટો તો એ જ કે જે દેવને માનતા નથી, કે તેની વાતોને ગણકારતા નથી, એ જ તેની સલાહ અને એ જ તેનું શિક્ષણ. શેતાને હવાને એમ જ કરેલું. એથી માણસનું જીવન કષ્ટમય થઈ ગયું. દ્વેષભાવે જે માણસો કોઈને અવળી સલાહ આપે છે, તેઓ તેમનું અને પોતાનું નુકસાન કરે છે. દાખલા તપાસો.

**પાપીઓનો માર્ગ**

દેવને તજ્યો, દેવની આજ્ઞાઓ તજી, તો પછી રહી અપવિત્રતા. સર્વ પ્રકારની ભૂંડાઈના માર્ગો એ જ તેનું જીવન બને છે. ભૂંડાઈમાં ભાગ લેવા તે ઊભો રહે છે તે તેમાં રસ લે છે. ન્યાયીઓની સભામાં ડોકિયું કરવા પણ તે ઊભો રહેતો નથી,

તેમનો વાસો દેવથી વેગળો છે.

## નિંદકોનું આસન

પાપનો આ ત્રીજો પ્રકાર છે. તેઓ બીજા પગથીએ ચઢતા નથી ખરાં, પણ જેઓ પાપના માર્ગે ચઢી ગયા છે કે ચાલે છે, તેઓને માટે પ્રાર્થના કરવાને બદલે તેમની નિંદા કરે છે, ટીકા કરે છે. વાંક શોધે છે, અને એમની પડતીની રસભેર વાતો કરે છે. તેમનાં હૃદયમાં દિલસોજી નથી.

આ કહેવત સ્ત્રીઓને માટે પ્રચલિત છે. "ચાર મળે ચોટલા, તો કોકના તોડે ઓટલા" સ્ત્રીઓ એકઠી થાય, તે કોઈકની અવળીસવળી વાતો કરી નિંદા કરે છે. આવું જ કામ પુરુષો પણ કરે છે. નિંદા એ પ્રેમભાવની વિરુદ્ધ છે. એથી કોઈનું સંસ્થાપન થતું નથી. ઉલટું વેરવૃત્તિ વધે છે, ને કજીયા થાય છે.

ધાર્મિક માણસ કોઈની ચાડી કરતો નથી,
મિત્રનું કે કોઈનું યે ભૂંડું કરતો નથી.
સોગન ખાઈને ફરી જતો નથી.
નિરપરાધી વિરુદ્ધ લાંચ લેતો નથી.

આ પાંચે વાતો ઉપરની ત્રણ વાતોનાં પેટાં છે.

## ધાર્મિક માણસ શું કરે છે, તે જુઓ

સાધુ શીળપણે વર્તે છે ને ન્યાયીપણું કરે છે.
કપટ ન કરતાં હૃદયમાનાં સત્ય પ્રમાણે બોલે છે.
યહોવાનાં નિયમશાસ્ત્રમાં તે હરખાય છે.
રાતદિવસ તેની આજ્ઞાઓનું મનન કરે છે.
દયાભાવે નમ્રતાથી વર્તે છે. (મીખાહ ૬;૮)

આ પાંચ વાતો ધાર્મિક માણસના જીવનનો કાર્યક્રમ છે.

શાસ્ત્ર વાંચતાં તેને આનંદ થાય છે. એમાંની વાતો વિષે વિચાર કરીને તે પરથી મળતા પ્રકાશ પ્રમાણે પોતાનું જીવન ઘડે છે. ધર્મસભાઓમાં તેને હાજરી આપવાનું મન થાય છે, જ્યાંથી જ્યાંથી તેને આત્માની ઉન્નતિનું શિક્ષણ મળે, ત્યાં ત્યાં જવા કે ભાગ લેવા બનતો પ્રયત્ન કરે છે.

નિંદા થતી હોય ત્યાં બેસતો નથી. જેથી ચારિત્ર બગડે તેવાં સ્થળોમાં તે ઊભો રહેતો નથી અને દેવ વિરોધીઓની સાથે મિત્રાઈ રાખી તેની સાથે ચાલતો નથી. કેમ કે ખોટી સોબત સારાં આચરણોને બગાડે છે.

નાટક સીનેમામાં કેટલુંક સારું હોય છે ખરું, પરંતુ સત્વ કરતાં ભૂંસું તેમાં ઘણું હોય છે. અને માણસના વિકારી મન પર ભૂંસાની અસર જડ ઘાલે છે. તેના જોર આગળ સત્વવાળું તત્ત્વ દબાઈ જાય છે; માટે એમાં બેસવું, જવું કે ત્યાં ઊભા રહેવું, એ જોખમ ભરેલું અને નુકસાનકારક છે.

ધાર્મિક માણસ પાણીની નહેર પાસે રોપાએલા ઝાડ જેવું છે.

એનું પાંદડું પણ ચિમળાતું નથી.
તે ઋતુએ પોતાનું ફળ આપે છે.
તે જે કંઈ કરે છે, તે સફળ થશે.

પાણીના ઝરણ વૃક્ષના મૂળોને પોષણ આપે છે. જીવનનું પાણી (પ્રભુનાં વચનો) માણસની તમામ સદ્‌વૃત્તિઓને ઉત્તેજન, પોષણ અને બળ આપે છે. પરીક્ષણ કે કસોટીનાં સમયમાં પણ આત્માનાં ફળ ખરી પડતાં નથી. જીવનભર પ્રેમ, આનંદ, શાંતિ, વિશ્વાસ. (ગલ. ૫;૨૨.) વગેરે ફળો કાયમ રહે છે. કોઈ મૂશ્કેલી તેનો વિશ્વાસ ડગાવતી નથી. ઝાડનાં મૂળ જીવનનું પાણી

ચૂસે છે અને તેનાં પાંદડાં હવામાંથી ખોરાક લે છે. શાસ્ત્ર અને પ્રાર્થના દ્વારા ધાર્મિક માણસ દરરોજના વ્યવહારમાં વગર નિરાશાએ અને વગર ચિંતાએ પ્રફૂલ્લિત-આનંદમય જ રહે છે. યહોવા તેની પ્રવૃત્તિઓથી રાજી રહે છે, કેમ કે તેણે જીવનના ધોરણનો સર્વ આધાર તેના પર રાખ્યો છે અને તેની ઇચ્છાને પોતાનું માર્ગદર્શન માન્યું છે. તેનું ઈનામ યહોવાના સાર્વકાળિક સ્થાનમાં તેનો વાસો છે. કેવી ધન્યતા!

**પ્રશ્ન :** માણસ પોતાની ચાલ શાથી શુદ્ધ રાખી શકે? (ગી.શા. ૧૧૯;૯)

સફળતાપૂર્વક જીવન ગાળવા તેણે શી પ્રાર્થના કરવી જોઈએ? (ગી.શા. ૧૧૯, ૧૬. ૨૭;૪.)

## ૨૬. ભરોસાનું ગીત (ગીતશાસ્ત્ર ૨૩મું)

### શાસ્ત્રવાચન

ગી.શા. ૨૩મું ગીત.

### હેતુ

ઘેટાં અને ઘેટાંપાળક પરથી વિચાર કરતાં.

### મનન વાક્યો

યહોવા મારો પાળક છે. મને કશી ખોટ પડશે નહિ. કોઈ ધનાઢ્યના પુત્રને કયા વાનાંની અછત હોય? તે શાની તંગી ભોગવે? એ તો ચાહે તે ખાય અને ઓઢે પહેરે. તેનો શ્રીમંત પિતા તેને કોઈ વાનાંની અછત પડવા ન દે.

ઈશ્વરની સંપત વિષે વિચાર કરો. આખી પૃથ્વી તેની છે.

એટલું જ નહિ, પણ તે જે ચાહે તે શૂન્યમાંથી ઉત્પન્ન કરી શકે છે. પાંચ રોટલી અને બે માછલીથી કેટલાં માણસો તૃપ્ત થયાં!

સારફાથની વિધવાનો ચપટી લોટ ને ચમચી તેલ કેટલો વખત ચાલ્યું! ભવિષ્યવાદીની વિધવાનું તાંબડીમાંનું તેલ કેટલું બધું વધી ગયું!

દાઉદ ખરું કહે છે સિંહનાં બચ્ચાં ભૂખે મરે, પણ યહોવાની બીક રાખનારાંને કશી ખોટ પડશે નહિ.

તે લીલા બીડમાં મને સુવાડે છે. એટલે ખોરાકના ઢગલા વચ્ચે તાજો ખોરાક આપે છે. એલિયાહ સુકા બીડમાં સૂઈ ગયો હતો, ત્યાં તેને સૂતો ઉઠાડીને તાજી રોટલી ને પાણી દૂતની મારફતે પ્રભુએ પૂરાં પાડ્યાં. પહાડ પર ગુફામાં કાગડાઓની મારફતે ખાવાનું પૂરું પાડ્યું! ગમે તેવા ઉજ્જડ નિર્જન જંગલને પ્રભુ પોતાના લોકને સારુ લીલું બીડ બનાવી દે છે.

તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે.

ઘેટાં ખળખળાટ કરતાં વહેતા પાણીથી બીએ છે. પણ ઉત્તમ ઘેટાંપાળક નિર્મળ અને શાંત પાણી પાસે તેમને દોરી જાય છે. નિર્ભય ઠેકાણે રાખે છે. રક્ષણ કરે છે. પ્રભુ ઈસુએ કહ્યું કે તમારા માથાનો નિમાળો પણ બાપની ઈચ્છા વગર ખરનાર નથી. દાઉદ ખરું કહે છે, કે હું દીન તથા દરિદ્ર છું, પણ યહોવા મારી ચિંતા રાખે છે.

તે મારા આત્માને તાજો કરે છે.

દુઃખી અંતઃકરણને દિલાસો, ઘાયલ હૃદયને મલમપટો, મૂંઝાએલા આત્માને માર્ગદર્શન અને શાંતિ. કેવળ દિલાસો કે શાંતિ જ નહિ પણ તાજગી અને તંદુરસ્તી આપે છે. તારો માર્ગ યહોવાને સોંપ અને તે તારા હૃદયની ઈચ્છા પૂરી પાડશે.

પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.

આપણી સારી કરણીઓને લીધે નહિ, પણ પોતાનાં કર્યાં છે માટે માણસને ન્યાયીપણાને માર્ગે ચાલવાનું બળ અને માર્ગદર્શન આપે છે. એ આપણા વિચાર કે ઇચ્છાથી નહિ, પણ આપણે એનું નામ ધારણ કર્યું છે અને તેનાં ગણાઈએ છીએ, તેને લીધે પોતાના નામની ખાતર તે આપણને જય આપે છે, ને મહિમા પામે છે.

મરણની છાયાની ખીણમાં ચાલું તોયે બીશ નહિ, કેમ કે તું મારી સાથે છે. તોફાન, સતાવણી, ક્રૂરતા, માર, મેણાં ને ફટકા ને પત્થરા પડે, એવો અનુભવ પણ પાઉલની પેઠે કરવો પડે, તો પણ તેથી નાસી જઈશ નહિ અને નાસીપાસ થઈશ નહિ, વિશ્વાસ ખોઈ બેસીશ નહિ, સાતગણી તપાવેલી ભઠ્ઠી આહુતિ લેવા રાહ જોઈ રહી હોય, તોયે નીડર રહીશ. કેમ કે તું મારી સાથે છે. એલીશાના પર્વતને અરામી લશ્કરે ઘેરી લીધો હતો. પણ મોટું આકાશી લશ્કર વહારે આવેલું હતું. ગોલ્યાથ ભયંકર રાક્ષસ હતો, પણ તેની સામે જતાં રમકડાં જેવો દાઉદ બીધો નહિ.

તારી લાકડી તથા છડી મારો દિલાસો છે.

શત્રુને હરાવવા પ્રભુનું બળ ને ખોરાક પમાડવા તેનો માર્ગ આશ્ચર્યજનક છે. મિસરમાંથી નીકળેલા ઇસ્ત્રાએલીઓનો વિચાર કરો. શત્રુદળ શી રીતે હરાવાયું, ને સાધનસંપન્ન દેશ શી રીતે હાથમાં આવ્યો, તેનો વિચાર કરો. પ્રભુની આજ્ઞાઓનું પાલન ખ્રિસ્તીઓનો આશીર્વાદ છે. તેની લાકડી પર વિશ્વાસ રાખો.

શત્રુ સામે મારે માટે ભાણું તૈયાર કરે છે.

દાઉદને પલીસ્તીઓમાં આશરો મળેલો. કેટલાંક તેને વિષે વહેમ ખાતાં છતાં પ્રભુએ તેને કૃપા પમાડેલી. ફારૂન ક્રૂર શત્રુના

મહેલમાં મૂસાને પોષણ, રક્ષણ ને કેળવણી મળી. એટલું જ નહિ પણ એની માને તેની સંભાળ લેવા ખાતર પગાર પણ મળ્યો!

મારા માથા પર તેલ ચોળ્યું છે.

દાઉદના માથા પર શમૂએલે તેલ રેડીને તેનો અભિષેક કર્યો, ને ખાતરી આપી કે તે સાજો થશે. આજે દરેક ખ્રિસ્તીના માથા પર પવિત્ર આત્માનો અભિષેક છે. તેમના ઉપર જ નહિ પણ તેમનાં હૃદયમાં પણ તેનો વાસો રહે છે. કેવી ધન્યતા! એ પવિત્રઆત્માથી જ માણસ વિશ્વાસમાં ટકી રહે છે ને જયવાન જીવન ગુજારી શકે છે.

મારો વાટકો ઊભરાઈ જાય છે.

આપણે માંગીએ કે કલ્પીએ તે કરતાં ઘણું વિશેષ પ્રભુ આપણને આપે છે. સ્વપ્ને પણ ખ્યાલ ન હોય અને તે પામવાની યોગ્યતા પણ ન હોય, એવા આશીર્વાદો તે પોતા પર પ્રેમ કરનારાંને આપે છે. દૈહિક અને આત્મિક બાબતે આ વાત કેટલી બધી સચોટ છે, એ તો અનુભવે જ જણાય.

મારી જીંદગીભર તેની ભલાઈ તથા દયા મારા પર હશે.

અમુક વખતે કે અમુક સંજોગોમાં જ દેવની ભલાઈ અને કૃપાનો આપણને અનુભવ કરાવશે એમ નહિ, પણ જીંદગીભર રોજ રોજ સવાર સાંજ ચોવીસે કલાક પ્રભુનો કૃપાળુ હાથ આપણા પરથી ખસતો નથી. કેવાં ભાગ્યશાળી આપણે!

સદાકાળ યહોવાનાં ઘરમાં રહીશ.

આ પૃથ્વી પરનું આપણું માંડવાનું ઘર (શરીર) પડી જશે, ત્યારે આપણે વિશ્વાસ કરનારાં બધાં પ્રભુની સાથે રહેવા સારુ કબરોમાંથી ઉત્થાન પામી સ્વર્ગે ચઢી જઈશું અને ત્યાં સદાસર્વકાળ અનંતજીવનનો અનુભવ કરીશું. કેવી ધન્યતા ! પણ એ તો પ્રભુ

ઈસુ પરના વિશ્વાસથી જ.

તેના અવર્ણનીય રક્ષણ તથા આશીર્વાદ માટે તેની સ્તુતિ કરીએ.

## ૨૭. પ્રાર્થના વિષે વિચાર

**શાસ્ત્રવાચન**

લૂક ૧૧;૧-૧૩. ગી.શા. ૯૫.

## હેતુ

પ્રાર્થનિક ભાવ વધારવો.

**પસંદ કરેલી કલમો**

શિષ્યોએ કહ્યું, કે પ્રભુ અમને પ્રાર્થના કરતાં શીખવો. લૂક ૧૧;૧. સર્વદા પ્રાર્થના કરવી અને કાયર થવું નહિ. લૂક ૧૮;૧. હાન્નાહ પોતાના હૃદયમાં બોલતી હતી. માત્ર તેના હોઠ હાલતા હતા, પણ તેની વાણી સંભળાતી ન હતી. શમૂ. ૧;૧૩. પ્રાર્થના કરતાં અમથો લવારો ન કરો. માથ્થી. ૬;૭. યહોશુઆ ભૂમિ પર ઊંધો પડીને પ્રાર્થના કરતાં બોલ્યો... યહો. ૬;૬. દાનીએલે દિવસમાં ત્રણવાર ઘૂંટણીએ પડીને પ્રાર્થના અને ઉપકારસ્તુતિ કરી. દાન. ૬;૧૦. જ્યાં મારે નામે બે કે ત્રણ ભેગાં થયાં હોય, ત્યાં તેઓની વચમાં હું છું માથ્થી. ૧૮;૨૦. માગો ને તમને મળશે. ઠોકો ને તમારે સારુ ઉઘાડાશે. માથ્થી ૭;૭.

**મનન વિચાર**

એક હિંદુએ કહ્યું, કે "ઈશ્વરને પ્રાર્થના કરવી એટલે તેની ખુશામત કરવી. જ્યાં ઈશ્વર જ હોય નહિ, ત્યાં પ્રાર્થનાને સ્થાન ક્યાં રહ્યું?"

આ જ્ઞાની માણસના તર્ક મૂર્ખાઈ ભરેલા છે પ્રભુ ઈસુ કરતાં જ્ઞાની કે પવિત્ર અને ઈશ્વરની ઓળખવાળો આ જગતમાં કોઈ થયો નથી. પ્રભુ ઈસુ તો દેહમાં પ્રગટ થએલા ઈશ્વર હતા. તેમણે જે કહ્યું છે અને શીખવ્યું છે અને કર્યું છે, તેવું કોઈથી કદી થનાર નથી. તેમણે કહ્યું કે આકાશ ને પૃથ્વી ટળી જાય પણ મારા શબ્દો કદી ખોટા પડનાર નથી.

પ્રભુ ઈસુ માનવદેહમાં હતા, ત્યારે પોતે એકાંતમાં પ્રાર્થના કરવા જતા. એટલે કે ઈશ્વરની સંગત અનુભવતા. તેમના પર બાપ્તિસ્માં વેળા આકાશવાણી થઈ, કે તું મારો વહાલો દીકરો છે... યોહાન બાપ્તિસ્મા કરનારે એ વાણી સાંભળી. આ વાણી ઉપરથી હતી. માણસનાં હૃદયમાંથી ઉદ્‌ભવેલો ને પ્રગટ થએલો વિચાર ન હતો. માણસ ઈશ્વર નથી, પણ ઈશ્વરે માણસને બનાવ્યું છે, તે આ પરથી સમજી શકીએ. એક બોલે છે, બીજો સાંભળે છે. ત્રીજો સંબંધમાં છે.

## પ્રાર્થના એટલે શું?

એ ઈશ્વરની ખુશામત નથી પણ એ તો તેની સંગત છે. ઈશ્વરના ગૌરવ, સામર્થ્ય અને જ્ઞાન વિષે વિચાર કરતા તથા માણસ જાત પર અને જગતપર તેના ઉપકારોનું સ્મરણ કરતાં જે પ્રેમયુક્ત કદરનો ભાવ ઈશ્વર પ્રત્યે ઉત્પન્ન થાય છે, તે દર્શાવનારું મનન તે ઈશ્વરની સંગત છે. પ્રેમ, માન અને કદરથી ઊભરાતું હૃદય એ ભક્તિ છે. પોતાની ઉણપની રજુઆત અને માગણી એ પ્રાર્થના છે. આ સર્વ ભાવોનું સંમેલન ઉપકારસ્તુતિ ભરી પ્રાર્થના કહેવાય છે.

આવડે તેવું કે મનમાં આવે તેવું ઇચ્છાની તીવ્રતા વગર બોલી જવું, એ પ્રાર્થના નથી. એને તો પ્રભુ ઈસુએ લવારો ગણ્યો

છે. જેની માણસને અગત્ય સમજાઈ નથી, કે જે પામવાની કશી ઈચ્છા ઉદ્ભવી નથી, તેવી તમામ માગણીઓ લવારો કહેવાય છે.

## પ્રાર્થનાની જરૂર

એક પળ પછી શું થવાનું છે, એની માણસને ખબર નથી. કેવા સંજોગોમાં અને કેવી મુશ્કેલીઓમાં માણસ મૂકાઈ જશે એ તે જાણતું નથી. તેના જીવનકાર્ય વિષે આજને માટે ઈશ્વરની શી દોરવણી છે એ તે જાણતું નથી. એ માટે જીવનના કાર્યક્રમને માટે રોજ અને વારંવાર ઈશ્વરની ઈચ્છા જાણવી જરૂરનું છે. પોતાની અબળતા દૂર થવા અને પવિત્રાત્માની સહાય અને દોરવણી પામવા ઈશ્વરની સંગતમાં રહેવું એ તેને માટે આશીર્વાદરૂપ છે.

પ્રભુ ઈસુએ પોતે શીષ્યોને કહ્યું, હરદમ પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન આવી જાઓ. ઈશ્વર પિતા તમારા પર પ્રેમ કરે છે; માટે તમારી ઈચ્છા અને અરજીઓ ઉપકારસ્તુતિ સહિત દેવને જણાવો, અને મારે નામે એ તમને તે આપશે. કાયર થયા વિના પ્રાર્થના કરો.

## કેવી રીતે કરવી?

પ્રભુ ઈસુએ શિખવ્યું કે આત્માથી અને હૃદયની સત્યતાથી દેવનું ભજન કરવું. તેમણે પોતે ઘૂંટણે પડીને કેટલીક વાર આંસુઓ સહિત, હૃદયની પૂરી લાગણીથી ઈશ્વર આગળ હૃદય રેડ્યું. પ્રાર્થનામાં ઘૂંટણે પડવું કે ઊભા થઈને માથું નમાવવું એ વિશેષ શોભતું અને માનદર્શક તથા પવિત્રાઈથી ભાવના ભર્યું છે. રોમન કેથોલિક જેવી કેટલીક મંડળીઓમાં બધાં ઘૂંટણે પડીને પ્રાર્થના કરે છે, એ બહુ જ આવકારદાયક છે. સાચી અને અગત્યની જરૂરીઆતો માન અને પ્રેમપૂર્વક ઉપકારસ્તુતિ સાથે રજૂ કરવી. ઈશ્વર આપણી અગત્ય જાણે છે. એ માટે તેની ઈચ્છાને

આધિન રહીને વિનંતી કરવી. જો આપણા હકમાં જરૂરનું અને હિતકર હશે તો તે જરૂર આપશે. ઘણાં માણસોએ દેવને પોતાની જરૂરીઆતો જણાવી અને તે પામ્યા, એવા સેંકડો દાખલા છે. તમે પોતે વિચાર કરો કે એ કેટલું સત્ય છે. કોઈવાર આપણી માંગણી પ્રમાણે ન મળે, તો એમ ન સમજવું કે દેવે પ્રાર્થના ન સાંભળી. ન મળ્યું એ સાંભળવાનો પુરાવો છે. દેવ પર પૂરો ભરોસો રાખો. તેના પ્રેમ પર વિશ્વાસ રાખો. જે સારું હશે એ તે કરશે જ કરશે.

## પ્રાર્થનાનું સ્થાન

પહેલું સ્થાન તો આપણું હૃદય છે. આત્માથી હરદમ દેવ સાથે વાત કરો ને તેની સંગત અનુભવો. બીજું સ્થાન આપણું ઘર. કુટુંબ સાથે રોજ શાસ્ત્રવાચન સહિત દેવના ઉપકારોનું સ્મરણ કરતા પોતાનું અર્પણ કરવું ને માગણીઓની રજુઆત કરવી. ત્રીજું સ્થાન જાહેર ભજનસ્થાન છે. પ્રભુ પર વિશ્વાસ કરનારા એકઠા મળે, તેમની સાથે આપણે પણ કુટુંબ સહિત ભળવું જોઈએ. એમાં એકબીજાની સંગતથી, પ્રાર્થનાથી, શાસ્ત્રવાચનથી, ઉપદેશથી, અને ગીતોથી પ્રેરણા અને શક્તિ મળે છે. કોને માટે કે શાને માટે પ્રાર્થના કરવી? એનો જવાબ પ્રભુએ શીખવેલી પ્રાર્થનામાં છે. એ ઉપરાંત માંદા, દુઃખી, નિરાશ્રિત, સાથી વિશ્વાસીઓને માટે પ્રાર્થના કરવી. તે સાથે અવિશ્વાસીઓમાં તેમ જ વિશ્વાસીઓમાં દેવની ઇચ્છા પૂરી થાય અને લોક તારણ ને આનંદ અનુભવે માટે, સુવાર્તિક કોમની તથા દેવના રાજ્યની વૃદ્ધિ માટે, ચાલતી સર્વ સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ માટે પ્રાર્થના કરવી.

**પ્રશ્ન** : તમારા ઘરમાં કૌટુંબિક પ્રાર્થના થાય છે? તમારાં બાળકો શાસ્ત્ર વાંચે છે?
તેઓ પ્રાર્થનામાં માને છે? પ્રાર્થનિકભાવ કુટુંબમાં રહેવા તથા વધવા માટે તમે શાં શાં પગલા લેશો?

## ૨૮. કૌટુંબિક પ્રાર્થના

### શાસ્ત્રવાચન

ગી. શા. ૧૨૨;૧-૪:૧૨૩;૧, ૨.

### હેતુ

સયુંક્તપણે ઈશ્વરી સંગતમાં જોડાવું.

### પસંદ કરેલાં વાક્યો

નૂહ તથા તેના દીકરા અને તેમની સ્ત્રીઓ વહાણમાંથી બહાર આવ્યાં. નૂહે ત્યાં યહોવાનું ભજન કરવા તથા તેને અર્પણ કરવા વેદી બાંધી. (ઉત. ૮;૨૦ નો સાર) ઈબ્રાહીમે ત્યાં વેદી બાંધી અને યહોવાને નામે પ્રાર્થના કરી. ઉત. ૧૨;૮. એલ્કાનાહ દર વર્ષે પોતાની પત્નીઓ તથા સંતાનો સાથે ભજન કરવા મંદિરે જતો. ૧ શમૂ. ૧;૩. હું અને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું. યહો. ૨૪;૧૫. મારાં છોકરાં સત્યમાં ચાલે છે, એવું સાંભળવા કરતાં મોટો આનંદ બીજો નથી. ૩ યો.૪. સત્યમાં ચાલતાં તારાં કેટલાંએક છોકરાંને મેં દીઠાં, તેથી ઘણો આનંદ થયો છે. ૨ યો.૪. જે માર્ગે ચાલવું જોઈએ, તેમાં તારાં છોકરાંને કેળવ. ની.વ. ૨૨;૬.

## મનન વિચાર

આપણા આદિ માતપિતા અખંડ ઈશ્વરની સંગતમાં રહેતાં. પતિત થયા પછી અર્પણ સાથે તેઓ યહોવાનું ભજન કરવા લાગ્યાં. પ્રભુની ભક્તિ, એ તેના ઉપકારોની કદરનો ભાવ છે. એ ભાવ સામાન્ય રીતે પ્રાર્થના દ્વારા દેખાડાય છે. પ્રાર્થના એ ક્રિયા નથી, પણ ઈશ્વરની સંગત આદિ દાનથી કદરદાન માણસો પોતાના કુટુંબસહિત ભક્તિ કરી ઈશ્વરની સંગતનો આનંદ લેતાં.

માણસને પોતાની સંગતમાં રાખવા સારુ જ દેવે તેને બનાવ્યું છે. નાનાં બાળકોને પણ વિસારેલાં નથી, એ વાતની ખાતરી આપવા પ્રભુ ઈસુએ કહ્યું, કે બાળકોને મારી પાસે આવવા દો. કોઈ તેમને રોકશો નહિ. એ વાત પર ભાર મૂકીને પ્રાચીનકાળે પ્રભુએ આજ્ઞા આપેલી કે મારી વાતો-આજ્ઞાઓ તમારાં બાળકોને શીખવો. એ ધ્યાનમાં લઈને યહૂદી માતાઓ પોતાના બાળકોને પહેલાં સાત વર્ષમાં નિયમશાસ્ત્ર શિખવતી. આ શિક્ષણ આપવાનું પ્રથમ સ્થાન માણસનું ઘર છે.

હિંદુઓ નાહીધોઈને સૂર્ય સામે જોઈને કે ઘરમાંના દેવસ્થાન સામે બેસીને ભક્તિ કરે છે. પણ એ પૃથક વ્યક્તિગત ભજન છે. બાઈબલ કેવળ આટલેથી જ અટકતું નથી. એ શીખવે છે કે ઘરનાં માણસો કુટુંબસહિત ભજન કરે. આવું ભજન પાસ્ખાપર્વ વેળા થતું. એલ્કાનાહ છોકરાંસહિત ભજન કરવા જતો. યહોશુઆએ મરતાં પહેલાં ઇસ્ત્રાએલીઓને એકઠા કરીને કહ્યું, કે તમે કોનું ભજન કરશો એ નક્કી કરો. તમે ગમે તે કરો, પણ હું અને મારાં ઘરનાં તો અમે યહોવાનું ભજન કરીશું.

જેનામાં આત્મા છે એ પ્રત્યેકને ઈશ્વર આગળ ન્યાયકાળે પોતાના જીવનકારભારનો હિસાબ આપવા હાજર થવાનું છે. ઈશ્વરની ઇચ્છા છે, કે સૌ તારણ પામે એને માટે બાળકોને તૈયાર

કરવાનાં છે.

કોણ કરે? ક્યારે કરે? આ જવાબદારી પુરુષને માથે છે. તે ઘરમાં યાજક અને મુખ્ય વ્યક્તિ છે. તેણે પોતાની સ્ત્રી, પોતાનાં બાળકો અને વૃદ્ધ માબાપો (હોયતો) સાથે એકઠાં મળીને ભજન કરવાનું છે. પોતાના ઘરની સગવડ પ્રમાણે સવારે કે સાંજે સૂઈ જતાં પહેલાં જમ્યા પછી બધાં એકઠાં મળે. કેટલાંક ઘરમાં પ્રાર્થનાની ઓરડી કે ખાસ જગા છે. પણ એ બધે સંભવિત નથી. પરંત એવું ન છતાંયે ભજન માટે એકઠાં મળે એ જરૂરનું છે. પ્રભુનું વચન છે, કે મારે નામે બે કે વધારે એકઠાં મળશે, ત્યાં તેઓની વચ્ચે હું છું. એ લેખે એ આપણા કૌટુંબિક ભજનવેળા આપણી મધ્યે છે. એ જરૂર જાણો. ભજન માટે જગાનું ખાસ મહત્વ નથી.

## કૌટુંબિક ભજન કરવાની સાદી રીત

વાંચી શકે તેવાં દરેક પાસે શાસ્ત્ર કે નવો કરાર હોય.

ભજન ગાવા માટે ગીતનું પુસ્તક હોય.

વાચન વારાફરતી કે એકેક કલમ પ્રમાણે સૌ વાંચે.

અમુક પુસ્તક પસંદ કરીને તેમાંથી નિયમિતપણે વંચાય.

વાંચનમાંનાં મુખ્ય મુદ્દા પર પ્રકાશ પાડવામાં આવે.

મોટાં માણસો વારાફરતી પ્રાર્થના કરાવે તો ઠીક.

બાળકો પણ એકેક બબ્બે વાક્યોની પ્રાર્થના કરી શકે.

બધાં સાથે સાથે પ્રભુએ શીખવેલી પ્રાર્થના પણ વિચારપૂર્વક કરે.

આપણે યાદ રાખીએ કે આવા ભજનવેળા આપણે મા, બાપ, કે છોકરાં યા અધિકારી તરીકે મળતાં નથી. પણ પ્રભુ

ઈસુના શરીરનાં કે તેના મંદિરના એકેક ભાગ તરીકે મળીએ છીએ પ્રત્યેક જણ પૃથ્ક વ્યક્તિ તરીકે ઈશ્વર સાથે સંગત કરે છે. આવો ભાવ કૌટુંબિક ભજનમાં પેદા કરવો જોઈએ. અમારી વચ્ચે ઈશ્વર હાજર છે, એવા ભાનસહિત અદબભેર ને ગંભીરતાથી આ પ્રાર્થના થાય.

મંદિરમાં જીવતા પથ્થર તરીકે જોડાઈ જવાનો અને ટકી રહેવાનો ભાવ પેદા કરવાનો છે. સ્વર્ગ સુખની વાત સાંભળીને એક છોકરાએ બાપ્તિસ્મા લેવાની માગણી કરી. એક છોકરીએ કહ્યું, મેં બાપ્તિસ્માં લીધું નથી. તેથી મને નર્કમાં નાંખી દેશે, માટે મને તો અત્યારે જ બાપ્તિસ્મા આપો. ઢોડિયા જાતિની એક છોકરી શાળામાં પ્રભુ ઈસુ વિષે શીખીને ખ્રિસ્તી થઈ. તેણે લગ્ન કર્યું, તે ખ્રિસ્તી ન હતો. તેણે તેને સારુ પ્રાર્થના કરી; પછી કહ્યું, હું તો પ્રભુ ઈસુ પાસે સ્વર્ગે જઈશ, પણ તમે નર્કમાં જશો. માટે ચાલો, પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો ને બાપ્તિસ્મા લો. પછી સમજાવીને તેને વલસાડ લઈ આવી ને બાપ્તિસ્મા અપાવ્યું.

છોકરાંઓ માબાપને મળવા આતુર હોય છે, કેમ કે તેઓને તેમના પ્રેમની ખબર છે. એવી જ રીતે જો ઈશ્વરનાં પ્રેમનો અનુભવ અને તેની જાણ હોય, તો પ્રાર્થના સૌને પ્રિય લાગે. કૌટુંબિક પ્રાર્થનાનું એ પણ પરિણામ આવવું જોઈએ, કે બાળકો મોટાં થાય, અને જ્યાં ત્યાં કામે વળગે, તો ત્યાંયે પ્રાર્થના સભામાં જવાનું અને ખાનગી પ્રાર્થના કરવાનું કદી ચૂકે નહિ.

કૌટુંબિક પ્રાર્થનાની સગવડ અને અગવડ વિષે ચર્ચા કરો. પ્રાર્થનાની અમુક રીત નથી.

# ૨૯. ખરી ભક્તિ

**શાસ્ત્રવાચન**

ગી.શા. ૧૦૦.

## હેતુ

ખરી ભક્તિનું રૂપ સમજાવવું.

**પસંદ કરેલાં વાક્યો**

પ્રાર્થના કરતા અમથો લવારો ન કરો. દેવ આત્મા છે, જેઓ તેને ભજે છે, તેઓએ આત્માથી તથા સત્યતાથી તેની ભક્તિ કરવી જોઈએ. યો. ૪;૨૪. ઉપકારસ્તુતિ સાથે તેની હજૂરમાં આવીએ. ગીતોથી તેની આગળ હર્ષનાદ કરીએ. ગી. ૯૫;૨. પ્રભુ તારા દેવ પર તારા પૂરા જીવથી પૂરા મનથી, પૂરા બળથી ને પૂરા હૃદયથી પ્રીતિ કર. માથ્થી ૨૨;૩૭. તેઓ મને હોઠોથી માન આપે છે, પણ તેઓનાં હૃદય તો મારાથી વેગળાં છે. યશા. ૨૯;૧૩. તમારાં વસ્ત્રો નહિ પણ હૃદયો ફાડો ને તમારા દેવ યહોવા પાસે આવો. યોએ. ૨;૧૩.

**મનન વિચાર**

દેવનું ભજન કરતાં સામાન્ય રીતે આપણે પ્રાર્થના જ કરીએ છીએ. એક બે વાક્યો આભાર કે ઉપકારસ્તુતિનાં બોલીને પછી આપણે વિનંતીઓ અને માંગણીઓ રજૂ કરીએ છીએ. આ સારું છે ખરું, પણ પ્રાર્થનાની ભક્તિ જરા જુદી છે. ભક્તિમાં મોટે ભાગે દેવની સંગતનો સમાવેશ થાય છે. ભક્તિમાં જે સૌથી પહેલો વિચાર આવવો જોઈએ, તે એ છે, કે ઈશ્વર આપણો દેવ

છે, તેણે આપણને બનાવ્યાં છે અને આપણે તેનાં જ છીએ. તેથી તેના સિવાય બીજા કોઈ તરફ આપણું વલણ હોવું જોઈએ નહિ, સર્વમાન, મહિમા, સ્તુતિ ને પ્રીતિ પામવા યોગ્ય કેવળ એકલો તે જ છે.

જે બીજો વિચાર ભક્તિમાં આવે તે એ છે કે તેને તેનાં ખરા સ્વરૂપમાં ઓળખવો જોઈએ. તે આત્મા હોવાથી અદૃશ્ય છે, એટલે કોઈએ તેને દીઠો નથી, તો પછી તેની ઓળખ કેવી રીતે થાય એ પ્રશ્ન લોક આગળ રહે છે, તેથી સ્તુતિનાં મંત્રો રચીને તેનું રટણ કરવામાં હિંદુ લોક ભક્તિ કર્યાનો સંતોષ સેવે છે. અર્થ સમજી પણ ન શકાય એવા શ્લોકનું રટણ હૃદય સાથે જોડાતું નથી, તે લવારા સમાન ગણાય છે. પ્રભુ ઈસુએ શિખવેલી પ્રાર્થના વગર વિચારે બોલી જવી, એ પણ મંત્રોના રટણ જેવો લવારો જ છે.

એની ઓળખ માટે કુદરત તરફ નજર કરવી જોઈએ. સૃષ્ટિ તેણે સર્જી છે. એ માટે તેણે સૃજેલી વસ્તુઓ વિષે વિચાર કર્યાથી તેનું અણદીઠ પરાક્રમ તેની સર્વજ્ઞતા, તેની નિયમિતતા, તેની પવિત્રાતા વગેરે સહજ ધ્યાનમાં આવે છે, એ લક્ષમાં લઈને આપણાં મન સાથે તેનો સંબંધ જોડવો જોઈએ. આ અદૃશ્ય વ્યક્તિ પ્રકાશમય છે. એ પ્રકાશ જ્ઞાન ચક્ષુઓથી જોઈ શકાય છે. આ વાત સમજી શકાય કે ન સમજી શકાય, પણ અદૃશ્ય આત્માનું ભજન પ્રાચીન કાળનાં સંતો કરતા.

હાલ તો આપણે માટે સહેલું છે. પ્રભુ ઈસુને એક શિષ્યે કહ્યું, કે સ્વામી, અમને ઈશ્વર પિતાનાં દર્શન કરાવો. ત્યારે પ્રભુ ઈસુએ જવાબ આપ્યો, કે જેણે મને જોયો છે, તેણે ઈશ્વર પિતાને જોયા સમજો. કેમ કે હું તથા ઈશ્વરપિતા જુદાં નથી. તેમણે આ પણ કહ્યું, કે દેવને કોઈ માણસે દીઠો નથી, પણ મેં તેને પ્રગટ

કર્યો છે. હું દેવમાં છું ને તે મારામાં છે. અદશ્ય દેવની પ્રતિમા પ્રભુ ઈસુ છે. પ્રભુ ઈસુમાં પોતાનું દેવત્ત્વ દેહરૂપે પ્રગટ કરાયું છે. જેઓ પ્રભુ ઈસુને ભજે છે, તેઓએ ઈશ્વરને ભજ્યો સમજવું.

એક પંડિતે પ્રભુ ઈસુને પૂછયું કે શાસ્ત્રમાં સૌથી મોટી આજ્ઞા કઈ? પ્રભુ ઈસુએ જવાબ આપ્યો, કે પ્રભુ તારા દેવ પર તારા આખા હૃદયથી, આખા મનથી, આખા જીવથી અને પૂરા સામર્થ્યથી પ્રેમ રાખવો. માથ્થી ૨૨;૩૭. સાચી ભક્તિનું સ્વરૂપ આમાં પ્રગટ કરેલું છે. એટલા માટે જ પ્રભુ ઈસુએ કહ્યું, કે જે કોઈ મારા કરતાં પોતાના જીવ પર કે કુટુંબ પર કે મિલકત પર વધુ પ્રેમ રાખે છે, તે મારો શિષ્ય થવા લાયક નથી. મતલબ કે પોતાના ઉત્પન્નકર્તા સિવાય બીજું કોઈ કે કશું પ્રેમપાત્ર હોઈ શકે નહિ.

જીવનને લગતી સર્વ જરૂરીઆતોનો આધાર આપણાં ઉત્પન્નકર્તા પર જ છે. એ જાણીને તેના પ્રત્યે પ્રેમ, માન, આભાર અને કદરની લાગણી મન પરથી ખસવા દેવી નહિ, એ ભક્તિનું જીવાળરૂપ છે. આ ભાવ દેખાડવા તેની આગળ ઘૂંટણે પડવું કે તેની આગળ માથું નમાવવું એ કેવળ સ્વાભાવિક છે. તેની આણ સ્વીકારવી એટલે આજ્ઞાપાલન કરવું અને તેની આમન્યા રાખવી એ ભક્તિભાવનું સાદું રૂપ છે.

શાસ્ત્ર કહે છે કે ગીતોથી, સ્તોત્રોથી અને આત્મિક પ્રબંધોથી તમારા મનમાં દેવની આગળ ગાઓ. વાતમાં કે કામમાં જે સર્વ કરો છો તે પ્રભુ ઈસુને નામે કરો અને તેને આશરે દેવબાપની ઉપકારસ્તુતિ કરો. કલો. ૩;૧૭. ઘણાં લોકો વાજીંત્રો સાથે કિર્તન કરે છે અને એમ હૃદયનો ભક્તિરસ રેલાવે છે.

ભજનમંડળીઓ ગામેગામ સ્થાપવી અને ગીતોથી તથા વાજીંત્રોથી કીર્તન કરવું એ બહુ ઇચ્છવા જોગ છે. કેમ કે એ

લોકને માટે આકર્ષક તથા રસપ્રદ છે. જુવાનોનો એ ગમતો ભાગ છે, બાળકોનો એ આનંદ છે અને વૃદ્ધોને વિચારગ્રસ્ત બનાવે છે. તેમ છતાં વિચાર વગરની અમથી કૂદાકૂદમાં ભક્તિભાવ નથી. ધર્મમેળા ને સભાઓ ભક્તિરસે ભરપૂર હોય તો કેવું સારું.

"ભક્તિ તણો રસ ભક્તો જાણે સંસારી જન શું જાણે

ખાખરની ખીલોડી મીઠપ સાકરની તે શું માણે"

પ્રશ્ન : ભક્તિ અને પ્રાર્થનામાં શો ફેર છે?
શા માટે ઈશ્વરની ભક્તિ કરવી જોઈએ?
ભક્તિભાવ ઉપજાવવા શાં પગલાં લઈ શકાય?

## ૩૦. ઈમાનુએલ - દેવ આપણી સાથે

### શાસ્ત્રવાચન

લૂક ૧;૨૬-૨૮.

### હેતુ

પ્રભુ ઈસુની ખરી ઓળખ આપવી.

### પસંદ કરેલાં વાક્યો

તેનું નામ ઈમાનુએલ પાડશે, એનો અર્થ એ છે કે દેવ આપણી સાથે. બાળકો (માણસો) માંસ અને લોહીનાં છે, માટે એ તે જ રીતે પ્રગટ થયો. હેબ. ૨;૧૪. હે દેવ, તારી ઈચ્છા પૂર્ણ કરવાને હું આવું છું. હેબ ૧૦;૭. ખોવાએલું શોધવા તથા તારવા સારુ માણસનો દીકરો આવ્યો છે. લૂક. ૧૯;૧૦. ન્યાય કરવા નહિ, પણ જગતનું તારણ કરવા દેવે પોતાના દીકરાને મોકલ્યો છે. યો. ૩;૧૭. દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી, કે

તેણે... દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. યો. ૩;૧૬.

## મનન વિચાર

પાપને લીધે અનેક પ્રકારે દુ:ખી થએલું લાચાર ને નિરુપાય માણસ પોતાના ઉદ્ધાર માટે અનેક તરેહનાં વૈતરાં કરતું હતું, પણ કશા ઉપાયથી તે દુ:ખનું મૂળ જાય તેમ ન હતું. આથી દેવે દયા કરીને માણસનો ઉદ્ધાર કરવા તારનાર મોકલવાનું વચન આપેલું . તે વચન પ્રમાણે પ્રભુ ઈસુનો જન્મ થયો અને ઠરાવેલા સમયે તેમણે જગતમાં પોતાની સેવા શરૂ કરી.

લોક એમને સહેલાઈથી ઓળખી શકે, માટે યોહાન બાપ્તિસ્મા કરનારને પણ અગાઉથી પ્રગટ કર્યા પ્રમાણે પહેલો મોકલ્યો. તેણે આવીને લોકોને પસ્તાવો કરવાની તથા પાપમાર્ગ મૂકી પ્રભુ તરફ ફરવાની હાકલ કરી. લોકો જાગૃત થયા અને પૂછવા લાગ્યા કે આવનાર તારનાર તું છે કે કેમ? તેણે પ્રભુ ઈસુ તરફ આંગળી ચીંધીને કહ્યું, કે આવનાર તો તમારી વચ્ચે હાલ ઊભો છે.

પ્રભુ ઈસુએ પ્રગટ રીતે ઉપદેશ કરતાં કહ્યું કે આકાશનું રાજ્ય તમારી પાસે આવ્યું છે, પસ્તાવો કરો અને વિશ્વાસ કરી તેમાં દાખલ થાઓ. પછી દુ:ખી, લાચાર, આંધળાં, પાંગળાં, લૂલાં, લંગડાં, બહેરાં, બોબડાં એટલે કે સર્વ પ્રકારનાં રોગીઓને તેમણે શબ્દથી કે સ્પર્શથી સાજાં કર્યાં. જગતના આરંભથી જે કોઈથી નહિ બનેલું તેવું કામ કરીને પોતાની ઓળખ આપી, કે તમારો ઉદ્ધાર કરવા ઈશ્વર પિતાએ મને મોકલ્યો છે.

આથી એટલા બધા લોક તેમની આસપાસ વીંટાતા રહ્યાં, કે તેમને ખાવાનો યા આરામ લેવાનો વખત પણ ન મળે. લોકો

ભૂખ્યાં તરસ્યાં ને બબ્બે ત્રણ ત્રણ દહાડા સુધી તેમની પાસેથી ખસતા નહિ.

મોટા મોટા પંડિતોથી માંડીને પછાત વર્ગના માણસો પણ તેમની પાસે આવવા લાગ્યાં. પોતાનાં બાળકો પર હાથ મૂકાવવા સ્ત્રીઓ બાળકોને પણ તેમની પાસે લાવતી. સૌને ખબર થઈ કે દુઃખીઓનો બેલી, પાપીઓનો મિત્ર, અને જગતનો તારનાર પ્રગટ થયો છે.

કાનાનાં લગ્નમાં દ્રાક્ષારસ ખૂટ્યો ને ઘરધણીની આબરૂ જવાનો સમય આવ્યો, ત્યારે પ્રભુ ઈસુએ પાણીને દ્રાક્ષારસ બનાવી દઈ તેમની તંગી મટાડી. જંગલમાં પાંચ સાત હજાર માણસોના ટોળાંને પાંચ રોટલીથી જમાડ્યાં. આવું જોઈને પ્રભુ ઈસુને યરુશાલેમની ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો.

પહાડ પર પ્રાર્થના કરતાં તેમનો ચહેરો સૂર્ય જેવો પ્રકાશિત અને વસ્ત્રો બરફથીયે શ્વેત ચળકતાં થએલાં જોઈને શિષ્યો બ્હી ગયા, ને આકાશવાણી થઈ, કે આ મારો દીકરો છે, એનું સાંભળો. ભૂતપલીતો તેમને જોઈને ધ્રૂજવા લાગ્યા અને કહેવા લાગ્યાં, કે તું દેવપુત્ર છે, એ અમે જાણીએ છીએ, પણ સમય અગાઉ અમારો નાશ ન કર. પ્રભુ ઈસુએ તેમને ધમકાવીને તેમનો વળગાડ મટાડ્યો.

સમુદ્રમાં પવનના તોફાનથી હોડીઓ ડુબવા લાગી, ત્યારે તેમણે સમુદ્રને તથા પવનને ધમકાવીને શાંત થવા કહ્યું, ને તેમ તરત જ થયું.

દફનાવવા લઈ જવાતા વિધવાના એકના એક દીકરાની ઠાઠડીને અડકીને કહ્યું, હે જુવાન ઊઠ, અને તરત તે બેઠો થયો. તેને ઉઠાડીને તેની દુઃખિત માને સ્વાધીન કર્યો. પોતાના અનુયાયીઓમાંનો એક લાજરસ નામે જુવાન માંદો પડીને મરી

ગયો. તેને દટાયા પછી ચોથે દિવસે તેની કબર આગળ જઈને તેને હાંક મારી કબરમાંથી જીવતો બહાર બોલાવ્યો.

આવી રીતે મંદવાડ ઉપર, શેતાન પર, કુદરત ઉપર, મરણ ઉપર પોતાનો અધિકાર પ્રત્યક્ષ દેખાડીને લોકને ખાતરી આપી, કે હું આકાશથી એ માટે ઊતર્યો છું, કે માણસને સારુ બંધ થએલું સ્વર્ગનું દ્વાર ઉઘાડું.

સ્વર્ગનું દ્વાર પાપની માફી થયા વિના કોઈને માટે ખુલે નહિ. માણસનાં પાપો ક્ષમા કરીને એ ખોલવાનો પોતાને અધિકાર છે, એની પ્રત્યક્ષ સાબિતિ પણ દેખાડી. પક્ષઘાતે પીડાતા માણસને ચાર જણે તેમની પાસે નીચે ઊતાર્યો. એને જોઈને તેને કહ્યું, દીકરા તારાં પાપ તને માફ થયાં છે. એ સાંભળીને સામે બેઠેલા પંડિતો કચકચ કરવા લાગ્યા, કે પાપની માફી તો કેવળ ઈશ્વર જ આપી શકે, તો આ માણસ આવું કેમ બોલે છે?

તેઓની કચકચ જાણીને પ્રભુ ઈસુએ કહ્યું, આ બેમાંનું સહેલું શું છે? આ માણસને કહેવું કે તારાં પાપ માફ થયાં છે, એ, કે તેને કહેવું કે તારું બિછાનું લઈને ઊઠ અને ચાલતો થા એ? (તેઓએ વિચાર્યુ હશે કે બેમાંનું એકે સહેલું નથી.) પછી પ્રભુ ઈસુએ તેમની સામે જોઈને કહ્યું, કે મને પૃથ્વી પર પાપ માફ કરવાનો અધિકાર છે, એ તમે જાણો, માટે હું પક્ષઘાતીને કહું છું, કે ઊઠ તારું બિછાનું લઈને ચાલતો થા. એમ કહેતાંની સાથે જ તે બધાંની વચ્ચે સાજો થઈને ચાલ્યો ગયો. આ સર્વ પરથી જોઈ શકીશું કે પ્રભુ ઈસુ માનવ શરીરમાં દેવ હતા. તે માણસને મારી નાંખવા કે શિક્ષા કરવા જગતમાં આવ્યા નથી.

પ્રશ્ન : પ્રભુ ઈસુમાં લોકે કેવા અધિકાર જોયા?
પ્રભુ ઈસુ જેવો કોઈ માણસ કદી જગતે જોયો છે?
પ્રભુ ઈસુ વિષે તમે શું ધારો છો?

# ૩૧. જીવનની રોટલી - પાંચ હજારને જમાડ્યા

## શાસ્ત્રવાચન

માથ્થી ૧૪;૧૩-૨૧.

## હેતુ

માણસ પ્રત્યે પ્રભુ ઈસુની દયા દર્શાવવી.

## પસંદ કેરલાં વાક્યો

મને તેઓની દયા આવે છે. માથ્થી. ૧૫, ૩૨. તેઓને ભૂખ્યાં વિદાય કરવા નથી ચાહતો, રખે વાટમાં નિર્ગત થાય. તમે તેઓને ખાવાનું આપો. જીવનની રોટલી હું છું. મને ખાય તેને કદી ભૂખ લાગશે નહિ. આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. માર્ક ૧૬; ૧૫.

## મનન વિચાર

શિષ્યોને બબ્બેની જોડીમાં પ્રભુ ઈસુએ સુવાર્તાપ્રચાર તથા સેવા કરવા મોકલ્યા. તેઓએ પ્રભુના આપેલા અધિકારથી માંદાઓને સાજા કર્યા અને ભૂતગ્રસ્તીઓને પણ ભૂતમુક્ત કર્યા. પ્રભુ ઈસુ જે સેવા કરતા હતા, તે જ શિષ્યોએ તેમને નામે અને તેમના પરાક્રમે સફળકારક રીતે કરી. તેઓ હરખાતા હરખાતા પાછા આવ્યા અને આવાં કામો જે રાબ્બીઓ પણ કરી શકતા ન હતા, તે તેમનાથી થતાં જોઈને તેઓના આનંદનો પાર ન રહ્યો. અત્યાર સુધી લોક જેમ પ્રભુ ઈસુની પાછળ વીંટાતા હતા, તેમ હવે શિષ્યોની પાછળ પણ વીંટાવા લાગ્યા. આ અવરજવર એટલી બધી વધી ગઈ, કે તેમને ખાવાનો પણ વખત મળતો નહિ. પ્રભુ

ઈસુને તેમની દયા આવી, માટે તેમને આરામ આપવા તેમને સમુદ્રને પેલે પાર લઈ ગયા.

લોકોએ જોયું કે પ્રભુ ઈસુ શિષ્યોસહિત સમુદ્રને પેલે પાર ગયા, ત્યારે તેઓ પણ દોડી દોડીને પગ રસ્તે તે હતા ત્યાં જઈ પહોંચ્યા. પાંચસાત હજારનું ટોળું જામ્યું. વગર નોતરે અને વગર જાહેર ખબરે લોકોનો ધસારો હતો. એ પરથી તેઓની જાત જાતની ભૂખ દેખાઈ આવે છે. કોઈ સાંભળવા, કોઈ શીખવા, કોઈ જોવા, કોઈ સાજાં થવાં, એમ વિધવિધ કારણે આ ગીરદી જામી. સાંજ પડવા આવી પણ વિખેરાવાને બદલે વધતા જતા હતા. માથ્થી ૧૫માં અધ્યાયમાં તો બીજી વખતે આવું જ મોટું ટોળું ભૂખ્યું તરસ્યું છતાં ત્રણ દિવસ સુધી પ્રભુની પાસેથી ખસ્યું નહિ.

શિષ્યોએ પ્રભુ ઈસુને વિનંતિ કરી, કે તે લોકને વિદાય કરે, તેમને પણ તેઓની ભૂખની લાગણી થઈ. પ્રભુ ઈસુએ કહ્યું, કે તેમને ભૂખ્યાં વિદાય કરવાની જરૂર નથી. મને તેમની દયા આવે છે. તમે તેમને ખાવાનું આપો. તેઓ જંગલમાં હતા. ત્યાં હોટલો કે દુકાનો ન હતી. તેમની પાસે પોતા પૂરતું પણ ખાવાનું ન હતું, તો પછી આવા મોટા સમુદાયને શું ખવાડે? તેઓએ પોતાની લાચારી જણાવી.

એક છોકરા પાસે પાંચ રોટલી ને બે નાની માછલી હતી. એ તેમણે પ્રભુ ઈસુને આપી. તે લઈને પ્રભુ ઈસુએ લોકોને પંગતવાર બેસી જવાની આજ્ઞા કરી. પછી પેલી રોટલી લઈને આકાશ તરફ જોઈને તે પર ઈશ્વર પિતાનો આશીર્વાદ માંગ્યો. પછી ભાંગીને તે શિષ્યોના હાથમાં આપી. સૌને વહેંચી. સૌ ધરાયાં ને કકડાની બાર ટોપલી ભરાઈ.

આ બનાવ પરથી આપણે શું શીખીશું? પ્રભુ ઈસુને લોકની

દયા આવે છે. એમણે તેમના મંદવાડ મટાડ્યા, આત્મિક ખોરાક ઉપદેશ મારફતે આપ્યો. ને તેમની હાજત પણ પૂરી પાડી. જેમ માણસના આત્માના તારણની તેમ તેમની શારીરિક જરૂરીઆતોની પણ તેમને ચિંતા છે ને તે યોગ્ય સમયે ઘટતું આપે છે.

શિષ્યોએ કહ્યું કે ઠેકાણું રાન છે, ખોરાક મેળવવાની સગવડ નથી. પોતાની પાસે કશું નથી અને લોક ભૂખ્યા છે. લોકની આત્મિક સ્થિતિ પણ એવી જ છે. આપણા પડોશીઓ મૂર્તિપૂજા કરે છે. આત્માની શાંતિ માટે ધર્મને નામે જાતજાતનાં વૈતરાં કરે છે, પણ એ કશાથી તૃપ્તિ મળતી નથી. સૌ લાચારને નિરુપાય છે.

પ્રભુ ઈસુએ શિષ્યોને રોટલી આપી અને શિષ્યોએ તે લોકને વહેંચી. પ્રભુ ઈસુએ કહ્યું, કે જીવનની રોટલી હું છું. જે મારી પાસે આવે છે તેને કદી ભૂખ ન લાગે એવી તૃપ્તિ તેને મળશે. શિષ્યોને પ્રભુએ પોતાના નમૂનાથી અને અધિકારથી શિક્ષણ, સામર્થ્ય અને અધિકાર આપ્યો. તેથી તેઓ ચમત્કારો સુધ્ધાં કરી શક્યા. આ હક કેવળ તેમને જ નહિ, પણ સર્વ વિશ્વાસ કરનારાને પણ આપ્યો છે. જે કામ શિષ્ય કરી શક્યા તે જ અન્ય કોઈ પણ કરી શકશે એવું વચન છે. આપણે ભલે એવા ચમત્કારો કરી શકીએ નહિ. તેમ છતાં પ્રાર્થના દ્વારા આપણી ગરજો દેવને જણાવીએ, તો તે જરૂર આપણાં હકમાં જે સારું છે તે આપશે જ.

પરંતુ ચમત્કારો મોટી વાત નથી. તારણનો માર્ગ પ્રભુ ઈસુએ ખોલ્યો છે, માટે કોઈ નાશમાં ન જાય, એ વાત હરેક સ્થળે હરેક જણને હરેક જણે પ્રગટ કરવાની છે. આ જવાબદારી સૌની છે. સ્ત્રીઓની છે, તેમ જ પુરુષોની પણ છે.

મંદિરને દરવાજે ભીખ માંગતા લંગડાને પીતરે કહ્યું, કે

સોનું રૂપું તો નથી, પણ જે છે તે આપું. એની પાસે શું હતું? પ્રભુ ઈસુનું નામ. એ નામ તો અખાપાત્ર જેવું. જે ચાહો તે માગો ને તેવું થશે. એણે લંગડાનો હાથ પકડીને કહ્યું, ઈસુ નાઝારીને નામે ઊઠીને ચાલ. પ્રભુ ઈસુના નામનો સ્પર્શ તેના અંતઃકરણને થતાં જ તેની ઘૂંટીઓમાં જોર આવ્યું. ને તે ઊઠીને આભાર અને ઉપકારસ્તુતિ સહીત નાચવા તથા કૂદવા લાગ્યો અને એ શિષ્યોની સાથે મંદિરમાં ગયો.

તમારા તારણની ખાતરી અને પ્રભુની દયાનો સંદેશો જ્યાં ત્યાં લાગ મળે તેમ આપ્યા કરો. એ તમારો પ્રકાશ છે. એ પ્રકાશવા દો. મૂંગે મોઢે બેસી રહેશો નહિ. દુઃખિતોને દુઃખમુક્તિનો રસ્તો અને ઉપાય દેખાડો. ભવિષ્યવાદેણો લોકને પ્રભુની ઇચ્છા જણાવતી હતી. સમરૂની સ્ત્રીએ પોતાનો અનુભવ ગામ લોકને કહી બતાવ્યો, અને એના સંદેશાથી આખા ગામે પ્રભુ ઈસુનો સત્કાર કર્યો.

બીજા કોઈથી કે કશાથી તારણ કે ઉદ્ધાર યા અનંતજીવન નથી. સર્વ માર્ગો અપૂર્ણ અને સર્વ નેતાઓ અબળ છે. કેવળ ઈશ્વર જ માણસને બચાવી શકે તેમ છે. માણસ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માંગે છે. એ ભૂખ ભાગવા ઈશ્વર પ્રભુ ઈસુરૂપે પ્રગટ થયા અને પોતાના ઐશ્રર્યની તથા પ્રેમ અને દયાની ખાતરી પોતાની સેવા દ્વારા આપી.

**પ્રશ્ન :** તમે કોઈને તારણનો માર્ગ જણાવો છો?

તમારાં છોકરાંને તારણને માર્ગે ચઢાવો છો?

છોકરાંનાં આત્મિક જીવનની ખીલવણી માટે તમે શાં પગલાં લો છો?

# ૩૨. દુર્મતો વિરુદ્ધ પ્રભુ ઈસુનું વલણ

## શાસ્ત્રવાચન

કલોસ્સી ૨;૧૬-૨૩.

## હેતુ

સત્ય સમજાવવું.

## પસંદ કરેલાં વાક્યો

પુરાતન કાળમાં કહેલું, પણ હું તમને કહું છું કે વેરને બદલે વેર ન વાળો. ભૂંડાની સામે ન થાઓ. માથ્થી ૫;૩૮. એક પાપી પસ્તાવો કરે તેથી આકાશમાં આનંદ થાય છે. લૂક ૧૫;૭. દાણીઓ અને કસબેણો પણ આકાશના રાજયમાં જાય છે. માથ્થી ૨૧;૩૧. નાનાઓમાંના કોઈને ન ધિક્કારો આકાશમાં તેઓના દૂત...છે. માથ્થી ૧૮;૧૦. એ પણ ઈબ્રાહીમનો દીકરો છે. લૂક ૧૯;૧૦. દેવનાં રાજયમાં કોઈ પુરુષ નથી અને કોઈ સ્ત્રી નથી. ગલા. ૩;૨૮.

## મનન વિચાર

યહૂદી લોકોને મૂસાની મારફતે દેવે વ્યવહારિક ધર્મના નિયમો આપ્યા હતા. પરંતુ જેમ વખત જતો ગયો, તેમ એ નિયમો અભરાઈ પર રહ્યા અને મન કલ્પિત ધર્માચાર રચાયો. જે આચાર વિચાર આત્મિક પ્રગતિને મદદરૂપ નહિ પણ રોકાણરૂપ થયા હતા. એવી કેટલીક વાતો નામ દઈ દઈને પ્રભુ ઈસુએ ગણાવી તથા ખરું સત્ય સમજાવ્યું. એવી વાતોનો આખો સમૂહ માથ્થી ૫, ૬, ૭ અને ૨૩માં અધ્યાયમાં સમગ્રપણે બતાવ્યો છે તેમ જ પ્રસંગ પ્રમાણે છૂટક છૂટક પણ ધ્યાન ખેંચ્યું છે. કેટલાક દુર્મતો નીચે પ્રમાણે છે.

૧. દુઃખિતો પર અદયા. તેઓ માનતા કે હરેક દુઃખ પાપનું ફળ છે. માટે તે તેમને ભોગવવા દેવું જોઈએ. જન્મના આંધળાને માટે એ જ પ્રશ્ન શિષ્યોએ પૂછેલો, કે કોના પાપે એ આંધળો જન્મ્યો? પ્રભુ ઈસુએ સાફ કહ્યું કે કોઈના પાપે નહિ. પ્રભુ ઈસુએ તેને દેખતો કર્યો. દુઃખી લાચારોને જોઈને પ્રભુ ઈસુને દયા આવી અને જેટલાં તેમની પાસે આવ્યાં, તે સૌને સાજાં કર્યાં.

૨. દાણીઓ અને પાપીઓ પ્રત્યે તિરસ્કાર-રૂમી સરદારને માટે દાણ લેનારાં અને ચુસ્ત રીતે ફરોશીઓની પેઠે ધર્માચાર નહિ કરનારાને તેઓ પાપી ગણતા. તેમની સાથે કશો વ્યવહાર ન રાખતા. પ્રભુ ઈસુએ તેમની સાથે ખાધું પીધું ને તેમને શિષ્યગણમાં પણ લીધાં. તેઓને જણાવ્યું કે એ પણ દેવનાં સંતાન છે.

૩. સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કાર વૃત્તિ-રાબી લોકો સ્ત્રીઓ સાથે કદી વાત ન કરતા પોતાની સ્ત્રી સાથે પણ જાહેરમાં વાત ન કરતા. સ્ત્રી સાથે વાત કરવામાં હિણપદ માનતા. સ્ત્રીને એવી હલકી ગણતા કે તેને ગમે તે કારણે તજી દેતાં. કોઈ તો એટલે સુધી કહેતા કે 'જાનવરોમાં સૌથી સુંદર સ્ત્રી છે! પ્રભુ ઈસુએ આ દુર્મત દૂર કરવા સ્ત્રીઓને પણ શિષ્યગણ સાથે રાખી. પતિત ગણાતી સ્ત્રીઓની તેમણે સેવા સ્વીકારી. તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું કે રાજ્યના કહેવાતા દીકરાઓ પડ્યા રહે છે અને કસબેણો દેવના રાજ્યમાં પ્રવેશ કરે છે. આમ કરીને તેમણે સ્ત્રીઓને ઉચ્ચપદે સ્થાપી.

૪. બાળકો પ્રત્યે અભાવ - રાબીઓ બાળકોને પાસે આવવા દેતાં નહિ. તેઓની સંગતથી પોતાનો મોભો જળવાતો નથી એમ માનતા. તેથી જ કેટલીક સ્ત્રીઓ પોતાનાં બાળકોને પ્રભુ ઈસુ

પાસે આશીર્વાદ પમાડવા લાવી, ત્યારે શિષ્યોએ તેમને ધમકાવી અને બાળકોને લાવવાની મના કરી. પ્રભુ ઈસુએ કહ્યું, તેમને રોકશો નહિ. મારી પાસે આવવા દો. આકાશનું રાજ્ય તો એવાનું છે. જો તમે ફરો નહિ અને બાળકોના જેવા થાઓ નહિ તો આકાશનાં રાજ્યમાં નહિ જ પેસશો.

૫. જાતિભેદ- યહૂદી સિવાયના બીજો લોકોને તેઓ તુચ્છ ગણતા. તેમને મંદિરમાં ભજન કરવા પણ આવવા નહોતા દેતા. મોટો રાજ્યાધિકારી હોય, તો પણ તેની સાથે વ્યવહાર ન રાખતા. પ્રભુ ઈસુએ એવાંઓનો પણ અંગિકાર કર્યો. સમરૂનીઓના શહેરમાં ગયા તેઓને ઉપદેશ કર્યો. સમરૂની સ્ત્રી જે પતિત ગણાતી તેની સાથે પણ વાત કરી અને તેને જીવન જળ આપ્યું. જમાદારના ચાકરને સારો કર્યો. આગળ જતાં પ્રભુના ફરમાવ્યાથી પીતરે કરનેલ્યસને ઘેર જઈને ખાધું અને તેને શિષ્ય બનાવ્યો.

૬. સ્પર્શની અશુદ્ધતા-અડકવું નહિ, ચાખવું નહિ, હાથમાં લેવું નહિ, બજારમાંથી આવીને નાહ્યા વગર ખાવું નહિ વગેરે વ્યર્થ બાહ્યાચાર ચુસ્ત રીતે પાળતા. આવી વાતો શાસ્ત્રની આજ્ઞાઓ કરતાં પણ વધુ મહત્વની ગણાતી. એ વડીલોનાં સંપ્રદાયને નામે ઓળખાતી. પ્રભુ ઈસુએ એવી વાતોને આત્માની ઉન્નતિને અર્થે નિરૂપયોગી ગણી બતાવી. કોઢીયાને અડકવાનો નિષેધ હતો. તેમણે તેને અડકીને સાજો કર્યો. ૧૨ વર્ષથી લોહીવાળીને અડકવા દીધી, તેને ધમકાવવાને બદલે કહ્યું શાંતિએ જા. તારા વિશ્વાસે તને બચાવી છે.

૭. વટાળ-વિધિપૂર્વક હાથ ધોયા પછી જ ખાવું એવું તેઓ માનતા. પ્રભુ ઈસુએ કહ્યું અણધોયા હાથે રોટલી ખાવાથી માણસ વટળી જતો નથી. પણ ભૂંડી ઇચ્છા, દ્રવ્યલોભ, નિંદા

વગેરે જે મોંમાથી નીકળે છે. તે માણસને વટાળે છે. જે ખોરાક પેટમાં જાય છે તે માણસને વટાળતો નથી.

આવા અનેક દુર્મતોભર્યા કહેવાતા ધર્માચારોની સામે પ્રભુ ઈસુએ હિંમતથી શિક્ષણ આપ્યું અને **રીતમત** વ્યવહારમાં મૂકી બતાવ્યો. માણસને માણસ તરીકે ઉચ્ચ ગણી સર્વને સમાન ગણી સૌની સેવા કરી. આપણી સરકારે પણ નાતજાતના નિયમો તોડી માણસની સમાનતા જાળવવા માંડી છે.

**નોંધ :** આવા કેટલાક સુધારાને કુધારા વિષે વાત કરો.
આપણે ત્યાં શી શી વાતો વહેમ ભરેલી છે?

# ૩૩. સ્વાર્થવૃત્તિ અને કારભારીપણું

### શાસ્ત્રવાચન

માર્ક, ૧૦;૩૫-૪૦.

### હેતુ

મદદરૂપ થવાનો ભાવ ખીલવવો.

### પસંદ કરેલાં વાક્યો

શિષ્યોમાં વાદવિવાદ શરૂ થયો, કે આપણામાં મોટો કોણ થાય? સાવધાન રહો અને સર્વલોભથી આઘા રહો; કેમ કે કોઈનું જીવન તેની મિલકતની પુષ્કળતામાં નથી. આજ રાત્રે તારો જીવ લઈ લેવામાં આવશે તો જે વસ્તુઓ તેં સિદ્ધ કરી છે, એ કોની થશે?

યહુદા ચોર હતો અને થેલીમાં જે નંખાતું તે એ લઈ જતો હતો:

શિષ્યમંડળ એક જીવનું અને એક મનનું હતું. તેઓ પોતાની મિલકત વેચી નાખતા અને પ્રત્યેકની અગત્ય પ્રમાણે સૌને વહેંચી આપતા. તારી પાસે ઉછીનું માગે, તેનાથી તું મોં ન ફેરવ.

### મનન વિચાર

પૃથ્વી અને તેમાંનું સર્વ ઈશ્વરનું છે. માણસને પોતાના જીવ પર પણ અધિકાર નથી. સૃષ્ટિમાં જે કંઈ છે, તે સર્વ કારભાર કરવા ઈશ્વરે માણસને હવાલે સોંપ્યું છે. આ કારભારમાં માણસને હુન્નર ઉદ્યોગ કરવાનો છે. એથી જે પ્રાપ્ત થાય, તે એનું નથી પણ તે વહીવટ કરવા સારુ છે. વાણોતર અને શેઠ વચ્ચે જેવો સંબંધ

છે, તે કારભારીપણાનો છે. ખાવું, પીવું, કેળવાવું, કેળવવું અને બીજાંની અછતો પૂરી પાડવા સારુ વાપરવું, એ કારભારીપણાનો સામાન્ય અર્થ અને વ્યવહાર છે.

કારભારીપણું એ ફરજ છે. એ ફરજ ચૂકનાર કે ન બજાવનાર બેવફાદાર ગણાય છે. બેવફાદારી એ ગુનો છે. આ ગુનાના કેટલાક પ્રકાર છે.

એક તો એ કે પોતાના જ હિતને અર્થે કમાવું, વાપરવું, એકઠું કરવું અને અન્યને માટે કંઇ કરવું નહિ. આખું જગત ઈશ્વરનું છે, અને પ્રાણીમાત્ર પ્રત્યે પહોંચી શકાય ત્યાં સુધી તેની જવાબદારી છે. આ જવાબદારી અદા કરવા સર્વસ્વનો ઉપયોગ કરવાનો છે. તેમ છતાંયે દેવે સર્વ આવકનો દશાંશ ઈશ્વર સેવા માટે તેમ જ જનસેવા માટે જુદો કાઢવો અને એ કામ માટે આપી દેવો, એવો હલકામાં હલકો માર્ગ બતાવ્યો છે. એ ન કરનાર ગુનેગાર છે.

બીજું સામાનાં હક કરતાં પોતાના હક વિષે વધારે વિચાર કરવો અને તે પ્રાપ્ત કરવા થાય તેટલી તજવીજ કરવી. આવું પગલું યાકૂબ યોહાનની માએ લીધું અને પ્રભુ ઈસુ પાસે દીકરાઓના મોટા હકની માંગણી કરી. એથી મંડળમાં કડવાશ ઊભી થઈ. એમાં એક બીજું પણ અયોગ્ય પગલું છે. ઘણા ભાગોમાંથી પોતાને સારામાં સારો હિસ્સો પસંદ કરવો, એ પણ પ્રેમના નિયમનો ભંગ કરનાર ગુનો છે.

ત્રીજું બીજાનો હક ડુબાવીને સામાનું પડાવી લેવા પ્રયત્નભર્યા કાવતરાં કરવાં એ ભયંકર ગુનો છે. દાખલા તરીકે નાબોથની વાડી પડાવી લેવા ઈઝેબેલે તેના પર ખોટું આળ ચઢાવી તેનું ખૂન કરાવી કબજો લીધો. રિબકાહે એસાવનો હક ડુબાવવા કુયુક્તિઓ કરીને યાકૂબને આગળ કર્યો. આબસાલેમે રાજ લેવા

તેના ભલા પિતાની વિરુદ્ધ બંડ ઊઠાવ્યું. ઇતિહાસ પરથી આપણે જાણીએ છીએ, કે આ સર્વ શ્રાપિત થયાં.

પોતાનું હિત સાચવવા ઈશ્વરને પણ અળગો કરી યરોબઆમે વાછરડાની મૂર્તિપૂજા સ્થાપી. ઈશ્વરને બદલે મૂર્તિઓનું ભજન કરાવ્યું. તેને રાજ્ય આપનાર ઈશ્વર હતો. એ રાજ્ય ટકાવી રાખનાર પણ ઈશ્વર હતો, એ બધું જાણ્યા છતાં તેણે ઈશ્વર પર ભરોસો રાખવાને બદલે પોતાની યુક્તિ પર ભરોસો રાખ્યો. પરિણામ તો એ આવ્યું કે રાજ્ય તો ગયું પણ ઇસ્ત્રાએલીઓમાં મૂર્તિપૂજાનું પાપ દાખલ કરી એટલે સુધી ઠોકરરૂપ થયો, કે છેવટે ઇસ્ત્રાએલીઓ ગુલામ કરાઈને પરદેશમાં લઈ જવાયા.

કારભારીપણાનું સાદું રૂપ **ઉદારતા** છે. સંપૂર્ણતાએ પહોંચેલું રૂપ **ત્યાગ** છે. મમત્વનો ચોખ્ખો અભાવ એ ખ્રિસ્તી જીવનનાં લક્ષણ છે. પ્રથમ મંડળીનાં ખ્રિસ્તીઓ પવિત્ર આત્માથી ભરપૂર હતા, એટલે એમાં આ ત્રણે લક્ષણો હતાં. પ્રે. કૃ. ૨; ૪૪, ૪૫.

આવાં કેટલાંક સ્ત્રી પુરુષો આપણી જાણમાં છે. કેટલાંક માંગવા આવનારને ના કહી શકતાં નથી. સ્થિતિ પ્રમાણે તેમની સેવા કરે છે. આવાં લોકાની ઉદારતાનો દુરૂપયોગ કરનારાં સ્વાર્થી પથ છે. કોઈ 'ના' કહી શકતું નથી, એ જાણીને તેમનો પીછો છોડતાં નથી, આ તો જુલમ કહેવાય.

ઠંડીમાં વસ્ત્રોની ખોટવાળાંને પોતાના અંગ પરથી વસ્ત્ર ઉતારી આપનાર મારી જાણમાં છે. ખોરાક વિના ભૂખે રાત કાઢ્યાની ખબર જાણતાં તેમને યોગ્ય પ્રકારની સહાય કરનારાં પણ છે. અરે, વ્યાજે નાણાં કાઢીને ઉછીનાં આપનારને પણ હું ઓળખું છું. પણ કેટલીક વેળા આવી મદદ પામેલાં માણસો, એવાં નાણાં વાળી આપવાની સગવડ છતાં વાળતાં નથી, એવાં હરામી

માણસો પણ જોયાં છે.

અરે, સૌથી ભયંકર પગલું તો એ છે, કે વિદ્યાર્થીને સગવડ આપવા કે નોકરીએ ચઢાવવા તેમની પાસેથી નાણાં યા સાધનો માંગવામાં કે કઢાવવામાં આવે છે! એથી યે ભયંકર વાત તો એ છે, કે જેમ યહુદા ઇસ્કારીઓત પ્રભુની થેલીમાં નંખાતા નાણાંમાંથી ઉચાપત કરી જતો, તેમ ધર્મ ખાતે આવેલા પૈસા જૂઠો હિસાબ દેખાડીને તે લખીને ઉચાપત કરવામાં અથવા ચોરાઈ ગયાનાં ઓઠાં નીચે ખાઈ જવામાં આવે છે.

પેપરોમાં કેટલા બધા દાખલા રોજ આવા અપ્રમાણિકપણાનાં વાંચીએ છીએ.

પોતાનું હિત મોટું કરીને બીજાની ગરજનો લાભ લઈને સ્વાર્થી માણસો ધનસંચય કરે છે. ખુદ સરકારી અમલદારોના આવા દાખલા પેપરોમાં વાંચીએ છીએ. પરંતુ એનાં કરતાં વધુ નાલાયકી તો પ્રભુને નામે આવેલાં પ્રભુનાં ગણાતાં નાણાં લૂંટવામાં આવે છે. ઉદાર જીવ પુષ્ટ થશે, પણ સ્વાર્થીનું ધન કોઈ પરાયો ખાઈ જશે.

**પ્રશ્ન :** સ્વાર્થવૃત્તિના પ્રકારો જણાવો. ઉદારવૃત્તિવાળાં માણસોના તમારી જાણમાંનાં દાખલા શોધો. સ્વાર્થનું છેવટ પરિણામ શું છે?

# ૩૪. ચિંતા ન કરવા વિષે

## શાસ્ત્રપાઠ

માથ્થી ૬;૨૫-૩૪.

## હેતુ

જીવનના આધાર માટે પ્રભુ પર ભરોસો રાખવો.

## પસંદ કરેલી કલમો

અમે શું ખાઈએ અથવા શું પીએ કે શું પહેરીએ, એની ચિંતા ન કરો, કેમ કે તમારો આકાશમાંનો બાપ જાણે છે, કે એ બધાંની તમને અગત્ય છે. સૌથી પ્રથમ તમે દેવનું રાજ્ય અને તેનું ન્યાયીપણું શોધો, અને એ બધાં વાનાં તમને અપાશે.

વહેલું ઊઠવું અને મોડું સૂવું અને કષ્ટ વેઠીને રોટલી ખાવી, એ તમારું વ્યર્થ (વૈતરૂં) છે, કેમ કે એ વાનાં તો પોતાનાં વહાલા ઊંઘતા હોય, ત્યારે તેમને આપે છે. ગી.શા. ૧૨૭;૨.

ઝબદીની સ્ત્રીએ પોતાના દીકરાઓને લઈને પ્રભુ ઈસુની પાસે જઈને પગે લાગીને કહ્યું, કે મારા બે દીકરાઓ તમારા રાજ્યમાં એક તમારે જમણે હાથે ને બીજો ડાબે હાથે બેસે એવું કરો.

## મનન વિચાર

ખાવા પીવાની તથા ઓઢવા પહેરવાની ચિંતામાં અને મજૂરીમાં માણસની જીંદગી કેટલી બધી કષ્ટમય બની જાય છે! વાત તો ખરી છે, કે દેહને સારુ કામ શોધે અને મળે ત્યારે કાળજીથી કરે, એ તો સારું છે, પણ જીવનનો એ જ હેતુ નથી, કે જીંદગીભર એટલું જ કરવાનું છે એમ પણ નથી. એ તો જીવનના કાર્યક્રમમાં ગૌણભાગ છે.

આપણી એ ચિંતાના બોજ ખસેડવા સારુ પ્રભુ ઈસુએ એટલું બધું ઉત્તેજન આપ્યું છે, કે જો માણસ એ વિષે વિચાર કરે, તો તેનું ઘણું દુઃખ ઓછું થઈ જાય. તેમણે કહ્યું, ખોરાક કરતા જીવ કિંમતી છે. પક્ષીઓ કરતાં માણસ અનેક ગણું કિંમતી છે. ફૂલઝાડો જે સુલેમાન રાજાના વૈભવ કરતા પણ વધુ વૈભવવાળા છે, તેનાં કરતાંયે મુકાબલો ન થઈ શકે એટલે દરજ્જે માણસ શ્રેષ્ઠ છે. હવે જો એ બધાંને કુદરત પોષણ આપી રહી છે, તો માણસ જે દેવની પ્રતિમાનું પ્રાણી છે, તેને કેટલું વિશેષ આપશે.

દેવ પર વિશ્વાસ અને આધાર રાખવા સારુ આ કરતાં વધતો સારો દિલાસો અને પોષણની ખાતરી આપનારાં વચન બીજે ક્યાં મળે? આ વચનો કે દિલાસો કેવળ મોંની કે સંભવની જ વાત નથી, પણ એવું થયાનાં દૃષ્ટાંતો પણ શાસ્ત્રમાં છે. ઈઝેબેલ રાણીની ધમકીથી ભયનો માર્યો એલિયાહ ભૂખ્યો ને તરસ્યો જંગલમાં નાઠો ને એકાંત સ્થળે થાકેલો ઊંઘી ગયો. ત્યાં ઈશ્વરે પાણી અને રોટલી દૂતની મારફતે મોકલ્યાં. એને સૂતેલો જગાડીને ખાવા આપ્યું. થાકેલો પાછો ઊંઘી ગયો, ત્યારે બીજી વાર પણ દૂતે રોટલી ને પાણી આપ્યાં. ૧ રાજા ૧૯;૫-૭.

સારાફાથની વિધવાનું ચમચો તેલ અને ચપટી લોટ ખૂટ્યો જ નહિ. ૧ રાજા ૧૭. ભવિષ્યવાદીની એક વિધવાનું કૂંડીમાંનું તેલ એટલું બધું વધારી દીધું, કે તે ભરવાને પૂરતાં વાસણ પણ ન મળ્યાં. ૨ રાજા ૪;૧-૭. આવા બીજા દાખલા પણ છે. દાઉદે સાચું જ લખ્યું કે હું દીન તથા દરિદ્રી છું, તોપણ પ્રભુ મારી ચિંતા કરે છે. ગી.શા. ૪૦;૧૭.

વળી તેણે અનુભવપૂર્ણ આ પણ લખ્યું, કે સિંહનાં બચ્ચાને તંગી પડે, પણ જેઓ યહોવાને શોધે છે, તેઓને કોઈપણ સારાં વાનાની અછત પડશે નહિ. આ વિધવા સ્ત્રીઓની વાત એ

સત્યતાની કેવી સુંદર ખાતરી છે. શિષ્યો એટલા બધા કામથી ઘેરાએલા હતા, કે તેમને ખાવાનોયે વખત મળતો નહિ, ત્યારે પ્રભુ ઈસુએ કહ્યું કે ચાલો એકાંતમાં જઈએ, અને ત્યાં તમે વિસામો લો. માર્ક ૬;૩૧.

ઉપરના દૃષ્ટાંતો સાથે પ્રભુનું વચન સરખાવો. તમને શાની અગત્ય છે, એ તમારો આકાશમાંનો બાપ જાણે છે, એ યોગ્ય સમયે તે તમને પૂરાં પાડશે, પણ તમે પહેલાં દેવનું રાજ્ય અને તેનું ન્યાયીપણું શોધો.

પ્રાર્થનાસભાને વખતે કેટલી બધી સ્ત્રીઓ અને કેટલા બધા પુરુષો ઘરકામમાં રોકાય છે. જે કામ તાબડતોબ કરવાની અગત્ય ન છતાં તે કરવા માટે પ્રાર્થનાસભામાં જવાનું માંડી વાળવું, એ ડહાપણ ભરેલું નથી. રસોઈ કલાક અર્ધો કલાક મોડી થાય, તો શો વાંધો? પ્રાર્થનાસભાને ભોગે એ કામમાં રોકાઈ જવું, કે ઘેર પડી રહેવું, યા સહેલગાહ કરવા નીકળી જવું, એ બધું આત્મિક વાનાંની અરૂચિ બતાવે છે.

દાઉદ ગોવાળિયાને પ્રભુએ વૈભવી રાજા અને મહાન સંત કેમ બનાવ્યો હતો? કારણ તો એ; તેણે કહ્યું, યહોવા પાસે મેં એક વરદાન માંગ્યું છે, તે એ કે યહોવાની શોભા જોવા તથા તેના મંદિરમાં મનન કરવા સારુ મારી જીંદગીનાં સર્વ દિવસોભર હું તેનાં ઘરમાં (મંદિરમાં) રહું એવી વૃત્તિ. ગી.શા. ૨૭;૪.

જેને ઈશ્વરની સંગતમાં રહેવાની લગની લાગે છે, તે સર્વસ્વના ભોગે તેનો લાભ પ્રથમ લે છે. એનો અર્થ એવો નથી, કામધંધો છોડી દઈને એમાં મચ્યા રહેવું. એવું કરનારા લોકો પણ છે; પરંતુ સામાન્ય રીતે શાસ્ત્ર વાંચવાનો, કૌટુંબિક પ્રાર્થના કરવાનો અને ભજન કરવા સારુ મંદિરે જવાનો વખત માણસ માત્રે કાઢવો જ જોઈએ. પ્રભુની સંગતમાં રહેવાથી સર્વ પ્રકારનું

બળ મળે છે કામને માટે દોરવણી મળે છે અને પ્રભુની ઇચ્છા પ્રમાણે જીવન ગાળવાની રૂચિ પેદા થાય છે આવું કરનારાંથી ઈશ્વર કોઈ સારું વાનું પાછું રાખતો નથી. એવાંને યાકૂબ યોહાનની માની પેઠે મોટી જગા માગવા માટે પગે પડવું પડતું નથી. ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલવાની મરજીવાળાં માણસોને માટે ઈશ્વર પોતે ચિંતા રાખે છે, અને જેને માટે જે કરવું ઘટે, તે તેના માગ્યા વગર આપે છે.

પાઉલે ખરું જ કહ્યું છે, કે આપણે માગીએ કે કલ્પીએ, તે કરતાં પણ ઘણું વિશેષ પ્રભુ પોતાના પર વિશ્વાસ કરનારાંને માટે કરી રહ્યો છે.

આ લેખકને એવો ઘણો અનુભવ પ્રભુએ કરાવ્યો છે. "પ્રથમ પેટનું, પછી શેઠનું ને છેલ્લે ઠેઠનું" (ઈશ્વરને લગતું) આ કહેવત ખોટી છે. પ્રભુ ઈસુએ એ ક્રમ ફેરવવાનું શિક્ષણ આપીને કહ્યું પ્રથમ ઠેઠનું, પછી શેઠનું ને છેલ્લે પેટનું એ ક્રમ જીવનભર રાખો, તો આશીર્વાદ પામશો.

**પ્રશ્ન :** ઈશ્વરની કૃપા મોટી કે માણસની ચિંતા મોટી? ઈશ્વરના આશીર્વાદ વગરની માણસની કાળજીનું પરિણામ શું? પ્રાર્થનામાં રોકાવાથી-જવાથી શો લાભ થવાનો સંભવ છે?

# ૩૫. પરોણાગત અને ઉદારતા

**શાસ્ત્રવાચન**

માથ્થી ૨૫; ૩૪-૪૦.

## હેતુ

પરોણાગત કરવાનું ઉત્તેજન આપવું.

**પસંદ કરેલાં વાક્યો**

પરોણા રાખવાનું તમે ભૂલો મા, કેમ કે કેટલાએકે અજાણપણે દૂતોને પણ પરોણા રાખ્યા છે. જાણે કે બંદીવાનોની સાથે તમે બંદીવાન છો, એમ તેઓને સંભારો. હેબ. ૧૩;૨, ૩. સંતોના ખપ પૂરાં પાડો અને પરોણાગત કરનારાં થાઓ. રૂમી. ૧૨;૧૩.

ભાઈ ફિલેમોન અને બહેન આફીઆ, મારે સારુ તૈયાર રાખજો. તમારા પ્રેમથી અમને ઘણો લાભ તથા દિલાસો છે. તમારાથી ઘણા પવિત્રોના હૃદય શાંત થયાં છે. ફિલિ. ૭;૨૨ કલમો. સ્વર્ગપતિ ન્યાયાધીશ ન્યાયકાળે કેટલાએકને કહેશે, કે મારા બાપના આશીર્વાદિતો આવો...સ્વર્ગ સ્થાન લો, કેમ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખાવાનું આપ્યું. હું તરસ્યો હતો, ત્યારે તમે મને પાણી પાયું, હું પારકો હતો, ત્યારે તમે મને પરોણો રાખ્યો. હું વસ્ત્ર વગરનો હતો, ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવેલાં...માથ્થી. ૨૫;૩૪-૩૬.

**મનન વિચાર**

પરોણાગત કરવી એ કારભારીપણાનો જ એક ભાગ છે. વટેમાર્ગુ, નિરાશ્રિત, કે અતિથિ કેટલેક વખતે એવા સંજોગોમાં આવી જાય છે, કે જ્યાં કોઈ સગું વહાલું કે ઓળખાણ ન હોય,

તેમ જ ખાવાપીવા કે રહેવાની સગવડ આપનાર હોટેલ કે વીશી જેવું પણ ન હોય. ત્યાં કોઈક અજાણ્યાનો આસરો શોધવો પડે. એવે વખતે એવું બને છે, કે પારકો માણસ કોણ હશે, કેવો હશે, એ પ્રશ્ન મોટો થાય છે. રખેને કોઈ બદદાનતનો હોય, અને ઘરમાંથી કશું ઉચાપત કરી જાય એ બીકે કે એ વિચારે ઘણે વખતે એવાંને આશરો આપતાં જીવ કચવાય છે.

પ્રાચીન કાળમાં યાએલે સીસરાને પાણીને ઠેકાણે દૂધ પાયું, એવો સત્કાર કરનારા લોકો પણ હતા. જે આપણે કોઈ અજાણે ઠેકાણે જઈએ, અને ત્યાં કોઈ આપણો ભાવ ન પૂછે, કે આપણે પડછાયે પણ ઊભું ન રહે, ત્યાં આપણને કેવું લાગે? એવા સંજોગોમાં આપણે ઇચ્છીએ કે કોઈ આપણને આશરો આપે તો કેવું સારું, તેવું જ આપણે ત્યાં પણ કોઈ ઇચ્છે. આપણા સત્કારથી જેવો આનંદ આપણને થાય, તેવો જ આનંદ તેને પણ થાય. આવા અજાણ્યાને આપેલી સગવડ માણસને ઈશ્વર પાસેથી બદલો ભરી આપનારી હકીકત છે.

સગવડ કરી શકાય નહિ એવી સ્થિતિમાંયે અજાણ્યાને આપેલું આશ્વાસન અને મદદને માટે દેખાડેલો માર્ગ ઉદાર સ્વભાવની નિશાની છે. કોઈને પાણી પાવા જેટલું કે ખબરઅંતર પૂછવા જેટલુંયે કામ કોઈ ન કરે, તે ઈશ્વરથી આશીર્વાદ મળતો અટકાવે છે. અને જો એવો સ્વાર્થી ભાવ જ હોય તો ન્યાયને દહાડે તે તેને નુકશાનમાં ઉતારે છે.

ખબરઅંતર પૂછતાં માણસની સ્થિતિ સમજાઈ જાય. પછી સંજોગ પ્રમાણે તેને ઘટતી મદદ કરાય. આપણે ધરાઈને ખાઈને સૂઈ જઈએ અને પેલો અજાણ્યો ભૂખ્યો તરસ્યો પડ્યો રહે, તેનીં દરકાર પણ ન કરીએ તો ઈશ્વર સમક્ષ આપણે અપરાધી ગણાઈએ.

શાસ્ત્રવાચનના પાઠમાં પ્રભુ ઈસુએ જે તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે, તે પર સ્થિર ચિત્તે વિચાર કરો. એ શાસ્ત્રભાગનું ફરી ફરી વાચન કરીને તેનું મનન કરો, તો અજાણ્યા પ્રત્યેના આપણા વલણમાં ફેર પડવાનો. અન્નપાણી તથા રહેઠાણ પૂરું પાડ્યાંથી, તેના પ્રત્યે દિલસોજી દેખાડવાથી, તેના હકમાં થઈ શકે તેટલું કરવા તેની સાથે મિત્રતાઈભર્યો વાર્તાલાપ કર્યાથી માણસ પોતાના ઉદાર સ્વભાવનો દાખલો પૂરો પાડે છે, અને સામાનો પ્રેમ સંપાદન કરી તેને દિલાસારૂપ પણ થાય છે.

અજાણ્યા માણસો સમજીને ઈબ્રાહીમે તથા લોટે દૂતોની પરોણાચાકરી કરેલી અને આશીર્વાદ પામેલા.

સારફાથની વિધવા પાસે તો ચપટી લોટ અને ચમચો તેલ છેલ્લામાં છેલ્લી સામગ્રી હતી. એ વપરાયા પછી જીવનની કશી સગવડ તેની પાસે ન હતી. આવા સંજોગોમાં કોઈ આપણે ત્યાં આવે, તો આપણે એ છેલ્લી દમડી તેને ખવડાવીએ કે કેમ? એલિયાહે પાણી માગ્યું. એ પાણી લેવા જતી હતી ત્યારે રોટલીની માગણી કરી. યાદ રાખો કે તેણે પાણી પાવા જેટલી ઉદારતા તો પ્રથમ જ દેખાડી.

આવો, બેસો ને પીઓ પાણી,
એ ત્રણે વસ્તુ મફતની આણી.

આ કહેવત કેટલી સુંદર અને સૂચના આપનારી છે. આટલું તો વગર પૈસે ને વગર ખર્ચે કરી શકાય. એ પછી આગળ ઉપર શું કરવું, તે સમજાઈ જશે. સુનેમની શૂનામ્મીએ એલીશાને આગ્રહ કરીને રોટલી ખવડાવી. આ તો તેની પહેલી જ મુલાકાત હતી. એ પછી એલીશા જ્યારે જ્યારે ત્યાં થઈને જતો, ત્યારે તેની પરોણાગત કરતી. આગળ જઈને તો તેણે પોતાના ઘરની ભીંતે એક નાની ઓરડી ઉતારી ને ત્યાં પલંગ, મેજ, બાજઠ ને દીવી

મૂક્યાં. એ સારુ કે જ્યારે જ્યારે તે આવે ત્યારે ત્યાં વિસામો લે. આ ઉદાર સેવા બની શકે તેટલું કરવાની તકનો લાભ લેવાની આપણને સૂચના ન હોઈ શકે? એનું પરિણામ પણ તેને મળ્યું.

અજાણ્યાને જોઈને તરત જ તેની જગાએ પોતાને મૂકીએ, તો જરૂર પરોણાગત કરવા વિષે આપણા વલણમાં આશીર્વાદ યુક્ત સુધારો થશે. સોનેરી નિયમ-જેવું તમે ચાહો છો કે બીજાં માણસો તમને કરે, તેવું તમે તેમને કરો.

**પ્રશ્ન :** પરોણાગત કરવા બાબતે તમારો અનુભવ કેવો છે?
જાણીતા કે અજાણ્યા જોઈને બારણું બંધ કરીએ, એ ઈશ્વરને કેવું લાગે?
અજાણે ઠેકાણે આપણે હોઈએ, તો આપણે શું ચાહીએ?

# ૩૬. માફીનું શિક્ષણ

## શાસ્ત્રવાચન

માથ્થી ૧૮;૨૧-૩૫.

## હેતુ

અપરાધીને માફ કરવાનું શિક્ષણ આપવું.

## પસંદ કરેલી કલમો

જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરશો, તો તમારો આકાશમાંનો બાપ તમને પણ તમારા અપરાધ માફ કરશે. માથ્થી. ૬;૧૪. તમે એકબીજા પર ઉપકારી તથા કરૂણારૂપ થાઓ, ને જેમ ખ્રિસ્તમાં દેવે તમને માફ કર્યું, તેમ તમે પણ એકબીજાના અપરાધો માફ કરો. એફ. ૪.૩૨. તારો ભાઈ તારી વિરુદ્ધ અપરાધ કરે, તો તું અને તે **એકાંતે** જઈને તેનો અપરાધ તેને કહે. જો તે તારું સાંભળે, તો તેં તારા ભાઈને મેળવી લીધો છે. માથ્થી ૧૮;૧૫. પોતાને વધસ્તંભે જડાવનારા અને જડનારા માટે પ્રભુ ઈસુએ પ્રાર્થના કરી કે હે બાપ, આ દોષ તું તેઓને લેખે ન ગણ. કેમ કે તેઓ શું કરે છે એ તેઓ જાણતા નથી. માથ્થી ૨૩;૩૪.

## મનન વિચાર

પાપની માફીનો સિદ્ધાંત કેવળ બાઇબલમાં જ મળે છે. બીજે બધે માફીની વાત નકારેલી છે. ઈશ્વર પ્રીતિ છે. પ્રીતિવાન વ્યક્તિ અપરાધીને સામે બદલો વાળવા ચાહતી નથી, પણ તે અપરાધીને માફ કરે છે એટલું જ નહિ. પણ અપરાધીનું ભલું કરવાનો લાગ શોધે છે. ખ્રિસ્તી ધર્મનો પાયો પ્રેમ છે અને પ્રેમનું વર્તન માફી છે.

જો ઈશ્વર માણસોને તેઓના અપરાધો માફ ન કરે, તો કોઈ તેની સંગતમાં રહી કે આવી શકે નહિ. ઈશ્વર ઇચ્છે છે, કે સઘળાં માણસ તેની સંગતમાં રહે. ઈશ્વરની સંગતમાં રહેવાનું પ્રથમ પગથીયું પાપનો પસ્તાવો અને નકાર છે, એ પછી પવિત્રાઈ પામવાની ઇચ્છા અને ઈશ્વરનું શરણ છે. આવા માણસોને ઈશ્વર તેઓના ગમે તેટલા અને ગમે તેવા ગુના માફ કરે છે. તેઓનાં પાપ તે ફરી સંભારતો નથી. આવી જ વૃત્તિ માણસો રાખે ને ઈશ્વરની સંગતમાં રહે, એ માટે પ્રભુ ઈસુએ નમૂનાસહિત શિક્ષણ આપ્યું છે.

પ્રભુના ઉપકારો ભૂલી જઈને તેનાં મોં પર થુંકનારાં, મારનારા, તેમને સતાવનારા ને ખીલા ઠોકનારા એવા બધા પ્રત્યે તેમણે પ્રેમભાવ બતાવ્યો, તેઓના અપરાધો તેમને ખાતે ન ગણાય એવી ઈશ્વર પિતાને વિનંતી પણ કરી. પોતાને બેડીઓ પહેરાવવા આવનારનો કાન એક શિષ્યે કાપી નાખ્યો, ત્યારે પ્રભુ ઈસુએ તેને ઠપકો દઈને તેનો કાન સાજો કર્યો અને બેડીઓ પહેરવા પોતાના હાથ તેના તરફ લંબાવ્યા.

અપરાધોની બાબતમાં પ્રાચીનકાળે એવો નિયમ આપ્યો હતો, કે જો કોઈ તારો દાંત તોડે, તો તારે તેનો દાંત તોડવો. એથી વિશેષ કરવું નહિ. મતલબ કે બદલો લેવો. તેના પ્રત્યે અદાવત રાખવી નહિ, કે તેનું અહિત કરવું નહિ.

એ સમજાવવા એમ પણ કહેલું, કે તારા શત્રુના ખેતરમાં કોઈ ઢોર બગાડો કરતું હોય, તો તું તે ઢોરને હાંકી કાઢ. જો એ કરવા ખુશી ન હો, તો તેને ખબર આપ, કે તે આવીને ઢોરને હાંકી કાઢે. આ તો અદાવત ન રાખવાનો તેમ જ તેનું અહિત ન કરવાનો પ્રેમનો નિયમ છે. માફ કરવા ખુશી ન હોય કે બીજાંને ખોટું ઉત્તેજન ન મળે એ હેતુથી થએલું નુકસાન જ વાળી લેવાને પેલો નિયમ આપેલો.

પ્રભુ ઈસુએ તો સ્પષ્ટ કહ્યું, કે તમારા વૈરી પર પ્રેમ કરો. તેઓનું ભલું કરો. સામે બદલો ન વાળો. તેઓને સારુ પ્રાર્થના કરો. એવું કરવાથી જ તમે ઈશ્વર પિતાના સ્વભાવના ભાગીદાર થશો.

**કેટલીવાર માફ** કરવું એ પીતરે પૂછીને એમ જણાવ્યું કે ત્રણ વારને બદલે સાત વાર માફ કરીએ. પ્રભુ ઈસુએ કહ્યું કે એક દિવસમાં સાત વાર અપરાધ કરે, અને સાત વાર પસ્તાય ને માફી માંગે, તો સાત વાર માફ કર. સાત તો શું, પણ સિત્તેરગણી સાત વાર! મતલબ કે બધે વખતે બધા જ ગુના માફ કર.

પેલી વ્યભિચારી સ્ત્રીને પાપ કરતાં જ લોકે પકડીને પ્રભુ પાસે આણી, તેને પત્થરે મારવા વિષે કહ્યું, નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન ન થાય, માટે પ્રભુ ઈસુએ એવો માર્ગ બતાવ્યો કે તમારામાંનો જે કોઈ પાપ વગરનો હોય, તે એના પર પહેલો પત્થર નાખે. બધા ગુંચવાયા ને ચાલ્યા ગયા. એ સ્ત્રીને પ્રભુ ઈસુએ કહ્યું, કે જા, હું પણ તને જવા દઉં છું. હવેથી પાપ કરતી ના.

**પાપની માફી પામેલાંનાં દૃષ્ટાંતો** મરિયમ માગદાલેણ, પ્રભુની સેવિકા બની. સમરૂની સ્ત્રી પોતાના ગામની સુવાર્તિક બની. દાઉદે ભયંકર પાપ કરેલાં, પણ તેની પવિત્રતા તરફની તીવ્ર ભાવનાને લીધે તે મસીહનો પિતા ગણાયો. કોઈ પાપમાં પડે. તેથી તે સદાને માટે નાલાયક થઈ જતો નથી. પાપનો ધિક્કાર કરીને પવિત્રાઈને માર્ગે વળનારાં મહાન સંત બની ગયાં છે. પીતરે પ્રભુ ઈસુનો નકાર કર્યો, પણ આકાશના રાજ્યનો મર્મ ખોલનારો મહાન સંત બની ગયો. દક્ષિણ હિંદનો તામીલ ડેવિડ વ્યભિચારમાં પડેલો. છતાં તે મહાન સુવાર્તિક સંત બની ગયો. ગઈ કાલે જે પતિત હતા. તે આજે પવિત્ર સંત હોઈ શકે છે.

કોઈને ધિક્કારશો નહિ. પોતા વિષે સાવધ રહો.

**કેવી રીતે માફ કરવું** એક સ્ત્રીએ કહ્યું, હું મારી પાડોસણને માફ કરું છું. પણ હવે પછી તેની સાથે બોલચાલનો સબંધ નહિ રાખું, તે રસ્તે ચાલતી હતી તેવામાં પેલી પાડોસણને સામેથી આવતી જોઈને તેણે મોં અવળું ફેરવ્યું, કેળાનાં છોડા પર પગ પડ્યાથી તે લપસી પડી. એ જોઈને પેલી પાડોસણે દોડીને તેને ઊઠાડી. બંનેનાં હૃદયો પ્રેમથી જોડાઈ ગયાં. પ્રભુ પ્રાર્થનામાં આપણે કહીએ છીએ, કે **જેમ** અમે **અમારા ઋણીઓને માફ કરીએ છીએ, તેમ તું અમને માફ કર.**

જેમ ને તેમનો અર્થ સમજો છો?

ક્યારે માફ કરવું? માફી માગે ત્યારે? ના. અપરાધ થતાંની સાથે જ. માગે કે ન માગે. પણ તમે તેના તરફ પ્રેમનો આત્મા રાખો. જો તમે માફ નહિ કરો, તો તમને પણ દેવ માફ કરશે નહિ. માફી એ તો પ્રેમનો સિદ્ધાંત અને આકાશના રાજ્યમાં પેસવાનો પરવાનો છે.

કેટલું માફ કરવું? વાચન પાઠમાંનો દાખલો વિચારો. જો તાલંત રૂપાનું ગણીએ, તો તેની કિંમત ૫૧૬ રૂપિયા થાય. સોનાનું એથી ૧૫ ગણું. તેણે ૫૦ રૂપીઆના દેવાદારનો ટોટો પકડ્યો!

પ્રભુના તથા માણસના મનનો આ ચિતાર છે.

**પ્રશ્ન :** કેટલા ગુના માફ કરી શકાય?
દાંતને બદલે દાંતનો નિયમ કેમ અપાયો હશે?
વ્યવહારમાં માફીના પરિણામની કેવી અસર થાય છે?

# ૩૭. પ્રભુ અમારો વિશ્વાસ વધારો

## શાસ્ત્રવાચન

લૂક ૧૭; ૫-૧૦. પ્રભુ અમારો વિશ્વાસ વધાર.

## હેતુ

વિશ્વાસની વૃદ્ધિ કરવાનો ખ્યાલ આપવો.

## પસંદ કરેલાં વાક્યો

અરે અલ્પ વિશ્વાસી, સંદેહ કેમ આણ્યો. માથ્થી ૧૪;૩૧. તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ. માથ્થી ૯;૨૮. તારો વિશ્વાસ મોટો છે. માથ્થી ૧૫;૨૮. આટલો બધો વિશ્વાસ મેં ઈસ્ત્રાએલમાં પણ જોયો નથી. માથ્થી ૮;૧૦.

## મનન વિચાર

પ્રભુ ઈસુ રૂપાંતરના પહાડ પર હતા, ત્યારે એક ફેફરાવાળા છોકરાંને તેનો બાપ શિષ્યોની પાસે લાવ્યો, પણ જે શિષ્યોએ અગાઉ આવા ચમત્કારો કર્યા હતા, તે અત્યારે કરી શક્યા નહિ. કારણ કે તેમનામાં અત્યારે સ્વાર્થ વૃત્તિની ચર્ચા હતી. આપણામાં મોટો કોણ, એ મોટા થવાની ભાવનાએ તેમનો વિશ્વાસ પ્રભુ પરથી ખસીને જગતી વાસના પર સ્થિર થયો હતો. પોતે આ છોકરાને કેમ સારો કરી શક્યા નહિ, એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, કે તમારા **અવિશ્વાસને** લીધે. વિશ્વાસ કરનારને સર્વ શક્ય છે, એમ જણાવ્યું. અવિશ્વાસથી અરણ્યમાં લાખો માણસો મરી ગયાં ને કનાનમાં જવા ન પામ્યાં.

પ્રભુ ઈસુને પાણી પર ચાલતા જોઈને પીતરે પાણી પર ચાલવાની ઇચ્છા કરી. પ્રભુની રજા મળતાં તે ચાલી શક્યો; પણ

પવનના તોફાન સામે જોઈને બી ગયો. એટલે ડુબવા લાગ્યો. પ્રભુએ તેને ઠપકો આપતાં કહ્યું, કે અરે **અલ્પવિશ્વાસી,** તેં સંદેહ કેમ આણ્યો. મંદવાડનું, સતાવણીનું કે બીજી કશી મુશ્કેલીનું તોફાન માણસ પર આવી પડે, ત્યારે કેટલાં બધાં માણસો કચકચ કરે છે! યાદ રાખો કે કસોટી જ વિશ્વાસ વધારવાનું પગથિયું છે. કચકચ કર્યા વિના સંજોગોને આધીન થઇ પ્રાર્થના કરનારાને દિલાસો ને માર્ગદર્શન મળે છે. એમ વિશ્વાસની વૃદ્ધિ થતી જાય છે.

**પૂરતો વિશ્વાસ** બાર વર્ષથી લોહીવાથી પીડાતી અને વૈદોની દવા પી પીને કાયર થએલી અને ઉલટી વધુ માંદી પડી ગએલી સ્ત્રીએ પોતાના મનમાં કહ્યું, કે જો હું પ્રભુના જામાની કોરને જ અડી શકું, તો જરૂર હું સાજી થઈશ. તેણે તેમ કર્યું ને સાજી થઈ ગઈ.

કોઢિયાને પાકો વિશ્વાસ હતો તેથી તે બોલ્યો, કે પ્રભુ, જો તમે ચાહો, તો મને શુદ્ધ કરી શકો છો. પ્રભુએ તેનો વિશ્વાસ જોઈને તેને કહ્યું, હું ચાહુ છું, તું શુદ્ધ થા. તરત જ તેનો કોઢ મટી ગયો. પ્રભુ સર્વ કંઈ કરી શકે છે, એવી ખાતરીથી તેને વિનંતી કરો. જો તમારા લાભમાં તમારી માગણી સારી હશે, તો જરૂર તમને માગ્યા પ્રમાણે મળશે.

**મોટો વિશ્વાસ** સૂર સીદોનની સીમમાં પ્રભુ ઈસુ હતા, ત્યારે એક કનાની સ્ત્રીએ તેમને વિનંતી કરી કે પ્રભુ, મારી દીકરી ભૂત વળગાડથી બહુ પીડાય છે, તેને સાજી કરો. તેના વિશ્વાસની કસોટી કરવા પ્રભુએ તેને કહ્યું, કે છોકરાંની રોટલી લઈને કૂતરાંને નાખવી વાજબી નથી. સ્ત્રીએ કહ્યું, પ્રભુ, છોકરાંના હાથમાંથી પડી ગએલા ટુકડા કૂતરાં ખાય છે. મને પણ એક ટુકડો નાખો. એનો વિશ્વાસ જોઈને પ્રભુ ઈસુએ કહ્યું, બાઈ તારો

વિશ્વાસ મોટો છે. જેવું તું ચાહે છે, તેવું તને થાય. તેણે જોયું, કે તેની દીકરી સાજી થઈ હતી. કડવી કસોટી મોટો વિશ્વાસ ઉપજાવે છે. અને તેનું ફળ પામે છે.

**એટલો મોટો વિશ્વાસ** મેં ઈસ્ત્રાએલમાં પણ જોયો નથી એવું પ્રભુ ઈસુએ એક જમાદારની બાબતમાં કહ્યું, તેનો ચાકર પક્ષઘાતથી પીડાતો હતો તેને સાજો કરવાની તેણે પ્રભુ ઈસુને વિનંતી કરી. પ્રભુ ઈસુએ તેને કહ્યું, ઠીક હું આવીને તેને સાજો કરીશ. એ સાંભળીને જમાદારે કહ્યું, કે પ્રભુ, તમે મારા છાપરા નીચે આવો એવો લાયક હું નથી. હું અધિકારી હોઈને મારા માણસને કહું છું, કે આ કર કે તે કર, ને તે કરે છે. તમે પણ કેવળ શબ્દ બોલો, આજ્ઞા કરો, તો રોગ તમારો હુકમ માનશે ને મારો ચાકર સાજો થશે. આ સાંભળીને પ્રભુ ઈસુએ પાછળ આવનારાઓને કહ્યું, કે આટલો વિશ્વાસ મેં ઇસ્રાએલમાં પણ જોયો નથી. તેનો ચાકર તેના વિશ્વાસ પ્રમાણે સાજો થયો.

અવિશ્વાસથી માંડીને ભારેમાં ભારે વિશ્વાસનાં દૃષ્ટાંતો આપણી આગળ છે. આ બધા બનાવો કેટલા બધા ઉત્તેજનદાયક છે ! કાંઈપણ કરવાનું પ્રભુને અશક્ય નથી. તે જે ચાહે તે કરી શકે છે, એવી ખાતરી આપણને હોવી જોઈએ. બીજી ખાતરી એ હોવી જોઈએ, કે તે મારા પર પ્રેમ કરે છે, માટે મેં જે માંગ્યું છે, તે મારા હકમાં સારું હશે, તો જરૂર આપશે.

આ વાત સમજાવવા સારુ પ્રભુ ઈસુએ કહ્યું, કે તમે ભૂંડી પ્રકૃતિનાં છતાં તમે તમારાં છોકરાંઓને સારાં વાનાં આપો છો, તો તમારો આકાશવાસી પિતા તમને કેટલાં વિશેષ સારાં વાનાં આપશે ! ગીતકર્તાએ તો એટલે સુધી ખાતરી આપી, કે તમારું વહેલું ઊઠવું અને મોડું સૂવું ને કષ્ટ વેઠીને રોટલી ખાવી, એ વ્યર્થ છે કેમ કે એ વાનાં તો પ્રભુ પોતાના વહાલાં ઊંઘતા હોય, ત્યારે

પણ ઊંઘમાંથી જગાડીને તે આપે છે. ગી.શા. ૧૨૭;૨. જેઓ યહોવા પર ભરોસો રાખે છે, તેઓને કશા સારાં વાનાની ખોટ પડશે નહિ. ગી.શા. ૩૪;૧૦.

મંદવાડમાં કે કશી આફતમાં આવી પડતાં ગભરાઈ જવાની જરૂર નથી. કેટલાક એવી કચકચ કરે છે, કે મેં શાં પાપ કર્યાં હશે, કે મારા પર પ્રભુ આવી આફત લાવે છે. પ્રભુએ અમને મૂકી દીધાં છે. આવું બોલનારાંનો વિશ્વાસ વધવાને બદલે કમતી થઈ જાય છે. ઈશ્વર પિતા છે. અને વળી પ્રેમી પિતા છે. પ્રભુ ઈસુને માણસની મદદ કરવા મોકલ્યા છે, તે આપણને તેમના ભરોસે રહેનારાંને શું નહિ આપે. ગમે તે સંજોગોમાં તેને માન આપો. તેના પર ભરોસો રાખો અને રાજી રહો. એમ કર્યાથી જ વિશ્વાસની વૃદ્ધિ એટલી બધી થશે, કે એલિયાહની જેમ આકાશ બંધ રખાવી શકાય !

**પ્રશ્ન :** સંકટ વેળાએ તમારું મન કેવું હોય છે? વિશ્વાસ રાખો છો?
મારે માટે જે સારું હશે, તે એ કરશે એવું માનો છો?
ઉપર જણાવ્યા પ્રમાણેનો કયો વિશ્વાસ તમારામાં છે?

# ૩૮. પડોશીધર્મ - ભલો સમરૂની

## શાસ્ત્રવાચન

લૂક ૧૦;૨૫-૩૭.

## હેતુ

સેવાની તક જતી કરવી નહિ.

## પસંદ કરેલાં વાક્યો

મારો પડોશી કોણ?

હું આફતમાં હતો ત્યારે તમે મને મદદ કરેલી. માથ્થી ૨૫;૩૪-૩૬. પ્રેમ પડોશીનું ભૂંડું કરતો નથી, તેથી પ્રેમ નિયમની સંપૂર્ણતા છે. રૂમી. ૧૩;૧૦. ભલું કરી જાણે છે ને કરતો નથી, તેને પાપ લાગે છે. યાકૂ. ૪;૧૭.

## મનન વિચાર

એક પંડિતે પ્રભુ ઈસુની ઠેકડી કરવા અને પોતાનું ન્યાયીપણું જાહેર કરવા તેમને પ્રશ્ન પૂછયો, કે અનંતજીવનનો વારસો પામવા સારુ મારે શું કરવું?

પ્રભુ ઈસુએ સામે પ્રશ્ન પૂછયો, કે નિયમશાસ્ત્રમાં તું શું વાંચે છે?

તેણે કહ્યું, ત્યાં એમ લખ્યું છે, કે "પ્રભુ તારા દેવ પર આખા હૃદયથી, તારા આખા જીવથી, તારા આખા મનથી અને પૂરાં બળથી પ્રીતિ કર, અને જેવી પોતા પર તેવી તારા પડોશી પર પણ પ્રીતિ કર."

પ્રભુ ઈસુએ કહ્યું, "તેં ઠીક જવાબ આપ્યો છે. જઈને એમ

કર.” પંડિતને પોતાના ન્યાયીપણાનું જબરું ગુમાન હતું. તે માનતો હતો, કે હું સંપૂર્ણ છું. યહૂદી ભાઈઓને બને તેટલી મદદ કરું છું એટલે પડોશી ધર્મ બજાવુ છું. યહૂદી સિવાયના બીજા કોઈને તે પડોશી સમજતો નહિ. પોતે નિયમશાસ્ત્ર પ્રમાણે ચાલે છે, એવું પ્રભુ ઈસુને મોઢેથી સાંભળવાની તેની ઇચ્છા હતી. તે માનતો હતો કે યહૂદીઓને મદદ કરવી એમાં પડોશી ધર્મ પૂરો થાય છે, એમ પ્રભુ ઈસુ પણ કહેશે. એવા વિચારથી તેણે પ્રશ્ન કર્યો, કે મારો પડોશી કોણ?

પ્રભુ ઈસુએ એક બની ગએલી બીના તેને સંભળાવી. આ વાત દૃષ્ટાંત નથી. એ તો હકીકત છે. આવું તો તે ભાગમાં બન્યા કરતું હતું, અને યહૂદીઓ પોતાની સમજ પ્રમાણે વર્તતા.

એ બનાવમાં લૂંટારાના હાથમાં પડેલાની વાત કરી. લૂંટારાએ તેને માર્યો, લૂંટી લીધો અને તેને અધમૂઓ મૂકીને ચાલ્યા ગયા. ખીણના રસ્તાની કોર પર તેને પડેલો જોઈને ત્યાં થઈને યાજક તેને મદદ કર્યા વગર ચાલ્યો ગયો. એ પછી લેવીએ પણ તેમ જ કર્યું. આ લોકનાં મનમાં કદાચ એવી બીક હશે, કે રખેને લૂંટારા અમને પણ લૂંટી લે અને એના જેવી અમારી દશા કરે. અથવા એમ ધારતા હશે, કે પ્રભુએ એને એની કરણીનું ફળ આપ્યું છે, માટે એમાં આપણે વચ્ચે પડવું નહિ. અથવા એમ જોયું હશે કે એ આપણી નાતનો દેખાતો નથી. આપણો સગો કે મિત્ર નથી માટે તેના પ્રત્યે આપણી કશી ફરજ નથી. ગમે તે વિચારે તેઓએ આ લાચારને મદદ કરી નહિ.

તે જ ઠેકાણે એક સમરૂની આવ્યો. તેને જોઈને તે તરત પોતાના જાનવર પરથી ઉતરી પડ્યો અને તેની પાસે ગયો. તે તેને ઓળખતો ન હતો. તે તેનો સગો કે મિત્ર પણ ન હતો. માત્ર એટલું જ તેણે જોયું, કે એ બિચારો લૂંટાએલો, ઘવાએલો લાચાર

આદમી છે. જો એની સારવાર કરવામાં ન આવે, તો તેની સ્થિતિ ઘણી કફોડી થાય. તેનું કુટુંબ ક્યાં હશે, તે તેની કેવી રાહ જોયાં કરતાં હશે, એ વાતે ઘવાએલાંનાં વિચારોની કલ્પના કરીને તેણે તેના ઘા ધોયા તેલ રેડીને પાટા બાંધ્યા અને તે ચાલવાને અશક્ત હોવાથી તેને પોતાના જાનવર પર બેસાડીને પોતે એ જાનવરને દોરીને ચાલ્યો. ઉતારામાં જઈને તેની સંભાળ લેવાનો ઉતારાવાળા સાથે બંદોબસ્ત કર્યો અને સારવાર માટે પૈસા પણ આપ્યા.

આ વાત કહ્યા પછી પંડિતને પૂછયું કે, પેલા ત્રણ વટેમાર્ગુઓમાં આ ઘવાએલાનો પડોશી કોણ કહેવાય? પંડિતે ઉત્તર દીધો કે, જેણે તેની સેવા કરી તે.

આ વાત આપણને બધાંને દાખલારૂપ છે. આખી માનવજાત આપણા જ કુટુંબની ઓલાદ છે. વિના ભેદે માણસને પોતાનો ભાઈ સમજીને સેવા કરવામાં આપણે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલીએ છીએ.

ધર્મ, કર્મક્રિયાઓમાં સમાઈ જતો નથી. ધર્મ એ ક્રિયાઓ કરવા માટે વૈતરાંરૂપ નથી. ધર્મ તો જીવન છે. જીવન ઈશ્વરે આપ્યું છે, અને ધર્મનો પ્રાણ પ્રેમ છે. જો આપણે કશી મુશ્કેલીમાં આવી પડીએ તો આપણે સહજ ઇચ્છીએ છીએ કે કોઈ આપણને મદદ કરે તો સારું. જો આપણે મદદની આશા રાખીએ, તો પહેલાં બીજાને મદદ કરીએ. એ મદદ બીજરૂપ થશે અને આપણને જરૂરને વખતે બદલો પણ આપશે.

કોઈ પોતાને અર્થે જીવતું નથી. કોઈ વૃક્ષ પોતાને અર્થે નથી. કોઈ ફળ પોતાને અર્થે નથી. કોઈ ચીજ પોતાને અર્થે નથી. માણસ પણ પોતાને અર્થે નથી તેમ છતાં આખી કુદરતમાં કેવળ માણસ જ એવું છે, કે જે સ્વાર્થી બની ઈશ્વરના પ્રેમના પાટા

પરથી ખસી જઈને સ્વાર્થના કાદવમાં ખૂંપી રહે છે.

કોઈનું અહિત ન કરવું એ તો ઠીક છે. પણ એટલેથી જ માણસની જીવન ફરજ બંધ થતી નથી. માણસને તો ઈશ્વરે પોતા તરફથી કારભારી નીમ્યું છે. એ સર્વત્ર ભલું કરતો રહે એ ઈશ્વરની ઈચ્છા છે. જે જે ભલું કરી જાણે છે, છતાં કરતો નથી તે પાપ કરે છે. આવું પાપ આપણે કેટલી બધી વાર કરીએ છીએ, તેનો વિચાર કરો.

**પ્રશ્ન :** બીજાને મદદ કર્યાનું ફળ શું છે?
ફળ પામવાની આશાથી માણસ સારું કરે, તે વ્યાજબી છે?
પડોશી ધર્મ ચૂકવનાર દુર્ગુણ કયો છે?

## ૩૯. પરીક્ષણ પર જીત

### શાસ્ત્રવાચન

માથ્થી ૪, ૧-૧૧.

### હેતુ

પ્રભુનાં વચનોથી વિજય મળે છે એ બતાવવું.

### પસંદ કરેલાં વાક્યો

તેને ભૂખ લાગી.

શેતાન જગતનાં રાજ્યો અને તેનો મહિમા બતાવે છે. અરે શેતાન આઘો જા. શેતાન તેને મૂકીને ચાલ્યો જાય છે. તે પરીક્ષણ પામેલો છતાં નિષ્પાપ રહ્યો. હેબ. ૪;૧૫. દેહનો લોભ, આંખનો લોભ ને જીવનનો અહંકાર પાપમાં પાડે છે. ૧ યો. ૨;૧૬. શેતાનની ઉલટા ઊભા રહો, એટલે એ તમારી પાસેથી નાસશે. યાકૂ. ૪;૭.

## મનન વિચાર

ચાળીસ દહાડાના ઉપવાસ પછી ભૂખનું જોર ભારે હોય, એ સ્વાભાવિક છે. ભૂખ્યો માણસ શું ન કરે! ઉડાઉ દીકરો ભૂંડોની સીંગો ખાવાના વિચાર પર આવેલો. શેતાને પ્રભુ ઈસુને કહ્યું કે આ પથરા પડ્યા છે, એને રોટલી બનાવીને ભૂખ ભાંગ. માનવદેહમાં રોટલી એ પહેલી જરૂરિયાત છે. એ મેળવવા માટે માણસ વહેલી સવારે ઊઠીને મોડી રાત લગી વૈતરાં કરે છે.

રોટલી મળ્યા પછી પણ માણસની ભૂખ ભાંગતી નથી. એ વધતી જ જાય છે અને ધન પ્રાપ્તિ પર ચોંટે છે. પછી એના સંચય પર આગળ વધે છે. એની સફળતા માટે તે જાત જાતના ધંધામાં પડે છે, અને જેમ સફળ થતો જાય, તેમ આગળ વધ્યો જ જાય છે. નાના ગૃહઉદ્યોગ પરથી મોટા શહેર જેવું કારખાનું ઊભું થાય છે! આની વ્યવસ્થામાંથી માણસ પરવારતો નથી. અને તેને પહોંચી વળતોય નથી, માટે બીજા મદદગારો કામદારો રાખીને ધંધો ધપાવ્યે જાય છે.

આ મિલકત મોહના કાદવમાં તે એટલો બધો કળી જાય છે, કે તેમાંથી નીકળાતું નથી. અને તેને શાસ્ત્ર વાંચવાનો કે પ્રાર્થના કરવાનો કે ધર્મસભાઓમાં જવાનોયે વખત મળતો નથી! રાતદહાડો એના વૈતરામાંથી પાર આવતો નથી. તે પુષ્કળ મેળવે છે અને કહે છે, કે હે જીવ, ખા, પી ને લહેર કર. પછી અકાળે મોતનું તેડું આવે છે, ત્યારે એ બધું જયાંનું ત્યાં પડ્યું મૂકીને ચાલ્યા જવું પડે છે અને એ મિલકત મેળવવાનો જેણે જરાયે શ્રમ કર્યો નથી, તે તેનો ઉપભોગ કરે છે! કેવું વૈતરૂં ને કેવો ત્રાસ! કેવી વ્યર્થતા! ખરી કમાણી જે આત્માનો ઉદ્ધાર અને એને લગતાં આશીર્વાદો, એ તે ગુમાવી બેસે છે. કેવી ખોટ!

રોટલી અને દ્રવ્ય પછી એક બીજું ચઢિયાતું પગથિયું આવે છે, એ તો માન મોટાઈ અને મોભો છે, એ મેળવવાને લોકની વાહ વાહ સાંભળવા તે લલચાય છે. ઊંચા આસનો માટે લોકોની ખુશાતમ કરે છે. કેન્વાસીંગ કરે છે. અને તેમના મત મેળવી મોટા ભા બને છે! પણ હજી એટલેથી ભૂખ ભાંગતી નથી. હવે તે ત્રીજે પગથીયે ચઢે છે.

ત્રીજું પગથિયું સત્તા છે. રાજ્ય પ્રાપ્તિ સુધી તે આગળ વધે છે. દેહના વિષયોની લાલસાના પાટા પર શેતાન એકવાર માણસને ચઢાવે છે. પછી તો માણસ પોતે જ તેમાં એટલો બધો રસ લેતો થાય છે, કે એ પાટા પરથી ઉતરતો જ નથી! પણ હજી આટલેથી જ દેહના વિષયો પૂરાં થતા નથી. હવે તે દેહના વિષયોને પાટલે ચઢે છે. પણ અફસોસ કે એ પાટલો તો તેના નાશનું પગથિયું છે. આ પગથિયું તો વ્યભિચાર છે.

દાઉદ રાજા થયો, વૈભવ વધ્યો, સંપત્તિ વધી, વિજય વધ્યો, માન વધ્યું, ત્યારે તે પરનારીને મોહ્યો, ને તેને તેડાવીને તેની સાથે કુકર્મ કર્યું ! એટલું જ નહિ પણ એ પાપ ઢાંકવા તેના વરને પણ મારી નંખાવ્યો ! આ પાપનું પરિણામ એવું ભંયકર આવ્યું, કે તેની સ્ત્રીઓની આબરૂ તેના જ દીકરાએ લીધી ને રાજ્યપદ ધારણ કર્યું, દાઉદને ઘરબાર, રાજ્યપાટ ને વિલાસ વૈભવ છોડીને રડતાં રડતાં જીવ લઈને જંગલમાં નાસી જવું પડ્યું. દેવભક્ત કહેવાતો રાજા આબરૂહીન થયો ! આ પાપ કેવું ભયંકર છે ! કામ જાય, આબરૂ જાય ને મોં દેખાડતાં શરમાય !

એથીયે ઉલટો દાખલો યૂસફનો લઈએ. પોટીફારનાં ઘરમાં ગુલામ છતાં, વિશ્વાસુ, કહ્યાગરો અને પ્રમાણિક હતો. તેની લાયકાત જોઈને પોટીફારે તેને આખા ઘરનો વહીવટ સોંપ્યો. એ સુંદર ચહેરાના જુવાન પર તેની શેઠાણીએ નજર બગાડી. તેને

ચોખ્ખા શબ્દોમાં પોતાની કુઇચ્છા જણાવી પણ ખરી ! યૂસફે કહ્યું, ઈશ્વરની નજરમાં આ ભયંકર પાપ છે, એ હું કદી ન કરું. તેણીએ વિચાર્યું, કે એ ગુલામ છે, તેથી એની હિંમત ચાલતી નહિ હોય. તેથી તેણીએ એનો ઉપરણો પકડીને એને પોતા તરફ ખેંચ્યો. પણ યૂસફ એ ઉપરણો એના હાથમાં છોડીને ત્યાંથી નાસી ગયો ! પોતાની ઈચ્છા હવે પૂરી થાય એમ ન લાગ્યાથી એ ઉપરણાને તહોમત નામાની સાબિતીમાં વાપર્યો. પરિણામે યૂસફને કેદખાને પડવું પડ્યું. પણ જે ઈશ્વરના ભયે તે પાપથી દૂર રહ્યો, તે ઈશ્વરે તેને આખા મિસરનો માલિક બનાવ્યો ! પરીક્ષણ પર જય પામવાનો કેટલો સુંદર બદલો !

પ્રભુ ઈસુએ દેવના વચનોને તરવારરૂપે વાપરીને શેતાનની જાળ કાપી નાખી. એ જ કામ યૂસફે પણ કર્યું. પરીક્ષણ ન આવે તેમ બનતું નથી, પણ શેતાનની સામે થઈએ, તો તેને આપણી પાસેથી નાઠા વિના છૂટકો નથી.

શેતાની વિચાર પર મનન કરવા લાગીએ, તો જરૂર ફાંદામાં પડાશે. દેવના વચન પર સ્થિર રહેનાર કદી ડગશે નહિ. છતાં જો કોઈ પાપમાં પડ્યું હોય, તો પસ્તાવો કરીને પ્રભુ પાસે માફી માંગે, તો તે ક્ષમા કરશે એટલું જ નહિ, પણ ઉત્તમ સેવકસેવિકા પણ બનાવશે.

**પ્રશ્ન** : માણસના સહકાર વિના શેતાન કોઈને પરીક્ષણમાં પાડી શકે?
પરીક્ષણો આવવાની અગત્ય ખરી કે નહિ?
પરીક્ષણ પર વિજય પામવાનો શો ઉપાય છે?

# ૪૦. પ્રભુની ઓળખમાં વધવું

## શાસ્ત્રવાચન

યોહા. ૧૪;૭-૧૧.

## હેતુ

પ્રભુની ઓળખમાં વધવાનું ઉત્તેજન આપવું.

## પસંદ કરેલાં વાક્યો

દેવની ઓળખમાં વધતા જાઓ. કલો. ૧;૧૦. દેવને કોઈએ જોયો નથી. પ્રભુ ઈસુએ તેને પ્રગટ કર્યો છે. યો. ૧;૧૮. જેણે મને જોયો છે, તેણે ઈશ્વર પિતાને જોયો છે. યો. ૧૪;૯. હું બાપમાં છું અને બાપ મારામાં છે. યો. ૧૪;૧૧. પ્રભુ ઈસુમાં ઈશ્વરની સંપૂર્ણતા શરીરરૂપે સમાએલી છે. કલો. ૨;૧૦.

## મનન વિચાર

દેવ (ઈશ્વર) આત્મા છે અને એ આત્મા દૈહિક આંખોને દેખતો નથી. પરંતુ તેનું દશ્યરૂપ અને તેની ઓળખ નથી. દેવનું ખરું સ્વરૂપ અને ખરી ઓળખ તો તેના સ્વભાવ પરથી સમજવાની છે. હિન્દુલોક માને છે, કે સૃષ્ટિ ઉત્પન્ન કરીને ઈશ્વર (બ્રહ્મ) ઊંઘી ગયો છે. પ્રભુ પોતે આપણને પ્રગટ કરે છે, કે હું કદી ઊંઘતો નથી કે થાકતો નથી. તેની સમજણ અતકર્ય છે. તે થાકેલાને બળ આપે છે. તેની વાટ જોનારાંને નવું સામર્થ્ય આપે છે. તે સર્વકાળનો સનાતન દેવ છે. તે જીવતો અને જાગતો દેવ છે. યશા. ૪૦; ૨૮-૩૧. દેવ પ્રીતિ છે. ૧ યોહાન ૪;૮.

એવા દેવની મૂર્તિ કરી શકાય જ નહિ. કેમ કે એનામાં એના ગુણો મૂકી શકાંતા નથી. કોઈપણ પુરુષને તેની ઉપમા

અપાય નહિ કે ઈશ્વરનું માન પણ તેને અપાય નહિ. માણસ ક્ષણભંગુર છે અને મૂર્તિઓ નિર્જીવ છે. ઈશ્વર સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે. સૃષ્ટિનો સરજનહાર તે જ છે.

ઈશ્વરે માણસને પોતાની લાયકાતવાળું ઉત્પન્ન કર્યું. એવું બીજું કોઈ પ્રાણી ઉત્પન્ન કરાયું નથી. માણસ પાપાચારને માર્ગે ચઢીને ઈશ્વરની સંગતમાંથી એટલે સુધી ખસી ગયું કે એને ઈશ્વરની ઓળખ જ ન રહી. તેથી તેને સમેટવા સારુ પોતાની ઓળખ આપવાની જરૂર લાગી. સૃષ્ટિનું નિરીક્ષણ કર્યાથી તેને ઓળખી તો શકાય. પણ માણસ ભ્રમમાં પડીને તેને ભૂલ્યું. તેથી પ્રભુ ઈસુના શરીરમાં તે પ્રગટ થયો. એટલે પ્રભુ ઈસુની મારફતે પોતાના સર્વ ગુણોનું પ્રકટીકરણ કર્યું. કલો. ૧;૧૫:૨;૯.

આ વાત પ્રભુ ઈસુએ વારે વારે સ્પષ્ટ શબ્દોમાં યહૂદીઓને કહી બતાવી અને પોતાના કામથી તથા વર્તનથી સિદ્ધ કરી બતાવી. કેવળ યોહાનની જ સુવાર્તામાં ૪૩ વખત પ્રભુએ બતાવ્યું છે, કે બાપે મને મોકલ્યો છે અને બાપ તમારામાં રહીને પોતાનાં કામ કરે છે. હું જે કરું છું, તે પોતાથી કરતો નથી, પણ મારી મારફતે તે કરે છે. આ વાત યહૂદીઓથી સમજાઈ નહિ, મનાઈ નહિ અને તેથી ઉલટું એવા શબ્દોને દુર્ભાષણ ગણીને તેઓએ પ્રભુ ઈસુને મારી નાખ્યા. હવે તેમની ઓળખની વાત કરીએ.

આદમ પાસેથી તેનો ઇતિહાસ સાંભળીને હનોખને તેની સાચી ઓળખ થઈ. ૩૦૮ વર્ષ સુધી તે આદમની સંગતમાં રહ્યો અને શીખ્યો. ૬૫ વર્ષની ઉંમરે તેણે ઈશ્વરની સંગતમાં રહેવાનો નિશ્ચય કર્યો અને પૂરી પવિત્રાઈથી જીવન ગાળવા માંડ્યું. એની ચાલથી ઈશ્વર તેના પર એટલો બધો પ્રસન્ન થયો, કે તેને જીવતો જ સ્વર્ગે લઈ લીધો!

નૂહને ઈશ્વરની એટલી બધી ઓળખ થઈ, કે તેના કહેવાથી

તેણે સૂકા પ્રદેશમાં વહાણ બાંધ્યું ને તે જળપ્રલયથી બચી ગયો.

મૂસાને પોતાની ઓળખ ચિન્હોથી આપીને ઈસ્ત્રાએલને છોડાવી લાવવા તેને મિસર મોકલ્યો, ફારૂનને પણ ઓળખ આપી, પણ તે ન સુધર્યો.

ઈસ્ત્રાએલને પોતાની ઓળખ કરાવવા ઈશ્વરે સિનાય પર્વત પર ગૌરવ પ્રગટ કર્યું એ જોઈને ઈસ્ત્રાએલીઓ ધ્રૂજી ગયા અને તેની સમક્ષ ઝાઝી વાર ટકી શક્યા નહિ.

સેંકડો સંતો અને ભવિષ્યવાદીઓ પોતાને થએલી ઓળખને લીધે, તે ઓળખ લોકને કરાવતાં જાન આપતાં સુધી પાછા ન પડ્યાં.

ધર્મઘેલો શાઉલ પ્રભુના લોકને સતાવતો. પણ તેને પ્રભુએ દર્શન દઈને તેની ગાંડી આસ્થાને ખરે માર્ગે વાળી મહાન સંત બનાવ્યો.

કોઢિયાએ કહ્યું, ઓ પ્રભુ, જો તું ચાહે, તો મને શુદ્ધ કરી શકે છે. માથ્થી ૮;૨. લોહીવાવાળી સ્ત્રીએ કહ્યું, ફક્ત તેના જામાની કોરને અડું તોયે હું સાજી થઈશ. માથ્થી ૯;૨૮. શેતાને કહ્યું, તું દેવનો દીકરો છે. માથ્થી ૪;૩. લૂક ૪;૩૪. લોકોએ કહ્યું આ કોણ છે કે તે અધિકારથી ભૂતોને કાઢે છે. લૂક ૪;૩૬. અજબ જેવું છે, કે પવન તથા પાણી તેનો હુકમ માને છે. લૂક ૮;૨૫. પીતરે કહ્યું, તું જીવતા દેવનો દીકરો છે. માથ્થી ૧૬;૧૬, આપણને પ્રભુની કેટલી ઓળખ છે, તેનો વિચાર કરવા જેવો છે.

ઈશ્વર વિષે તમારો કેવો અનુભવ છે? તે પ્રત્યે કેવો ભાવ ધરાવો છો? પ્રભુ ઈસુ પર તમને કેટલો પ્યાર છે?

# ૪૧. અજોડ વિશ્વાસી મરિયમ કુંવારી

### શાસ્ત્રવાચન

લૂક ૧;૨૬-૩૩;૩૮.

### હેતુ

વિશ્વાસ કરનાર માટે સર્વ શક્ય છે એ બતાવવું.

### પસંદ કરેલાં વાક્યો

હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે.

કુંવારી ગર્ભવતી થશે. તે દીકરો જણશે અને તેઓ તેનું નામ ઈમાનુએલ પાડશે. યશા. ૭;૧૪. જેણે વિશ્વાસ કર્યો. તેણીને ધન્ય છે. સ્ત્રીઓમાં તને ધન્ય છે. લૂક ૧;૪૨;૪૫. હે બેથલેહેમ, તું નાનું છે ખરું પણ તારામાંથી એક અધિપતિ નીકળશે, તે મારા લોકનું પાલન કરશે. મીખા. ૫;૨.

### મનન વિચાર

જગત્રાતાનો જન્મ થનાર છે. અને એ ઈસ્ત્રાએલનો રાજા પણ થશે, એવું વચન પ્રાચીનકાળે ભવિષ્યવાદીઓની મારફતે કહેવામાં આવ્યું હતું. તેથી ઈસ્ત્રાએલીઓ આવા રાજાની રાહ જોતાં.

આવો અદ્વિતીય પુરુષ જો કુટુંબ યોજનાથી સ્વાભાવિક નિયમ પ્રમાણે જન્મે, તો તેનાં માતપિતા બંને હવાના શ્રાપના ભાગીયાં હોવાથી સંતાન પણ બીજની ઉત્પત્તિ ગણાય. જો એમ થાય, તો માબાપ ધાર્મિક હોવાને લીધે તેમના સારા સંસ્કારો મળે તેમનો પુત્ર ધાર્મિક નીકળે, સંત બને, મહાત્મા બને, પણ તારનાર તો બની શકે જ નહિ. તારનાર તો પરમપવિત્ર અને સર્વ સમર્થ

બીજની ઉત્પત્તિ હોવો જોઈએ. તે બીજ કોઈ ધર્મ પરાયણ કુંવારીના ઉદરે પોષાય ને જન્મ પામે તો જ તે માનવ પુત્ર કહેવાય. અને તેને તે જ વખતે તે પરમપવિત્ર હોવાથી દેવ પણ ગણાય. એવો માનવદેવ જ માણસને પાપથી મુક્ત કરવાને સર્વસમર્થ તારનાર હોય.

આથી પ્રાચીનકાળે યશાયા પ્રબોધકની મારફતે નિરાશા સેવતી યહૂદી પ્રજાને દેવે જણાવ્યું કે સમયની સંપૂર્ણતાએ કુંવારી ગર્ભવતી થશે. તે દીકરો જણશે. અને તેઓ તેનું નામ ઈમાનુએલ પાડશે; જેનો અર્થ એ છે કે **દેવ આપણી સાથે** આ વચન પૂર્ણ થવાની ખાતરી આપવા યશાયાની યુવાન સ્ત્રીએ દીકરો જણ્યો અને તેનું નામ ઈમાનુએલ પાડવામાં આવ્યું, આ દીકરો તારનાર ન હતો, પણ તારનારની ઉપમારૂપ લોકની ખાતરી માટે **દષ્ટાંતરૂપ** હતો.

આ **દષ્ટાંતિક** પુત્ર અને વચન પરથી તમામ યહૂદીઓ સ્પષ્ટ સમજવા લાગ્યાં, કે ભવિષ્યમાં કોઈ ધાર્મિક કુંવારીને પેટે આ જગનો તારનાર તથા ઈસ્ત્રાએલનો રાજા જન્મ લેશે. એથી મોટા મોટા ઘરની છોકરીઓ કુંવારી રહેવા લાગી અને સૌ સમજતી કે કદાપિ મારે પેટે તે અવતરશે, એમ થાય તો મારું નામ પૃથ્વીમાં ધન્ય મનાશે. આ કુંવારીપણામાં ગર્વની ગંધ હતી. આવી ઈચ્છા ને વૃત્તિ પ્રભુને માન્ય ન હોય, એ તો સ્વાભાવિક છે.

સમયની સંપૂર્ણતાની વેળાએ નાઝરેથમાંની એક ધાર્મિક કુંવારીને દેવના દૂતે દર્શન દીધું. આ સ્ત્રી નિર્મળ ચાલની ધર્મપરાયણ કુંવારી હતી. તેની સગાઈ દાઉદ કૂળના યૂસફ નામે પુરુષ સાથે થઈ હતી. તેના લગ્નની તૈયારી હતી. તે પ્રાર્થના અને ભજનસેવામાં રોકાઈ બેઠી હતી, તેવામાં દેવનો દૂત તેની પાસે આવીને બોલ્યો, હે કૃપા પામેલી સુખી રહે. આ દૂતના શબ્દો

સાંભળતાં જ તે ગભરાઈ ગઈ. દૂતે તેને આશ્વાસન દેતાં કહ્યું, તને પુત્ર થશે ને તેનું નામ ઈમાનુએલ પાડશે, એ સંદેશો કહેવા સારુ દેવે મને મોકલ્યો છે.

સ્ત્રીએ કહ્યું તો એ વિષે મારે શું સમજવું? હજી મારું લગ્ન થયું નથી. દૂતે કહ્યું, તું દેવના શબ્દના પરાક્રમથી પવિત્ર આત્માના સામર્થ્યે ગર્ભ ધારણ કરશે. માણસને માટે આ વાત અશક્ય છે, પણ દેવને માટે કશું અશક્ય નથી. તેને વધુ ખાતરી આપવા કહ્યું, કે જો તારી સગી એલીસાબેથે પોતાની વૃદ્ધાવસ્થામાં દેવની ઇચ્છા અને કૃપાથી ગર્ભ ધર્યો છે, અને હમણાં તેને છઠ્ઠો મહિનો જાય છે. ભવિષ્યવાદ પ્રમાણે તારે પેટે એ પવિત્ર પુરુષ પ્રગટ થશે અને તેનાથી આખા જગતનું તારણ થશે.

પોતાને પેટે અવતાર લેશે, એવી આશાવંતી કુંવારીઓને પડતી મૂકીને આ કુટુંબવાળી થવાની ઇચ્છાવાળી પવિત્ર કુમારીને પ્રભુએ પસંદ કરી, તેથી તેને ઘણો હર્ષ થયો. તેણે એલીસાબેથ આગળ ગાયું કે દેવે શ્રીમંતોને ખાલી હાથે પાછા કાઢ્યા છે અને દીનોને ઊંચા આણ્યા છે. તેણે પોતાની દાસીની દીનાવસ્થા પર દૃષ્ટિ કરી છે. **હવેથી સઘળી પેઢીઓ મને ધન્યવાદ આપશે.**

મુંબઈ વાંદરામાં માઉન્ટમેરી દેવળમાં મરિયમનું બાવલું છે. તેની નીચે ઉપરના શબ્દો લખેલા છે. એ વાંચીને મને મરિયમ પ્રત્યે માન ઉત્પન્ન થયું. જો જગતની બાજુ પર વિચાર કરત, તો તે એમ કહેત, કે વાત તો સારી છે, પણ કુંવારીને પેટે જન્મે, એ જાણીને લોક મને મેણાં મારશે, પણ એ ખ્યાલ ન કરતાં જગતના તારણનો ખ્યાલ કરી આનંદ પામી. 'કેવો અજોડ વિશ્વાસ.'

તેના વેવિશાળી પુરુષ યૂસફને ખબર પડી, કે તેની થનાર સ્ત્રી ગર્ભવતી છે, ત્યારે તેનું ઉઘાડું અપમાન કરવા કરતાં તેને ગુપ્ત રીતે મૂકી દેવા ધાર્યું. પણ પ્રભુના દૂતે રાત્રે તેને દર્શન દઈને

બધી વાતની સમજ પાડી. તેથી તે એ સ્ત્રીને પોતાને ત્યાં તેડી લાવ્યો, અને પુત્ર પ્રસવ સુધી તેણે તેની સાથે લગ્ન વ્યવહાર ન કર્યો. ધન્ય છે આ નીતિમાન ધાર્મિક પુરુષને અને તેના દેહદમનને!

પ્રભુની યોજના યૂસફ મરિયમ જાણતાં હતાં. પણ તે પોતાની મારફતે પોતાના ઘરમાં પૂર્ણ થશે. એવો ખ્યાલ કદી રાખ્યો ન હતો. નહિ કલ્પેલા આશીર્વાદો ઈશ્વર આજે પણ આપતો રહે છે. જેઓ તેના પર વિશ્વાસ રાખે છે તેઓને ધન્ય છે.

**પ્રશ્ન :** જે યુવાનો પોતાનાં શરીરોને ભ્રષ્ટ કરે છે, તેઓનાં સંતાન કેવાં હશે?

જેઓ ઈશ્વરનું ભય રાખે છે, તેઓનાં આશીર્વાદોને કંઈ સીમા છે?

# ૪૨. સેવાભાવી મરિયમ અને મારથા

## શાસ્ત્રવાચન

લૂક ૧૦;૩૮-૪૨.

## હેતુ

સેવાભાવ અનેક પ્રકારે બતાવી શકાય.

## પસંદ કરેલાં વાક્યો

સેવા અનેક પ્રકારની છે, પણ આત્મા એ સર્વમાં એનો એ જ છે. ૧ કોરિં. ૧૨;૪,૧૧.

મારથા જમનારાંઓની સેવા કરતી હતી, લાજરસ જમણ પર બેઠો હતો અને મરિયમ પ્રભુ ઈસુને પગે અત્તર ચોળતી હતી. યોહા. ૧૨;૧-૩.

મારથાએ પોતાને ઘેર પ્રભુ ઈસુને પરોણા રાખ્યા.

## મનન વિચાર

મારથા, મરિયમ અને લાજરસ એ ત્રણ ભાઈબહેનો યરુશાલેમથી થોડે જ છેડે જૈતુન પહાડ પરના ઢોળાવ પર આવેલા બેથાનીઆ ગામમાં રહેતાં હતાં. યરેખો અને યરદન નદીએ જવાનો માર્ગ તેમનાં ગામ પાસે થઈને જતો હતો. મુસાફરીઓમાં જતાં આવતાં યરુશાલેમનાં ઉતારો રાખવાને બદલે પ્રભુ ઈસુ બેથાનીઆમાં રહેતા હતા. આ ત્રણ જણમાં મારથા મોટી હતી અને કદાચ વિધવા થએલી હતી. તેનાથી નાનાં તેનાં બે ભાઈબહેન તેની સાથે રહેતાં હતાં આ ઘર પૈસેટકે સુખી અને આબરૂવાન હતું, એવું તેમનાં ઈતિહાસ અને વર્તન પરથી દેખાય છે. એ ત્રણે જણ પ્રભુ ઈસુને ચાહતાં હતાં અને પ્રભુ ઈસુ પણ તેમના પર ઘરોબા જેવો પ્રેમ રાખતા હતા.

આપણા વાચન પાઠ પરથી આપણે જોઈએ છીએ, કે મારથાએ પ્રભુ ઈસુને પરોણા રાખ્યા. એ પરથી સમજાય છે, કે ઘરખટલાની જવાબદારી મારથાની હતી અને ઘર પણ મારથાનું હતું. પ્રભુ ઈસુ જેવા પરોણા હોય, ત્યારે ઘરધણીને કેટલો બધો વિચાર કરવો પડે, એ આપણે સહજ સમજી શકીએ તેવું છે. રસોઈ કરવાનું કામ સ્ત્રીઓને માથે રહે છે. એટલે શું કરવું તેની ચિંતા હોય, એ સ્વાભાવિક છે. આ ચિંતા ખોટી નથી, પણ ઘણી જરૂરી અને અગત્યની છે. આપણે ત્યાં કોઈ મોટો પરોણો આવે, ત્યારે આપણને કેમ થાય છે, તે પરથી આપણને મારથાની સ્થિતિ પણ સમજાશે.

મરિયમ નાની હોવાથી તેને માથે જવાબદારીનો ભાર ન હતો. વળી તે પ્રભુ ઈસુની વાતો સાંભળવા નાનાં છોકરાંની પેઠે એમની પાસે ચોંટી રહેતી. જો બેઉ બહેનો એમ ચોંટી રહે, તો રસોઈનું શું થાય? મોટીને માથે ભાર, એટલે તે પ્રભુ ઈસુનું સ્વાગત કર્યા પછી રસોઈમાં રોકાઈ.

મરિયમ આળસુ તો ન હતી કે કામચોર પણ ન હતી, પણ પ્રભુ ઈસુ બીજાઓ આગળ વાતો કરતા હતા, તે સાંભળવામાં રોકાઈ ગઈ. ઘણું કામ હોવાથી એકલીને ભારે પડે એ સ્વાભાવિક છે. આવે વખતે હાથોહાથ કામ કરીને સૌ કામે વળગે એ જરૂરનું છે. હજી મરિયમ આવી નહિ એટલે તેને બોલાવવી પડી.

આ ભાઈબહેનોને પ્રભુ ઈસુ સાથે એટલો બધો ઘરોબો હતો, કે તેમને કોઈને કોઈ અજાણ્યું લાગતું નહિ. તેથી મારથા ત્યાં આવીને કહેવા લાગી કે આવે વખતે હું એકલી રસોડામાં રોકાઈ છું, ને આ મરિયમ અહીં બેઠી બેઠી વાતો સાંભળે છે તે કંઈ ચાલે ! તેને કહો કે તે મને મદદ કરવા આવે.

પ્રભુ ઈસુએ મારથા તરફ જોઈને કહ્યું, મારથા, મારથા તું બહુ ખટપટમાં પડી ગઈ લાગે છે! બહુ વાનગીઓ તૈયાર કરવાની

ઈચ્છા છે, પણ એક સાધારણ ખોરાકની જરૂર છે અને તે બસ છે. મરિયમ મારી વાતોમાં રસ લઈ રહી છે, તે જીવનમાં વધારે અગત્યનો ભાગ છે.

આમ કહેવામાં પ્રભુ ઈસુનો એવો મતલબ નથી, કે મારથા આત્મિક વાતો વિષે નિશ્ચિંત હતી. પ્રભુ ઈસુ એનો વાંક કાઢતા નથી કે એની ભૂલ દેખાડતા નથી. તે સારી પેઠે સમજતાં હતા કે મારથાને શિરે જવાબદારી છે, એટલે તે રસોઈમાં રોકાય એ સ્વાભાવિક છે, પણ ઘણી વાર વાનગીઓની જરૂર નથી. એથી બહુ ગભરાટ થાય એટલું જ કહેવા ચાહે છે.

રસોઈની વ્યવસ્થામાં મારથા એકો હોય એમ લાગે છે. શિમઓન કોઢિયાના ઘેર પડોશમાં જ પ્રભુ પરોણા હતા, ત્યાં પણ મારથા રસોઈની સેવા કરતી હતી. ત્યાં મરિયમને માથે જવાબદારી ન હતી. એટલે મારથાની સંમતિથી જ મૂલ્યવાન અત્તર પ્રભુ ઈસુને ચોળીને પોતાના ભાઈ લાજરસને મુએલાંમાંથી સજીવન કર્યાની કદર બતાવતી હતી. શિમઓન અને આ ભાઈબહેનો પડોશીઓ છતાં ગાઢ સંબંધમાં હોવાથી તેઓનું જમણ પણ ત્યાં જ હશે. લાજરસ જમવા બેઠો હતો.

સેવા અનેક પ્રકારની છે, તેથી એક સેવા બીજી સેવાથી ઉતરતી કે ચઢતી છે, એમ નથી. એ બધી સેવા જુદી જુદી રીતે પ્રભુની જ છે. શરીરના જુદા જુદા અવયવો જુદી જુદી ફરજ બજાવે છે. તેથી એક અવયવ બીજાથી ઉત્તમ છે, એમ ગણાતું નથી. એવી જ વાત સેવાની છે. એવી જ વાત મરિયમ અને મારથાના સંબંધમાં પણ છે. કામગીરીમાં આત્મિક ભાવ દબાઈ જવો ન જોઈએ.

**પ્રશ્ન** : પ્રેમની બાબતમાં એકનું વલણ બીજીના વલણથી ચઢિયાતું હતું કે?

કોઈ સેવા બીજી સેવાથી ઉત્તમ પ્રકારની ગણાય ખરી?

# ૪૩. મહિલામંડળ

## શાસ્ત્રવાચન

પ્રે. કૃ. ૧૬;૧૩-૧૫.

## હેતુ

પ્રભુને સૌની જરૂર છે.

## પસંદ કરેલાં વાક્યો

નદી કાંઠે સ્ત્રીઓ ભજન કરવા એકઠી થઈ હતી. ઘણી સ્ત્રીઓ પ્રભુની પાછળ સેવા કરતી ફરતી. લૂક ૮;૩. ઘણી સ્ત્રીઓ ગાયન કરતી મરિયમની પાછળ ચાલી. નિર્ગ. ૧૫;૨૦.

## મનન વિચાર

હિંદુઓમાં એક એવી માન્યતા છે, કે સ્ત્રી એના ધણીની સેવા કરે, એ પ્રભુ ભક્તિ કર્યા બરાબર છે. પ્રભુની શીખ અને સમજ એવી નથી. ધણીની સેવા કરતી, એ તો પોતાની જ સેવા કર્યા બરાબર છે, કારણ કે એકના સુખદુઃખમાં બીજું ભાગીદાર છે, પણ બંને વ્યક્તિ તરીકે ઈશ્વરની સાથે સંગતમાં રહેનારાં છે. એ અખંડ સંગતની શરૂઆત અહીંથી જ થાય છે. તેઓ પુરુષો સાથે એક જ સભામાં એકઠી મળે, એ તો સારું છે, પરંતુ એ સિવાય પણ સ્ત્રીઓનું મંડળ મળે એ પણ જરૂરનું છે, કારણ કે ઘણી વાતો એવી છે, કે સ્ત્રીઓ પોતે પોતાના મંડળમાં છૂટથી કહી શકે અને તેની ચર્ચા કરી શકે તથા ઉપાય વિચારી શકે.

ધર્મની બાબતમાં પુરુષો કરતા સ્ત્રીઓ વધારે રસ લેનારી છે, એવું આપણે અખ્રિસ્તીઓના સમાજમાં જોઈએ છીએ. દેવદર્શને તેઓ જ દોડાદોડ કરે છે. થાળીમાં દીવો, ફૂલ, પાન ને

પૈસા કે ચોખા લઈને દેવસ્થાને જતાં આપણે જોઈએ છીએ. તેઓ પોતાની માન્યતાના દેવમાં ખૂબ આસ્થાવાન છે. સ્ત્રીઓના વલણથી, વહેમથી, બીકથી અને આસ્થાથી તેઓનો ધર્મ ટકી રહ્યો છે.

યહૂદી સ્ત્રીઓમાં પણ એવી જ આસ્થા હતી. તેઓનું ભજન આખા જીવવાળું જીવાળ અને રસપ્રિય હતું. પોતાના ઘરની સુખશાંતિ માટે તેઓ પ્રભુ આગળ વિનંતિ કરતી અને કોઈ આગળ પડતી ધાર્મિક સ્ત્રીની દોરવણી નીચે ધર્મકથા સાંભળતી ને ભજન કરતી. આવું એક મંડળ ફિલિપી શહેરમાં હતું. ત્યાં ભજનસ્થાન ન હતું. પરંતુ એથી નિરાશ ન થતાં ભજન કરવાનું છોડી દેવાને બદલે તેઓ શહેર બહાર નદી કાંઠે કોઈ રમણીય એકાંત જગામાં ભેગી થતી અને ત્યાં ભજન ગાયન કરતી.

લુદામાં દરકાસ નામે એક સ્ત્રી આગળ પડતી હતી. તે રૂડી કરણીઓમાં અને દાન દેવામાં પણ આગળ પડતી. તેની ભક્તિ જીવાળ હતી. તેથી ઘણી વિધવાઓ તેની સંગતમાં ભળતી અને સાથે સાથે વાતચીત કરતા શિવણગુંથણ પણ કરતી.

આ દરકાસની યાદગીરીમાં ખ્રિસ્તી મંડળીઓમાં દરકાસ મંડળ સ્થાપવામાં આવે છે અને ત્યાં સ્ત્રીઓ ભજન ગાયન સાથે સીવણગુંથણ કરી પોતપોતાના આચારવિચાર વિષે વાતો કરતાં એકમેકથી ઉત્તેજન પામે છે. આપણી મંડળીઓમાં પણ સ્ત્રીમંડળ સ્થાપવામાં આવ્યાં છે અને દરેક મંડળીમાં તેવાં મંડળો કંઈ કંઈ કાર્યક્રમ રાખી રીતસર પ્રગતિ કરે છે. આ સારું છે. પણ ભેગાં થઈને શાસ્ત્ર વાંચી, ગીત ગાઈ, પ્રાર્થના કરી વેરાઈ જવામાં સ્ત્રી મંડળનું કામ પૂરું થયું ગણવું કે માનવું જોઈએ નહિ. એ બધું તો કરવાનું જ, પરંતુ એ ઉપરાંત મંડળની વૃદ્ધિ તથા સેવાને સારુ પણ કંઈક પ્રગતિ ને વિચાર કરવો જોઈએ. એક વખતે અમુક બાબત

વિષે, બીજે વખતે બીજી બાબત વિષે એમ સ્ત્રી વિષયક બાબતો તથા મંડળી વિષયક બાબતો અને કુટુંબ વિષયક બાબતોના સુધારા વિષે પણ વિચાર કરવા જોઈએ અને કશા ઠરાવ પર આવી તે અમલમાં મૂકવાની યોજના કરવી જોઈએ.

**પ્રાર્થના સભા વિષે**

ગીત, વાંચન, પ્રાર્થના તો હંમેશા છે જ. પણ કોઈ પુસ્તકનો નિયમિત અભ્યાસ કરો. કંટાળો આવે એટલો લાંબો વખત સભા નહિ ચલાવો. આવી સભા રવિવારે ચલાવાય અથવા અનુકૂળતા પ્રમાણે.

**કાર્ય વિષે**

બુધવાર જેવી સભા હોય, ત્યાં સીવણ, ગૂંથણ, ભરત વગેરે થાય. આ કામ મંડળીનાં લાભમાં હોવું જોઈએ. પોતાના દાનમાંથી કપડું લાવીને ગરીબોને ઉપયોગી સીવણકામ કરવું કે વેચાણ થાય એવું કંઈ આકર્ષક ગૂંથણ-ભરત કરવું. આજ કાલ બહુ નમૂના મળે છે.

**દાન વિષે**

પ્રભુની થેલી કેટલાંક મંડળો રાખે છે. તેમાં સારાં પ્રસંગોએ ઉપકારસ્તુતિનાં દાન રાખે છે. નકારનાં નાણાં રાખે છે. વાડી કે મરઘાં બકરાંની પેદાશમાંથી દશાંશ કાઢે છે. કરકસરની મૂઠી નાખે છે. જેને જેવી પ્રેરણા થાય તેમ તે કરે છે. સંસ્થાઓને, ગરીબોને દાન આપો.

**સુવાર્તા પ્રચાર વિષે**

બિન ખ્રિસ્તી પડોશીઓને ત્યાં મુલાકાતે જવું. સુવાર્તાઓ, ટ્રાક્ટો, ભજનગીતો, લગ્નગીતો, વાર્તાની ચોપડીઓ આપવી, વેચવી, પ્રભુ ઈસુની દયા સમજાવવી.

**સામાજિક પ્રશ્નો**

કેટલાંક કુટુંબોમાં મદ્યપાનથી દુઃખ છે. કેટલેક ઠેકાણે અખ્રિસ્તી લગ્નની ચળવળ સંભળાય છે, કેટલીક બહેનો પ્રાર્થનામાં આવતી નથી. બીજા બીજા કુધારાથી બહેનો દુઃખી છે. તેમની મુલાકાત લો અને ઘટતી સલાહ, સૂચના આપી ઉત્તેજન આપો. કરકસર વિષે વાતો કરો. નાણાંનો વ્યર્થ વ્યય અને મોજશોખનો ખર્ચ બચાવો.

**પ્રશ્ન** : ગામે ગામે જુદા જુદા પ્રશ્નો હોય, દરેક સ્થળે ઘટતાં પગલાં લેવાય. યાદ રાખો કે પ્રભુનાં રાજ્યમાં સ્ત્રીઓનો પણ ખપ છે અને તેમનોય ફાળો છે. અમેરિકાનું મહિલા મંડળ મિશન કામ ચલાવવામાં મોટો ફાળો આપે છે, ને તેઓ સ્ત્રીઓના અને બાળકોના શિક્ષણ વર્ગો ચલાવે છે.

## ૪૪. પ્રૌઢ શિક્ષણ

**શાસ્ત્રવાચન**

પુનર્નિયમ ૩૦; ૧૧-૧૪. રૂમી ૧૦; ૮-૯.

**હેતુ**

દરેક જણ પોતે શાસ્ત્ર વાંચી શકે તેમ કરવું.

**પસંદ કરેલાં વાક્યો**

તારણની-જ્ઞાનની-આજ્ઞાની વાત...તારી શક્તિ ઉપરાંત અઘરી નથી, કે તારાથી ઘણી વેગળી નથી. તે આકાશમાં કે સમુદ્રને પેલે પાર નથી, કે તું કહે કે ત્યાંથી મને કોણ લાવી આપે, અને અમને સંભળાવે. એ વાત તો તારી પાસે જ છે. તારા

મુખમાં છે. તારા હૃદયમાં છે. એ તારાં છોકરાંને શીખવ.

**મનન વિચાર**

પહેલાં તો તારી કલ્પના અને મૂંઝવણ પ્રમાણે વાત આકાશમાં હતી. ત્યાંથી પ્રભુ ઈસુની મારફતે નીચે ઉતરી ત્યાંથી એટલે સમુદ્રને પેલે પારથી પ્રેરિતો અને મિશનરીઓ આવ્યા અને તારણની વાત લાવ્યા. તેમણે આપણને સંભળાવી અને સ્વીકારી ને તારણ પામ્યાં.

પણ કહેનારાં કે સંભળાવનારાં ન હોય ત્યાં શી દશા? ગભરાવાનું નથી. વાત આપણી પાસે જ છે. આપણી ભાષામાં જ છે, કે જે આપણે સહેલાઈથી સાંભળીને સમજી શકીએ. એટલે તે છાપેલી છે. ચોપડીઓમાં અને ચોપાનિયામાં લખેલી છે, પણ વાંચતાં ન આવડે તો એથી શો લાભ?

એક સ્ત્રી પર એના દીકરાનો કાગળ આવ્યો. એને વાંચતાં આવડે નહિ, એટલે એક સ્ત્રી સારા ઘરની હતી. સ્વચ્છ અને સુઘડ હતી. તેને તેણે પેલો કાગળ આપ્યો. એ જોઈને ચારે બાજુ ફેરવીને રડવા લાગી. કાગળ લાવનારે કહ્યું, બહેન, એમાં માઠા સમાચાર છે? કેમ રડો છો? તેણે કહ્યું, બહેન, હું તારા કાગળને નથી રડતી, પણ મારા કમનસીબને રડું છું. મને ભણવાનો લાગ હતો. નિશાળ મારા ઘરની પાસે જ હતી, પણ મેં રમી ખાધું ને ભણી નહિ. જો ભણી હોત, તો આજે મારે તારો કાગળ જોઈને રડવું ન પડત.

પેલી સ્ત્રી પર એનો દીકરો પૈસાની નોટો મોકલતો. એ નોટો પર રાજાની છબી હતી. તે જોઈને તે ખુશ થતી. પણ તે પૈસા છે એમ તે જાણતી ન હતી. તે ભૂખે મરવા લાગી. તેણે પાળક સાહેબને વાત કરી. પાળકે કહ્યું, તમારો દીકરો કંઈ નથી

મોકલતો? સ્ત્રીએ કહ્યું, દર મહિને છબી મોકલે છે. તે હું રાખી મૂકું છું. પાળકે કહ્યું, એ છબીઓ મને દેખાડો. તેણે દેખાડી તો માલુમ પડ્યું, કે એ તો પચાસ પચાસ રૂપિયાવાળી નોટો હતી. એ સ્ત્રીને જણાવતાં તેને ઘણો આનંદ થયો.

આ બે વાતો પરથી આપણે જોઈ શકીએ છીએ, કે ભણતર ન જાણ્યાથી કાગળમાં શી હકીકત છે તે ખબર ન પડે. તેમ જ પૈસાની નોટ પણ ન ઓળખાય. આ તો જૂના જમાનાની વાત છે. આજે તો ફરજીઆત કેળવણીના કાયદાને લીધે ઘણાં ખરાંને વાંચતાં લખતાં આવડે છે, તેમ છતાંયે હજીયે ગામડામાં છોકરાં અને એવાં માણસો છે કે જેમને આજે પણ વાંચતાં આવડતું નથી.

મોટાં માણસોને શીખવાની ઝુંબેશ ડૉ. લોબાકે ઉપાડી અને પ્રૌઢોને શીખવાની તથા શિખવવાની રીત બતાવી એને માટે પ્રૌઢ શિક્ષણ વાર્તાના પુસ્તકો સુંદર છબીઓ સાથે પ્રગટ થયાં છે. એનો ઉપયોગ કરીને દરેક ભણેલાંએ પોતાના ઘરનાં કે પડોશીઓ કે ગામનાં માણસોને શિખવવાની ફરજ માનવી જોઈએ. એ માટે કે પ્રભુ ઈસુની વાતો દરેક જણ પોતે વાંચીને જાણી શકે.

કેટલાંક મોટેરાંને એવી ગાંડી સમજ ઘર કરી ગઈ છે, કે તેઓ અમારાથી હવે ન ભણાય એવું કહીને ભણવાની હિંમત જ કરતાં નથી. આપણે ગમે તેટલી શિખામણ આપીએ, પણ એ તેમને ગળે ઉતરતી જ નથી.

એક વેળા હું ગાડીમાં મુસાફરી કરતો હતો, ત્યારે મારી પાસે મોટા અક્ષરની સુવાર્તાઓ હતી. એ મેં પાસે બેઠેલાંને વાંચવા આપી. તેણે કહ્યું, મને વાંચતાં નથી આવડતું. મેં કહ્યું, હમણાં કેમ શીખતાં નથી? તેણે કહ્યું, હવે તો મને ન આવડે મેં તેની સાથે બીજી રકઝક કર્યા વગર તેનું નામ પૂછયું. તેણે કહ્યું મારું નામ લલ્લુ છે. મેં કહ્યું, ઠીક હું તમને તમારું નામ લખતાં

શીખવું. તેણે કહ્યું, ના આવડે, મેં કહ્યું ફિકર નહિ. મેં તેને પૂછયું, તમે કામઠું જોયું છે? તેણે કહ્યું, છોકરાં વાંસની ચીપ પર દોરી બાંધીને કામઠું કરી તીર મારે છે, એવું ને? મેં કહ્યું, હા એવું જ. એ કેવું હોય છે, કેવું દેખાય છે તે તમે લીટો કરીને બતાવો.

તેણે વાંકી લીટી કરી ને બે છેડે દોરી બતાવવા ઊભો લીટો કર્યો. મેં કહ્યું શાબાશ, આ તો તમે તમારા નામનો અક્ષર લખ્યો. લલ્લુનો 'લ' લખ્યો. વચ્ચે તીર પણ છે. આનું નામ 'લ' કહેવાય. એવા બે ત્રણ સાથે સાથે લખો, તો તમારું નામ થઈ જાય. પાસે બેઠેલા હસવા લાગ્યા. તેને પણ નવાઈ લાગી.

મેં કહ્યું, તમે કહેતા હતા ને કે મને ન આવડે. જુઓ અમથું અમથું આવડી ગયું ને! તેને રસ પડ્યો. મેં તેને કાગળ પેન્સીલ આપીને લખવા કહ્યું. તેણે લખ્યું. છેલ્લા 'લ' ની નીચે પતંગની જેમ પૂંછડું કરી આપ્યું. તેણે કહ્યું, કોઈ આવું શિખવનાર હોય, તો આવડે તો ખરું!

મહિલા મંડળે સ્વયંવસેવિકાઓ ઊભી કરવી જોઈએ અને પોતાના ગામની અભણ સ્ત્રીઓને વાંચતાં લખતાં શીખવવું જોઈએ, કે તેઓ પોતે પ્રભુના વચનો વાંચી શકે. બાઇબલ સ્કૂલમાં કેટલીયે અભણ સ્ત્રીઓને સ્ત્રીએ વાંચતી લખતી કરી દીધેલી. કહેવત છે, કે મન હોય તો માળવે જવાય. શીખો અને શીખવો. એથી ઘણા વહેમ અને ઘણી અજ્ઞાનતા ટળી જશે.

**પ્રશ્ન :** તમારી આજુબાજુ પ્રૌઢ શિક્ષણ આપવાની જોગવાઈ છે? તમે અભણતા ટાળવા શું પગલાં લેશો?

# ૪૫. સમરૂની સ્ત્રી

### શાસ્ત્રવાચન

યોહાન ૪;૭-૧૯.

### હેતુ

ઈશ્વરની નજરે સર્વ દેશજાતિઓ સરખી કીમતી છે.

### પસંદ કરેલાં વાક્યો

પ્રભુ ઈસુને યહૂદીઓએ કહ્યું, તું સમરૂની છે એમ અમને લાગે છે. યોહાન ૮;૪૮.

તું યહૂદી થઈને મારી પાસે પાણી કેમ માગે છે?

જો તું દેવના દાનને જાણતી હોત તો તે તને જીવતું પાણી આપત.

મસીહ...આવશે ત્યારે આપણને બધું શિખવશે.

મારાં બીજાં પણ ઘેટાં છે, કે જે આ વાડામાંનાં નથી, યો. ૧૦;૧૬.

### મનન વિચાર

ઈ.પૂ. ૭૨૧ માં ઈસ્ત્રાએલીઓને બાબેલનો રાજા પકડી ગયો. તે વખતે તેઓનાં ખાલી પડેલાં રહેઠાણો અને ગામોમાં બાબેલ તરફના પ્રદેશમાંથી મૂર્તિપૂજકોને લાવીને ત્યાં વસાવ્યા. તે લોકોને સિંહોએ મારી નાખવા માંડ્યા, એટલે તેમની વિનંતીથી એક યાજકને રાજાએ મોકલ્યો. તેણે આવીને યહોવાનું ભજન કરવાના નિયમો અને રીતિઓ શીખવ્યાં, એટલે આ પ્રજા યહોવાને માનતી તેમ તેઓના જુદા જુદા દેવોને પણ માનતી. (૨ રાજા અ. ૧૭ મો.)

ઈ.પૂ. ૫૩૬ માં યહૂદીઓને બાબેલના રાજાએ છોડી મૂક્યા, ત્યારે ઘણાં ત્યાંથી યહુદાહમાં આવ્યા અને યહોવાનું મંદિર બાંધવા લાગ્યા. આ સમરૂનીઓએ કહ્યું અમે પણ યહોવાનું ભજન કરીએ છીએ, માટે મંદિરનાં બાંધકામમાં અમને ભાગ લેવા દો. પરંતુ આ અનેક દેવ મત માનનારાઓને યહૂદીઓએ પોતાની સંગતમાં ભળવા ન દીધા. તેથી તેઓ વચ્ચે વેર બંધાયું, એ વેર પ્રભુ ઈસુ આવ્યા ત્યારે પણ હતું. યહૂદીઓ સમરૂનીઓ સાથે કશો વ્યવહાર રાખતા નહિ. કેમ કે તેઓ બંને બાજુ પગ રાખતા હતા. એથી સમરૂનીઓએ પોતાને સારુ ગેરેઝીમ પર્વત પર મંદિર બાંધ્યું અને ત્યાં યહોવાનું પણ ભજન કરવા માંડ્યું. તેઓની પાસે નિયમશાસ્ત્ર હતું અને તેઓ પણ મસીહની રાહ જોતા હતા.

પ્રભુ ઈસુ સમરૂન થઈને ગાલીલ જવા નીકળ્યા. વચ્ચે શેખેમમાં થોભ્યા અને યાકૂબના કૂવા પર બેઠા. બપોરે પાણી ભરવા આવેલી સમરૂની સ્ત્રી પાસે તેમણે પાણી પીવા માગ્યું. નવાઈ પામીને કહ્યું, તું યહૂદી થઈને મારી પાસે પાણી કેમ માગે છે? કેમ કે યહૂદીઓ સમરૂનીઓ જોડે કંઈ વ્યવહાર રાખતા નથી. પ્રભુ ઈસુએ તેને કહ્યું, મારી પાસે જીવતું પાણી છે, એ જે પીએ તેને કદી તરસ નહિ લાગે. સ્ત્રીએ તે માંગ્યું, ત્યારે પ્રભુ ઈસુએ તેને તેના વરને તેડી લાવવા કહ્યું, પ્રભુ ઈસુએ તેના જીવનનો ઈતિહાસ કહી દીધો, એટલે તે બોલી કે તમે કોઈ ભવિષ્યવાદી છો. પછી ભજન કરવાની વાત કાઢીને બોલી, મસીહ જે ખ્રિસ્ત કહેવાય છે, તે આવે છે, એ હું જાણું છું. તે આવશે, ત્યારે આપણને બધું શીખવશે. પ્રભુ ઈસુએ તેને કહ્યું, હું જ મસીહ છું...

આ સ્ત્રીની લાંબી વાત ટૂંકમાં એ પ્રમાણે છે. યોહાન ચોથો અધ્યાય વાંચી તમામ હકીકત જાણી શકશો. એ સ્ત્રી હતી,

સમરૂની હતી, ઘણા ધણીવાળી હતી, તેમ છતાં તેને ધર્મનું જ્ઞાન હતું. ભજન કરવાની બાબતમાં તેણે ચર્ચા કરી મસીહની તે રાહ જોતી હતી. તેણે આ અજાણ્યા પુરુષને ભવિષ્યવાદી તરીકે પારખી લીધા. પોતાના જીવનની ખાનગી વાતો તેને બતાવ્યાથી, તેમના પર તેનો વિશ્વાસ બેઠો. તેનો આત્મા હરખાયો અને મસીહના આગમનની ખબર આપવા શહેરમાં દોડી. ત્યાં જઈને તેણે કહ્યું, મેં જીવનભર જે કર્યું, તે બધું કહી બતાવનારને જોવા આવો. જુઓ કે એ જ મસીહ છે કે કેમ? એ સૌની સાથે પાછી પણ આવી અને ત્યાં થતી વાતચીત તેણે રસભેર સાંભળી.

સમરૂનીઓએ આવીને પ્રભુ ઈસુને શું શું પૂછ્યું, એ આપણે જાણતાં નથી. પણ એક વાત તો જાણી, તે સૌને ખાતરી થઈ કે સ્ત્રીના કહેવા પ્રમાણે ખરેખર મસીહ એ જ છે. પછી તેઓ આગ્રહ કરીને તેમને ગામમાં લઈ ગયા. ત્યાં પરોણા રાખ્યા, અને ધર્મશાસ્ત્રની વાતોના સવાલ જવાબો થતાં તેમનાં મનમાં ખાતરી થઈ અને સ્ત્રીની જેમ તેઓએ પણ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો.

આ આખા બનાવ પરથી આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ, કે પ્રભુ ઈસુની નજરે નથી કોઈ સ્ત્રી કે નથી કોઈ પુરુષ. સર્વમાં એક આત્મા છે અને એ સૌને તારણની સરખી ગરજ છે. બીજું એ જોઈએ છીએ, કે તે યહૂદી છતાં આ અછૂત ગણાતી પ્રજાની સાથે ધર્મની વાતચીત કરે છે અને તેમને તારણનો સંદેશો આપે છે. તેમની નજરે ઊંચ નીચનો ભેદ નથી.

ત્રીજું એ જોઈએ છીએ કે એક પતિત ગણાતી સ્ત્રીને પ્રભુએ તારણની વાત સંભળાવી અને તેની મારફતે સમરૂનમાં સુવાર્તાનું દ્વાર ઊઘાડ્યું.

ચોથું એ જોઈએ કે પોતે ભૂખ્યાં, તરસ્યાં અને થાકેલા છતાં સુવાર્તા પ્રગટ કરવાનો લાગ જતો ન કર્યો. હલકટ સ્ત્રી ધર્મમાં શું

સમજે એમ કરીને તેને પડતી ન મૂકી. પ્રભુ ઈસુને એવી સ્ત્રી સાથે વાત કરતી જોઈને શિષ્યોને નવાઈ લાગી, પણ પ્રભુ ઈસુએ તો જણાવ્યું, કે એ દેવની દોરવણી અને ઇચ્છા છે જેણે મને મોકલ્યો છે, તેનું કામ સમયસર કરવું એ જ મારું અન્ન છે.

પાંચમી વાત એ જોઈએ છીએ, કે પ્રભુ ઈસુ તેમના ગામમાં ગયા અને રહ્યા. યહૂદીઓના રિવાજ અને મતથી આ કેવળ અજુગતું ગણાય. પણ પ્રભુએ તેની દરકાર કરી નહિ. સમરૂનીઓ અને સર્વ અન્ય પ્રજાઓ બીજા વાડામાં રખાએલાં ઘેટાં છે. તેઓ પ્રભુ ઈસુનો સ્વીકાર કરે, એટલે નાતજાત રહેતી નથી. તેઓ બધાં એક ટોળું એક જાત બની જાય છે.

આપણા દેશમાં પ્રભુ ઈસુના આ નમૂના પ્રમાણે મહાત્મા ગાંધીજીએ પોતાના આશ્રમમાં હરિજન છોકરીને રાખેલી અને હરિજન વાસમાં તેઓ જતા આવતા. છેલ્લે સમુહભોજન પણ કરાવ્યું. હરિજન પાસે પિરસાવ્યું અને એક પંગતે ખાધું. ખ્રિસ્તી મંડળીમાં જેઓ ઊંચી જાતમાંથી આવ્યાનો ફાંકો રાખે છે, તેઓને શરમાવનારી આ બીના છે.

**પ્રશ્ન** : તમે હરિજનોને સુવાર્તા પ્રગટ કરો છો? તમને તેમની સૂગ આવે છે? તમે ઊંચી જાતના હોવાનો કે ગણાવાનો શોખ રાખો છો? આ વિષે શાસ્ત્ર શું શીખવે છે?

# ૪૬. પ્રભુ ઈસુના મરણનું રહસ્ય

**શાસ્ત્રવાચન**

યશાયા ૫૩ મો અધ્યાય.

**હેતુ**

જગતનો તારનાર છે એ દેખાડવું.

**પસંદ કરેલાં વાક્યો**

જો, તારો રાજા તારી પાસે આવે છે, એ તારણનો માલિક છે. ઝખ. ૯;૯. તે માણસ થયો, એ માટે કે માણસનું સ્થાન લઈને તેમના પાપનું દેવું ભરવા મરણ પામે અને શેતાનના કામનો નાશ કરે (સાર) હેબ. ૨;૧૪. તે આપણા અપરાધોને લીધે વીંધાયો અને આપણી શાંતિ સાધવાની શિક્ષા તેના પર પડી... યશ. ૫૩;૫. દેવ પોતાનો પ્રેમ એવી રીતે પ્રગટ કરે છે કે આપણે પાપી હતા, ત્યારે તેણે આપણી ખાતર તેને મરવા દીધો. રૂમી ૫;૬. તેમણે શિષ્યોને જણાવ્યું, કે મારે યરુશાલેમમાં અધિકારીઓથી માર્યા જવું તથા ત્રીજે દહાડે પાછા ઊઠવું જરૂરનું છે. લૂક ૯;૨૨. જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરે નહિ, તો તે એકલો જ રહે છે, મરે તો ઘણાં ફળ ઉપજાવે છે. યો. ૧૨;૨૪.

**મનન વિચાર**

પ્રભુ ઈસુમાં ઈશ્વરી કામો અને સર્વ કંઈ પર તેમનો અધિકાર જોઈને લોક તેમને જબરજસ્તીથી રાજા બનાવવા માગતા હતા. શિષ્યોને એ વાત ગમતી હતી, કેમ કે તેઓ તેમનાં રાજ્યમાં મોટા મોટા અધિકારીઓ થવા ચાહતા હતા. વળી પહાડ પર તેમણે તેમનું ઐશ્વર્યવાળું સ્વરૂપ જોયું, તેથી તેમને પૂરી ખાતરી થઈ કે ઈસ્ત્રાએલનો રાજા આ છે. તે ગાદીએ બેસશે ને

આપણે અમલદારો થઈશું. બે જણે તો પોતાની માને લઈને પ્રભુ ઈસુને વિનંતી પણ કરી કે પ્રભુ અમે એક તમારે જમણે હાથે અને બીજો તમારે ડાબે હાથે બેસીએ એવું કરજો.

પણ પ્રભુ ઈસુએ તો અગાઉથી જ તેમને કહેવા માંડ્યું હતું, કે મારું રાજ્ય આ જગતનું નથી. હું રાજ્ય કરવા નહિ, પણ પતિતોનો ઉદ્ધાર કરવા આવ્યો છું. મારે તો યરુશાલેમમાં જઈને લોકોથી નાપસંદ થવું, માર્યા જવું અને ત્રીજે દહાડે પાછા સજીવન થઈ ઊઠવાનું છે. ત્યાં લોકો મારો નકાર કરશે, મારા મોં પર થૂંકશે, મને થપ્પડો મારશે અને મારી મશ્કરી કરતાં કહેશે, કે એણે બીજાઓને બચાવ્યા, પણ પોતાને બચાવી શકતો નથી.

આવો સર્વશક્તિમાન છતાં તેને આવું બધું થાય, એ કોણ માની શકે? એ વાત શિષ્યોને ગળે ઉતરી નહિ. પૃથ્વી પરની જીંદગીનાં છેલ્લા રવિવારે તેમણે જાનવર પર સવારી કરી યરુશાલેમમાં રાજવી પ્રવેશ કર્યો, ત્યારે તો શિષ્યો અને પ્રજા આનંદથી ઊભરાઈ ગયાં કે હવે રાજ્ય સ્થપાશે. બીજે દહાડે મંદિરમાં અધિકારીઓની પરવાનગીથી બેઠેલા વેપારીઓને મંદિરના આંગણાંમાંથી કોરડે કોરડે હાંકી કાઢ્યા, ત્યારે તો સૌએ માની જ લીધું, કે હવે રાજ્ય જામ્યું. પણ ઈસુએ તો વિલાપ સહિત કહ્યું, કે ઓ યરુશાલેમ, તારી પાસે મોકલાએલાને મારી નાખનાર, તારા પર ન્યાયદંડ ઠરાવ્યો છે. તારો સમૂળગો નાશ થશે.

છેલ્લે, વાળુ વખતે પ્રભુ ઈસુએ શિષ્યોને જણાવ્યું, કે તમારામાંનો એક જણ મને શત્રુના હાથમાં સોંપી દેશે. તેઓ મને પકડશે, મારશે ને વધસ્તંભે જડશે. પણ આ બધું થવાની જરૂર છે. શિષ્યો આ સાંભળીને શોકે ભરાયા. તેઓથી આમાંનું કશું સમજાયું નહિ.

તેમને કહ્યું, તમે વ્યાકુળ ન થાઓ. મેં તમને જણાવ્યું છે, કે જગતના પાપની શિક્ષા ભોગવવા સારુ જ હું જગતમાં આવ્યો છું. મારા પર મરણનો અધિકાર નથી. પણ જગતને પાપથી છોડાવવા સર્વ સમર્થ અને પરમ પવિત્ર નરના બલિદાનની જરૂર છે. એવો કોઈ નર માણસો મધ્યે પૃથ્વી પર થવાનો સંભવ ન હોવાથી મારે તેમનું સ્થાન લેવા માણસ બનવું પડ્યું. પાપ કર્યું છે માણસે, માટે માણસે જ માણસની શિક્ષા ભોગવવી જોઈએ, તેથી હું મારો યજ્ઞ કરીશ. મારો જીવ લેવાની કોઈનામાં તાકાત નથી. હું મારો જીવ રાજીખુશીથી આપું છું કે માણસો બચી જાય. મારા પર મરણની સત્તા ચાલે એમ નથી, પણ જગતની ખાતર મરણ પામી, ને ત્રીજે દહાડે સજીવન થઈ તમારી પાસે પાછો આવીશ.

આ બધું સમજાવ્યા છતાં શિષ્યોની નિરાશા દૂર થઈ નહિ. ગેથસેમાને વાડીમાં પ્રાર્થના કરવા ગયા, ત્યાં યહુદા ઇસ્કારીઓત શત્રુદળની ટુકડી લઈને તેમને પકડાવવા આવ્યો. મામલો ગંભીર જોઈને પીતરે તરવારનો ઝટકો માર્યો. એથી શત્રુનો કાન કપાઈ ગયો. તે પ્રભુ ઈસુએ સાજો કર્યો અને પીતરને વાળ્યો. પછી કહ્યું, મારા પર તમારી કશી સત્તા ચાલે એમ નથી, પણ જે કામ કરવા ઈશ્વર પિતાએ મને મોકલ્યો છે, તે કામની આ પૂર્ણાહુતિની ઘડીઓ છે. મને પકડી જાઓ. પછી પોતે જ પકડાયા, અને બંધાઈને અધિકારીઓ પાસે લઈ જવાયા.

ત્યાં મરણદંડ ઠરાવવા અનેક તહોમતો ઉપજાવી કાઢ્યા, પણ એ કે સાબિત થયું નહિ. છેવટે હું દેવનો દીકરો છું, એવો જવાબ સાંભળીને તેઓએ તેમને મરણદંડ જોગ ઠરાવ્યા. વધસ્તંભે જડ્યા. ત્યારે પ્રભુ ઈસુએ પ્રાર્થના કરતાં કહ્યું, હે ઈશ્વર પિતા, આ લોકો શું કરી રહ્યા છે, એની તેમને ખબર નથી, માટે આ ગુના તેમને લેખે ગણશો નહિ. શત્રુ પ્રત્યે કેવો પ્રેમ! ભવિષ્યવાદનાં પુસ્તકોમાં સ્પષ્ટ લખેલું હતું, કે જગતના તારણને

અર્થે નિષ્કલંક બલિદાન દેવાશે, તેઓના પાપોની શિક્ષા ભોગવાશે એટલે સૌ પાપ મુક્ત થશે. પરંતુ ઈશ્વરી સર્વ ચિહ્નો જોયા જાણ્યા છતાં ઇસ્ત્રાએલને પોતાનું સ્વરાજ્ય જ નજર આગળ હતું. તેથી આ આત્મિક વાતો ને ભવિષ્ય તેઓ સમજી શક્યા નહિ.

દૈહિક ગૌરવ, માન, સત્તા અને વૈભવની લાલસા માણસના જીવન સાથે એટલી બધી વણાઈ ગઈ છે, તેના મહાબળ સામે આત્મિક અલ્પ શક્તિશાળી વિચારણા ટકી શકતી નથી. સત્ય જાણ્યા અને સમજ્યા છતાંયે તેનો વિરોધ કરવા રસ્તા શોધવા, એ પાપની પરાકાષ્ટાએ પહોંચેલા અંતઃકરણની નિશાનીઓ છે. પ્રભુ ઈસુમાં કંઈ જ દોષ જડ્યો નહિ, ત્યારે આખરે દેવપુત્રના બહાના હેઠળ તેમને મરણ દંડ જોગ ઠરાવ્યા. કેવો ભયંકર સત્ય વિરોધ ! શેતાને તેમની આંખો બંધ કરી હતી, અને શેતાન સાથે તેમનો પૂર્ણ સહકાર હતો, તેથી સત્ય મરડ્યું, ન માન્યું, અને વિરોધ કર્યો. કોઈના દોરવ્યા ન દોરનારા ઘણાએ પસ્તાવો કર્યો અને પ્રભુનું શરણ લઈ તારણ પામ્યા.

**પ્રશ્ન** : મરેલાંને જીવતાં કરનાર મરણને આધીન કેમ થયા?
પ્રભુ ઈસુનું મરણ યહૂદીઓના દ્વેષનું જ કારણ હતું શું?
મૂઆ વગર તે લોકનું તારણ કેમ નહિ કરી શક્યા?

# ૪૭. પ્રભુ ઈસુનું સજીવન થઈ ઊઠવું.

**શાસ્ત્રવાચન**

લૂક ૨૪;૧-૮.

## હેતુ

તેનામાં જીવન છે. અને જીવન આપવાની તેને સત્તા છે એ જણાવવું.

**પસંદ કરેલાં વાક્યો**

તું તારા પવિત્રાને કહોવાણ જોવા નહિ દઈશ. ગીશા. ૧૬;૧૦. યાજકો તથા શાસ્ત્રીઓથી માર્યા જવું ને ત્રીજે દહાડે પાછા ઊઠવું જરૂરનું છે. માથ્થી ૧૬;૨૧. આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ. લૂક ૨૩;૪૩. ભવિષ્યવાદમાં લખેલું છે કે ખ્રિસ્તે દુઃખ સહેવું તથા મૂએલામાંથી પાછા ઊઠવું જોઈએ. લૂક ૨૪;૪૬. આ મંદિરને પાડી નાંખો અને ત્રણ દહાડામાં હું તેને ઊભું કરીશ. યોહા. ૨;૧૯.

**મનન વિચાર**

મરણ એ પાપનો શ્રાપ અને દંડ છે. પણ જેણે પાપ જાણ્યું જ નથી, તે મરણદંડથી મુક્ત છે. તે કદી મરણ પામે જ નહિ. જો આદમે પાપ કર્યું ન હોત, તો તે કદી મરત જ નહિ અમર રહેત. માણસે પાપ કર્યું એટલે સર્વ માણસ પાપની શિક્ષાને પાત્ર થઈ ગયાં.

હવે જો માણસજાતને પાપના શ્રાપથી મુક્ત કરવી હોય, તો આખી માણસજાતના પાપની શિક્ષા ભોગવે એવો સર્વશક્તિમાન પરમ પવિત્ર પુરુષ જોઈએ. તેવો તો કેવળ ઈશ્વર જ છે. એટલા

માટે પોતાના સ્વરૂપ પ્રમાણે બનાવાએલા માણસને બચાવવા ઈશ્વર માણસ બન્યો. એણે પાપ જાણ્યું જ નહિ, એટલે જો કે એના સ્થૂળ શરીરને મારી નાંખવામાં આવે, તોયે તે મરણાધીન ન હોવાથી પાછું સજીવન થઈ જાય.

એથી જ પ્રભુ ઈસુએ કેટલીયે વાર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હું મારા ઘેટાંને માટે મારો જીવ આપીશ અને તે પાછો પણ લઈશ. એ આપવાનો તથા પાછો લેવાનો મને અધિકાર છે. કેમ કે હું નિષ્પાપ છું. યૂના ભવિષ્યવાદી જીવતો છતાં ત્રણ રાત દહાડા માછલીનાં પેટમાં રહ્યો, તેમ માણસનો દીકરો (પ્રભુ ઈસુ) પણ ત્રણ રાત દહાડા પૃથ્વીના પેટમાં રહીને ત્રીજે દહાડે કબરમાંથી નીકળી આવશે, એવી માર્મિક નિશાની પણ આપી.

રખેને તે પોતાના કહ્યા પ્રમાણે ત્રીજે દહાડે કબરમાંથી જીવતો થઈ નીકળી આવે, એ બીકે યાજકોએ કબર પર મુદ્રા કરી અને સખત ચોકી પહેરો મૂક્યો. કે પ્રભુ ઈસુથી અંદરથી નીકળી શકાય નહિ! કેવી મૂર્ખાઈભરી સમજ! સર્વ સમર્થના માર્ગો માણસ ઊંધા વાળી શકે શું? તેમની અબળતાનું તેમને ભાન કરાવવા ઈશ્વર પિતાએ આકાશથી દૂત મોકલ્યો. તેણે પત્થર ખસેડી નાખ્યો ને તે પર બેઠો. પ્રભુ ઈસુનું મૃત શરીર સજીવન થઈને બહાર આવ્યું! આ બધું જોઈને ચોકીદારોનાં હોશ કોશ ઊડી ગયા! તેઓ એવા બીધા કે તે તાબડતોબ શહેરમાં નાસી ગયા અને શું શું બન્યું તે જણાવીને કહ્યું, એ તો ઊઠ્યો.

પ્રભુ ઈસુના શબને સુગંધીઓ ચોળવા સ્ત્રીઓ કબરે ગઈ, પણ ત્યાં તો ન મળે શબ કે ન મળે બંધ કબર ! કબર તો ખુલ્લી હતી ! બીક અને મૂંઝવણભરી સ્ત્રીઓને પ્રભુ ઈસુએ દર્શન દીધાં! પછી તો રસ્તે જતા બે શિષ્યોને, પછી પીતરને અને રાત્રે ૧૦ શિષ્યો બંધ બારણે બેઠા હતા, તેમને પણ દર્શન દીધાં.

તેઓ ભ્રમમાં ન રહે માટે હાથપગમાં ખીલાના વેહ દેખાડ્યા, તેમની પાસેથી માંગીને ખાધું અને તેમને પોતાના પાછા ઊઠવા બાબત શાસ્ત્રના લેખોમાંથી ભવિષ્યવાણીઓ હતી તે બધી જણાવી. પ્રભુને જીવતા થએલા જોઈને બી ગએલા શિષ્યોના જીવમાં જીવ આવ્યો. બધા ખૂબ હરખાયા. એમની ખોએલી આશા પાછી સજીવન થઈ. એ પછી સાત શિષ્યોને ગાલીલ સમુદ્રને કિનારે દર્શન દઈ પીતરને પોતાની મંડળીના રક્ષણ તથા પાલનની જવાબદારી સોંપી.

પ્રભુ ઈસુ સજીવન થઈ ઊઠ્યા ખરા, પણ પ્રથમની માફક હવે તે શિષ્યોની સાથે રહ્યા નહિ કે તેમને લઈને ગામે ગામે સેવા કરતા ફર્યા નહિ. એ પરથી શિષ્યો મૂંઝવણમાં પડ્યા, કે ઊઠ્યા તો ખરા, પણ કશી કામગીરી તો છે નહિ. એટલે હવે આપણે કરવાનું શું? કામની કશી દોરવણી પણ ન મળ્યાથી તેઓ પાછા પોતાને ધંધે વળગ્યા. પીતરને પોતાના ટોળાની સંભાળ લેવાનું કહ્યું, એ પરથી એટલું જ માન્યું હોય, કે બીજા રાબીઓની પેઠે પ્રભુ ઈસુનો મત અને શિક્ષણ પ્રગટ કરવા સારુ પીતરને રાબી ઠરાવ્યો.

શિષ્યોને પહેલી જ વાર દર્શન દીધું, ત્યારે તેમને સ્પષ્ટ કહ્યું હતું, કે "જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું.;" (યો.૨૦;૨૧) એ વાત તેઓના લક્ષમાં કદાચ ન રહી, એટલે પોતાની કામગીરી સમજ્યા નહિ, કેવળ પીતરને જ નહિ, પણ બધાને એ જવાબદારી સોંપી હતી. જેઓના પાપ તમે માફ કરશો, તેઓનાં પાપ માફ કરાશે, એ અધિકાર બધાને આપ્યો, પણ પ્રભુ ઈસુ જેવાને મારી નાખનારાની આગળ આ વર્ગ આવી હિંમત શી રીતે કરી શકે? પોતાની તેમ જ યહૂદીઓની નજરમાં કેવળ અબળ પાત્રો હતા.

પહેલાંની માફક પ્રભુ ઈસુ સાથે ફર્યા હોત, તો ખીલાની જોરે વાછરડો કૂદે, તેમ તેઓ કરત. પણ અવાર નવાર દર્શન દઈને અલોપ થાય છે, એમાં તેમને થોડા આનંદ સિવાય વિશેષ કાંઈ જણાયું નહિ.

પ્રભુ ઈસુના પુનરુત્થાનમાં પહેલું રહસ્ય તો એ હતું, કે આખી માનવજાતના પાપોનું દેવું ભરપાઈ કરાયું છે, એની એ સાબિતી હતી. પ્રભુ ઈસુ સર્વશક્તિમાન છે અને મરણનો તેમના પર અધિકાર નથી એ જણાયું. ઈશ્વર પિતાએ માણસોનો ઉદ્ધાર કરવા જે માર્ગ લીધો એમાં તેમનો પ્રેમ પ્રગટ થયો. પાપોની ક્ષમાને અર્થે જ તેમનું મરણ બલિદાન હતું એ સમજાયું. પ્રભુ ઈસુનું શરણ લેનારાઓનો વિશ્વાસ દૃઢ થયો અને તેમના આશ્રયથી પાપોની ક્ષમા મળતાં સ્વર્ગનાં દ્વાર સૌને સારુ ખુલ્લાં થયાં. એ પણ સિધ્ધ થયું. જો તે સજીવન થઈ ઊઠ્યા ન હોત, તો એ બીજાં માણસોના જેવા જ મહાપુરુષ ગણાત, પણ પ્રભુ નહિ.

**પ્રશ્ન :** ઈસ્ટરના તહેવાર વિષે શું સમજો છો? એમાં વિશ્વાસીઓને શો આનંદ અને શી આશા છે?
મરવું અને પાછા ઊઠવું, એવું કરવાની શી જરૂર?

# ૪૮. પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ અને પવિત્ર આત્માનું દાન

## શાસ્ત્રવાચન

લૂક ૨૪ ૫૦-૫૨. પ્રે. કૃ.-. ૧; ૬-૧૧.

## હેતુ

માનવ તારણ માટે પ્રભુની યોજના સમજાવવી.

## પસંદ કરેલાં વાક્યો

દૂતે કહ્યું, "જેમ તમે તેમને આકાશમાં જતો જોયો, તેમ જ તે પાછો આવશે."

પ્રભુ ઈસુએ કહ્યું, "હું તમારે સારુ જગા તૈયાર કરવા જાઉં છું. પછી હું તમારી પાસે પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ, કે જ્યાં હું છું, ત્યાં તમે પણ રહો." યો. ૧૪; ૨,૩. તમે યરુશાલેમથી જતા ના, પણ ઉપરથી પરાક્રમે વેષ્ઠિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહેજો.

યરુશાલેમથી માંડીને સઘળી પ્રજાઓમાં મારા નામમાં પાપનો પસ્તાવો અને તેની માફી પ્રગટ કરાવાં જોઈએ. એ વાતના તમે મારા સાક્ષી છો! લૂક ૨૪; ૪૭-૪૯. સ્તેફને કહ્યું આકાશ ખુલ્લું થએલું તથા દેવને જમણે હાથે પ્રભુ ઈસુને ઊભેલા હું જોઉં છું. પ્રે.કૃ. ૭; ૫૬.

## મનન વિચાર

મરણમાંથી પાછા ઊઠ્યા પછી શિષ્યગણને દસ વખત જુદે જુદે વખતે દર્શન દીધાં. પાછળ આપણે જોયું તેમ દર્શન દઈને કંઈક અગત્યનું શિક્ષણ આપીને પાછા અલોપ થઈ જતા, એ

પરથી આગળ ઉપર શું કરવું એની શિષ્યોને સમજ પડેલી નહિ. જો કે તેમને કહેવામાં આવ્યું હતું, કે સઘળી પ્રજાઓમાં પાપોની ક્ષમાની જાહેરાત તમારે કરવાની છે, પણ માનસિક બળ અને દૈહિક સાથ વિના તેઓ મૂંઝાતા હતા.

છેવટે તેમને જૈતુન પહાડ પર એકાંતે બોલાવ્યા. ત્યાં તેમણે પોતાની મૂંઝવણ ખુલ્લી કરી પૂછ્યું, કે હવે રાજ્ય સ્થાપવાની પ્રવૃત્તિ હાથ ધરવાની છે કે કેમ?

પ્રભુ ઈસુએ તેમને જણાવ્યું, કે એ સમય ઈશ્વર પિતા જણાવશે, પણ હાલ તો તમે કોઈ પણ કાર્યને માટે અશક્ત છો. જો કે હું સદાયે તમારી સાથે છું પણ પહેલાં જેમ હતો તેમ દેહમાં નહિ. પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામર્થ્ય પામશો. ત્યારે જ તમે મારું શરૂ કરેલું કામ આગળ ધપાવી શકશો. ઈશ્વરપિતા પાસેથી એ સેવાને સારુ તમને પવિત્ર આત્માનું દાન મળશે. એ દાન મળતાં સુધી યરુશાલેમમાં રહીને પ્રાર્થના કરતાં તેની રાહ જોજો. હમણાં હું પિતાની પાસે ચઢી જાઉં છું.

આ બધી સૂચનાઓ આપીને તેમને આશીર્વાદ દેતાં દેતાં તેમની મધ્યેથી તે ઊંચકાઈને આકાશ તરફ ઊંચે ચઢવા લાગ્યા. તેમને ઊંચે જતાં જોઈને તેઓ તેમના તરફ એકીનજરે ટીકી ટીકીને જોઈ રહ્યા હતા, તેવામાં એ તેમની દૃષ્ટિથી અલોપ થઈ ગયા! તે જ વેળાએ બે દૂતોએ તેમને જણાવ્યું કે જેમ તે ચઢી ગયા, તેમ તે પાછા પણ આવશે.

આ દેખાવ આનંદમય હતો, તેમ છતાં તે પોતાની પાસેથી હવે આકાશમાં જતાં રહે છે એ વિચાર મૂંઝવણભર્યો પણ હતો. જગતના કોઈ મહાન સંતને પણ નહિ થએલો અનુભવ થયાથી તેઓ હરખાતા હરખાતા યરુશાલેમમાં પોતાને ઉતારે આવ્યા.

જતાં પહેલાં તેમના પર શ્વાસ નાંખીને તેમને પવિત્ર આત્મા આપ્યો હતો, તેથી તેમને પહેલાં કરતાં અત્યારે વધારે સમજ અને શક્તિ મળી હતી. પરંતુ એ પ્રભુ ઈસુના વિરોધીઓની સામે સામી છાતીએ ઊભા રહેવા જેટલી ન હતી. પવિત્ર આત્માએ તેમને પ્રાર્થનામાં રોકાએલા રાખ્યા. પવિત્ર આત્માના દાનને સારુ ઈશ્વર પિતાને વિનંતી કરતા અને રાહ જોતા તેઓ માર્કની મેડીએ રહ્યા.

આકાશગમન પછી દસમે દહાડે જ્યારે તેઓ પ્રાર્થનામાં હતા, ત્યારે આકાશથી એકાએક આંધીના જેવો અવાજ આવ્યો જે ઘરમાં તેઓ બેઠા હતા, તે હાલી ઊઠ્યું. તેઓએ ચારે તરફ કૂતુહલથી નજર કરી, તો ત્યાં બેઠેલાં દરેક જણના માથા પર અગ્નિ જીભો પડતી તેમને દેખાઈ. એ જીભો પડતાંની સાથે જ દરેક જણ દુનિયાની કદીપણ નહિ જાણેલી ભાષાઓમાં મોટેથી દેવની સ્તુતિ કરવા લાગ્યા.

આ ઘોંઘાટ એટલો મોટો થયો, કે શું થયું છે એ જાણવા આજુબાજુના લોક ત્યાં દોડી આવ્યા. જુદી જુદી સત્તરેક ભાષાના લોકે તેમને પોતાની ભાષામાં દેવની સ્તુતિ કરતાં સાંભળ્યાં. એ પ્રસંગે આ જીજ્ઞાસુઓ આગળ શિષ્યો સહિત ઊભા થઈને પીતરે ખુલાસો કર્યો, કે જે ઈસુને તમે મારી નાખ્યા, તેમણે યોએલ પ્રબોધકે જણાવેલું પવિત્ર આત્મા વિષેનું પ્રભુનું વચન પૂર્ણ કર્યું છે. એ ઈસુને ઈશ્વર પિતાએ જગતના તારનાર તરીકે સિદ્ધ કર્યા છે. તેમના મરણથી પાપોની માફી મળશે અને અમે પામ્યા એવું પવિત્ર આત્માનું દાન પણ તમને મળશે.

તેમને મારી નાંખવામાં ભલે તમે ભાગ લીધો હોય, પણ તેમનું મરણ તો તમારા તથા જગતના પાપનું પ્રાયશ્ચિત હતું. એ તમે જાણ્યું નહિ. હવે પાપનો પસ્તાવો કરો. તેમને શરણે આવો, કે તમારાં પાપ ભુંસાઈ જાય. જૂના કરારમાંથી પ્રભુ ઈસુનાં

જીવન, મરણ તથા પુનરુત્થાન વિષેની વાતો બતાવીને સિદ્ધ કરી આપ્યું, કે પ્રભુ ઈસુ તારણની યોજના માટે ઠરાવેલા ઈશ્વર પુત્ર અને તારનાર છે. તેનો ઉપદેશ અને ખુલાસો સાંભળીને હજારો માણસોએ પ્રભુ ઈસુનું શરણ લીધું અને શહેરમાં સર્વત્ર આનંદનું વાતાવરણ છવાઈ રહ્યું.

આકાશગમન એ પ્રભુ ઈસુના કામનો અંત નથી. ત્યાં તેમના કહ્યા પ્રમાણે ઈશ્વર પિતા પાસે બેસીને તારણને લગતી સઘળી પ્રવૃત્તિઓમાં કાર્યવાહની સહાય કરે છે. તે આકાશમાં છતાં આપણી સાથે અને આપણી મધ્યે પણ છે. આપણને દેખાતા નથી, પણ અદશ્યપણે એ આપણી સાથે રહીને આપણી સંભાળ લે છે. અને સર્વ પ્રકારે સહાય કરે છે.

તેમનો પોતાનો જ આત્મા, એટલે પવિત્ર આત્મા આપણા આત્માની સાથે વસવા આવેલો છે. એને લીધે કોઈ ખ્રિસ્તી નિરાધાર નથી, અબળ નથી કે નિરૂપાય નથી. સર્વ પ્રસંગે સર્વ બાબતે ઉપકારસ્તુતિ સહીત પ્રાર્થના દ્વારા એમના આશ્રિતો બળ પામતા આવ્યા છે. આ હક અભણ કે વિદ્વાન સૌનો એક સરખો છે. સ્ત્રી કે પુરુષ સર્વ વિશ્વાસ કરનારને વિના ભેદે તે વાપરે છે.

પાપીઓના હકમાં બલિદાન કરીને તે એક બાજુ ખસી બેઠા નથી, પણ જ્યાં તે છે, ત્યાં સર્વ વિશ્વાસ કરનાર પણ જઈ પહોંચે, એ માટે ત્યાં છતાં સૌના હકમાં મધ્યસ્થી કરે છે, અને એને એ જ સમયે તે વિશ્વાસીઓની સાથે પણ રહે છે. આપણા ઉદ્ધાર માટે પ્રભુ કેટલી ચિંતા રાખે છે! કેવી અજાયબ રીતે સ્વર્ગનું બારણું સૌને માટે ઉઘાડ્યું! આકાશગમન એ તારણની યોજનાનું છેલ્લું પગથિયું છે.

**પ્રશ્ન :** સ્વર્ગે ચઢી જવાથી વિશ્વાસીઓને તજી દીધા કે કેમ?
તેમનું સ્વર્ગગમન આપણને શી રીતે મદદરૂપ છે?

## ૪૯. પ્રભુ ઈસુ ફરી પૃથ્વી પર આવશે.

### શાસ્ત્રવાચન

૧ થેસા. ૫; ૧-૧૦. લૂક ૨૧; ૩૪-૩૬.

### હેતુ

આનંદભેર દિલાસો પામવો.

### પસંદ કરેલાં વાક્યો

પ્રભુ ઈસુએ કહ્યું, જુઓ, હું વહેલો આવું છું. પ્રકટી ૨૨;૭. દૂતોએ કહ્યું, જેમ તે ચઢી ગયો તેમ તે પાછો આવશે. પ્રે.કૃ. ૧;૧૧. સાવધાન રહો, રખે સંસારી ચિંતાથી કોઈ ફાંદામાં પડે. લૂક ૨૧; ૩૪. આતુરતાથી તેના આવવાની અપેક્ષા રાખો. ૨ પી. ૩;૧૨. તે આવીને જેને ફરજ પર જોશે, તેને ધન્ય છે. માથ્થી. ૨૪; ૪૬.

### મનન વિચાર

પ્રભુ ઈસુનો દેહ અમારી સાથે નથી, એ વિચારથી કોઈ પોતાને ગભરાવે નહિ. તે સદા આપણી સાથે છે. હાલ તે આપણને તરેહ તરેહની મદદ કરીને છેલ્લા આનંદને માટે તૈયાર કરે છે. અત્યારે કૃપાથી તારણ પામવા સારુ સ્વર્ગનું દ્વાર ઉઘાડવામાં આવ્યું છે. અગાઉ તો સારી કરણીઓ ઉપર સુખશાંતિનો આધાર રખાતો હતો, તેમ છતાં સંપૂર્ણ તારણની આશા તો હતી જ નહિ. આજે તો પસ્તાવાથી અને શરણથી તથા વિશ્વાસથી આપણે  અનંતજીવનમાં દાખલ કરાયા છીએ.

જીવનની ચાલનો જે માર્ગ આપણને બતાવાયો છે, તે પર ચાલવા સારુ પૂરી કાળજી રાખવી જોઈએ. તેમ છતાં કોઈ વેળા

કોઈ જગતી લાલચને વશ થઈ પાપમાં ફસાઈ પડે તો તેથી નિરાશ થવું નહિ. પાપ કબૂલ કરીને પાપના માર્ગ પરથી પવિત્રાઈના માર્ગ પર આવવું. આવી વૃત્તિવાળાં ક્ષમા તથા શાંતિ અને શક્તિ પામે છે.

આપણે પાપમાં ન ફસાઈએ કે તેમાં ન રહીએ, માટે આપણી સહાયને સારુ પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે. તે આપણા હૃદયમાં રહીને આપણને પ્રેરણા કરે છે, દોરે છે અને બળ આપે છે. જેઓ પ્રભુ ઈસુ વગરના છે અથવા પ્રભુ ઈસુનો નકાર કરીને તેમને તજી દે છે, તેમનામાં પવિત્ર આત્માનો વાસો રહેતો નથી. તેથી તેઓ આત્મબળે પ્રયત્ન કરે છે, પરંતુ પવિત્ર આત્મા વગર તેઓ સામર્થ્યવાન થતાં નથી. જેઓ પ્રભુ ઈસુ વગરનાં છે, તેઓ કૃપાના આશીર્વાદ વગરના છે. તેમની સ્થિતિ દયાજનક છે.

કૃપાનો આ જમાનો સદા ચાલવાનો નથી. એ બારણું ઠરાવેલા સમય સુધી ખુલ્લું રહેશે. પછી તે બંધ કરાશે. જેમ નૂહના વહાણનું બારણું દેવે બંધ કર્યું, પછી જળપ્રલયથી બચવાનો ઉપાય રહ્યો નહિ, તેમ કૃપાથી તારણ પામવાના સમયની પણ વાત છે. માટે કોઈ ગફલતમાં ન રહે. પાપમાં પડે, તો તરત જ પસ્તાવો કરીને પાછાં ખરે માર્ગે ચઢી જાય. જેમ બાળક ચાલતાં ચાલતાં પડી જાય છે. પણ તરત પાછું ઊઠીને ચાલે છે, તેમ વર્તવાનું છે. “કાલે કરીશું” એવી રાહ જોનારાં ફસાઈ પડશે. તેઓ ધારતાં નથી તે ઘડીએ મોત ઝડપી જશે, કે પ્રભુ બારણું બંધ કરશે. માટે આજે જ પૂરી તૈયારીમાં રહેવાની પ્રભુની સલાહ છે.

પોતાના પવિત્ર દૂતોની સેના સહિત વાજતે ગાજતે પ્રભુ સ્વર્ગેથી ઊતરશે. તે વેળા રણશીંગડાનો અવાજ સાંભળતાં જ ખ્રિસ્તમાં મરેલાં સૌને નવાં શરીર અપાશે. જ્યાં દટાએલાં કે

મરેલાં હતાં ત્યાંથી સૌ નવા શરીરો સાથે ઊઠશે. મરી ગએલાંઓનું આ મોટું સૈન્ય પૃથ્વી પર ઊઠી ઊભું થશે. તે વેળા જેઓ જીવતાં હશે, તેઓનાં શરીર બદલાઈ જશે અને જીવતાં તથા ઊઠેલાં સૌ પ્રભુને મળવા સારુ ગગનમાં તણાઈ જશે. કેવો આનંદ!

પૃથ્વી પરની સતાવણી અને વેદના તથા વૈતરાંથી કાયર થએલાં સહુ મરણમાં વિસામો પામ્યાં ખરાં, પરંતુ આ વેળાએ તો સ્વર્ગીય આનંદનો વારસો પામવા, લગ્નજમણમાં આપણે જઈશું. ત્યાં આપણને સૌને આપણી સેવાનો બદલો મળશે.

પૃથ્વી પર પાછા આવવાની વાત પ્રભુ ઈસુએ પોતે કહી. આકાશગમન વેળા શિષ્યોને દૂતોએ કહી. અગાઉથી એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. નવા કરારમાં ૩૧૮ વખત આ વાતનો ઉલ્લેખ છે. એટલે પુનરુત્થાન વખતે આપણે પડ્યાં ન રહીએ, તેની કાળજીપૂર્વક તૈયારી રાખીએ.

તેમના આ આગમન વેળા ઘણા ઘણા નવા બનાવો બનવાના છે. તે વખતે પૃથ્વીનો નાશ થવાનો નથી. વસ્તી તો રહેશે. તેઓને પણ સુવાર્તા પ્રગટ કરાશે. યહૂદીઓનું રાજ્ય સ્થપાશે. શેતાનને બંદીવાન કરવામાં આવશે. પછી તેને સાર્વકાળિક અગ્નિખાઈમાં ફેંકી દેવામાં આવશે અને તે સમય સુધીનાં સર્વ વિશ્વાસ કરનારાઓ પ્રભુની સાથે રહેશે. પછી જૂની પૃથ્વી અને જૂનું આકાશ રદ કરીને નવું આકાશ અને નવી પૃથ્વી રચાશે. તેમાં આનંદજીવનમાં દાખલ થએલાં સદાકાળ સુધી સ્વર્ગીય સુખાનુભવ કરશે. દુષ્ટોના દુઃખનો પાર રહેશે નહિ.

એક છોકરીએ કહ્યું; કે હું વહેલી મરી જાઉં તો સારું, કેમ કે પ્રભુ ઈસુની સાથે રહેવાનો મને ઘણો વખત મળે. એક જુવાને મરતાં મરતાં કહ્યું, કે મેં એટલાં બધાં પાપ કર્યાં છે, કે મને પ્રભુ

માફ કરી જ ન શકે. પાળકે તેને કહ્યું, તમારાં પાપનો ઢગલો કરો, એ બધા ગંધાતા કચરા સમાન છે ખરું? તેણે કહ્યું હા. પાળકે કહ્યું, કચરાના ઢગલા પર વીજળી પડે અથવા એમાં અગ્નિ મૂકીએ તો શું થાય. એ તમે કહી શકો? જુવાને કહ્યું ભસ્મ થઈ જાય. પાળકે કહ્યું, પ્રભુ ઈસુને વિનંતી કરો તો. તેણે જરાક વાર મનમાં વિચાર કર્યો, પ્રાર્થના કરીને એકાએક આનંદથી ગાજી ઊઠ્યો. પાળક સાહેબ, બધું ભસ્મ થયું ! હું ઈસુને જોઉં છું. પછી તે આનંદમાં મરણ પામ્યો !

પ્રશ્ન : પ્રભુ હમણાં જ તમને પોતાની પાસે તેડે તો તૈયાર છો? તે બીજી વાર શા માટે પૃથ્વી પર આવશે? આવીને શું કરશે?

## ૫૦. ખ્રિસ્તી ધર્મ ઈશ્વરી માર્ગ છે તેની ખાતરી

### શાસ્ત્રવાચન

પ્રે. કૃ. ૯; ૧-૯; ૧૭-૨૦.

### હેતુ

વિશ્વાસ દૃઢ કરવો.

### પસંદ કરેલી કલમો

બીજા કોઈથી તારણ નથી અને જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે પૃથ્વી પર માણસોમાં આપેલું નથી. પ્રે. કૃ. ૪;૨૨.

હોમયજ્ઞોમાં કે પાપ યજ્ઞોમાં દેવની પ્રસન્નતા ન હતી, કેમ કે તેઓથી માણસોનાં પાપોની માફી કરાઈ નહિ.

ત્યારે પ્રભુ ઈસુએ કહ્યું કે જો તારી ઇચ્છા પૂરી કરવાને હું આવું છું. હેબ. ૧૦;૭. હે સિયોનની દીકરી, જો તારો રાજા તારી પાસે આવે છે, તે તારણનો માલિક છે. ઝખ. ૯;૯. હું એક ભવિષ્યવાદી ઊભો કરીશ. તેનું જે નહિ સાંભળે, તે માર્યો જશે. પુન. ૧૮;૧૫, ૧૯. તેઓએ મારા હાથ પગ વીંધ્યાં છે, પણ તું તારા પવિત્રને કહોવાણ જોવા દઈશ નહિ. ગી.શા. ૨૨;૧૬. ૧૬;૧૦. શાઊલ, શાઊલ, તું મને કેમ સતાવે છે? આર પર લાત મારવી કઠણ છે. પ્રે. કૃ. ૨૬;૧૪.

**મનન વિચાર**

અન્ય ધર્મીઓ ખ્રિસ્તી ધર્મને એક નવો ધર્મ ગણે છે, અને તેથી તેની સદ્ધરતા ઓછી આંકે છે. પરંતુ તેઓ અર્ધેથી જ ગણતરી કરે છે, એટલે પ્રભુ ઈસુના પ્રગટ થયાના કાળથી તેની મુદત ગણે છે. પરંતુ ખરું જોતાં એ માન્યતા અધૂરી હોઈ બરાબર નથી. ખરી વાત તો એ છે, કે માનવ કાળથી જ તેનું પ્રકટીકરણ કરાતું આવ્યું છે. બાઈબલના જે બે ભાગ છે જૂનો તથા નવો કરાર એ જ બતાવી આપે છે, કે બીજો પહેલાની પૂર્ણતા છે. જૂના કરારનાં ૧૯ પુસ્તકોમાં ૫૪ વાર ૨૩૨ વાક્યોમાં પ્રભુ ઈસુ વિષે નિદર્શનો અને ભવિષ્ય વાત છે.

એટલે કે માનવ તારણ વિષે ઈશ્વરની યોજના જૂના કરારમાં બતાવાઈ અને તેની પૂર્ણતા કે તેનો અમલ 'નવો કરાર' કહેવાતા ભાગમાં બતાવવામાં આવ્યો. મતલબ કે પડદે રહેલો પ્રભુ ઈસુ યોગ્ય કાળે બહાર આવ્યો. ઉપરનાં વાક્યોમાં કેટલાક ભવિષ્યવાદની ઝાંખી થઈ શકશે. આથી સહજ સમજી શકાશે કે 'ખ્રિસ્તી ધર્મ' નામ પડ્યું પ્રભુ ઈસુના 'ખ્રિસ્ત' નામ પરથી પણ તે નવો ધર્મ નથી. પ્રભુ ઈસુએ કહ્યું, કે નિયમશાસ્ત્ર કે ભવિષ્યવાદીઓની વાતનો નાશ કરવા હું આવ્યો નથી, પણ તે પૂર્ણ કરવા આવ્યો છું.

ખ્રિસ્તી ધર્મ એ વટાળ પ્રવૃત્તિ નથી, પણ તારણ કે ઉદ્ધારનો માર્ગ છે. વટાળ તો પાપાચારમાં છે. જીવન તો સત્ય માર્ગ સ્વીકારવામાં છે. માથ્થી ૧૫;૧૮-૨૦.

સામાન્ય સમજણ એવી છે, કે બધા ધર્મો સરખા છે, જેને જે ફાવે તે માને પણ આપણે યાદ રાખીએ, કે હાથની બનાવેલી મૂર્તિઓને ઈશ્વરની સાથે સરખાવાય ખરી? જે નિર્જીવ છે તેને સર્વશક્તિમાન સજીવનું સ્થાન આપી શકાય? એ પાપ છે. એ ભૂલ છે અને ઠગાઈ હોય માણસને અંધ બનાવે છે. કેટલા બધા લોકે મૂર્તિઓનો નાશ કર્યો, પણ એમણે તેમને સારુ માઠું કશું કહ્યું કે કર્યું નથી; પરંતુ ઈશ્વરના કરાર કોષને અડકવાની મનાઈ છતાં જેઓ તેને અડક્યા તેઓ તત્કાળ ત્યાં જ મરણ પામ્યા.

પ્રભુ ઇસુના જન્મ, ઠામ, કામ, જીવનનો આદેશ, સેવા, સહનતા, મરણ, તેમાંથી ઉત્થાન તથા સ્વર્ગારોહણ વિષે ભવિષ્યવાદથી જૂનો કરાર ભરેલો છે. એ ભવિષ્યવાદના પોતાના જીવન કાર્યમાં કેવી રીતે પૂરો થાય છે. એ તેમણે પોતે આંગળી ચીંધીને બતાવ્યું છે. જુઓ યશાયાહ ૬૧; ૧-૩. લૂક ૪; ૨૧. તેમના અગ્રગામી વિષે પણ ભવિષ્યવાદને તેની પૂર્ણતા બતાવાઈ છે. જુઓ યશા. ૪૦; ૩-૫. લૂક ૩; ૪-૬. આવું તો પુષ્કળ છે.

**શત્રુની સાબિતી :** યહૂદી ફરોશી શાઊલ ખ્રિસ્તી ધર્મનો કટ્ટો શત્રુ હતો. ખ્રિસ્તીઓને ધર્મના શત્રુ ગણીને તેઓને મારતો, સતાવતો ને બંદીખાને ઘસડી જતો. યરુશાલેમ શહેરમાં હજારો ખ્રિસ્તીઓ હતા, તે સર્વની તેણે એવી વલે કરી.

ખ્રિસ્તી ધર્મનો નકાર કરે, તેને છોડી દેતો. નકાર ન કરનારને પીડતો. પણ કોઈએ પોતાના તારનાર પ્રભુ ઇસુ ખ્રિસ્તનો નકાર કર્યો નહિ. તેની સતાવણીથી મંડળી ઉજ્જડ થઈ ગઈ, અને લોકોને પોતાનું ઘરકામ છોડીને નાસી જવું પડ્યું. પણ

જાણવા જેવી વાત એ હતી, કે જે નામ પ્રગટ કરવાને લીધે તેમને નાસી જવું પડ્યું હતું, તે નામને તો તેમણે જોરશોરથી અને બમણાં આવેશથી પ્રગટ કર્યું !

પોતાના પ્રાંતમાં સતાવણી પૂરતી કરાય છે, એ જોઈને તે દૂર દૂરના શહેરોમાં વસતા ખ્રિસ્તીઓને સતાવવા તથા યરુશાલેમમાં પકડી લાવવા અધિકારીઓનો પરવાનો લઈને નીકળ્યો તે દમસ્કસ પહોંચવા આવ્યો, એટલામાં તેની ભાગોળે જ તેના પર પ્રકાશનો અકસ્માત થયો. તે ભોંય પર પડી ગયો, તેની સાથેની ટોળી પણ ગબડી પડી. પછી શાઊલે વાણી સાંભળી કે શાઊલ, શાઊલ તું મને કેમ સતાવે છે ! આ વાણી સાંભળીને તે ધ્રૂજતો બોલ્યો, આ કોણ બોલે છે? કોની વાણી છે? જવાબ મળ્યો, કે જેને તું સતાવે છે તે ઈસુ હું છું. યાદ રાખ તું આર પર લાત મારી રહ્યો છે !

તે બોલ્યો, હું શું કરું? વાણી થઈ કે દમસ્ક જા. તારે શું કરવું એ તને ત્યાં બતાવવામાં આવશે. તે ઊઠ્યો તો એને તો આંખે અંધાપો આવી ગયો હતો ! સૌ અજાયબ થયા ને તેને દોરી લઈ ગયા...ત્યાં તેનું બદલાણ થયું ને તે પોતે ખ્રિસ્તી થયો. જેઓને બાંધવા ને મારવા આવ્યો હતો, તેઓની સાથે રહીને ત્યાંના યહૂદીઓને ખ્રિસ્તી ધર્મની સત્યતા જૂના કરારનાં લેખિત પૂરાવા (ભવિષ્યવાદ)થી સિદ્ધ કરી આપી. ખ્રિસ્તી ધર્મ તેણે મહામોટી સતાવણીઓ સહીત તે પ્રગટ કર્યો.

પ્રભુ ઈસુએ ઉતારેલા પવિત્ર આત્માને યોગે ખ્રિસ્તનો સ્વીકાર કરનારા અનુયાયીઓનાં જીવન એવાં તો બદલાઈ ગયાં, કે તેઓના પડછાયાથી માંદાઓ સાજાં થવા લાગ્યા ને તેઓની પ્રાર્થનાથી મુડદાં સજીવન થવા લાગ્યા.

આજે પણ તે આપણી પ્રાર્થના સાંભળે છે, ને જે માંગીએ તે જો આપણા હકમાં સારું હોય અને તેથી ઈશ્વરનો મહિમા થવાનો હોય, તો તે જરૂર આપે છે.

જેઓ કશા દૈહિક લાભને લીધે પ્રભુ ઈસુને તરછોડે છે, તેઓ ભરદરિયે તારણના નાવમાંથી કૂદી પડે છે ને નાશના મોજામાં અટવાય છે.

**ચર્ચા:** તમારી સભામાં પ્રાર્થના સાંભળ્યાંના દાખલા કહી બતાવો.

બીજા ધર્મો સાથે પ્રભુ ઈસુને સરખાવો. પોતાનો કે બીજાનો ખ્રિસ્તી અનુભવ કહેવા દો.

## ૫૧. તારા કારભારનો હિસાબ આપ

### શાસ્ત્રવાચન

લૂક ૧૬; ૧-૯.

### હેતુ

વિશ્વાસુપણે જીવન ગાળવા વિચાર કરાવવો.

### પસંદ કરેલાં વાક્યો

તારા કારભારનો હિસાબ કર. એવું તહોમત છે કે તે શેઠની મિલકત ઉડાવી દે છે. અન્યાયીપણાના દ્રવ્યથી પોતાને સારુ મિત્ર કરો. શું માણસ ઈશ્વરને લૂંટે? હા. કેવી રીતે? દશાંશ ન આપીને. જેવી દયા તારા પર કરી, તેવી તારે તારા પડોશી પર કરવી જોઈતી હતી.

**મનન વિચાર**

આખી પૃથ્વી અને તેમાંનું સર્વ પ્રભુનું છે એ કોણ નથી જાણતું? આપણો જીવ પણ આપણા હાથમાં નથી એ વાત કોનાથી અજાણી છે? મરણ સમયે વહાલી વસ્તુઓ અને પ્રિય મિત્ર અહીં જ પડ્યાં રહે છે અને માણસ એકલો ચાલ્યો જાય છે, એ શું કોઈની જાણ બહાર છે? આ સ્થિતિ માણસને શું શીખવે છે?

આપણે અહીં મુસાફર છીએ. મુસાફરખાનામાં રહીએ છીએ અને નિમેલે ઠેકાણે જવા ત્યાંથી ઊઠીને મને કે કમને આગળ જઈએ છીએ. ત્યાં મરી જવાનું નથી કે ઊંઘમાં બધું ભૂલી જઈએ છીએ તેમ નિસ્પૃહી પણ થઈ જવાનું નથી.

ખેતીમાં કામે મોકલેલા મજૂરની પાસે શેઠ સાંજે કામનો હિસાબ તપાસે છે, તેમ જગત જે ખેતી છે તેમાં તરેહ તરેહની પ્રવૃત્તિનાં સુખિયાં દુખિયાં માણસો વસે છે. એ પ્રત્યેકના સંબંધમાં આવતાં તેઓ પ્રત્યે સંજોગ પ્રમાણે બજાવવાની ફરજ છે.

એક ફરજ માથ્થી ૨૫;૪૦ માં છે. માણસો પ્રત્યેકની વર્તણૂક પ્રભુ પોતા પ્રત્યેના વર્તન તરીકે ગણે છે અને તેનો યોગ્ય બદલો આપે છે. દિલસોજી અને દયા બતાવી દિલાસો દેવો. બીજી ફરજ સંપત્તિના ઉપયોગની છે. આપણી કમાણી આપણા પોતાના હિતને અર્થે જ નથી. એમાંથી આપણા હિતનો ભાગ આપણને વાપરવાની છૂટ છે. દુકાન પરનો ગુમાસ્તો માલની લેવડદેવડનાં નાણાં શેઠના ખજાને ભરે છે. એમ કરતાં પોતાના ગજવામાં ભરે, તો તે અપ્રમાણિક અને ગુનેગાર ઠરે છે. શેઠનો ખજાનો ભરી મૂકવા માટે નથી. એ તો વ્યવહારમાં વાપરવા સારુ છે. પેલા તાલંતવાળાઓની વાત પરથી આપણે જાણીએ છીએ. મંડળીની વૃદ્ધિ માટે, કોઈકની તંગી દૂર કરવા માટે, કોઈ લોકોપયોગી સંસ્થાની ખીલવટ માટે પોતાના હવાલામાંનું દ્રવ્ય

વાપરવાનું છે. એ માલિકની મરજી અને આજ્ઞા છે. એમ ન કરનારાના હાલ પેલા તાલંત દાટી મૂકનારના હાલ જેવાં થશે, એ પ્રભુએ સચોટ રીતે પરિણામ સાથે પ્રગટ કર્યું છે. પોતાનાં ઘરનાંને યોગ્ય સમયે ખાવાનું આપવા ઠરાવેલો વિશ્વાસુ ચાકર કોણ છે? તે માન મહિમાનો બદલો પામશે.

ત્રીજી ફરજ શેઠનાં સંતાનો પ્રત્યેની છે. ફરવા લઈ જવાં અને જ્યાં ત્યાં રખડાવીને પાછાં ઘેર લાવવાં એટલેથી એ ફરજ આયાની જેમ પૂરી થતી નથી. તેમને પ્રભુની બીક તથા રાહ પર કેળવવાનાં છે. બધે ઘેર સૌનાં છોકરાં દેવે સોંપેલી અનામત કે આપેલું તાલંત છે. પોતાના નમૂનાથી પ્રભુની બીક રાખતાં શિખવવાનું છે. આડે માર્ગે ચાલતાં રોકવાનાં છે. ચોરી કરી લાવે, જૂઠું બોલે, બીજાંને સતાવે, આળસમાં સમય ગાળે, વ્યર્થાચાર પ્રમાણે મોજશોખમાં વખત અને પૈસા ગુમાવે, શરીર મંદિરની સંભાળ ન લે એવી વાતો જાણીને અને જોઈને તેમનું ધ્યાન પ્રભુની શિક્ષા પ્રત્યે વાળવાનું છે. આવી બધી કાળજી રાખ્યા છતાં દુષ્ટ સોબતથી પુખ્ત વયમાં તે કોઈને ગણકારતાં નથી, કે કશાને લેખવતાં નથી એવું બનવાનો સંભવ છે. પણ એક વાત નક્કી છે, કે જો માબાપો સદાચારી હોય અને પ્રભુની બીકમાં સત્યને પંથે ચાલનારાં હોય, તો તેમનાં છોકરાં જો કે ભૂલો કરે, કે ભટકી જાય, તોયે પસ્તાઈને પાછાં આવશે. એટલે માબાપની સુચાલ નિષ્ફળ જશે નહિ. સારાં માબાપનાં કેટલાંક છોકરાં મંડળીને ઉપયોગી થતાં નથી, તેમ પોતાના આત્માની કાળજી કરતાં પણ નથી એ શોચનીય છે.

ચોથી ફરજ પોતા પ્રત્યેની છે. માણસને ઈશ્વરે દેહમાં જીવ અને જીવ પર આત્મા આપ્યો છે. દેહ, પાછળ જણાવ્યું તેમ ઈશ્વરનું મંદિર છે. તેને પવિત્ર રાખવાની અને સાચવવાની ફરજ છે. નીતિએ ચાલવાથી તે પવિત્ર રહેશે. યોગ્ય ખોરાક, પાણી

અને હવા લેવાથી તે તંદુરસ્ત રહેશે. એ બાબતે નિષ્કાળજીએ રહેનાર ગુનો કરે છે. દેવનું મંદિર બગાડે છે. જીવને બહેકાવનાર ઉડાઉ છે.

એમાં દેવે વસાવેલો આત્મા છે. એ આત્મા દેહ સાથે નાશ પામવાનો નથી. એને જ જગત પરના દેહના દહાડાઓમાં શું શું કર્યું, તેનો હિસાબ આપવાનો છે. જેઓ દેવની ઇચ્છાઓને બેકાબુ થવા દઈ વહેતી મૂકે છે, તેઓનો આત્મા નિર્બળ થઈ નિર્ધન બને છે. તેને દેવ તરફથી અપમાન વેઠવાનું રહેશે. જેને પ્રભુ કહેશે, કે શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર તું થોડામાં વિશ્વાસુ રહ્યો, હવે તને ઘણા પર ઠરાવીશ.

**પ્રશ્ન :** તમારી પાસે કયું કૃપાદાન કે તાલંત છે? એનો કારભાર કેવો કરો છો? તમને સોંપેલી મિલકત કઈ કઈ છે? એના કારભારમાં સંતોષી છો?

# પર. નાતાલનો પાઠ-દેવનું અનિર્વાચ્ય દાન

**શાસ્ત્રવાચન**

લૂક ૨;૮-૧૧. યો. ૧;૧૪. માથ્થી. ૨;૧૧.

**હેતુ**

તારનાર મોકલવાને લીધે પ્રભુનો આભાર માનવો.

**પસંદ કરેલાં વાક્યો**

દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી, કે તેના તારણને માટે પોતાના દીકરાને જન્માવ્યો...યો. ૩; ૧૬.

દેવે પોતાનો દીકરો એ સારુ આપ્યો, કે શેતાનનો તથા તેના કામોનો નાશ કરે અને આપણને આ ભૂંડા જગતથી છોડાવી લે. ૧ યો. ૩;૮. હેબ. ૨;૧૪. દેવના અનિર્વાચ્ય દાનને માટે તેની સ્તુતિ થાઓ. ૨ કો. ૯;૧૫. માગીઓએ ઘરમાં જઈને...પગે પડીને તેનું ભજન કર્યું અને પોતાના ઝોણણાં છોડીને સોના તથા બોળ તથા લોબાનનું નજરાણું કર્યું. માથ્થી ૨;૧૧.

**મનન વિચાર**

આજ્ઞાભંગને લીધે પોતાની સંગતમાંથી અલગ કરાએલા માનવીને પાછું સંગતમાં લેવાના ઉપાય તરીકે દેવે પ્રભુ ઈસુને જગતમાં મોકલ્યા. આ પ્રીતિ અને પ્રભુ ઈસુની કૃપાની કદર કરતાં આઈઝેક વોટસ જેવાએ કહ્યું, કે જો હું આખા વિશ્વનો માલિક હોઉં અને તે બધું અર્પણ કરું, તોયે આ પ્રેમ અને કૃપા આગળ એ તુચ્છ અર્પણ લેવાય ! એ કશી વિસાતમાં નથી.

સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર સ્વર્ગીય મહિમા છોડીને પૃથ્વી પર માનવરૂપ ધરે, એ ભોગની તો કિંમત જ કલ્પાય નહિ ! આ પ્રેમ

કૃપાની કદર શાથી અને શી રીતે કરાય ! માગીઓએ કર્યું, એ વિના માણસ બીજું વિશેષ શું કરી શકે? શક્તિ પ્રમાણે માણસ એ જ કરી શકે.

**તેઓએ પગે પડીને ભજન કર્યું.** પગે પડવું, એ હૃદયની ઊંડામાં ઊંડી લાગણીદર્શક ભક્તિ છે. એમાં ત્રાતાના સર્વશક્તિમાનપણાની અને પોતાની આધીનતાની કબૂલાત છે. એ પ્રભુ પ્રત્યે પૂરા પ્રેમનું અને સર્વોચ્ચ માનનું પ્રકટીકરણ છે. એ પોતાના બચાવના આભારની લાગણી દર્શાવવા આ કરતાં બીજી કઈ રીત સારી હોઈ શકે ! બીજું પગલું જે તેઓએ લીધું, તે એ હતું, કે તેમણે પોતાના ઝોણણા છોડીને-ખોલીને બાળ રાજાને નજરાણું કર્યું. ત્રણે જણે પોતપોતાને ત્યાંનાં ઉત્તમ વાનાં પ્રભુને ચરણે ધર્યાં. નજરાણું આપનાર માનપૂર્વક પોતાની આધીનતા પ્રગટ કરે છે. જેને નજરાણું કરે, તેની શ્રેષ્ઠતા સ્વીકારે છે. માગીઓની મુલાકાત આકસ્મિક કે સંજોગીય બનાવ નથી. તેઓ હેતુપૂર્વક નવા જન્મેલા રાજાનું ભજન કરવા ઘેરથી લાંબી મુસાફરી કરીને આવ્યાં.

હિંદુ-મુસલમાન જેમ જાત્રા કે હજ કરવા જાય છે, તેમ માગીઓની આ પહેલી જાત્રા હતી. આજે પણ બેથલેહેમમાં જ્યાં પ્રભુ ઈસુનો જન્મ થયો હતો, ત્યાં ગભાણ અને ઘેટાંપાળકની તથા માગીઓની મુલાકાતનો ચીતાર બતાવવામાં આવે છે અને ત્યાં લોકો ભાવથી આવે છે. આ સ્થાન એવું પવિત્ર મનાય છે, કે તેની આજુબાજુ જુદી જુદી બે મંડળીઓએ પોતાના દેવળો બાંધ્યાં છે. ત્યાં ભક્તિસભા થાય છે અને દાન દેવાય છે. એવું જ બીજું સ્થાન કબરનું છે. તેની આજુબાજુ જુદી જુદી ચાર મંડળીઓએ પોતાનાં દેવળો બાંધ્યાં છે. ત્યાં દરવર્ષે જાત્રા ભરાય છે અને દાન દેવાય છે.

આજે આપણે પણ આ બેઉ કામ કરી શકીએ. ઘૂંટણે પડીને ભજન કરી શકીએ અને પ્રભુ પ્રત્યેના પ્રેમની પ્રતીતિ પ્રદર્શક દાન કે નજરાણું પણ ધરી શકીએ. આ નજરાણાનું દ્રવ્ય પ્રભુને પોતાના ઉપયોગમાં લેવાનું હોતું નથી. પણ પ્રભુની સેવા કાર્યોને સારુ અતિ અગત્યનું છે.

જૂના કરારમાં આપણે વાંચીએ છીએ, કે મુલાકાત મંડપ બાંધવા સારુ સોનું, રૂપું, પિત્તળ, લોખંડ વગેરેની જરૂર જણાવતાં લોકો એટલું બધું રાજીખુશીથી લઈ આવ્યા, કે મૂસાને વધુ ન લાવવાની જાહેર ખબર આપવી પડી, પ્રભુ પ્રેમની કદર કરીને ભક્તિભાવે એટલા બધા ઉમળકાથી લાવતા, કે એ સર્વ વાનાનો ઢગલો થઈ ગયો.

એવી જ આસ્થા દાઉદે મંદિર બાંધવાની અગત્ય જણાવતાં લોકોએ દેખાડી. જ્યારે તેણે કહ્યું કે યહોવા પરનો પ્રેમ દર્શાવવા આજે કોણ રાજીખુશીથી બહાર પડે છે, ત્યારે લોકો ઉમળકા તથા આનંદભેર જે લાવ્યા, તે હજારો મણ તો શું, પણ **લાખો** મણ સોનું, રૂપું લઈ આવ્યા. વળી મંડપ માટેના દાનાર્પણોમાં સ્ત્રીઓએ પોતાના સોનાના કુંડળો, નથણીઓ, મુદ્રિકાઓ, બંગડીઓ આપી દીધાં. (નિર્ગ. ૩૫;૨૨) અને ઊન, શણ વગેરે કાંતીને લાવ્યા. જેની પાસે હીરામાણેક હતાં, તે તેઓ લઈ આવ્યાં. ઘેર ઘેર ઉઘરાણું કર્યું નથી. લોકો રાજીખુશીથી એટલું બધું લઈ આવતાં, કે ઘણી વેળાએ બસ છે હવે ન લાવતાં એવું કહેવું પડ્યું.

આજે આપણી મંડળીને ઘણા વાનાંની જરૂર છે. બેઠકો માટે બાંકડાની પ્રથા થઈ હોવાથી તે જોઈએ. બાંકડા પોલીશ વગરનાં મેલા થઈ ગયાં છે, તેને પોલીશ કરાવવા નાણાં જોઈએ. દેવળ નથી, તે બાંધવા પૈસા જોઈએ. દેવળ નાનું પડે છે તે વધારવા

નાણાં જોઈએ. વપરાશનો ઘણો સામાન નથી, તે જોઈએ. બેઠકો માટે શેતરંજી કે પટ્ટા જોઈએ. આવું ગણાવવા કરતાં પોતાની મંડળીની જરૂરીઆતો સૌને ખબર છે, પ્રભુના પ્રેમની કદર કરવા આજે કોણ પ્રભુ ઈસુને ચરણે પોતાનાં વાનાં ધરવા ખુશી છે?

નાતાલનો આનંદ ખાવા પીવા કે ઓઢવા પહેરવામાં નહિ, પણ પ્રભુની કૃપાની કદર કરતાં નજરાણાં કે દાન આપવામાં કરીએ. ચાલો આ નાતાલે શું કરીશું?

**પ્રશ્ન :** આ વખતે તમે શું કરી શકશો? બીજાને તારણનો સંદેશો આપવાનું ન બની શકે શું?
દર્શાવેલી સમાજસેવા માટે સ્વયંસેવકો તરીકે બહાર પડવા ખુશી છો?

## ૫૩. ઉપકારસ્તુતિ

**શાસ્ત્રવાચન**

ગી. શા. ૧૦૩.

### હેતુ

ઉપકારસ્તુતિના કારણો જાણી આભાર માનવો.

### પસંદ કરેલાં વાક્યો ને મનન

હે મારા આત્મા યહોવાને સ્તુત્ય માન અને તેનાં સર્વ ઉપકારો તું ભૂલી ન જા.

### ઉપકારોની નોંધ.

**૧. તે તારા સઘળાં પાપ માફ કરે છે.** પાપની નોંધ જોવી હોય તો ૨ તી. ૩;૧-૫. જે ભલું કરી જાણે છે અને ભલું કરતો

નથી, તેને પણ પાપ લાગે છે. માણસે નહિ માનેલાં એવાં પાપની ગણતરી કરો, તો તમને અજાયબ લાગશે. એમાનાં ઘણાં આપણે રોજ કરીએ છીએ. જો પ્રભુ આપણાં પાપ પ્રમાણે શિક્ષા આપે તો કોણ રહી શકે?

**૨. તે તારા સર્વ રોગ મટાડે છે.** રોગોથી ભરેલા વાતાવરણમાં રહીએ. અનેક રોગના જંતુઓ હવામાં, પાણીમાં, ખોરાકમાં, પદાર્થોમાં જે આસપાસ છે, પણ પ્રભુ રક્ષણ કરે છે. અને સપડાઈ જઈએ, તો મટાડી પણ દે છે. આપણે રોગી થઈએ કે રહીએ એવી પ્રભુની મરજી નથી, કેમ કે તેનું મંદિર છે, ને તેને સ્વચ્છ રાખવા ચાહે છે.

**૩. તારો જીવ નાશથી બચાવે છે.** નાશકારક જંતુઓ અને પ્રાણીઓથી રક્ષણ કરે છે. વીંછી, સાપ, વાઘ, વરુ, પ્લેગ, મરકી વગેરે નાશ કરનારાથી અને અકસ્માતથી બચાવે છે. ઠોકરોથી અને શત્રુઓના હુમલાથી બચાવે છે. આપણો જીવ તેની નજરમાં કીમતી છે. એથી કોઈનું ખૂન કરવું એ ભયંકર પાપ છે.

**૪. તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે.** કોઈ માણસની સાવચેતી, કરણી કે તેની લાયકાત માનયોગ્ય ગણાય, કે તે ઉચ્ચપદે સ્થપાય, એ તો કેવળ ઈશ્વર કૃપા જ છે. માણસની સારી કરણીઓ તેની પવિત્રતાઈને મુકાબલે તેની દૃષ્ટિએ કંટાળા પાત્ર છે. પોતાના નામની ખાતર તથા મહિમાને અર્થે દેવ તેને માનનો મુગટ પહેરાવે છે. તમારા મુગટ વિષે વિચાર કરો.

**૫. તે ઉત્તમ વાનાંથી તારા મુખને તૃપ્ત કરે છે.** માણસના નિભાવને અર્થે જે જે જોઈએ તે તે પૂરાં પાડે છે, અને કેવળ થોડું જ નહિ પણ પૂરી તૃપ્તિ મળે અને વધી પડે એટલું આપે છે. અસંભવને ઠેકાણે માન્ના ને લાવરી, કાગડાની મારફતે રોટલી ને માંસ સર્વ ખોરાક ઉત્તમ છે. શુદ્ધ છે તે દેવની કૃપાથી પ્રાપ્ત થાય છે.

**૬. તારી જુવાની તાજી કરે છે.** જુવાનીનું બળ યહોવાનો આશીર્વાદ છે તંદુરસ્તી એ કૃપા છે. ગરુડ શક્તિમાન પક્ષી છે ને વગર થાકે સેંકડો માઈલ મુસાફરી કરે છે. તેના બળની સાથે માણસનું બળ ને શરીર સરખાવો. વૃદ્ધો વિષે લખ્યું છે કે તેઓ ઘડપણમાં પણ ફળદાયક થશે અને રસે ભરેલા તથા લીલા રહેશે. ગી. શા. ૯૨; ૧૩,૧૪.

**૭. જુલમીઓથી બચાવે છે અને છોડાવે છે.** પાપને લીધે ઈસ્ત્રાએલીઓ દાસપણામાં જતા. પસ્તાવો કરીને કૃપા માગ્યાથી તેઓ છૂટકારો પામતા. જેઓ યહોવા પર આશા અને ભરોસો રાખે છે, તેઓ કદી લજવાશે નહિ. તેઓના હક્કમાં ન્યાય ચુકાદો આપે છે અને જુલમગાર ને તેની નાલાયકીની શિક્ષા કરે છે ન્યાયીનાં આંસુ તેની કુપીમાં રાખેલાં છે. ગી.શા. ૫૬;૮.

**૮. ઉત્તેજન.** તેણે મૂસાને પોતાનો માર્ગ જણાવ્યો. જીવનમાં વર્તનને સારુ જે ધોરણ હોવું જોઈએ તે મૂસાની મારફતે પ્રગટ કર્યું. એ માટે કે કોઈ અંધારામાં ન રહે. પ્રભુ ઈસુની મારફતે સત્ય તેનાં સંપૂર્ણ સ્વરૂપમાં જણાવ્યું કે લોકો પ્રભુની સંગતમાં પુનઃસ્થાપિત થાય, અને તેણે આપેલા નમૂના પ્રમાણે તેના પ્રકાશમાં ચાલે.

૯. તેણે ઈસ્ત્રાએલ પુત્રોને પોતાનાં કૃત્યો જણાવ્યાં. મિસરમાં ચમત્કારો, લાલ સમુદ્ર, અને યરદનનાં પાણી વચ્ચે માર્ગ, માન્નાથી પોષણ અને હોકારા માત્રથી યરેખોના કોટનું તૂટી પડવું વગેરે આશ્ચર્યકારક કામો આપણને પણ બોધરૂપ અને વિશ્વાસ કરવાને સારી સાક્ષીરૂપ છે.

આપણા જીવનમાં થએલા પ્રભુના ઉપકારો યાદ કરીએ, તો એ કંઈ ઓછા નથી, આ ઉપકારોના સ્મરણને અર્થે પ્રભુના પ્રેમ અને રક્ષણની નોંધ લેતાં આપણે તેના તરફ કેવું વલણ રાખવું

જોઈએ? તે કોપ કરવામાં મંદ અને કૃપા કરવામાં ઉતાવળો છે. આપણાં અન્યાયનાં પ્રમાણમાં આપણને બદલો આપ્યો નથી આપણે તેની કૃપા વિષે બેદરકાર રહીએ, તોયે તે અન્ન, વસ્ત્ર અને આનંદથી આપણું આયુષ્ય ટકાવી રાખે છે. આ સર્વ તેના ઉપકારો યાદ કરીને માણસ પ્રભુની સ્તુતિ કરે તો કેવું સારું!

આપણા સાથીઓ કેટલા દુઃખમાં ડૂબી ગયા છે. કેટલાંક મરણ શરણ થયાં છે. આખું વર્ષ તેણે રક્ષણ પોષણ કરીને આપણા ખપ પૂરાં પાડ્યા છે. આ તેની કૃપા યાદ કરીને માણસ સ્તુતિ કરે તો કેવું સારું!

**પ્રાર્થનામય વિચાર,** હે મારા આત્મા યહોવાને સ્તુત્ય માન અને તેના સર્વ ઉપકારો ભૂલી ન જા. યહોવાના મારા પર થએલા ઉપકારોનો હું શો બદલો આપું?

હે પ્રભુ માણસ કોણ કે તું તેનું સ્મરણ કરે અને તેની મુલાકાત લે!

હે યહોવા, મારા દેવ, જે આશ્ચર્યકારક કૃત્યો તેં મારા જીવનમાં દેખાડ્યાં છે તે ઘણાં છે. અમારી તરફના તારા વિચારો બહુ જ છે, એ અનુક્રમે મુકાય નહિ કે જાહેર કરી શકાય કે ગણી શકાય નહિ, એટલા બધા છે. તે અમર્યાદ અને અસંખ્ય છે. મારી ઈચ્છા પૂરી કરવામાં હું આનંદ માનું છું. તારી કૃપા તથા સત્યતા નિરંતર મારું રક્ષણ કરો. (ગી.શા. ૪૦) પ્રભુ ઈસુને નામે, આમેન.

# લેખકનો પરિચય



રેવ. ડૉ. જી. કે. સત્વેદી, તેઓ પાળક અને બાઇબલ કોલેજનાં આચાર્ય પણ હતા. એટલે તેઓ પાળક, શિક્ષક અને ઉત્તમ લેખક હતા. બ્રધરન મંડળીમાંની તેમની સેવાઓ આશીર્વાદીત અને અદ્વિતીય રહેલી. પ્રથમ ભજનસંગ્રહની સમિતિનાં પ્રમુખ હતા. ભજનસંગ્રહમાં પ્રત્યુત્તરિત વાંચનના પાઠો તૈયાર કરવામાં તેમનો સિંહ ફાળો રહેલ છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાંની તેમની સેવાઓ માટે આભાર જ માનીએ છીએ. તેમની સેવા દરમિયાન આ સંસ્થાનું જે બંધારણ હતું. તેમાં ફેરફાર કરીને પ્રવર્તમાન બંધારણ ઘડવામાં તેમનો ફાળો રહેલો છે.

આ સંસ્થામાં ૧૯૩૮ના વર્ષમાં તેઓ પ્રમુખ હતા. તેમના કાર્યકાળ દરમિયાન ઘણાં ઉત્તમ પુસ્તકો પ્રસિધ્ધ કરવામાં આવેલ. તેમના દ્વારા દશેક જેટલા ઉત્તમ કક્ષાનાં પુસ્તકો રચવામાં આવેલા છે.

આવા ઉચ્ચ કોટીનાં પ્રભુનાં સેવકને માટે તેમની પ્રભુની વાડીમાંની સેવા અને તેમના દ્વારા ખ્રિસ્તી જનતાને મળેલાં સાહિત્યને માટે આભાર જ માનીએ છીએ. તેમના જીવાઈ ગયેલા જીવનને માટે પ્રભુનો આભાર માનીએ.

પ્રેમભાવથી,
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in

Screen Dot Printe

15BGS1